
ઓગસ્ટ, ૨૦૧૫

# પાવન હૃદય દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-



''તમને ચાહવા માટે, તમે યુવાન છો, તેટલું જ મારા માટે પુરતું છે.''




# HAPPY BIRTHDAY TO SWENY (PARI)

દીકરી વ્યોમની વાદળી રે, દેવલોકની દેવી,
મોગરાની મહેંક,
ગુલાબની ભવ્યતા,
અને
પારિજાતની દિવ્યતા
કોઈ ઝાકળબિંદુમાં
એકઠી થાય ત્યારે
પરિવારને દીકરી પ્રાપ્ત થાય છે. અમારું એ
ઝાકળબિંદુ એટલે અમારી વ્હાલી, લાડકી





## સ્વેની "પરી"

પા...પા... પગલી માંડતા... મધુર ટહુકાઓથી
ઘર ભરી દેતાં... **તા. ૨૩-૦૮-૨૦૧૫**ના રોજ
એક વરસની થઈ રહેશે.

પરમેશ્વર પિતા તેને દીર્ઘાયુષ્ય, જ્ઞાન અને સફળ જીવનની સરવાણી ભેટ ધરે
એજ પરિવારની પ્રાર્થના અને આશીર્વાદ.

**લિ.**

**અમિત પી. પટેલિયા (પપ્પા)**
**મનિષા એ. પટેલિયા (મમ્મી)**

**પાઉલભાઈ નારણભાઈ (દાદા)**
**વિમળાબેન પાઉલભાઈ (દાદી)**
**તથા સમસ્ત પટેલિયા પરિવાર, લાંભવેલ**

**નિતાબેન (ફોઈ)**
**મિતલબેન (ફોઈ)**

# ઓક્સિલિયમ્

## ધર્મસેવા, શિક્ષણકાર્ય, સામાજિક સેવાકાર્ય.

ગુજરાત સલેશિયન પરિવાર
યુવાન-યુવતીઓને
આમંત્રણ પાઠવે છે.



અમે સલેશિયન પરિવાર, સંત જોન બોસ્કો અને સંત મેરી માઝરેલોનાં આનંદના રસ્તે ચાલવા, પોતાની સ્વઓળખ બનાવવા, યુવાવર્ગની સેવા દ્વારા ઈશ્વરની હાકલનો યોગ્ય પ્રત્યુત્ત આપવા, આપને આમંત્રણ પાઠવીએ છીએ.

**સંપર્ક:**
સલેશિયન સીસ્ટર્સ
વડોદરા - ૦૨૬૫, ૨૬૪૩૬૩૩
ડાકોર - ૯૯૯૮૪૫૮૫૫૪
પણસોરા - ૯૪૨૭૩૮૯૧૧૬











**નારુકોટ :** ધર્મસેવા, શિક્ષણકાર્ય, આઈ.ટી.આઈ, છાત્રાલય, સામાજિક સેવાકાર્ય.

# સલેશિયન સેવાયજ્ઞ...



**કપડવંજ :** ધર્મસેવા, જીવનમૂલ્ય અને હાકલ વિભાગ, ઓરેટરી



**મકરપુરા (વડોદરા)**
ધર્મસેવા, શિક્ષણકાર્ય, વંચિત વિસ્તારમાં સામાજિક સેવાકાર્ય.

**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન (મોઃ ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી (મોઃ ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**લવાજમઃ** બિનલ પી. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**
હાજરીનો ઓછવ ✧ જસવંત મેકવાન ૦૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૧૩
બાસીલ મેકવાન 'શૈલ' ✧ ભરત મકવાણા ✧ નટુભાઈ વાઘેલા
✧ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન ✧ સવિતાબહેન પરમાર

**તમારો પત્ર** ૧૪
શાંતિલાલ મેકવાન ✧ જોન જોસેફ મેકવાન ✧ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન
સ્તાનીસ સાયમન ✧ પીટર મેકવાન 'દ્વિતારક'

**લેખો**
બંધન તોડવા અને સેતુ રચવા ✧ વસાવા કૌશિક ૧૪
વ્યાનીનું જીવન ✧ ફાધર રત્નાસ્વામી ૧૬
શુકન ✧ ઈન્દુ રાવ ૧૮
દોન બોસ્કો ✧ ફાધર અશ્વિન મેકવાન એસ.ડી.બી. ૧૯
હિબાકુશા ✧ સંકલનઃ જેનેટ જોન્સન ફાર્મર ૨૨
મેરા ભારત મહાન ✧ પ્રા. ડો. રોમાન ભાટિયા ૨૪
ગુજરાત સલેશિયન પરિવાર ✧ ફાધર મયંક પરમાર એસ.ડી.બી. ૨૬
પંદર ઓગસ્ટ ✧ અલ્પેશ પરમાર ૨૮

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૩૧-૩૪

યુવા સંગે, દોન બોસ્કો સત્સંગ ✧ ફાધર પ્રવીણ પરમાર એસ.ડી.બી. ૩૬
આહ્વાનઃ નેતૃત્વનો અભાવ કેમ? ✧ સંકલનઃ સહતંત્રી ૩૯
યુવાચાહકની મુલાકાતઃ ✧ સહતંત્રી ૪૨
શ્રદ્ધાંજલિ ✧ ફાધર ફ્રાન્સિસ ગોન્સાલ્વિસ / તંત્રી ૪૪-૪૫
વંદનીય ફાધર અગ્નેલો ✧ જોન ફિલિપ મેકવાન ૪૬

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૫૫


**આવરણઃ** વિશ્વ ધર્મસભા સંત દોન બોસ્કોની જન્મજયંતી દ્વિશતાબ્દી ઉજવી રહ્યું છે ત્યારે યુવાનોના ઉન્નત જીવન માટે કાર્યરત રહીએ, પ્રોત્સાહન આપીએ અને ઉજવણીને સાર્થક બનાવીએ.

આ અંકમાં અને કિશોરમિત્રમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ




"પ્રદેશ, ભાષા, જાતિ અને ધર્મના સીમાડા ઓળંગીને દોન બોસ્કોએ જરૂરિયાતમંદ લોકોને - ખાસ યુવાવર્ગને પ્રેમસભર કાર્યથી ઉગારી લીધો હતો. તેમનું અનુસરણ કરતાં યુવાનોના સંપર્કમાં રહીએ, સાંભળીએ, તેમનામાં માનવગરિમા અને જીવનમૂલ્યોને સંક્રમણ કરવા પ્રોત્સાહન આપીએ."

## ગુજરાતના
## કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

**કાર્યાલયનો સમયઃ**

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

**લવાજમ**

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

**એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરખબરના નવા દર**

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૧,૦૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું
પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

**લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત**

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**



## તંત્રીલેખ...



# હાજરીનો ઓછવ

જન્મથી જ સેરેબ્રલ પાલ્સી (નાનાં બાળકોમાં જોવા મળતો આ રોગ જે કાયમી રીતે તેના હલનચલનમાં અસમતોલન ઉભું કરે છે. ક્યારેક જોવામાં, બોલવામાં, સાંભળવામાં, અનુભવવામાં, ગરબડ ઉભી થાય છે. ઉઠવા-બેસવા, ચાલવામાં-સૂવામાં પણ તકલીફ પડે છે.)ની ગંભીર બીમારીમાં સપડાયેલી દીકરી-વિપાશાની સારવાર અર્થે સદૈવ સાથે રહેવા આકાશપાતાળ એક કરતાં પપ્પામમ્મી - ગુજરાતના જાણીતા કવિ અને સાહિત્યકાર સિતાશું યશચંદ્ર અને મુંબઈમાં અધ્યાપિકા તરીકે કાર્યરત અંજનીબહેન - દીકરીનો પડછાયો બની જીવવામાં ગૌરવ અનુભવે છે, બોલવા-ચાલવામાં તકલીફના કારણે વ્હીલચેરનો આશરો લેતી વિપાશા માબાપના સહયોગથી એસ.એસ.સી. ૭૪% અને એચ.એસ.સી. ૮૨ ટકાથી પાસ કરે છે. સ્નાતક અને અનુસ્નાતકની ઉપાધિ મેળવી હવે ફિલોસોફીમાં ડોક્ટરેટ કરવા, અમેરિકામાં સ્થિર થવા વિચારે છે. માતાપિતાએ આ વર્ષોમાં સંગાથ આપ્યો છે અને હવે ભાવિનું પણ આયોજન કર્યું છે. ધન્ય છે વિપાશાને જેને માબાપનું સાંનિધ્ય મળ્યું અને અભિનંદન અંજનીબેન તથા કવિ સિતાશુંને.

સાધનસંપન્ન પરિવારમાં જન્મેલી ધોરણ-૯માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીના પપ્પા બિઝનેસમેન છે, માતા સામાજિક પ્રવૃત્તિઓમાં જોતરાયેલાં છે. દીકરીને તમામ સુવિધાઓ આપનાર મમ્મીપપ્પાની ઘરમાં સતત ગેરહાજરી રહેતી, પરિણામે તારુણ્યાવસ્થામાં પહોંચતાં જ તે સ્વચ્છંદી બની ગયાના અહેવાલ વર્તમાનપત્રમાં પ્રગટ થયા. દિવસભર મોબાઈલનો સંગ કરતી વિદ્યાર્થિનીનું પરીક્ષાનું પરિણામ નબળું આવ્યું. માબાપની પરવાનગીથી પોતાના વર્ગનો હોશિયાર વિદ્યાર્થી અવારનવાર ઘેર આવવા લાગ્યો. અને પછી.. બાપના ઉગ્ર ઠપકાનો જવાબ પણ દીકરીએ એવી રીતે આપ્યો કે માબાપ હેતબાઈ ગયાં. હવે તે તરુણી 'પીંકું' (હિન્દી ફિલ્મ નામ પરથી સારવારનું નામ)ની સારવાર હેઠળ છે! આશા રાખીએ પરમાત્મા તરુણીને સ્વાસ્થ્ય અને માબાપને આશ્વાસન આપે.

આવા તો અનેક કિસ્સા રોજબરોજ બનતા હશે, જેમાંથી બહું થોડા બહાર આવે છે પણ તેમાંથી આંગળીને વેઢે ગણી શકાય તેટલા ઉદાહરણરૂપ પણ બહુધા સમાજને ચેતવણીરૂપ હોય છે. સંયુક્ત પરિવારમાં પૌત્ર/પૌત્રી શાળા/મહાશાળાથી ઘેર આવે ત્યારે દાદાદાદીની હાજરી માત્ર તેમના માટે સુરક્ષિત હતી, બીજા તો અનેક ફાયદા એ હાજરીના! આજે મોટાભાગે વિભક્ત પરિવાર એક તાળુ અને ચાર ચાવીનો છે! દરેકના પર્સમાં અલગ ચાવી. ભાગ્યે જ રજાના દિવસે પણ જો કોઈ પૂર્વનિર્ધારિત કાર્યક્રમમાં વ્યસ્ત હોય તો પછી એકબીજાનો મોંમેળાપ તો જોજન દૂર અને પછી સર્જાય સમસ્યાઓની હારમાળા...! બહારથી ઘરમાં આવતાં સંતાન પપ્પાને મમ્મીની ગેરહાજરી અંગે, ક્યારેક મમ્મીને પપ્પાની ગેરહાજરી વિશે નિખાલસતાથી પૂછે. કોઈ વિશેષ વાત ન હોય પણ સંતાનો બન્નેની, માબાપની હાજરી ઝંખે છે!

લગ્નવિચ્છેદને કારણે અલગ રહેતા ધનાઢ્ય માબાપનો દીકરો સ્પેઈનમાં રાજકુમાર માટેની શાળામાં અભ્યાસ કરે. સગવડમાં કોઈ અભાવ નહીં. રજાઓ પડે ત્યારે થોડા દિવસ મા અને બાકીના દિવસ બાપ સાથે ગાળે. ધીમેધીમે દીકરો અભ્યાસમાં નબળો પડ્યો કારણ તેને મા અને બાપ હતાં. માબાપ ન હતાં! એવી કઠોર વાસ્તવિકતા લબ્ધપ્રતિષ્ઠિત લેખક, ઈસુસંઘી ફાધર વાલેસે વર્ણવી છે. પતિપત્ની બન્નેનું આર્થિક પ્રવૃત્તિમાં જોતરાવું, ઉચ્ચ અભ્યાસ માટે લાંબો સમય ઘરથી દૂર રહેવું અને હવે તો વર્ષો સુધી પરિવારથી પરદેશમાં અલિપ્ત રહેવું એ સામાન્ય બની ગયું છે, ત્યારે ઉગતી પેઢીના અજંપામાં દીશાહીનતા વાંચી શકાય છે. ઘર-સમાજથી દૂર રહેનારા બધા જ કુછંદનો ભોગ બને છે એમ પણ મારાથી કેવી રીતે કહી શકાય?

શાળા-મહાશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ ફિલ્મ અભિનેતાના કે કોઈ રાજકારણી નેતાના પ્રભાવમાં હોય છે. બહુ આગળ વધીએ તો કોઈક ખેલાડીના આશિક. પણ માબાપને કે ગુરુજનો કે ધર્મગુરુઓને આશિક બનાવ્યા હોય એવું તો અપવાદરૂપ જ હોઈ શકે! હાજરી માત્ર અનેક અનિષ્ટને દૂર રાખી શકે છે એવું જે માબાપ, ગુરુજનો કે ધર્મગુરુઓ સમજે છે, તેઓ સંતાનોને, વિદ્યાર્થીઓને, ધર્મજનોને સન્માર્ગે જવામાં પ્રોત્સાહક સાબિત થાય છે. જ્યારે વ્યક્તિને, આશ્રિત પ્રત્યે અસીમ પ્રેમ હોય ત્યારે કોઈપણ સંજોગોમાં હાજર રહેવા અવશ્ય કોશિશ કરે છે અને અંતે ચિંતા ઓછી, શાંતિ વધારે.

ધર્મસભા, વિશેષમાં સલેશિયન સંઘ પોતાના સ્થાપક, સંત દોન બોસ્કોની ઓગષ્ટ-૨૦૧૫માં જન્મજયંતીની દ્વિશતાબ્દી ઉજવે છે, આ સંતે સતત યુવાનો મધ્યે ઉપસ્થિત રહી, અસંખ્ય યુવાનોને સન્માર્ગે વાળ્યા છે. દોન બોસ્કોની જન્મજયંતીના દ્વિશતાબ્દી ટાણે સલેશિયન સંઘ-ધર્મસભા આપણને દોન બોસ્કોના યુવાનો સાથેના અને યુવાનો માટેના મિશનને વાગોળવા-મનનચિંતન કરવા અને

યુવાનો થકી ધર્મસભાને સમૃદ્ધ કરવા આમંત્રણ પાઠવે છે. 'યુવાનો મધ્યે હાજરી'એ બોસ્કોની યુવાનો માટેની કાર્યશૈલીનું મહત્ત્વનું લક્ષણ હતું. તેમના માટે આ એક સરળ-સાહજિક અભિવ્યક્તિ હતી જ્યાં તેઓ દર્શાવી શક્યા હતા: 'દોન બોસ્કોને યુવાનો પ્રત્યે આદર હતો, સારસંભાળ રાખી હતી, ચાહ્યા હતા.' તેમણે એક પત્રમાં પાઠવ્યું હતું : 'એક શિક્ષક વર્ગમાં પ્રત્યક્ષ થાય છે એટલે તે ગુરુજી છે પણ વધારે નહીં. જ્યારે તે જ શિક્ષક વિદ્યાર્થીની હળવાશની પળોમાં સામેલ બને છે ત્યારે તે ગુરુજી કરતાં આગળ-બંધુ બને છે, એક શિક્ષક રમતગમતના મેદાનમાં ઉભો છે ત્યારે 'મારા માટે તમે મહત્ત્વના છો, એટલે જ તમારા માટે સમય ખર્ચી જાણું છું' એમ એક કેળવણીકાર તરીકે સ્થાપિત કરે છે. આ રીતે જ્યાં પણ આવશ્યકતા ઉભી થાય ત્યાં યુવાનોને તેમની મર્યાદાઓથી સભાન કરવા, તેમની વિશેષતાઓમાં પ્રોત્સાહન આપવા, ઔપચારિક કે અનોપચારિક શિક્ષણ દ્વારા કેળવણીકાર તરીકે ઉત્તમ પરિણામ હાંસલ કરી શકે છે તે નિર્વિવાદ સત્ય છે.

દોન બોસ્કો કહે છે : 'કોઈ એક પુરોહિત, વ્યાસપીઠ પરથી ઉપદેશ આપવામાં પાવરધા છે, તો કહી શકાય કે તે માત્ર પોતાની ફરજ પુરી કરે છે, એથી ઓછું નહિ, પણ વધારે પણ નહિ., પરંતુ તેમનો હળવાશની પળોનો કાનોકાન કહેલો એક શબ્દ જીવનમંત્ર પુરવાર થાય છે.' યુવા માર્ગદર્શક સતત યુવા સાથે છે ત્યારે યુવાજીવન અંગે નખશિખ પરિચય થાય છે, યુવાનોને સાંગોપાંગ અનુભવે છે, તેઓ યુવાસંગ, યુવારંગમાં યુવાન બને છે, છેવટે પેલો યુવાન તેને આદર્શ માની તેને અનુસરે છે.

દોન બોસ્કો હજારો યુવાનોના આદર્શ હતા અને વર્ષોથી રહ્યા છે અને હજુ પણ રહેશે તેમાં બેમત ન હોઈ શકે! તાજેતરમાં મારો એક મિત્ર દોન બોસ્કોની આત્મકથા વાંચતો હતો, તે અંગે પ્રતિભાવ આપતાં તેણે મને કહ્યું :'પાર વિનાની વિટંબણાઓનો સામનો કરીને પણ દોન બોસ્કોએ અપરંપાર સત્કર્મ કર્યા છે, તે જાણીને મારા આશ્ચર્યનો પાર નથી! યુવાનો માટેનો તેમનો પ્રેમ ખરેખર અદ્‌ભુત હતો.' દોન બોસ્કોના દિલમાં યુવાનો માટે ખરેખર અસીમ પ્રેમ હતો. યુવાનો માટેની તેમની ચાહત તેમની આરઝૂમાં પ્રગટી હતી : 'મારા ગરીબ છોકરાઓ માટે, મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી મારું સર્મપણ કરવાનું મેં પ્રભુને વચન આપ્યું છે' અને જીવનપર્યંત તેમના માટે જ જીવ્યા. જીવન દરમિયાન જે પણ તેમણે કર્યું તે સઘળું યુવાનોના ઉત્કર્ષ માટે અખંડ કર્મયોગરૂપે કર્યું. યુવાવર્ગ તેમનો એકમાત્ર ધ્યેય હતો. 'તમારા માટે હું અભ્યાસ કરું, તમારા માટે હું કામ કરું, તમારા માટે હું મારું જીવન અર્પી દેવા તૈયાર છું.' યુવાનોની ભલાઈનું કામ કોઈપણ જોખમ ખેડીને પણ દોન બોસ્કો અવશ્ય કરતા. તેની સામે જેમાં યુવાનોનો ઉત્કર્ષ ન હોય તેવાં કામ માટે આગળ આવવાનું તેઓ ટાળતા હતા! તેમના માટે સમૂળગુ જીવન, જીવનની હાજરી કેવળ યુવાનોની પ્રીત અર્થે જ.

આજે આપણે 'દૂરથી નિયંત્રણ' (રીમોટ કન્ટ્રોલ) કરવાના વિશ્વમાં જીવીએ છીએ. તાજા સમાચાર પ્રમાણે પૃથ્વીથી ૪.૭ અબજ માઈલ અંતરે, લઘુગ્રહ પ્લૂટોની અવકાશી સફરમાં વ્યસ્ત અવકાશયાન હોરાઝાઈન્સનું, અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાશા, પૃથ્વી પર બેઠાંબેઠાં સંચાલન કરે છે અને કોઈ ડાયરામાં શ્રોતાનો હોંકારો સંભળાય તેમ આ યાન સામેથી પ્રત્યુત્તર વાળે છે, પ્લુટોની તસ્વીરો મોકલે છે. રીમોટથી દરવાજો ખૂલે, ટી.વી./એ.સી. ચાલુ બંધ થાય અને એમ હજારો વાનાં કરી શકીએ. વિરાટકાય યંત્રનું નિયંત્રણ રીમોટથી થઈ શકે છે પણ રીમોટના ઉપયોગથી હાજરી સ્થાપિત કરી શકાય નહીં, સંબંધ બાંધી શકાય નહીં. રીમોટથી નજીક, દૂર કે સુદૂર અંતરિક્ષમાં સંદેશ પહોંચાડી શકાય પણ સંબંધની ઉષ્મા માટે હાજરી. નિકટતા અનિવાર્ય છે. જ્યારે આપણે સંતાનો, વિદ્યાર્થીઓ, ધર્મજનો, યુવાનો સાથે છીએ ત્યારે તેઓ સમજે છે, અનુભવે છે : 'આપણે તેમને ચાહીએ છીએ.' પ્રત્યેકના હૃદયમાં પ્રવેશ કરવાનો સરળ માર્ગ છે પ્રેમાળ હાજરી. તેમના જીવનની હળવી અને ગંભીર પળોમાં હાજર રહીએ, ભાગીદાર બનીએ, ચાહત પ્રગટ કરીએ.'

ડિજિટલ યુગનાં સંતાનો જોજન દૂર સગાંવ્હાલાં સાથે સ્કાઈટ, વોટસઅપ, વાઈબરના કારણે દરરોજ હર પળ સંપર્કમાં રહેતાં હોય છે, પણ ઘરઆંગણે, માબાપ વગેરેથી દૂર રહેતાં હોય છે! એકલે હાથે, વિકટ પરિસ્થિતિ તેમને વિમાસણમાં મૂકી દે છે. નાનેરું દુઃખ પહાડ જેવું ભાસે છે, દુઃખનો અનુભવ જોખમ ઉભું કરે છે. જાતભાતની ભૌતિક ચીજવસ્તુઓથી ઘેરાયેલો યુવાન મુઝવણ અનુભવે છે. કેટલાક મુખ્ય પ્રવાહથી વેગળા થઈ જાય છે. જીવનની સુખાકારીનો આધાર કેવળ આર્થિક સધ્ધરતા પર બાંધી બેસે છે. ક્યારેક સફળતા અને સત્તાનો સ્વાદ, નશાકારક વ્યસનોના નરકમાં ગરકાવ કરી દે છે અને અંતે બરબાદી... સર્વનાશ.

જોકે સામે પાણીએ તરવાનું સાહસ કરનારા અને વિજેતા બનનારા ઘણા છે પણ બહુધા-સામાન્ય યુવાન વડીલોની ગેરહાજરીમાં પ્રલોભનની લપેટમાં આવે છે, ત્યારે સૃષ્ટિના આરંભથી આજદિન સુધી માનવ જીવનમાં પરમાત્માની હાજરી સ્વયમ્ અનુભવીએ, જે કોઈ સંપર્કમાં આવે, તે આમ આદમીને આપણી હાજરીથી પ્રભુના બિનશરતી પ્રેમનો સાક્ષાત્કાર કરાવીએ. આપણા વડાધર્મગુરુ આ વિષયે પોતાનો સંદેશ આપતાં જણાવે છે :'ભગવાન ઈસુએ માનવદેહ ધારણ કરીને આ જ રસ્તો આપણને બતાવ્યો છે.' 'અને શબ્દ માનવ થઈને અવતર્યો અને તેણે આપણી વચ્ચે વાસ કર્યો.' (યોહાન ૧.૧૪) ધર્મસભા, સંન્યસ્તોનું કાર્ય શુભસંદેશને આધારે છે, જેમાં ઈસુનું જીવન અને કવન છે. ઈસુ, ઈશ્વરના રાજ્યની ઘોષણા કરવા ગામેગામ ફર્યા અને એજ પ્રમાણે શિષ્યોને પણ મોકલી આપ્યા, જેમ પિતાએ તેમને મોકલ્યા હતા. ધર્મસભાએ સ્વયમ્ આગળ આવી મહાનગરની બહાર પરાં વિસ્તારમાં જવું જોઈએ. અહીં પરાંવિસ્તાર એટલે માત્ર ભૌગોલિક સ્થળ વિસ્તાર નહીં પણ જેઓ પાપ, યાતના, અન્યાય, ઉપેક્ષાનો નિરંતર ભોગ બની રહ્યા છે, જ્યાં શ્રદ્ધાની ગેરહાજરી, વિચારમાં દારિદ્રય અને દરેક પ્રકારની વેદનામાં યુવાનોનું જીવન જોખમમાં છે ત્યાં વણબોલાવ્યા તેમની વહારે જવાનું છે.

ભગવાન ઈસુ પરના અગાધ પ્રેમ અને માતા મારિયાની અખંડ ભક્તિથી પલ્લવિત સંત દોન બોસ્કોએ માનવ ઉધ્ધાર -

યુવા ઉત્થાનની કેડીને સ્વયં કંડારીને આપણને આંગળી ચીંધી છે, સલેશિયન સંઘ તેને અનુસરે છે હવે સકળ ધર્મસંઘે આ દિશામાં નક્કરપણે વિચારવું જોઈએ, મક્કમ પગલાં ભરવાં જોઈએ.

‘પ્રેમાળ હાજરી’ના સામાન્ય કર્મથી મહાન ધ્યેય તરફ પ્રયાણ કરવા માટેનાં કેટલાંક નમ્ર સૂચન આપણે રોજબરોજ અનુસરીએ તો ભાવિપેઢી આપણી ઓશિંગણ રહેશે.

દરરોજ સાંજે ગુલાબમાળાની ભક્તિ કરવા અને સાથે જમવા માટે નિશ્ચિતપણે સમય ફાળવીએ. હાજરીને વધારે સમૃદ્ધ બનાવવા ભોજન વખતે ટી.વી./મોબાઈલ બંધ રાખીએ તો એકમેકમાં ગૂંથાવા, વિચારવા અવકાશ ઉભો થશે. વાત કરવાનું વાતાવરણ ઉભું થશે.

બિનજરૂરી ટોળટપ્પાં કર્યા વિના, અલકમલકની સીરિયલ જોવા કરતાં બાળક શું જાણે છે? કેવું ભણે છે? મિત્ર-બહેનપણી કોણ છે? વગેરેનો તાગ મેળવવા સમય ફાળવીએ. ધંધો-રોજગાર-નોકરી વગેરે ઉપરાંત સામાજિક વ્યવહાર, સેવાનાં કામ  માટે લક્ષ્મણ રેખા આંકીએ. સારું લગાડવા કે સારા દેખાવા, લગ્ન મરણ જેવા પ્રસંગો પર ટોળાને અનુસરવા કરતાં જરૂરિયાત પ્રમાણે પ્રસંગોચિત જઈએ એ વાજબી હશે.

શાળા સમય પહેલાં, રોજની પ્રાર્થનામાં વિદ્યાર્થીઓની આગળ, વર્ગખંડમાં સમયસર, વિશ્રાંતિકાળમાં કે રમતગમતના મેદાનમાં ગુરુજનોની હાજરીથી વર્ગ/શાળામાં ઘણા પ્રશ્નો ઉભા થતા જ અટકી જાય છે. આપણા છાત્રાલય/બોર્ડિંગમાં સતત ગૃહપતિ/બ્રધર/ફાધર-સિસ્ટર/ગૃહમાતાની હાજરી છાત્રને અનુશાસનમાં મદદરૂપ બને છે. પ્રાર્થના અને ભોજનવેળાની હાજરી છાત્ર માટે પ્રોત્સાહક છે. છાત્ર/છાત્રાઓની સાથે જ એકાદ સમયનું ભોજન હકારાત્મક પ્રભાવ પાડી શકે છે.

મહિલામંડળ, ભજનમંડળ, યુવા જૂથ કે અન્ય સંગઠનમાં પણ ઠરેલ ધર્મગુરુ/સાધ્વીબેન કે આગેવાનની હાજરી પ્રગતિકારક બની શકે છે. ક્યારેક હાજરીનો ગ્રાફ નીચે જતાં સંગઠનની પડતી શરૂ થતી હોય છે. સંતાન, વિદ્યાર્થી કે ધર્મજન પરિપક્વ બનતાં જ તબક્કાવાર, પ્રેમને કારણે જ પ્રેમાળ ગેરહાજરીથી તેમને સુદૃઢ બનાવી શકીએ.

આપણે જે પણ - માબાપ, ગુરુજન, સંન્યસ્ત, આગેવાન-હોઈએ, જ્યાં પણ-પરિવાર, શાળા, ધર્મસભા, સમાજ-હોઈએ, આપણી પ્રેમાળ હાજરીને વધારે અસરકર્તા બનાવીએ. પ્રેમાળ હાજરી જ સર્વના - સંતાન, વિદ્યાર્થી, ધર્મજનો, નાગરિક-માટે પ્રોત્સાહક બની રહેશે. નાનીમોટી જવાબદારી સોંપીએ, ભૂલ કરશે, શીખશે, ઘડાશે પણ આ બધું આપણી દેખરેખ હેઠળ એટલે કે પ્રેમાળ હાજરીમાં.

ઈસુસંઘના પૂર્વ સુપીરિયર જનરલ ફાધર પેટ્રો અરુપે એસ.જે.એ ઈશ્વરના પ્રેમમાં પડી, માનવપ્રેમમાં પ્રગટ કરવા જાણે હાકલ કરી છે: **પ્રેમમાં પડ...**

‘પ્રેમમાં પડ...
અન્યત્ર દિશાહીન ભટકવા કરતાં,
પ્રભુ ઈસુને શોધવા, પામવા, અને
તેમના રંગે રંગાઈ જવું
એમાં જ સર્વ કાંઈ સમાયેલું છે.
તું શાના અને કોના પ્રેમમાં છે?
તને કોનું આકર્ષણ કે શાનું ખેંચાણ છે?
એ જ તારા જીવન પર ઘેરી અસર કરશે.
તું કોને મળે છે? તું શામાં રસ લે છે? તને શું ગમે છે?
જે તારા દિલને હચમચાવી નાંખી
આનંદવિભોર અને કૃતજ્ઞ કરે છે,
તે જ તને વહેલી સવારે ખાટલામાંથી ઢંઢોળશે
એ જ સમી સાંજે સૂર્યાસ્ત ટાણે કે
અઠવાડિયાને અંતે તને દોરી જશે.
એના પ્રેમમાં પડ, પ્રેમમાં રંગાઈ જા
અને તે તારે માટે દીવાદાંડીરૂપ બની જશે.’

અંતે એક એસ.એમ.એસનો ભાવાર્થ રજૂ કરું છું : ‘એકલો હું ‘સ્વગત’ ઉવાચી શકું, એકમેકની હાજરીમાં વાતચીત શક્ય બને. એકલવાયો હું મઝા માણી શકું, પરસ્પરના સહકારમાં ઉજવણી થઈ શકે. એકમેક વિના ખાલી રહેશે અધૂરપ. ‘હાજરી’થી ખીલે માનવસંબંધનું પુષ્પ. સંપર્કમાં રહીએ... હાજરીનો ઓછવ મનાવીએ...’

— જસવંત મેક્વાન
*Email: jasvantmacwan@ymail.com*

## આભાર અને આવકાર

છેલ્લા એક વર્ષથી ‘દૂત’ તંત્રીમંડળના સભ્ય તરીકે સેવા આપનાર રેવ. ફાધર રત્નાસ્વામી (હાલમાં, પ્રાધ્યાપક ગુજરાત વિદ્યાદીપ-સેવાસી, વડોદરા)નો ‘દૂત’ પરિવાર હાર્દિક આભાર માને છે. ધર્મસભામાં અન્યત્ર તેમની સેવાને કારણે તેમણે સ્વેચ્છાએ તંત્રીમંડળના સભ્યાપદનો ત્યાગ કર્યા છે. આભાર ફાધર. વિશેષમાં તંત્રીમંડળના સભ્ય બન્યા તે પહેલાં પણ રવિવારના શાસ્ત્રપાઠ કે મહિનાનો હેતુના લેખનમાં આપની સેવા મળતી હતી અને હવે પછી પણ મળતી રહશે એવી નમ્ર અપેક્ષા.

વિશેષમાં ‘દૂત’માં અવારનવાર નારી હૃદયની વેદનાસંવેદનાને પોતાની ટૂંકીવાર્તાના માધ્યમથી અભિવ્યક્ત કરનાર અને ‘દૂત’ ઓક્ટોબર-૨૦૧૪માં ‘ગાંધી સંદેશ-જીવનસંદેશ’ દ્વારા સ્વ.શ્રી નારાયણ દેસાઈની એક ઐતિહાસિક મુલાકાત કરી, પ્રગટ કરનાર - સ્નેહલત્તા રોમન ભાટિયાનું ‘દૂત’ તંત્રીમંડળમાં સ્વાગત કરીએ છીએ. અનેકવિધ તાલીમ અને વર્કશાળા દ્વારા સુરત-ગુજરાતમાં તેમજ વિવિધ કોન્ફરન્સમાં દેશ-વિદેશમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર, સ્નેહલત્તાબેન બહુમુખી પ્રતિભા ધરાવે છે. તેમના આગમનથી ‘દૂત’ પરિવારને અવશ્ય ફાયદો થશે. ‘દૂત’ તંત્રીમંડળનું સભ્યપદ સ્વીકારવા માટે આભાર. — ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ

# કાવ્યધારા



## શું ફેર પડે?

ન મળી એ એમાં શું ફેર પડે?
ચગડોળમાં બેસો તો ફેર ચડે!
દુનિયા છે આખી ચગડોળ જેવી,
ફેરવ્યા કરે તમને તો શું ફેર પડે!
જિંદગીનાં આંસુ પડે ચકડોળે,
હવામાં વહી જાય તો શું ફેર પડે!
ચગડોળે ચઢી છે જિંદગી જોને –
જિંદગી ના મળે તો શું ફેર પડે!
‘શૈલ’ જિંદગી ના નથી મળવાની,
મરી જૈએ તોય શું ફેર પડે?

— બાસીલ મેકવાન ‘શૈલ’

## ખુમારી

ન પહોંચી શકાય મંજિલે
તો પાછા વળી જાજો,
હસતા મુખે
થયેલ અપમાનને ગળી જાજો!
અંગરખું માંગે કોઈ
તો પહેરણ પણ આપી દેજો,
અનુયાયી છો ખ્રિસ્તના
એવું સાબિત કરી જાજો!
માનવબંધુને દુઃખમાં જોઈ
સાચું રડી જાજો,
ને અંતરથી
દુઃખમાં એના ભળી જાજો!
કરજો અદના આદમીમાં
ઈશ્વરનાં દર્શન,
સંપતિ એકઠી કરી જાજો!
જન્મ અને મરણ છે નક્કી,
ત્યારે....
ખુમારીથી જીવ્યા છો,
તો ખુમારીથી મરી જાજો!

— ભરત મકવાણા

## ... તો હું શું કરું!

હું આવ્યો છું તારા દેવળે,
પણ તું ના બોલાવે તો હું શું કરું?
તારા દેવળનાં દ્વાર કહે,
પણ તું ના ઉઘાડે તો હું શું કરું?
ભલે આકાશમાં તારા ઘણાં,
પણ મારે તો તું એક જ છે!
એના તેજે હું તણાઈ આવ્યો,
પણ તું ના બોલાવે તો હું શું કરું?
ભલે બાગમાં હોય પુષ્પો ઝાઝાં,
પણ મારે તો તું ગુલમહોર છે!
એની સોડમ થકી આવ્યો તારા ભણી,
પણ તું ના બોલાવે તો હું શું કરું?
તારે મારા જેવા અનેક જ છે,
પણ મારે તો તું એક જ છે!
મારા હૃદયે તારો વાસ છે,
પણ તું ના બોલાવે તો હું શું કરું?
મારા જીવનમાં તારી આશિષ ઘણી,
તેથી તો તું મારો એકજ ધણી!
તારા શબ્દો મારા હૈયે દીધા વણી,
પણ તું ના બોલાવે તો હું શું કરું?

— નટુભાઈ વાઘેલા

## નારી

નારી તું છે પાવનકારી,
કષ્ટો સહન કરનારી,
કુટુંબ તણો બોજ વેઠી,
મૂંગે મોઢે રહેનારી.
તુજ ઉદર થકી
અવની પર આવ્યા બની,
સપૂત ગણાયા તુજ પુત્ર દાતા કાં વીર બની.
જનની બની ઉજાળ્યો
સંસાર પતિવ્રતા બની,
મુસીબતોનો પડકાર
ઝીલી રહી ઢાલ બની.
સદા હસતે મુખે રહી
સફર ઉજાળી સંસાર તણી,
જરૂર પડ્યે વીરાંગના
બની પડખે રહી દેશની.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન

## અર્પું તુજને

રોજ રોજ
સાંજ-પ્રભાતે
તુજ ચરણોમાં અર્પું છું
પ્રાર્થના! નૈવેદ્ય!
વર્ષાજળ જેમ ઝરે અવિરત
મેઘઘેર્યા ઉરેથી ટપ... ટપ...
અશ્રુબુંદ!
ઘેરાયાં અંધારાં
અસ્તિત્વ આસપાસ,
ભયના આક્રાંત ઓળાઓ
રુંધે મુજ વાટ –
ઘનઘોર અરણ્ય વચ્ચે
અટવાતી હું
શોધું તવ સથવારો....
હે રાજેશ્વર!
ક્ષિતિજ ઝરુખેથી
તવ નયનના તેજપુંજે
મિટાવી આતમમેલ
દઈ દે પ્રેમનાં દાન!

— સવિતાબહેન પરમાર

સરનામું:
To,
ડો. સિલાસ પટેલિયા
૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨
મો: ૯૩૭૭૨૬૬૮૨૮




# તમારો પત્ર



**(૧)**

માહે જુલાઈ-૨૦૧૫ના પાવન હૃદય ‘દૂત’નું વાંચન કર્યું સમાજનો સળગતો શરમિંદો પ્રશ્ન-છૂટાછેડા સમાજજનો તેમજ ધર્માધિકારીઓની લાગણીઓને સતત દુભવ્યા કરે છે. આપણા સમાજમાં મહદ્અંશે લગ્નની પવિત્રતા અને ધર્મની ગંભીરતામાં ઓટ આવી રહ્યો છે. છૂટાછેડાનુ પ્રમાણ અવિરતપણે વધ્યા જ કરે છે. હજુ પણ સમય આપણા હાથમાં છે - દીકરા-દીકરીઓના લગ્નબંધનની પવિત્રતા અખંડ જાળવી રાખીએ. આવી ગંભીર પળોમાં શ્રી. જોન્સી પી. મેકવાનનો લેખ ‘છૂટાછેડા - શું એક માત્ર વિકલ્પ? સમયોચિત જણાયો. તેમના વિચારોની રજૂઆત પ્રેરણારૂપ અને લાભદાયી છે. નાના મોઢે મોટી વાત તો છે, જો લેખનું વાંચન-મનન, પુનઃમનન અને અમલીકરણ કરીએ તો તેમની કલમે કંડારેલ અમૂલ્ય લેખ સાર્થક થયો ગણાશે. અભિનંદન.

પૂજ્ય ફાધર જેમ્સ બી. ડાભીનો લેખ ‘ઘરડાં ગાડાં વાળે’ નવી પેઢી તેમજ જૂની પેઢી માટે ખૂબ જ પ્રેરણાસ્તોત્ર છે. બંને પેઢીને સાથે રાખીને લેખમાં સમતોલન જાળવી પડકારરૂપ અંગૂલિનિર્દેશ કરવા બદલ પૂજ્ય ફાધર જેમ્સ બી. ડાભીને વંદન. પૂર્વ તંત્રીશ્રી. ડો. થોમાસ પરમારનો ‘બાઈબલમાં ઈશ્વરદર્શન’ ગ્રંથ પરિચયમાં સરસ માહિતીસભર છણાવટ આપી. બાઈબલમાં ઈશ્વરદર્શનને ગ્રંથનું વાંચન અને મનન કરવા પ્રોત્સાહિત કરવા બદલ આપને અભિનંદન સહ આભાર. છેલ્લે માનદ્તંત્રી ફાધર વિનાયક જાદવના આમંત્રિત લેખ ‘સંત ઈગ્નાસ અને મધ્યકાલીન ગુજરાતી સંતો’ લેખમાં સંત ઈગ્નાસના વિવિધ પરિબળોની રજૂઆત જાણવા મળી પણ ક્યાંક - રાજા ભોજ અને.... વિશ્વભરમાં સન્માનિત જેસુઈટ સંઘના આદ્યસ્થાપક સંત ઈગ્નાસ અને અન્ય બિનખ્રિસ્તી સંતોની હરોળમાં મૂકવાનુ મુનાસિબ લાગતું નથી. ખેર સંત ઈગ્નાસના પર્વ ક્ષણે સંત જીવનની મહત્તા દર્શાવતો લેખ સૌને સ્પર્શે જ તેમાં બેમત નહોઈ શકે પૂજ્ય ફાધર વિનાયક જાદવને વંદન.

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

**(૨)**

માહે જૂન મહિનાનો ‘દૂત’ અંતરને સ્પર્શી જનાર નીવડ્યો. તંત્રીશ્રી દ્વારા ‘પ્રકૃતિસંગમાં’ આપેલ લેખમાં પર્યાવરણને માનવજાતે પહોંચાડેલ અકલ્પ્ય નુકશાન અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ પ્રસંશનીય છે. જંતુનાશક દવાના ઉપયોગને ખેતરની વાડોના આધૂનિકરણે ડોડી જેવી ભાજી, આયુર્વેદિક દવાઓ, સસલાં, ચકલાંને શિયાળવાં નામશેષ કરી દીધાં છે. છતાંપણ તંત્રીશ્રીએ સૂચવેલ સૂચનો આર્થિક ને પર્યાવરણીય રીતે ઘણો ફાયદો કરે તેમ છે.

કાવ્યધારામાં આપણી પુનઃજીવનને લગતી શ્રદ્ધા વર્ણવતી ‘સાચું જીવન’ ગમી. ‘આહવાન’ પરિવારના ઉત્કર્ષમાં પિતાજીનું યોગદાન. ફાધર્સ ડેના અનુસંધાને લાગણી ઝણઝણાવનાર લાગ્યું. પિતા, ઈશ્વરે નિમેલા આપણા ટ્રસ્ટી છે અને એમને સોંપેલી ફરજ આવા કળિયુગના પણ ૯૯ ટકા પિતાઓ નિભાવે છે. પપ્પા એટલે પોતાના કુટુંબને શ્રેષ્ઠ સવલતો આપવાનો પ્રયત્ન કરનાર અને કદાચ ના આપી શકે તો આંસુથી છાનાં ઓશિકાં ભીંજાવનાર વ્યક્તિ એટલે પપ્પા. રેવ. ફાધર ઈગ્નાસની કથામાં સાસરે જતી પુત્રીને થાંભલીને ટેકે ઉભીને રડ્યા વિના રડનાર પિતાનું વર્ણન સાંભળી પિતાની છબી છતી થાય છે. મોટાભાગના લેખકોએ પિતાનાં ગુણગાન ગાયાં છે તે યથાયોગ્ય છે.

ઓગણીસો ચોપનમાં મારા મોટાભાઈના ગૃહત્યાગે ફરીથી એનું મોઢું જોઈશ તો જ અન્નજળ લઈશ એવી પ્રતિજ્ઞા મારા પિતાએ કરેલી અને ભયંકર ઉનાળામાં અઠવાડિયું દશ દિવસ પાળેલી. આખરે રેલ્વે કોલોનીના સઘળા રહીશોના પ્રયાસે પારણાં કરેલાં, એ દૃશ્ય પિતાના પ્રેમને બલિદાનના ગુણો બતાવતું આજે પણ સ્મરણમાંથી ખસતું નથી. સો વર્ષ પુરા કરવા તરફ આગળ વધતાં રેવ. ફાધર પરિઝાના જન્મદિન માટે જગ્યા ફાળવી ‘દૂત’ “સોના પે સુહાગા” જેવું કર્યું છે.

— જોન જોસેફ મેકવાન (આણંદ)

**(૩)**

માહે જૂન-૧૫ના ‘દૂત’ના તંત્રી લેખનું વાંચન મનનપૂર્વક કર્યું. હાલના પ્રદૂષિત વાતાવરણવાળા યુગમાં આપણે સર્વએ તંદુરસ્ત જીવન જીવવું હશે તો કુદરતી સ્ત્રોતો હવા, પાણી વનસ્પતિ વગેરેનું કાળજીપૂર્વક જતન કરવું પડશે. અસહ્ય ગંદકી દ્વારા વાતાવરણને અસ્વચ્છ ન કરીએ. માનવજીવનને શુદ્ધ વાતાવરણ આપવાની આપણી પવિત્ર ફરજ છે. એના ભૂલવું જોઈએ. તંત્રીશ્રીને અભિનંદન.

શ્રી બકુલ મેકવાનનો ‘પૂજ્ય હૃદયની ઉપાસનાનો આરંભ’ લેખ ખૂબ ગૂઢાર્થ અને રહસ્યમય લાગ્યો. ધર્મસભાના ઉદયકાળથી આજ સુધી ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ વિશે તલસ્પર્શી છણાવટ કરવા

બદલ લેખકશ્રીને અભિનંદન. વધુમાં મારું એક નમ્ર સૂચન છે કે, અગાઉના વર્ષોમાં જેમ ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ (પવિત્ર મારિયાના લઘુવિધિસંગ્રહની જેમ) પ્રકાશિત થતી હતી. તેવી જ ભક્તિ હાલના સમયમાં શરૂ થાય તો ધર્મજનોને લાભ થશે. 'બચપન બચાવો'માં શ્રી શૈલેષ ક્રિસ્ટીએ અર્વાચીન ભારતમાં બાળમજૂરોની સ્થિતિનું સચોટ વર્ણન કર્યું છે. તેમનું શોષણ થતું અટકાવવા આપણાથી બની શકે તેટલું કરીએ. શ્રી શૈલેષભાઈને ધન્યવાદ. ધર્મબંધુ થોમસ પી. એમ. સી. દ્વારા લિખિત 'તારા પિતા કોણ?' ટૂંકી પણ સંદેશાત્મક અને બોધદાયક વાર્તા ઘણું બધું કહી જાય છે. લેખકશ્રીને અભિનંદન.

સુજ્ઞશ્રી આગ્નેસ વાઘેલા લિખિત 'નિસર્ગ સંગ સત્સંગ'માં તેઓના નવ દિવસના ગોવાના પગપાળા પ્રવાસના રોમાંચક સંસ્મરણોની રજૂઆત માટે! ધન્યવાદ. 'એક વિશ્વ : સમાન પર્યાવરણ' શ્રી રાજેશ ક્રિશ્ચિયનનો લેખ પ્રેરણાદાયી લાગ્યો. ફાધર લેન્સી અને રાજેશભાઈના સંવાદ દ્વારા પર્યાવરણના સમતોલ વિકાસ અને સંવર્ધન અંગે સુંદર પ્રકાશ પાડ્યો છે. લેખકશ્રીને અભિનંદન.

શ્રી વિક્ટર ક્રિસ્ટી લિખિત 'સ્નાન સંસ્કારક સંત યોહાન વિશે વિશદ્ માહિતી પૂરી પાડી છે. પ્રભુ ઈસુના મુક્તિકાર્યમાં સહભાગી થવા માતા મરિયમ પછી સંત યોહાનનું યોગદાન મુખ્ય છે. સંત યોહાન, પ્રભુ ઈસુના અગ્રદૂત છે. સંત યોહાન સ્પષ્ટ વક્તા હતા. એના કારણે હેરોદ અને હેરોદિયાસના અનૈતિક સંબંધની ટીકા કરવા બદલ સંત યોહાનનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો હૃદય પલટાની હાકલ સંત યોહાન દ્વારા ધર્મસભાને મળેલી છે. લેખકશ્રીને અભિનંદન.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન (ચાવડાપુરા)

**(૪)**

'પરોપરકારની ખેતી' લેખમાં શ્રી રાજેશ ક્રિશ્ચિયને પોતાના શાળાકીય જીવનમાં 'સમૂહ જીવન'ના તાસને યાદ કર્યો હતો. લેખ વાંચતાં ૧૯૫૪ પહેલાં મારી શાળા સેંટ જોસેફના સ્વર્ગસ્થ આચાર્ય સાહેબે શાળાનો સમય વહેલો કરી, સમૂહજીવનનો તાસ દાખલ કર્યો હતો, તેનાં મધુર સ્મરણ થઈ આવ્યાં. બીમાર વિદ્યાર્થીની ભાળ કાઢવી, શાળામાં ટૂકડી પ્રમાણે બગીચાના ક્યારામાં ફૂલછોડ વાવવાં, તેની માવજત કરવી જેવાં કામ સમૂહજીવનમાં કરવાનાં રહેતાં.

આવો જ સેવાભાવી પ્રયાસ સ્વ. ફાધર એસ્પીતાર્થે 'વિચારમંચ'ની સ્થાપના દ્વારા કર્યા હતો, જેનાથી ઉત્તમ ચારિત્ર્યનું નિર્માણ થઈ શકે. આજેપણ આવી પ્રવૃત્તિઓના આચરણથી 'પરોપકારની ખેતી' કરી શકીએ. માનવને ગરિમા અપાવે એવા વિચારની રજૂઆત 'મૃત્યુની મારી પસંદગી'ના લેખક ફાધર વર્ગીસે કરી છે. હાર્દિક અભિનંદન ફાધર.

— સ્તાનીસ સાયમન (આણંદ)

**(૫)**

તંત્રીલેખ જૂન-૨૦૧૫ વાંચ્યા પછી ભાવ-પ્રતિભાવ લખતા વિવશ થવું પડ્યું! અંગ્રેજીમાં કહેવત છે : 'Well begum is half done' તંત્રીલેખનો પ્રથમ ફકરો 'પહેલો ઘા રાણાનો' સિદ્ધિ થયો છે. 'ખેતી' અને 'ફજેતી' બે શબ્દો જગતના તાતની સાંપ્રત સ્થિતિને બખૂબી પડઘાવે છે. સરકારી ગુલબાંગોને પ્રત્યક્ષ સ્પર્શ્યા વિના લેખકે-તંત્રીશ્રીએ 'સંભળાવવાનું' સંભળાવી દીધું છે. અભિનંદન તો આપવાં જ પડશે. 'હાર્દિક અભિનંદન!'

પર્યાવરણ મંત્રાલય અને કૃષિમંત્રાલય હોવા છતાં ઉભયે ક્ષેત્રે નિરાશા જ નિરાશા છે! એ બાબતને તંત્રીશ્રીએ એટલા કૌશલ્યથી રજૂ કરી છે કે તેઓનો કાન કોઈ જ પકડી ના શકે. એ અલગ બાબત છે કે ગેંડાખાલી મંત્રીઓ ખૂદનો કાનેય નહીં પકડે. દોષ નહીં સ્વીકારે. એક નિર્વિવાદ નિરીક્ષણ છે કે અભિયાનોથી આજદિન સુધી કોઈ જ કાર્ય સિદ્ધ થયાનું જાણ્યું નથી. અભિયાન એટલે તો 'ભડાકો' આપણો અને 'ખભો' કોઈકનો. અભિયાન એટલે તો નહી આપ-ભાટાઈ! સ્વ-વાહવાહ! આત્મશ્લાઘા!

અભિયાન વિના વટવૃક્ષ થવાય; અભિયાનથી તો ભાદરવાનો ભીંડો! અભિયાનોની વિફળતાનો સિલસિલો : ગરીબી હટાવો, હટી? ફરજિયાત શિક્ષણ, બાળમજૂરો ઘટ્યા? નશાબંધીથી, નશો થતો બંધ થયો? સમૂહલગ્ન અભિયાનોથી લગ્નોનો ભપકો કમ થયો?

આજપર્યંતના અભિયાનો વાંઝિયાં સિદ્ધ થયાં છે! કારણ સગવડ સુવિધાને સુખ માનવાની માનસિકતા છે, ત્યાં સુધી પર્યાવરણની દુર્દશા થતી જ રહેવાની! સીક્સ-લેન રોડ જોયતો હોય તો વૃક્ષછેદન અનિવાર્ય છે. પહાડો ચીરીને હાઈવે બનાવવા હોય તો ભેખડો ધસી પડવાનું જોખમ લેવું જ પડે! સ્વાદરાણીને વહાલી કરવી હોય તો સ્વાસ્થ્યની શી પરવાહ! સ્વચ્છ શૌચાલયની સુવિધા જોઈતી હોય તો ગટરો ઉભરાવાની, નદીમાં પ્રદૂષણની વાસ્તવિકતા સ્વીકારવી જ પડે. ફ્લેટ્સ ટેનામેન્ટમાં રહેવું હોય તો પ્રકૃતિનું સાનિધ્ય ગુમાવવું પડે!

તંત્રીશ્રી વિકાસ અને પર્યાવરણ વિરુદ્ધ દીશામાં ગતિ કરે છે! જંગલમાં વિકાસ નથી, તેથી સ્વચ્છતા અભિયાન પણ છેડવું પડતું નથી. સ્વચ્છતા કુદરતના પ્રકૃતિના ખૂદનો સ્વભાવ છે. જંગલમાં માટી છે. માટીનો સ્વભાવ છે ચીજ-વસ્તુને સડાવવું-કહોડાવવું અને ખૂદમાં ભેળવી દેવું. ફળ, ફૂલ, પાન, ડાળી, મૃતદેહ માટીમાં પડી, સડી, માટીમાં ભળી સ્વચ્છતા જળવાય છે.

પર્યાવરણ બચાવવું હોય તો પ્રકૃતિના નીતિનિયમોમાં સ્વભાવથી અનુકૂલન સાધીને રહેવું પડે. લખી રાખો : સ્વચ્છ શૌચાલયની ઝૂંબેશ ગામડાંને પણ શહેરની માફક પ્રદૂષિત કરીને જ ઝંપશે!!! આપણે કિશોરાવસ્થામાં ખેતરના શેઢે, તળાવની પાળે, રોડની ધારે કુદરતી હાજતે જતા પણ શેઢો, પાળ કે રોડની ધાર ગંદી થયેલી ભાળી-જાણી નથી; ભાળી છે?

હા. બીજો માર્ગ છે. પ્રદૂષણ-ગંદકી થતી હોય ત્યાં ભગવાનને ચોકીદાર તરીકે ચિતરી-ચોંટાડી દો-સ્થાયી દો. ને પછી તો લાલ વસ્ત્ર જોઈને આખલો ભડકે તેમ ભગવાનને જોઈ માણસ પણ....

— પીટર મેકવાન 'દ્વિતારક'

## ઓક્ટોબર, ૨૦૧૫ માટે
## કવિ/લેખકોને આમંત્રણ

**ઓક્ટોબર માસના મહત્ત્વના દિવસો :**

૧ ઓક્ટોબર : સ્વૈચ્છિક રક્તદિન/વિશ્વ વૃદ્ધ દિન
૨ ઓક્ટોબર : ગાંધી જયંતી
૮ ઓક્ટોબર : વિશ્વ દૃષ્ટિદિન (ઓક્ટો.નો બીજો ગુરુવાર)
૧૫ ઓક્ટોબર : વિશ્વ ગ્રામીણ મહિલાદિન
૧૬ ઓક્ટોબર : વિશ્વ અન્નદિન
૧૯ ઓક્ટોબર : માનવ ગૌરવદિન
૨૪ ઓક્ટોબર : સંયુક્ત રાષ્ટ્રદિન
૩૦ ઓક્ટોબર : વિશ્વ કરકસરદિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૧ ઓક્ટોબર : સંત પુષ્પાવતી
૨ ઓક્ટોબર : રક્ષક દૂતો
૫ ઓક્ટોબર : સીનિયર સીટીઝન ડે
૧૧ ઓક્ટોબર : માતા મરિયમ - ગુલાબમાળાની રાણી
૧૮ ઓક્ટોબર : સંત સિમોન તથા યહુદા (જૂડ)

**૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

## આહ્‌વાન - ઓક્ટોબર ૨૦૧૫ માટે

ધર્મસભા આ વર્ષને 'સંન્યસ્તજીવન વર્ષ' તરીકે ઉજવી રહ્યું છે. ઓક્ટોબર - ૨૦૧૫નો 'દૂત' અંક 'સંન્યસ્તજીવન વર્ષ' વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ નિમિતે નવોદિત લેખકને ખાસ આમંત્રણ પાઠવીએ છીએ કે શ્રદ્ધાઘડતરમાં ધર્મસભાના અનેક સંન્યસ્તો - સાધુસાધ્વીઓની અસર રહેલી છે. આ સંદર્ભમાં તમારા જીવનમાં બનેલ કોઈ પ્રસંગ કે કોઈ સૂક્ષ્મ અનુભવ જેમાં કોઈ સંન્યસ્તની પ્રેરણા થકી તમારા જીવનમાં હકારાત્મક અને કાયમી પરિવર્તન આવ્યુ હોય તો તે પ્રભાવ, પ્રેરણા, પરિવર્તન વિશે: **મારા જીવનમાં સંન્યસ્તગણનો પ્રભાવ-** લખી મોકલવા અનુરોધ છે.

ઉભયપક્ષે સંન્યસ્ત જીવન પણ અત્યંત સંકુલ અને જટિલ છે. એમના જીવનમાં પણ અનેક પરીક્ષણો અને સમસ્યાઓનો સામનો કરવાનો હોય છે. ડગલે અને પગલે કસોટીઓ આવે છે. આવા વિકટ સંજોગોમાં ઈસુમાં શ્રદ્ધા સહ સમર્પિત જીવનમાં ટકી રહેવું ઘણું જ મુશ્કેલ બને છે, ત્યારે એક સંન્યાસી તરીકે આપના જીવનમાં કોઈ પ્રશ્ન, સમસ્યા કે પરીક્ષણ આવ્યાં હોય જેમાં ઈસુની શ્રદ્ધાના સહારે તમારી નાવ હેમખેમ પાર ઉતરી હોય તેવો કોઈ અનુભવ કે સાક્ષી: **મને થયો સાક્ષાત્કાર અને....** લખી મોકલવા પૂજ્ય ધર્મગુરુઓ, ધર્મબંધુઓ, ધર્મભગિનીઓને નમ્ર વિનંતી કરીએ છીએ.

આપનું લખાણ ૫૦૦ શબ્દોની મર્યાદામાં હોવું જરૂરી. એથી વધુ લાંબુ લખાણ અસ્વીકાર કે સંકલનને પાત્ર રહેશે. આપનું લખાણ તા. ૫ સપ્ટેમ્બર ૨૦૧૫ સુધીમાં 'દૂત' કાર્યાલયમાં અચૂક મળી જાય એવી અપેક્ષા.

# AGSDM એક ચળવળ

All Gujarat Students Development Movement (અખિલ ગુજરાત વિદ્યાર્થી વિકાસ સંઘ) વિદ્યાર્થી થકી, વિદ્યાર્થીઓ માટે, વિદ્યાર્થીઓ દ્વારા ચાલતી ચળવળ એટલે AGSDM.

આ ચળવળ આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર, વિદ્યાનગર તેમજ ગુજરાત જેસુઈટ યુથ મિનિસ્ટ્રી (GJYM) દ્વારા છેલ્લાં ૨૯ વર્ષથી અવિરતપણે ચલાવવામાં આવી રહી છે. આ ચળવળ રાષ્ટ્રીય સ્તરે AICUF (All India Catholic University Federation) સાથે જોડાયેલી છે.

આ ચળવળનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીની કારકિર્દી ઘડવાનો, તેમજ વિદ્યાર્થીઓ સામાજિક સમસ્યાઓ પ્રત્યે સભાન બને, "સ્વ" ઓળખ કેળવે તેમજ એક સારો નાગરિક બની પોતાના સમાજને ઉપયોગી બને તે રહેલો છે. તે માટે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન શિબિરોનું આયોજન કરી પુરું પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ દ્વારા જ સર્વ પ્રકારની શિબિરોનું આયોજન અને સંચાલન કરવામાં આવે છે. જેમકે, વ્યક્તિત્વ વિકાસ, કારકિર્દી માર્ગદર્શન, પ્રેરક ચર્ચા, સામાજિક મુદ્દાઓ ઉપર શિબિરોનું આયોજન કરવામાં આવે છે. જેનો ઉદ્દેશ વિદ્યાર્થી નેતૃત્ત્વ ક્ષમતા કેળવે, સામાજિક સમસ્યાઓ પ્રત્યે સભાન બને તેમજ પોતાના દેશ અને સમાજને આગળ લઈ જવામાં પોતાનું યોગદાન આપે તે રહેલો છે. રાષ્ટ્રીય લેવલે AICUF દ્વારા આયોજિત કાર્યક્રમોમાં પણ વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે તકો પૂરી પાડવામાં આવે છે.

અપરિણીત કોઈપણ યુવક-યુવતી (કોલેજ, અભ્યાસ ચાલુ હોય) ચળવળ સાથે જોડાઈ શકે છે તેમજ પોતાનો વિકાસ કરી શકે છે. નીચે જણાવેલ સરનામે કે ફોન દ્વારા અમારો સંપર્ક કરી શકો છો.

**ફાધર નગીન મેકવાન એસ. જે. – ૯૪૨૯૯ ૨૭૦૧૬**
**રણજીત વસાવા – ૮૯૮૦૨ ૪૪૪૭૨**
**રાહુલ રાઠોડ – ૯૭૨૬૩ ૯૫૩૯૬**
**જીગર પીપલિયા – ૭૮૭૪૮ ૫૧૬૩૬**

સંપર્ક:
આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર
નાના બજાર, વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦
ફોન : ૮૭૩૪૦ ૮૭૨૧૦

# બંધન તોડવા અને સેતુ રચવા
## (ઓગસ્ટ મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ વસાવા કૌશિક

સ્વયંસેવકો ઉદારતાથી પોતાની સેવા જરૂરિયાતમંદને પૂરી પાડે.
સમાજથી તરછોડાયેલા લોકો પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ કેળવવા આપણી જાતને બાજુ પર રાખીને
સાચા પાડોશી બનવા પ્રયત્નશીલ રહીએ.
*'આ મારા ભાઈઓમાના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે.' (માથ્થી ૨૫:૪૦)*

જોન સ્ટેશનમાસ્તર તરીકે કામ કરતા હતા. બપોરે ભોજનના સમયે તેઓ પોતાના ભોજન માટે ઓફિસની બહાર જતા. આ તેમનો રોજનો કાર્યક્રમ હતો. ઘણીવાર તેમના સહકર્મચારીઓ તેમને જમવા માટે ઓફિસ બહાર જવાનું કારણ પૂછતા પરંતુ જોન સાહેબનો કોઈપણ જવાબ તેમને વાજબી લાગતો ન હતો. એક દિવસ તેમના એક સહકર્મચારીએ છાનામાના તેમનો પીછો કર્યો. તેને ભારોભાર આશ્ચર્ય થયું કે જોનસાહેબ જેવી ખ્યાતનામ વ્યક્તિ, એક લઘરવઘર સ્ત્રી સાથે પોતાનું ભોજન આરોગે છે. તેમના સહકર્મચારીએ તેમને પૂછ્યું: 'એક સ્ટેશનમાસ્તર થઈને આવી સ્ત્રી સાથે ભોજન કરો છો?' જોનસાહેબે તેમના સહકર્મચારીને હળવેથી કહ્યું, 'મેં ક્યારેય મારી ઉંચી પદવીના કારણે મારી જાતને મહાન કે વિખ્યાત માની નથી પરંતુ હું જ્યારે પણ આ લઘરવઘર સ્ત્રી સાથે મારું ભોજન વહેંચીને આરોગું છું, ત્યારે હું ગૌરવની લાગણી અનુભવું છું. હું કોઈકને મદદરૂપ બની રહ્યો છું. હું કોઈકના માટે સારું કરી રહ્યો છું.'

**સાચી સેવાના મહત્ત્વની પ્રતિતી:** જોનસાહેબને ખરેખર સાચી સેવાના મહત્ત્વની પ્રતિતી થઈ છે. તેઓ એ વાતથી ખુશ છે કે પોતે ઈસુએ બતાવેલ માર્ગ પર ચાલે છે. સંત માર્ક (૯:૩૫)ના શુભસંદેશમાં ઈસુ પોતાના શિષ્યોને કહે છે : 'જો કોઈ માણસ પહેલો થવા ઈચ્છતો હોય તો તેણે પોતે સૌથી છેલ્લો અને સૌનો સેવક થવું જોઈએ'. જોનસાહેબ ભલે એક સ્ટેશનમાસ્તર હતા પરંતુ તેઓ પ્રભુ ઈસુના આ વચનોને ખુશીથી પોતાના જીવનમાં ઉતારે છે.

નવા કરારમાં આપણે જોઈએ છીએ કે યહૂદી લોકો રાજકીય મસીહની રાહ જોઈને બેઠા હતા. તેઓ માનતા હતા કે આ મસીહ તેઓને રોમન સામ્રાજ્યની ગુલામીમાંથી મુક્તિ અપાવશે. પરંતુ ઈસુનાં વચન સાંભળીને તેમની સઘળી આશાઓ નિરાશામાં પલટાઈ ગઈ. ઈસુએ અવારનવાર પોતાની જાતનું ક્રૂસ પર બલિદાન આપી, આપણને પાપમાંથી મુક્ત કરવાની વાત કરી હતી. તેથી જ યહૂદી લોકો ઈસુને મસીહ તરીકે સ્વીકારી શક્યા નહિ. આ યહૂદી સમાજમાં એક રીવાજ ખૂબ જ પ્રચલિત હતો. યજમાનના ઘરે મહેમાનોને ભોજન માટે આમંત્રણ આપવામાં આવતું હતું ત્યારે યજમાને પોતાના ચાકરો દ્વારા આ મહેમાનોના પગ ધોવડાવવા પડતા. પરંતુ છેલ્લા ભોજન વખતે, ઈસુ પોતે યજમાન બનીને, પોતાને જેઓ પ્રભુ અને ગુરુજી કહી સંબોધતા હતા, એવા શિષ્યોના ચરણ ધુએ છે. પછી ઈસુએ પોતે જે કર્યું છે તે કરતા રહેવાનો પોતાના શિષ્યોને આદેશ આપે છે. ઈસુ યહૂદી હોવા છતાં પોતાના જ સમાજનો રીવાજ તોડે છે. શા માટે? કારણ કે ઈસુ બંધન તોડવા અને સેતુ રચવા માટે આવ્યા હતા.

**જરૂરિયાતમંદની સેવા:** આપણે પણ શિક્ષક, સરકારી અધિકારી, નર્સ, ડોક્ટર, મેનેજર જેવી વિવિધ પ્રકારની ફરજો બજાવીએ છીએ. જેમ પ્રભુ ઈસુએ બીજાની સેવા કરી હતી તેમ આજે પ્રભુ ઈસુ આપણને સમાજના જરૂરિયાતમંદની સેવા આમંત્રણ આપે કરવા છે. તેમના તરફ ઉદાર બનવાનો આદેશ કરે છે. તેઓને આપણા જીવનમાં સ્થાન આપવાની સલાહ આપે છે. આ સેવા કરવા માટે આપણે કોમળ હૃદયના બનવાની જરૂર છે. પ્રભુ ઈસુએ સ્પષ્ટ કહ્યું છે કે તેમની જેમ આપણે પણ સેવા લેવા નહિ, પણ સેવા કરવા તત્પર રહેવાની જરૂર છે.

**સમાજમાં સમાનતા:** આજે સમાજમાં સમાનતા લાવવાની જરૂર છે. દરેક મનુષ્ય પોતાને મહાન બનાવવા મથે છે. ઘણા લોકો પોતાની નામના અને કામના પ્રાપ્ત કરવા સારું, પોતાનું સંપૂર્ણ જીવન ખર્ચી નાખે છે. હવે જીવનની મોસમ બદલવાનો સમય આવી પહોંચ્યો છે. આજે આપણે વિચાર અને વલણમાં બદલાવ લાવવાની જરૂર છે. આ બદલાવ ત્યારે જ શક્ય બને, જ્યારે ઈસુના વિચાર અને વલણને આપણે પોતાના વિચાર અને વલણ બનાવીશું. કારણ, શિક્ષિત કર્મચારી અને સામાન્ય ટ્રક-ચાલકના કામ ભલે સમાન ના હોય, પરંતુ એક મનુષ્ય તરીકે બન્ને સમાન છે. માનવ માનવ વચ્ચે કોઈ ભેદભાવ શક્ય જ નથી. ધરતી પરનો દરેક મનુષ્ય એ ઈશ્વરનું સર્જન છે. દરેક મનુષ્યને બીજાની સેવા કરવાની હાકલ થયેલી છે. આજે થોડો સમય લઈ, પોતાના ઘરે રહીને કે ખેતરમાં અથવા કારખાનામાં મજૂરી કરીને કામ કરતી વ્યક્તિ વિશે થોડો વિચાર કરીએ. આપણી જાતને પ્રશ્ન પૂછીએ કે આપણે તેમની સાથે કેવું વર્તન રાખીએ છીએ? શું એવો વિચાર કદી આવ્યો છે કે આપણે પણ તેમની સેવા કરી શકીએ?

એક ખ્રિસ્તી ધર્મજન તરીકે મારી એ ફરજ બને છે કે હું પણ સ્ટેશનમાસ્તર જોનસાહેબની જેમ બીજાની જરૂરિયાતને પિછાણી શકું અને દરેકને પોતાના ભાઈબહેન તરીકે સ્વીકારી શકું. તો જ આપણે ખ્રિસ્તના સાચા શિષ્યો બની શકીશું.

જરૂરિયાતમંદની સેવા કરવાથી આપણને શો લાભ? તેમની સેવા કરવાથી આપણે આર્થિક લાભથી કદાચ વંચિત રહીશું. તેમની સાથે રહેવાથી સમાજમાં જે પ્રકારની પ્રતિષ્ઠા અને મોભો મેળવવાની આપણી મહેચ્છા છે તે કદાચ પ્રાપ્ત નહીં કરી શકીએ. સમાજ કદાચ આપણને નીચા પણ ગણે, પરંતુ પ્રભુના રાજ્યમાં આપણને મોટો બદલો મળશે. કારણ આપણી નાનીમોટી મદદ જરૂરિયાતમંદ માટે જીવનદાન બને છે. સમાજમાં જીવનદાન કરતાં બીજું કોઈ શ્રેષ્ઠ દાન છે ખરું?

કોઈકે સાચું જ કહ્યું છે કે બીજા સાથે વહેંચવાથી આપણે કશું ગુમાવતા નથી. તો ચાલો, વડાધર્મગુરુ ફ્રાન્સિસ સાથે આપણે પણ આ હેતુ માટે ખુલ્લા દિલે પ્રભુને પ્રાર્થના કરીએ. તેમજ સમાજથી તરછોડાયેલા લોકો પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ કેળવવા આપણી જાતને બાજુ પર રાખીને સાચા પાડોશી બનવા પ્રયત્નશીલ રહીએ. ●


**MAA સ્ટીલ ફર્નિચર**

**દરેક પ્રકારના દીવાલગોખલા, કબાટો બનાવનાર.**
**બહાર ગામનાં કામ કરવામાં આવે છે.**

**મો.: ૯૯૦૯૪ ૧૫૧૮૦, ૯૫૭૪૯ ૫૪૭૮૬**


***Happy Birthday To Keyan (Bittu)***
***on his First Birthday***
***DOB : 13-08-2014***



***Children are a heritage from the Lord, the fruit of the womb is a reward. (Psalm 127:3)***

We thank God for this lovely gift & pray that he may grow day by day under the loving care of God & become a good child of God to serve Him.

**Karishma Kevin Joseph & Family**
**Mob: 97242 08494 / 99798 84083**

# શિષ્યવૃત્તિ અંગે માહિતી

ભારત સરકારની લઘુમતી જાતિઓના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ - મેટ્રીક અને મેરિટ-કમ મિન્સ શિષ્યવૃત્તિ (ધો.૯ થી પી. એચ.ડી. સુધી) માટે ON-LINE અરજી પત્રક ભરવાની પ્રક્રિયા સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડી-આણંદ પેરિશ ઓફિસમાં **તા.૧૩-૭-૨૦૧૫** થી ક્રિશ્ચિયન લાભાર્થીઓ માટે હાથ ધરવામાં આવેલ છે.

ON-LINE અરજી પત્રક ભરવા માટે સરકારશ્રીના નિયમાનુસાર લઘુમતી જાતિનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ફરજીયાત સામેલ રાખવાનું છે. એફિડેવિટ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ (બક્ષીપંચ)નો દાખલો ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. અધૂરા અને અપૂરતા પુરાવા સાથે ફોર્મ ભરવામાં આવશે નહિ.

**:: અરજી કરવા માટે નીચેના પુરાવા લાવવા ::**

સ્કેન કરવાના પુરાવા ઓરીજિનલ (ફરજિયાત)

- જે-તે વર્ષની ફીની પહોંચની નકલ
- પાસપોર્ટ સાઈઝનો ફોટો...૧
- છેલ્લા પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની (૫૦% કે તેથી વધુ)
- વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેનું બોનાફાઈડ સર્ટીફિકેટ/ વિદ્યાર્થીનું કબુલાત નામુ (SELF DECLARATION)
- આધાર કાર્ડ
- વિગતોની ખરાઈ અંગે વિદ્યાર્થીનું કબુલાત નામુ (SELF DECLARATION) (ફરજિયાત)
- ઈન્સ્ટીટ્યૂટ વેરીફીકેશન ફોર્મ (INSTITUTE VERIFICATION FORM)
- બેંક પાસબુક (IFSC Code, MICR Code) સાથેની/અથવા કેન્સલ કરેલ ચેક.
- રહેઠાંણનો પુરાવો. રેશન કાર્ડ/લાઈટબીલ/ટેલિફોન બીલ/ આધાર કાર્ડ પૈકી એક.

**સ્થળ :** **સેંટ ફ્રાન્સિસ ઝેવિયર કેથોલિક ચર્ચ, ગામડી-આણંદ પેરિશ ઓફિસ**

**સમય :** **૧૨.૩૦ થી ૫.૦૦ કલાક. સોમવાર થી શનિવાર સુધી**

**:: સંપર્ક ::**

| | |
|---|---|
| ફાધર રિચર્ડ | મો. ૮૯૮૦૩ ૫૭૦૦૧ |
| મકનભાઈ ખ્રિસ્તી | મો. ૯૩૭૬૬ ૦૪૮૦૩ |
| સુરેશ માર્કુસ મેકવાન | મો. ૯૪૦૮૭ ૮૯૫૪૯ |
| હાર્દિક મેકવાન | મો. ૯૦૩૩૩ ૯૪૨૪૯ |
| ચિરાગ મેકવાન | મો. ૯૫૧૦૮ ૪૯૬૨૧ |



# વ્યાનીનું જીવન

✍ ફાધર રત્નાસ્વામી

સર્વ સભાપુરોહિતોના અધિષ્ઠાતા સંત તરીકે પ્રખ્યાત સંત જોન મેરી વ્યાનીનું જીવન સંઘર્ષમય હતું, એમ સાંભળતાં જ આપણને નવાઈ લાગે, કારણ તેમના વિશે આપણા મનમાં એવી છાપ પડી હશે કે તેઓ શાંતિપ્રિય માણસ હતા. તેમના દેખાવ વિશે આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે : શારીરિક રીતે તેઓ દૂબળા હતા, તેમની ઊંચાઈ સરેરાશ કરતાં ઓછી હતી, તેમનું હલનચલન ભારે હતું, તેમની રીતભાત બેડોળ અને આત્મવિશ્વાસ વગરની દેખાતી હતી. તેથી આપણા મનમાં પ્રશ્ન જાગે : 'આવી વ્યક્તિ જીવનમાં કેવી રીતે સંઘર્ષ કરી શકે?'

**ધાર્મિકતાથી વિપરીત સમાજ સામે સંઘર્ષઃ** સંત જોન મેરી વ્યાનીનો જન્મ ઈ.સ. ૧૭૮૬માં ફ્રાન્સ દેશના લિયોન શહેર વિસ્તારમાં આવેલા દાર્દીલી નામના ગામમાં થયો હતો. તેઓ નાના હતા ત્યારે ફ્રાન્સમાં ક્રાંતિ શરૂ થઈ હતી. ક્રાંતિકારોએ ફક્ત રાજા અને રાજવી કુટુંબના સભ્યો સામે નહિ, પણ ધર્મસભા સામે પણ બળવો કર્યો હતો. આવા વ્યાકુળ સમયમાં વ્યાની મોટા થયા હતા. સમાજ અને ધર્મસભા વચ્ચેના ઘર્ષણના તે સમયગાળામાં પણ વ્યાનીનું કુટુંબ ધર્મસભાને વફાદાર રહ્યું હતું. વડાધર્મગુરુને વફાદાર રહેલા પુરોહિતો પોતાના જીવનને જોખમમાં મૂકીને ગુપ્ત સ્થળોમાં અર્પણ કરવામાં આવતા ખ્રિસ્તયજ્ઞમાં વ્યાની અચૂક ભાગ લેતા. એક રીતે વ્યાનીને ભવિષ્યમાં તેમના જીવનમાં આવનાર સંઘર્ષોનો સામનો કરવા માટે આ વાતાવરણમાં ઉત્તમ તાલીમ મળી હશે.

**સેમીનરીના અભ્યાસ સામે સંઘર્ષ :** ફ્રાન્સ દેશમાં દસ વર્ષ માટે (ઈ.સ. ૧૭૯૨થી ૧૮૦૨ સુધી) બંધ કરાયેલી સ્કૂલો ફરી શરૂ કરી. હવે વ્યાનીની ઉંમર ૧૯ વર્ષની હતી. તેમની ઈચ્છા પુરોહિત બનવાની હતી. તેની તૈયારી અર્થે ગ્રીક અને લેટિન ભાષા શીખવી અનિવાર્ય હતી. તે માટે તેમણે ૧૯ વર્ષની ઉંમરે પ્રાથમિક શાળામાં બાળકો સાથે બેસીને ભાષાઓ શીખી. બનવા જોગ એકવાર વ્યાની વર્ગમાં પ્રશ્નનો સાચો જવાબ આપી શક્યા નહિ. તરત જ તેમના વર્ગના ૧૨ વર્ષના લુકાસ નામના છોકરાએ તેમને મુક્કો માર્યો. વ્યાનીએ લુકાસ આગળ ઘૂંટણીએ પડી ક્ષમા માંગી. તેમણે કબૂલ કર્યું, અભ્યાસમાં હું બુધ્ધુ છું. એ જોઈને લુકાસ રડી પડ્યો. નમ્રતાના શસ્ત્ર દ્વારા વ્યાનીએ તે છોકરાને ઉત્તમ પાઠ શીખવાડ્યો. આગળ જતાં લુકાસ એક ધર્માધ્યક્ષ બન્યા! વ્યાનીને ખેતીકામ બરાબર આવડતું હતું પણ પુસ્તકો સાથે એમનો કોઈ નાતો ન હતો. છતાં પુરોહિત બનવાની ઈચ્છાને કારણે તેઓ ખૂબજ મહેનત કરતા. જ્યારે જ્યારે તેમને નિષ્ફળતા મળતી ત્યારે બેત્રણ અઠવાડિયા સુધી ઉપવાસ કરતા. ઉપવાસ પણ કામમાં ન લાગતો. એનો અર્થ શું એ છે કે તેઓ ખરેખર બુધ્ધુ હતા? બિલકુલ નહિ. એથી ઉલટું તેઓ ખૂબ જ હોંશિયાર હતા. તેનો પુરાવો એ છે કે તેમણે અઢી વર્ષમાં દેવવિદ્યાનો અભ્યાસ પૂરો કર્યો. જ્ઞાન મેળવવા માટે તેમનામાં ઘણી જીજ્ઞાસા હતી. તેઓ પથારીમાં સૂતાં સૂતાં ઊંઘ આવે ત્યાં સુધી પુસ્તકો વાંચતા. તેમણે ઘણાં પુસ્તકો તો બીજાને આપી દીધાં, તો પણ તેમના કબાટમાં ૪૦૦ કરતાં વધારે પુસ્તકો હતાં. વ્યાનીની તકલીફ વિષય સમજવામાં હતી જ નહિ, પરંતુ તેમની માતૃભાષા ફ્રેંચ હોવાથી તેઓ લેટિન ભાષામાં સમજાવવામાં આવતા વિષયો સમજી શકવા અસમર્થ હતા. સેમિનરીનો અભ્યાસ એટલો અઘરો બન્યો કે તેમને એક વખત એવું લાગ્યું કે સેમિનરી છોડ્યા વગર બીજો કોઈ રસ્તો છે જ નહિ. હવે તેઓ અભ્યાસનો સામનો કરવા માટે ઈશ્વરનું બળ માગી સંત ફ્રાન્સિસ રેજિસના યાત્રાધામે પગપાળા (૧૦૦ કિલોમીટરનું અંતર કાપી) ગયા. યાત્રાધામથી આત્મવિશ્વાસ સામે સેમિનરી પાછા ફરેલા વ્યાનીના જીવનમાં બીજી એક મોટી કટોકટી ઉભી થઈ. ફ્રાન્સ દેશના સમ્રાટ નેપોલિયને સ્પેન દેશ ઉપર હુમલો કરવા માટે બધા યુવાનોને ફરજિયાત સૈન્યમાં જોડાવવા હુકમ કર્યો. ચોવીસ વરસના વ્યાનીને પણ સૈન્યમાં ભરતી કરવાની ફરજ પડી. સૈન્યમાં જોડાતાં બે દિવસમાં જ તેઓ બીમાર પડ્યા. બે મહિના દવાખાનામાં વિતાવ્યા બાદ તેમને લડવા ગયેલા બીજા સૈનિકો પાસે જવાનો હુકમ મળ્યો. માર્ગમાં ગુલાબમાળાની ભક્તિ કરતાં-કરતાં ચાલતા વ્યાની નિર્ધારીત સ્થળે પહોંચી શક્યા નહિ, તેથી અઢી વર્ષ સુધી તેમને છુપાઈને જીવવું પડ્યું.

તે પછી સેમિનરીના અભ્યાસ સાથેનો તેમનો સંઘર્ષ ફરીથી ચાલુ થયો. હવે તેમની ઉંમર હતી છવ્વીસ. સેમિનરીની પરીક્ષામાં અધ્યાપકોની અપેક્ષા અનુસાર વ્યાની જવાબ આપી શક્યા નહિ, કારણ ગ્રીક અને લેટિન ભાષા દ્વારા સમજાવવામાં આવતા વિષયો તેઓ સમજ્યા ન હતા. નિરાશ થઈને તેઓ તેમના માતાજીની કબરે જઈને ખૂબ રડ્યા. આ સમયે તેમના સભાપુરોહિત બલ્લીએ તેમને પ્રોત્સાહન આપીને પુરોહિત દીક્ષા માટેની પરીક્ષામાં ભાગ લેવા તાલીમ આપી, પણ પરીક્ષામાં ફરીથી તેઓ નાપાસ થયા. છેલ્લે વ્યાની પુરોહિતદીક્ષા ગ્રહણ કરવા યોગ્ય છે કે કેમ તે નક્કી કરવાની જવાબદારી ધર્માધ્યક્ષ કોર્બનના માથે આવી. તેમણે વ્યાનીના અધ્યાપકોને પૂછ્યું, 'શું વ્યાની ધર્મનિષ્ઠ છે?' શું તેઓ માતા મારિયમ પ્રત્યે ભક્તિ ધરાવે છે? અધ્યાપકોએ જવાબ આપ્યો, 'હાજી, તેઓ ઈશ્વરની ભક્તિ કરવામાં એક ઉત્તમ નમૂનો છે.' ધર્માધ્યક્ષે કહ્યું, 'તો વ્યાની પુરોહિત બનવા લાયક છે જ. જે તેમનામાં અપૂરતું હોય તે ઈશ્વરની કૃપાથી પૂર્ણ થશે.' આમ, ઈ.સ. ૧૮૧૫માં ૨૯ વર્ષની વયે વ્યાનીએ પુરોહિત દીક્ષા ગ્રહણ કરી, દીક્ષા પછી ઘણા મહિનાઓ સુધી તેમને પ્રાયશ્ચિત સાંભળવાની પરવાનગી આપવામાં આવી ન હતી. કારણ હતું સેમિનરી દરમિયાન અભ્યાસનું નબળું પરિણામ! આજે આપણને હસવું આવે કે પ્રાયશ્ચિત સંસ્કાર દ્વારા હજારો લોકોને ઈશ્વર અને એકબીજા સાથે સમાધાન કરવા મદદરૂપ બનનારની દશા આવી હતી! ત્રણ વર્ષ સુધી તેમણે એકુલ્લી નામના ધર્મવિભાગમાં સહાયક સભાપુરોહિત તરીકે સેવા આપી.

**ધર્મ પ્રત્યેની ઉદાસીનતા સામે સંઘર્ષ :** ઈ.સ. ૧૮૧૮માં ૩૧ વયના વ્યાની આર્સ નામના એક નાનકડા ધર્મવિભાગના સભાપુરોહિત

બન્યા. આર્સમાં લાંબા સમય માટે કોઈ પુરોહિત ન હતા. વ્યાની પહેલાં જે પુરોહિત હતા તે આર્સ પહોંચીને ૨૩ દિવસમાં જ મૃત્યુ પામ્યા હતા. તેમના પહેલાં આર્સમાં સેવા આપવા નિમણૂક થયેલા બે પુરોહિતોએ પુરોહિતપણું છોડી દીધું હતું. તો આપણે કલ્પના કરી શકીએ કે આર્સની હાલત કેવી હશે? પણ વ્યાનીએ આર્સના સભાપુરોહિત તરીકેની તેમની નિમણૂકને આનંદથી સ્વીકારી લીધી. આર્સમાં થનારા સંઘર્ષો માટે તેઓ આધ્યાત્મિક રીતે તૈયાર હતા.

આર્સ નજીક વ્યાની આવી પહોંચ્યા ત્યારે તેમણે દેવળે પહોંચવાનો રસ્તો બતાવવા માટે એક છોકરાને વિનંતી કરી. તે છોકરાનું નામ હતું અન્તોઈન ગીવ્રે. છોકરાએ રસ્તો બતાવ્યો. વ્યાનીએ તેને કહ્યું. તેં મને આર્સનો રસ્તો બતાવ્યો છે. હું તને સ્વર્ગનો રસ્તો બતાવીશ. તે દિવસ હતો ફેબ્રુઆરી ૯, ૧૮૧૮. દૂરથી આર્સનું દેવળ જોઈને, વ્યાનીએ જમીન પર ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરી. કેવી પ્રાર્થના કરી હશે? પોતાના પ્રેમાળ, પવિત્ર અને પ્રાર્થનામય જીવનથી ૪૨ વર્ષના સમયગાળા દરમિયાન ફક્ત આર્સ માટે જ નહિ. પરંતુ દેશવિદેશના હજારો શ્રદ્ધાળુઓ માટે સ્વર્ગનો રસ્તો બતાવનાર ઉત્તમ ગુરુ બની ગયા હતા.

આર્સમાં કુલ ૪૦ નાનાં ઘરો અને ૪ મોટાં દારૂનાં પીઠાં હતાં. ગામના લોકો - નાનાને મોટા - દેવળમાં જવાને બદલે દારૂ પીને નાચતા. દારૂ અને નાચગાન સામે વ્યાનીએ સંઘર્ષ શરૂ કર્યો. દેવળમાં જે સ્નાનસંસ્કારક યોહાનની પ્રતિમા હતી તેના પર તેમણે એક તકતી લગાડી જેમાં લખ્યું હતું, 'તેમણે એક નાચનો ભાવ પોતાના માથા વડે ચૂકવ્યો.' બોધમાં વ્યાની કહેતા, પ્રભુ ઈસુ યરુશાલેમ જોઈને રડી પડ્યા. તમારી હાલત જોઈને હું પણ રડું છું. કારણ તમે ઈશ્વરનિંદા કરો છો. રોજ સાંજે નાચો છો, પડોશીના ખેતરમાંથી ચોરી કરો છો... આમ તમે ઈશ્વર વિરુદ્ધ પાપ કરો છો અને નરકને પાત્ર બનો છો... પણ શું તમારા સભાપુરોહિત તમને નરકમાં પડવા દેશે? બોધ એટલી લાગણી સાથે કરતા કે વ્યાની પોતે રડતા અને લોકોની આંખોમાંથી પણ આંસુ સરતાં.

દારૂના અડ્ડા સામેના જંગમાં વ્યાનીએ અમુક વ્યવહારિક રીતો પણ અપનાવી. દારૂના અડ્ડાના માલિકનો ધંધો ઓછો થયો એટલે વ્યાનીએ પૈસા ઉઘરાવીને તેને માટે ખેતર ખરીદી આપ્યું અને તેણે અડ્ડો સંપૂર્ણપણે બંધ કરી દીધો. દારૂ અને નાચ ગુમાવનાર લોકોને કંટાળો ના આવે તે માટે વ્યાનીએ નવા તહેવારો અને સરઘસો શરૂ કર્યા. લોકોના જીવન પરિવર્તન માટે તેઓ અવિરત પ્રાર્થના કરતા. રોજ વહેલી સવારે વેદી આગળ ઘૂંટણીએ પડીને હાથ લંબાવીને આવા શબ્દોમાં પ્રાર્થના કરતા, 'મારા હે ભગવાન, મારું સર્વસ્વ તને સોંપું છું. મારા તાબામાં પરિવર્તન લાવો.'

તેઓ સાદગીમય જીવન જીવતા. તેઓ એક ઝભ્ભો પહેરતા. જ્યારે જ્યારે તે ફાટતો, તે પોતે થીગડું મારતા. કોટ પહેરતા ન હતા. લોકોની નિયમિત મુલાકાત કરતા. પોતે સખત બીમાર હોવા છતાં બીજા બીમાર માણસની મુલાકાતે ગયા. અશક્તિને કારણે તે માણસની બાજુમાં સૂતાં સૂતાં તેમણે તેનું પ્રાયશ્ચિત સાંભળ્યું. મુલાકાત વખતે વારંવાર પોતાનાં સારાં કપડાં બીજાને આપી તેમનાં જૂના ને ફાટેલાં કપડાં પોતે પહેરીને પાછા આવતા. અસહ્ય ઠંડીમાં પણ એક વખત તેઓ જોડા વગર પાછા ફર્યા!

તેમના લોકોનું જીવન પરિવર્તન, તેમનું જીવન લક્ષ્ય બની ગયું હતું. તે સિદ્ધ કરવા માટે કોઈપણ ભોગ આપવા તેઓ તૈયાર હતા. તેમનો રોજનો કાર્યક્રમ લગભગ આ પ્રમાણે હતો. વહેલી સવારે એક વાગે ઉઠીને તેઓ દેવળમાં પ્રાર્થના કરતા. છ વાગ્યા સુધી સ્ત્રીઓનું પ્રાયશ્ચિત સાંભળતા. ખ્રિસ્તયજ્ઞ પછી ઈશ્વરનો આભાર માનીને આઠ વાગ્યા સુધી યાત્રિકો સાથે ભળીને તેમની સાથે વાત કરતા અને આશીર્વાદ આપતા. પછી તેઓ એક કપ દૂધ લઈને સાડા આઠ વાગે પુરુષોનું પ્રાયશ્ચિત સાંભળતા. અગિયાર વાગે ધર્મશિક્ષણ આપતા. ત્યારબાદ તેઓ ભોજન - એક કે બે બાફેલા બટાકા લેતા. પછી બીમાર લોકોની મુલાકાતે જતા. ફરી સાંજના પાંચ વાગ્યા સુધી સ્ત્રીઓનું પ્રાયશ્ચિત સાંભળતા, અને આઠ વાગ્યા સુધી પુરુષોનું. ત્યારબાદ લોકો સાથે સાંજની પ્રાર્થના અને ગુલાબમાળાની ભક્તિ કરી ફરીથી પ્રાયશ્ચિત સાંભળતા. રાત્રે દસ-બાર વાગે આરામ કરવા માટે જતા. પરંતુ બરાબર એક વાગે ફરીથી દેવળમાં આવતા. તેમના રોજના કાર્યક્રમમાંથી આપણને એ ખ્યાલ આવે છે કે લોકોના જીવન પરિવર્તન માટે વ્યાની કોઈપણ ભોગ આપવા તૈયાર હતા. ભાગ્યે જ બે કલાક ઉંઘતા!

**સેતાન સામે સંઘર્ષઃ** લોકોની ધર્મ પ્રત્યેની ઉદાસીનતા સામે વ્યાનીએ જે જંગ છેડ્યો હતો, તે સેતાન સામેનું યુદ્ધ હતું. સેતાન દરેક મનુષ્ય ઉપર કાબૂ મેળવવા પ્રયત્ન કરે છે. કસોટીઓ અને પ્રલોભનો દ્વારા સામાન્ય મનુષ્યો સામે પરોક્ષ રીતે કાર્ય કરે છે. પણ અમુક મનુષ્યોના ખિસ્સામાં સેતાન મોઢામોઢ સીધો મુકાબલો કરે છે. વ્યાની લોકોના હૃદય પરિવર્તન માટે જે કાર્ય કરતા હતા તે સેતાનને બિલકુલ ગમ્યું નહિ.

સેતાને વિવિધ રીતે વ્યાની પરનો તેનો ગુસ્સો પ્રગટ કર્યો. રાત્રે બારણું જોરથી ખખડવાનો અવાજ, ગાડાનો ગડગડાટ અવાજ. કૂચ કરતા સૈનિકોનો અવાજ વગેરે જોર જોરથી સંભળાતા. આ સમયે વ્યાનીએ એક ચોકીદારને પણ રાખ્યો પરંતુ જુદા જુદા ભયંકર અવાજો સાંભળીને ચોકીદાર બીજે જ દિવસે ત્યાંથી જતો રહ્યો. સેતાન વારંવાર તેમને કહેતો, 'વ્યાની! વ્યાની! હજી તું મર્યો નથી! પણ હું તને નહિ છોડું!' સેતાનનો અવાજ અમુક વખત કૂતરા કે રીંછના અવાજની જેમ હતો. અમુક વખત તે વ્યાનીના પગ પકડીને તેમની ઓરડીમાં આમતેમ ખેંચતો. કોઈક વાર તે ખાટલામાંથી વ્યાનીને ગબડાવી પાડતો. એક વખત તેઓ પ્રાયશ્ચિત સાંભળતા હતા ત્યારે તેમના ખાટલામાં આગ લાગી ગઈ. વ્યાનીએ સેતાનનાં આવાં કરતૂતને મહત્ત્વ આપ્યું જ નહિ. તેઓ કહેતા, આ તો Grappin (એટલે કે પંજેટી)નું કામ છે. તે મને હેરાન કરે છે કારણ કે હું ઈશ્વર પાસે માણસોને લઈ આવું છું. સેતાન ૩૩ વર્ષો સુધી વ્યાનીને સતાવતો રહ્યો. પરંતુ આ યુદ્ધમાં છેલ્લે વિજય પામનાર વ્યાની હતા કારણ કે તેમની પાસે ઈશ્વરની શક્તિ હતી.

*...અનુસંધાન પાન નં. ૧૮ પર જુઓ*



# શુકન

✍ ઈન્દુ રાવ

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

શુકન સૂતી છે. એની પાંપણો આજે બીડાવાનું નામ પણ લેતી નથી અને તે પણ કેવી રીતે? જેના થકી એની સવાર પડતી હતી એવી તરવરાટભરી, ઘરમાં ઉઠતાંવેંત સૌની સવલતો પૂરી પાડતી પ્રેમાળ મમ્મીની અનુપસ્થિતિએ એનું જીવન ભારે કષ્ટમય - કડવુંવખ બની ગયું હતું!

શુકનના જન્મ અગાઉ જ સ્તુતિએ પોતાના ઉદરમાં અંકુરિત થઈ રહેલા બીજનું નામ 'શુકન' પાડી દીધું હતું. એનું કારણ પણ એક જ કે લિંગભેદની કોઈ કડાકૂટ ન થાય. વળી એના માટે લગ્ન પછી સાત વર્ષની આતુરતાપૂર્વક રાહ જોયા પછીના આ શુભ શુકન હતા ને!

સત્યમ્ પણ આ નામથી ઘણો ખુશ હતો. જો કે તેની ઊંચી પોસ્ટને લીધે પૈસાની પાછળ આંધળી દોટ મૂકનારા સત્યમ્‌ને સ્તુતિની મનોસ્થિતિનો ક્યારેય ખ્યાલ આવ્યો નહીં કે પછી તેણે જાણવાનોય કશો પ્રયત્ન કર્યો નહીં. એને તો અઠવાડિયાના પાંચ દિવસ બિઝનેસ પાર્ટીના નામે ડ્રિંક્સ અને ડિનર બહાર લેવાતાં રહ્યાં. સ્તુતિએ શરૂઆતમાં સત્યમ્‌ને ચેતવ્યો કે આપણી પાસે જે છે એનાથી આપણે શાંતિમાં જીવી શકીએ તેમ છીએ. આપણી જરૂરિયાત કરતાં તું વધુ કમાય છે પરંતુ સત્યમ્ સ્તુતિની કોઈ વાત સાંભળવા તૈયાર નહોતો ઉલટાનું ગુસ્સે થઈને કહેતો, 'જીવનમાં મઝા શું છે એ તારા જેવી ઘરકૂકડી સ્ત્રીને ક્યાંથી ખબર પડે?!' પછી તો આ સિલસિલાએ વ્યસનનું સ્વરૂપ ધારણ કરી લીધું. રોજ મોડી રાત્રે સત્યમ્ ચિક્કાર દારૂ પીને ઘરે આવતો અને સ્તુતિ કાંઈ કહે એટલે ગાળાગાળી અને ક્યારેક ક્યારેક મારપીટ પણ કરવા લાગ્યો.

મોટી થઈ રહેલી નાનકડી શુકન પપ્પાથી ગભરાઈ જવા લાગી. ઘરમાં બોલાબોલી થતાં તે મમ્મીની સોડમાં લપાઈ-સંતાઈ જતી. એના દિલમાં પપ્પાનો ડર એવો પેસી ગયો કે ઘરમાં એનો ખિલખિલાટ થંભી ગયો. એ પપ્પા જોડે કામ પૂરતી વાત કરવા લાગી. ભણવામાં ખૂબ હોંશિયાર, તેજ હોવાથી સ્કૂલમાં એનું વ્યક્તિત્વ ઝળકી ઊઠ્યું. એનું એક આગવું નામ હતું. સ્કૂલની પ્રવૃત્તિઓમાં અવલ્લે રહેનારી શુકન મમ્મીને હોંશેહોંશે સ્કૂલ લઈ જતી પરંતુ તે એના પપ્પા ક્યારેય સ્કૂલે ન આવે તેવું મનોમન ઈચ્છતી. એના પપ્પા પાસે એવો ટાઈમ પણ ક્યાં હતો?! સ્તુતિ દીકરીની તેજસ્વીતા, હોંશિયારી અને નિર્ણાયાત્મક શક્તિ પર વારી જતી. એની જિંદગીનું મોટું આશ્વાસન શુકન બની રહી હતી. શુકનને ઘરમાં શાંતિ મળે એટલા માટે સ્તુતિ સત્યમ સાથેના ઝઘડાને ટાળતી. ન છૂટકે દલીલો થતી ત્યારેય તે ચૂપ રહેવા મથતી.

સત્યમ્‌નાં વધતાં જતાં વ્યસનોને લઈને સ્તુતિએ શુકન પછી બીજા બાળકને જન્મ નહીં આપવાનું મનોમન નક્કી કરી લીધું હતું. એની દુનિયા શુકનમાં સમાઈ ગઈ હતી.

બાળપણથી મનોમન મમ્મીની દયા ખાતી અને પપ્પાને ધિક્કારનારી, મોટી થતી શુકનને હવે ક્યારેક પપ્પાની દયા આવવા લાગી. એમના કારણે જ ઘરની આર્થિક સ્થિતિ ખૂબ સારી હતી તથા એને ભણવામાં કદી મુશ્કેલી ન પડે એનું ધ્યાન પપ્પા રાખતા. તે તેને ગમતું હતું. હવે સીધેસીધું નહીં પણ પપ્પાને શાંતિપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કરતી હતી. સત્યમ્ તેનું સાંભળતોય ખરો. સ્તુતિને આશા બંધાતી કે દીકરીનું સાંભળનારો બાપ ધીમેધીમે વ્યસનોની લતમાંથી છૂટકારો મેળવશે ખરો! ઘર ખુશી-આનંદમાં કિલ્લોલતુ થશે.

બાવીસ વર્ષની શુકનને એક સારી-મોટી ફર્મમાં જોબ મળી. સેલરી ઘણો સારો હતો. મમ્મી-પપ્પાને સરપ્રાઈઝ આપવા તે થનગની રહી હતી. એને પોતાની ખુશી મમ્મી-પપ્પાની સાથે વહેંચવી હતી. રસ્તામાંથી તેઓની પસંદગીના મોતીચૂરમાના લાડુ લઈને મારતે ઘોડે એક્ટિવા પર ઘેર પહોંચી ત્યાં તેણે પોતાના ઘર આગળ મોટું ટોળું જમા થયેલું જોયું. એક્ટિવા સાઈડ પર પાર્ક કર્યું. હાંફળી-ફાંફળી, રઘવાટભરી ટોળાંને ચિરતી અંદર ગઈ. લોહીના ખાબોચિયામાં લથપથ મમ્મીને જોતાં તે મોટેથી ચીસ પાડી ઊઠી 'મમ્મી... જો... સાંભળ... અને તે ત્યાં જ બેહોશ થઈને ઢળી પડી.'

હોસ્પિટલમાં શુકન ભાનમાં આવી ત્યારે બાજુમાં બેઠેલા પપ્પાને રડતા જોઈ, એમનો હાથ પોતાના હાથમાં લેતાં બોલી, 'પપ્પા મારે મારી મમ્મીને જીવનભરની ખુશીઓ આપવી હતી. પરંતુ એ મારી સઘળી ખુશીઓ સાથે લઈને પરમધામે પ્રભુ પાસે પહોંચી ગઈ નહીં?!'

સત્યમ અપરાધભાવે અવાચક બની દીકરીની સામે દયામણે ચહેરે નત મસ્તકે સાંભળતો રહ્યો. શુકને રડતાં રડતાં પપ્પાનો હાથ દબાવી રાખ્યો. બંને પરસ્પર એકમેકને સથિયારો આપતાં રહ્યાં! ●

---

*અનુસંધાન પાન નં. ૧૭ પરથી ચાલુ...*

**આપણા સંઘર્ષનો સર્વોત્તમ ઉપાય:** આપણા સમાજમાં સામાન્ય રીતે લોકો એકબીજા સામે સંઘર્ષ કરતા હોય છે. આવા સંઘર્ષમાં શાબ્દિક યુદ્ધો, વાદવિવાદ, ઝઘડો, મારામારી, અદાલતમાં કેસ કરવો વગેરે શસ્ત્રોનો ઉપયોગ કરતા હોય છે. એનું પરિણામ છે દુશ્માનાવટ, વિભાજન, દુઃખ અને શાંતિ. પરંતુ વ્યાનીએ કોઈ મનુષ્ય સામે સંઘર્ષ ન કર્યો. તેમનો સંઘર્ષ હતો બુરાઈઓ અને બુરાઈની શક્તિઓ સામે. તે સંઘર્ષમાં તેમણે ઉપયોગ કરેલા શસ્ત્રો હતા : પ્રાર્થના, ઉપવાસ, સાદગીમય જીવન, પ્રાયશ્ચિત સંસ્કાર, ધર્મશિક્ષણ, ધર્મબોધ, માતા મરિયમની ભક્તિ, ઈશ્વરને ચરણે પોતાની જાતનું સંપૂર્ણ સમર્પણ અને લોકો પ્રત્યેનો બિનશરતી પ્રેમ. તેનું પરિણામ હતું હજારો લોકોનું હૃદય પરિવર્તન અને ઈશ્વરના રાજ્યનો ફેલાવો. આપણે સંત જોન મેરી વ્યાનીનું અનુકરણ કરી આપણા જીવન સંગ્રામમાં આગળ વધતા રહી આપણી અને આપણા ભાઈભાંડુઓની જાતને ઈશ્વરની વધુ નજીક લાવીએ. ●



# દોન બોસ્કો

✍ **ફા. અશ્વિન મેકવાન S.D.B.**

*મદદનીસ, સભાપુરોહિત, નારૂકોટ*

એક છોકરો કરિયાણાની દુકાનમાંથી બહાર નીકળી રહ્યો હતો. એના એક હાથમાં તેલનો શીશો હતો ને બીજા હાથમાં સિરકાનો શીશો. એકાએક ગુરુજીને એણે જોયા. જાણે દેવ દીઠા હોય એમ છોકરો ગુરુજી જોઈને રાજીરેડ થઈ ગયો. "પાય લાગુ ગુરુજી", છોકરો નમીને બોલ્યો : "ઘણા દિવસે તમને જોયા!"

"મને નથી લાગતું. તું સારો છોકરો રહ્યો છે! તું પ્રાયશ્ચિત કરવા ને પરમપ્રસાદ લેવા જાય છે. ઓહો! તો તો બહુ સારું. તારા જેવો છોકરો બીજો એકે નહીં. આવતી ઉજાણીમાં હું તને જરૂર લઈ જઈશ."

"તો તો મને બહું ગમશે." છોકરો ખુશ થઈને બોલી ઉઠ્યો. "તો પછી ખુશીથી તાળી પાડ!" છોકરાને ખુશ કરવા ખાતર છોકરાની આગળ ગુરુજીએ જ પહેલાં પોતે તાળી પાડી. ગુરુજીનું જોઈને છોકરાએ પણ વિના વિલંબે જોરથી તાળી પાડી ને એ સાથે હાથમાનાં બન્ને શીશાના ભુક્કા! તેલ અને સિરકો ઢોળાઈ ગયાં. છોકરો તો પળપર જોતો જ રહી ગયો. પછી એની આંખોમાંથી દડ દડ આંસુ ટપકવા લાગ્યાં. "મારી માએ કહ્યું હતું કે, ઘેર આવે ત્યારે દુકાનેથી તેલ ને સિરકો લેતો આવજે." તે નિસાસો નાખી બોલ્યો: "હવે હું શું કરું?"

હસવામાંથી ખસવું થઈ ગયું એ જોઈને ગુરુજીને પણ માઠું લાગ્યું. ગુરુજી ઉપાય ઝટ સૂઝે જ. એમણે છોકરાને કહ્યું : "હસ જોઉ, બેટા. હું બધું પાછું હતું તેવું કરી દઉં." પળવાર તો છોકરાને એમ લાગ્યું કે ગુરુજી એમનો જાદુ અજમાવશે ને શીશાને પાછા હતા તેવા કરી દેશે. એને બદલે ગુરુજી છોકરાને પાછો દુકાને લઈ ગયા. એમણે દુકાનની બાઈને જે બન્યું તે કહીં સંભળાવ્યું અને તેલના ને સિરકાના બે નવા શીશા છોકરાને આપવા કહ્યું. "આ લે, છોકરા," બાઈએ છોકરાને શીશા આપતાં કહ્યું : "ને આ વખતે સાચવીને લઈ જજે." પછી તે ગુરુજી ભણી ફરીને બોલી : "ને આપની ઓળખ?"

"મારું નામ દોન બોસ્કો છે, હું અહીંના આજુબાજુના છોકરાઓનો ગોઠિયો છું. મારે તમને કેટલા પૈસા આપવાના છે?" "પૈસા તો થયા..." બાઈ યંત્રવત્ પૈસા ગણવા લાગી ને પછી ગણતાં ગણતાં એકદમ અટકી ગઈ. તે બોલી : "ગુરુજી તમારી પાસેથી તે પૈસા લેવાતા હશે!"

ooo

દોન બોસ્કોને જોતાંવેત હરખપદૂડા થઈ ગયેલા બીજા છોકરાની બાબતમાં તો આથીય વિચિત્ર બન્યું. એ છોકરો એક કાપડની દુકાનમાં ઝાડુ મારી રહ્યો હતો. ઝાડુ મારતાં મારતાં દુકાનના કાચના બારણામાંથી એણે દોન બોસ્કોને જતા જોયા. "ઓ ગુરુજી, ઓ દોન બોસ્કો!" તેણે મોટેથી બૂમ પાડી. પણ કાચનું બારણું બંધ હતું એટલે દોન બોસ્કોને શાનું સંભળાય? એ તો આગળ ચાલતા રહ્યા. છોકરાને દહેશત પેઠી કે દોન બોસ્કો જોડે વાત કરવાનો હાથ આવેલ મોકો સરી જશે. એટલે એણે તો દુકાનમાંથી દોટ કાઢી. એને ખ્યાલ જ ના રહ્યો કે એની વચ્ચે બારણું આડું નસીબ બનીને ઊભું છે! એ તો બારણા જોડે ધમ્મ દઈને ભટકાયો ને કાચના ભુક્કા બોલી ગયા.

દુકાનદાર એકદમ બહાર આવ્યો. પોતાના બારણાની આવી દશા શાથી થઈ એ દુકાનદાર જાણવા માગતો હતો. "દોન બોસ્કો, મેં તમને રસ્તે જતા જોયા," છોકરો ધ્રૂજતા ધ્રૂજતા બોલ્યો : "મને થયું કે હું તમને પાય લાગણ કરું. એટલે હું દોડ્યો. પણ કાચનું બારણું આડું હતું એનું મને ભાન ના રહ્યું." દરમિયાન દુકાનદાર, "ભાન વગરના..." એવું એલફેલ બોલીને છોકરાની ઝાટકણી કાઢવા લાગ્યો. "તમે જોતા નથી કે છોકરાથી અજાણે એવું થઈ ગયું." દોન બોસ્કો બોલ્યા : "શા માટે છોકરા પર આવો જુલમ કરો છો?"

"અરે, એવું કહેવું તો સહેલું છે." દુકાનદાર ચીડાઈને બોલ્યો : "પણ બારણું કોણ સમું કરી આપશે, મારો....?" "એક રીતે આમાં મારોય વાંક ખરો. હું સમું કરાવી આપીશ. પણ છોકરાને કનડશો મા." એ ઘડીએ દુકાનદારની પત્ની દુકાનમાં આવી. "અરે, ગુરુજી તમે છો કે?" તે બોલી. પછી એના પતિને કહેવા લાગી : "તમે એક વાત તો ભૂલી ગયા. દોન બોસ્કો એક ગરીબ સાધુ છે. એમની પાસે ફૂટી બદામ પણ નથી."

"હા, હા. પણ આ ભાંગેલા કાચના કોણ પૈસા આપશે?" તે વેળા બાઈ કાંઈ બોલી નહીં. પણ બીજા દહાડે એણે દોન બોસ્કોને બોલાવ્યા અને એમને પૈસા આપ્યા. "આવું તો ભાંગેતૂટે. પણ ગરીબ છોકરાઓ ખાતર તમે મોટું મન રાખી જે રૂડાં કામ કરો છો તેને ધોકો પહોંચવો ના જોઈએ." પછી એણે ઉમેર્યું : "પણ જોજો, મેં તમને પૈસા આપ્યા છે તે મારો પતિ ના જાણે."

ooo

ઉપરોક્ત બન્ને પ્રસંગો દોન બોસ્કોની લોકપ્રિયતાના છે, તેઓ ઈશ્વરને પણ એટલા જ પ્રિય હતા, તે કાળની એરણ પર આપણે જાણી શક્યા છીએ. જમાના પ્રમાણે પરમાત્મા પયંગમ્બરો-પવિત્ર સ્ત્રી-પુરુષો ઉપરાંત અસાધારણ પ્રતિભાવાળા મહાત્માને યુગદૃષ્ટા તરીકે મોકલી આપે છે, જેઓ સાંપ્રત પરિસ્થિતિમાં પ્રભાવશાળી પ્રતીત થાય છે. નેપોલિયનના અસ્તાચળ તેમજ ઔદ્યોગિક ક્રાન્તિના ઉદયકાળે ૧૬ ઓગષ્ટ, ૧૮૧૫માં ઈટાલિયન આલ્પસ પર્વતની તળેટીમાં બેચીના ડુંગરાઓ વચ્ચે ફ્રાન્સિસ અને માર્ગરેટના પરિવારમાં 'જોન' નો જન્મ થયો. તેના જન્મ પછી બે વર્ષમાં જ ફ્રાન્સિસનું અવસાન થયું, એટલે ત્રણ દીકરાઓને ઉછેરવાની જવાબદારી માર્ગરેટના શિરે આવી. ઘર-ખેતરમાં દરેકને ખપપૂરતું કામ કરતાં મમ્મીએ શીખવાડ્યું. ઘરનાં નાનાંમોટાં કામ, લાકડાં કાપવાં, હળ ચલાવવું, પાક લણવો બધું જ જાતે ઉપાડી લીધું. સાવકો ભાઈ એન્થોની, જોસેફ અને જોન પર બાજ નજર રાખતો, તેમની પાસે હાડતોડ મહેનત કરાવતો પણ માર્ગરેટે પોતાના જીવનવ્યવહારથી જ ઈશ્વરના ડરમાં જીવતાં સંતાનોને શીખવ્યું હતું.

નવ વર્ષની ઉંમરે તેણે એક સ્વપ્ન જોયું હતું. એક વિશાળ મેદાનમાં અગણિત બાળકોની વચ્ચે કેટલાંક છોકરાઓ અભદ્ર ભાષામાં ઝગડતા હતાં. જોને તેમને અટકાવવા કોશિશ કરી પણ કંઈ વળ્યું નહિ. અચાનક એક તેજસ્વી પુરુષ પ્રગટ થયો. તેમણે નામ દઈને જણાવ્યું. "નફરતથી નહીં પણ સદ્ભાવનાથી" આશ્ચર્યથી ગરકાવ થયેલા જોને પ્રશ્ન કર્યો: 'તમે કોણ છો?' ત્યાર પછી એક સ્ત્રી પ્રગટ થઈ, તેના ખભા પર હાથ મૂકી કહ્યું, 'જોન હું જે કરું છું, તે ધ્યાનથી જો.' પેલા તોફાની છોકરાઓ વિકરાળ પશુ બની ગયા અને બીજી ઘડીએ નમણાં ઘેટાં બની ગયા. 'પરંતુ આનો મારે શું ઘડો લેવો?' કહેતાં તેની આંખમાંથી આંસુ સરી પડ્યાં. સ્ત્રીનો જવાબ જીવનભર તેણે યાદ કર્યો.

જોનના મનમાં પુરોહિત બનવાની હાકલ સ્પષ્ટ હતી, પણ અભ્યાસ માટે નાણાં ક્યાંથી લાવવાં? શાળામાં દાખલ થવાનું તો સ્વપ્ન હતું. જોકે એક ભલા ખેડૂતે જોનને આઠ વર્ષની ઉંમરે પહોંચતા સુધીમાં વાંચતા-લખતાં અને દાખલા કરતાં શીખવ્યું હતું. ઘરથી ત્રણેક માઈલ એક મિશન સ્કૂલમાં પ્રવેશ લીધો પણ સાવકાભાઈના ખેતરમાં કામ કરાવવાના દૂરાગ્રહને કારણે એક પછી એક અનેક અડચણો તેને ઉઠાવવી પડતી! ઘરમાં શાંતિ સ્થાપવાના હેતુથી માર્ગરેટે જોનને અભ્યાસ માટે એક પરિચિત સદ્ગૃહસ્થના ઘેર મૂક્યો. અજાણ્યા નગરમાં જોને અનેક કઠણાઈઓ અનુભવી. અભ્યાસખર્ચને પહોંચી વળવા તે શાળા છૂટ્યા પછી કામ કરવા લાગ્યો. તે વખતે તેની ઉંમર માત્ર ૧૫ વર્ષની હતી. તેણે લુહારની દુકાનમાં કામ કર્યું અને ત્યાર પછી તો દરજી, વેઈટર, મોચી, પીનબોય કેટકેટલી જગ્યાએ તેણે હાથ અજમાવ્યો. માતાનો બોજો હળવો કરવા ક્યાંય પણ થોડાંક નાણાં માટે કામ કરવા લાગ્યો.

શાળામાં તેનું ભણતર અપેક્ષા પ્રમાણે હતું. ગુરુજનો અને અન્ય વિદ્યાર્થીઓએ તેને એક ગામડિયો વિદ્યાર્થી માનવાની ભૂલ કરી હતી! હોંશિયારી અને કાબેલિયતથી એકાદ વર્ષમાં તો તેણે બધાની ધારણા ખોટી પાડી અને માધ્યમિક શિક્ષણ માટે યોગ્યતા પ્રાપ્ત કરી લીધી અને સૌનો પ્રીતિપાત્ર બન્યો હતો. જોનની શાળાકીય પ્રગતિની નોંધપોથી જોઈએ તો, એક ઉનાળો અને એક શૈક્ષણિક વર્ષમાં તેણે હાઈસ્કૂલનો ત્રણ વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો! (એટલે કે છ સેમેસ્ટર, એક વર્ષમાં!) તેણે કેવી રીતે આ પ્રમાણે કર્યું તે માની શકાય તેમ નથી પણ તેની અસાધારણ યાદશક્તિ અને અભ્યાસ કરવાની આગવી સૂઝથી આ શક્ય બન્યું હતું! એક સામાન્ય છોકરાની અસામાન્ય પ્રગતિથી પ્રભાવિત એક શિક્ષકે તેને પ્રશ્ન કર્યો હતો. 'કોણ છે તું? લાગે છે કે કોઈ મહાકાય રાક્ષસ કે પછી જાદુગર!' જોને પણ અગાઉથી જવાબ વિચારી રાખ્યો હોય એમ સાહજિકતાથી કહ્યું : 'બંને વચ્ચે ક્યાંક! શીખવા અને સખત અભ્યાસ કરવાના નિર્ણયવાળો એક વિદ્યાર્થી', 'હું એક પુરોહિત બનવાનો છું, છોકરાઓની કાળજી કરવાવાળો પુરોહિત બનવાનો છું' એ હાકલ જોનને શાળાકાળ દરમિયાન હંમેશા યાદ હતી, તેની પ્રેરક હતી.

૧૮૩૫માં જોન ૨૦ની ઉંમરે પહોંચ્યો, હવે તે સેમિનરીમાં જવા તૈયાર હતો. અભ્યાસમાં નિપુણતા, અડગ વ્યક્તિત્વ, જીવનના દરેક ક્ષેત્રના લોકોની મૈત્રી વગેરે તેને મદદરૂપ બનવાનાં હતાં. તે અરસામાં એક જુવાન પુરોહિત કાફેસ્સો, જોનના પ્રાયશ્ચિત સાંભળનારા, હવે સેંટ જોસેફ કાફેસ્સો, તેને બરાબર ઓળખી શક્યા હતા અને પરમેશ્વરની યોજના સમજવા-પાર પાડવામાં તેઓ મદદકર્તા બન્યા હતા. ૫ જૂન, ૧૮૪૧માં તુરિનમાં તેમની પુરોહિત દીક્ષા થઈ. આસિસિના સેંટ ફ્રાન્સિસ દેવાલયમાં તેમણે પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો, જેમાં તેમણે 'જબાનનું સામર્થ્ય' માગ્યું હતું અને મળ્યું પણ ખરું. આધ્યાત્મિક ઉર્જાથી છલોછલ, જોન પોતાના અસાધારણ પ્રેષિતિક કાર્યનો આરંભ કરે છે, જેની દીર્ઘકાલીન અસર આજે પણ યુવાનો પર છે.

શમણામાં નિહાળેલી પેલી સ્ત્રી ખૂબ જ જલ્દી જોનને તેના ભાવિ કાર્ય માટે સંકેત આપે છે. ડિસેમ્બર ૧૮૪૧માં નિષ્કલંક માતા મારિયાના પર્વદિને પરમયજ્ઞના વસ્ત્ર પરિધાન કરતાં દોન બોસ્કો (ઈટાલીમાં પુરોહિતને દોન કહીને સંબોધન કરવામાં આવે છે.) એ જોયું એક રખડું લાગતો છોકરો બહારની ઠંડીથી બચવા, વેદી બાજુની ઓરડીમાં થોડી હૂંફની આશાએ અંદર આવ્યો. સેક્રેસ્ટિયન (દેવાલયનો સેવક)ને ખ્યાલ આવ્યો કે એ છોકરો વેદી સેવકોમાંનો તો નથી જ એટલે તેણે એનો પીછો પકડી બહાર કાઢ્યો. 'પેલા છોકરાને પાછો બોલાવજો, એ મારો મિત્ર છે,' દોન બોસ્કોએ બૂમ પાડી. છોકરો અનાથ હતો, બેકાર હતો, જેમના માટે જેલના દરવાજા ખુલ્લા હોય છે, પણ દોન બોસ્કોના મીઠા વેણે તેને ખુશખુશાલ કરી દીધો અને એ ખ્રિસ્તયજ્ઞ પછી તેને મળે છે, દોન બોસ્કોએ હસતા ચહેરે તેને પૂછ્યું:

"શું નામ છે તારું મિત્ર?", "બાર્થોલોમ્યો ગરેલ્લી"
"શું કરે છે?", "કડિયા કામ"
"માબાપ જીવે છે?", "ના જી"
"ઉંમર કેટલી?", "સોળ"
"વાંચતા લખતા આવડે છે?", "ના"
"ગાતાં આવડે છે?", "ના"
"સીસોટી મારતા આવડે છે?",
છોકરાના મોં પર હાસ્ય પથરાયું "એ તો આવડે છે."
"પ્રથમ ખ્રિસ્તપ્રસાદ લીધો છે કે?" "હજી સુધી નહિ."
"પ્રાયશ્ચિત કદી કર્યું છે?", "હા, નાનો હતો ત્યારે"
"સાંજ-સવારની પ્રાર્થના કરે છે? ધર્મશિક્ષણના વર્ગો ભરે છે?"
"મને કશું આવડતું નથી.
વળી નાના છોકરા જોડે બેસતાં મને શરમ લાગે."
"હું તને એકલાને શીખવાડું તો.", "તો શીખીશ"
"રવિવારે દેવળમાં જાય છે?", "કોઈકવાર"
"તો પછી અહીં જ આવને"
"આવું તો ખરો. પણ મને ફરી માર પડે તો?"

તેની ચિંતા ન કરીશ, હવે તું મારો મિત્ર છે. અને મારા મિત્રને કોઈ ન મારી શકે. દોન બોસ્કોએ તેને હિંમત આપી.

'ધર્મશિક્ષણ ક્યારથી શરૂ કરવું છે?', 'તમે કહો ત્યારથી'

'અત્યારેજ', 'ભલે' 'બહુંજ સારું. ચાલો 'પ્રણામ મારિયા' બોલી શરૂઆત કરીએ.'

પ્રાર્થના બોલી રહ્યા પછી દોન બોસ્કોએ ક્રૂસની નિશાનીથી પોતાનું ધર્મશિક્ષણનું કામ ચાલુ કર્યું. આ એક સીધો સાદો પ્રસંગ દોન બોસ્કોની દીક્ષા પછી છ મહીને બન્યો અને તેમના જીવન કાર્યની શુભ શરૂઆત થઈ. તેમણે છોકરાને ફરી આવવા અને પોતાના મિત્રોને પણ લાવવા કહ્યું. પછીના અઠવાડીએ તે છોકરો બીજાઓને લાવે છે. ત્યાર પછી દોન બોસ્કો પાસે આવનારની સંખ્યા વધતી ગઈ. તેઓ એમને ભેગાં કરી દરેક રવિવારે ધર્મશિક્ષણનો નાનો સરખો પાઠ કરાવે, પ્રાયશ્ચિત તેમજ પરમપૂજા ચાલે ત્યારે પછીનો સમય પિકનિક. આ રીતે છોકરાઓ સાથે દોન બોસ્કોનું કામ શરૂ થયું. બીજી બધી શરૂઆતની જેમ આ પણ કષ્ટાદાયક શરૂઆત હતી. એમના કામની બાબતે ધર્મગુરુઓમાં ગેરસમજ ઉભી થઈ અને પોલિસ એને શંકાની દૃષ્ટિએ જોવા લાગી. ખોરાક અને કપડાનાં બાકી બીલ ભેગાં થયાં, ક્યારેક કઠોર વચનો અને અપમાનો વેઠવા પડતાં પણ દોન બોસ્કો સ્મિત સાથે આગળ વધતા રહ્યા.

સંત જોસેફ કાફાસો એમને હિંમત આપતા હતા. પ્રથમ સ્વપ્નવાળી "સ્ત્રી" એમને દર્શન આપ્યે જતી હતી અને માર્ગ બતાવતી હતી. દોન બોસ્કોએ ઈમારતની બાજુમાં રમતનું મેદાન થાય એવું ખેતર ખરીદ્યું. આજે એ જ સ્થાન પર 'મેરી હેલ્પ ઓફ ક્રિશ્ચિયન'નું ભવ્ય દેવળ ઉભું છે.

એમના છોકરાઓને વ્યવસાય શીખવવા માટે પ્રથમ વર્કશોપ ચાલુ કરી અને શિક્ષક કોણ? દોન બોસ્કો જાતે. યાજ્ઞિક તરીકેની ફરજો બજાવવા ઉપરાંત તેમની પાસે જે સમય રહેતો તે સુથારી અને મોચીકામ શીખવવાનો, પુસ્તકો લખવાનો અને પોતાના છોકરાઓ માટે કામધંધો શોધવાનો, રવિવારની છોકરાઓને માટેની કલબ ચલાવવાનો અને ધર્મશિક્ષણ શીખવાવનો, તેમ જ પોતાનાં કાર્યક્ષેત્રોના વિકાસ માટે વિચારવાનો.

તુરિનના રસ્તે રસ્તે, ઝૂપડપટ્ટી, કારખાનામાં કામ કરતાં બાળક, જેલની મુલાકાત વગેરેએ દોન બોસ્કોની હાકલ સ્પષ્ટ કરી. તેનો અંતરઆત્મા કહેવા લાગ્યોઃ 'આ છોકરાઓ ખરાબ નથી, તેઓ ગુનેગાર બને તે પહેલાં તેમની કાળજી શરૂ કર. આ તારા માટે પડકાર છે.' યુવાનો પ્રત્યેના ભારોભાર ઉત્સાહથી અને ખાલી ખિસ્સે, કેવળ માતા મરિયમ પર ભરોસો રાખી હિમતપૂર્વક તેમણે આ પડકાર ઉપાડી લીધો. તેમનો ઉદ્‌ગાર હતોઃ 'મને આત્માઓ આપો, યુવાન આત્માઓ' તેમનો મુદ્રાલેખ હતોઃ 'મારું બધું લઈ લો પણ આત્માઓ આપો' હવે દર અઠવાડિયે તેઓ નિયમિત રીતે છોકરાઓને મળવા લાગ્યો. જેને તેઓ 'ઓરેટરી' નામે ઓળખવા લાગ્યા. ત્યાર પછી તો અનાથ આશ્રમ, ટ્રેડ સ્કૂલ, અગમચેતી પ્રણાલી અને સલેશિયન સંઘની સ્થાપના કરે છે. જમાનાની માંગ પ્રમાણે તેમણે સેવાકાર્યમાં નવાં નવાં ક્ષેત્ર ખોલ્યાં. 'જ્યારે સેતાન આરામ કરશે ત્યારે જ હું આરામ કરીશ. મારી પાસે સમય છે, મારે કામ કરવું જ જોઈએ' જેવાં વિધાનો તેમના સદૈવ કામ કરતા વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. પ્રાર્થનાના સમયે એક ધનિક-ઉમદા માણસનું કહેણ આવ્યું. તેમનો જવાબ હતો, 'તમે મારા સારા મિત્ર છો, પણ ભગવાન પ્રથમ ક્રમે આવે.' સાથીદારોને પ્રાર્થનાના મહત્ત્વ અંગે અવારનવાર ટકોર કરતા, 'સૌ પ્રથમ દોન બોસ્કો એક પુરોહિત છે.'

ધર્મવિરોધી સરકાર કોન્વેન્ટ અને ધાર્મિક મઠ એક પછી એક ઝડપથી બંધ કરાવ્યા હતા. દોન બોસ્કો યોગ્ય તકની રાહ જોતા હતા, ત્યાં આંતરિક ખાતાના મંત્રીએ એમને જણાવ્યું, "ફાધર, તમારે ભવિષ્યનો વિચાર કરવો જોઈએ, તમારા સારા કાર્યો ચાલુ રાખવા માટે એક ધાર્મિક સંઘ સ્થાપવાનો વિચાર કરો?" "અને પછી તમે એને બંધ કરી દેવાના, કેમ?" "દોન બોસ્કોએ ટકોર કરી." તમને વચન આપુ છું કે અમે એને આંગળી પણ નહીં અડાડીએ.

પાવનપિતા નવમા પિપૂષે દોન બોસ્કોને સલાહ આપ્યા પ્રમાણે તેમણે પોતાના સંઘનું ધાર્મિક બંધારણ ઘડ્યું અને ૧૯૫૯ની ૧૮મી ડિસેમ્બરે એક સમયના એમના છોકરાઓ એવા ૧૮ યુવકોએ સલેશ્યન સંઘના પ્રથમ સભ્યો તરીકે તેમના સહાયકો બની, પહેલાં વ્રત ધારણ કર્યા. સંત ફ્રાન્સિસ સેલ્સ પરથી દોન બોસ્કોએ એમને "સલેશ્યન" કહ્યા. ૧૮૭૨માં દોન બોસ્કોએ સંત મેરી માઝરેલો સાથે મળીને 'સલેશ્યન' સિસ્ટરો (ડોક્ટર્સ ઓફ મેરી હેલ્પ ઓફ ક્રિશ્ચિયન્સ)નો સંઘ સ્થાપ્યો.

૧૮૮૮ના જાન્યુઆરીની ૩૧ રોજ તેઓ સ્વર્ગે સિધાવ્યા. ૧૯૨૯માં દોન બોસ્કોને એમના અંગતમિત્ર ૧૧મા પિયૂષે એમને 'સુધન્ય' જાહેર કર્યા. ૧૯૩૪માં ૧૧મા પિયુષે એમને સંત જાહેર કર્યા. ●

સંદર્ભ : 'ઈંટાળાનો કડિયો' અને 'બોસ્કોજી'


# અભિનંદન



**કેયુરકુમાર ચૌહાણ**

ચૌહાણ નટુભાઈ તથા ચૌહાણ જાસિન્તાબેનના સુપુત્ર ચિ. કેયુરકુમારે B.E. (Mechanical) G.T.U.માં Distinction સાથે ઉત્તીર્ણ થયેલ તે બદલ ચૌહાણ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

**:: શુભેચ્છકો ::**

**નટુભાઈ, જાસીન્તાબેન, ડોલી (મૌલિકા)**

F-૫૮, નવદીપનગર સોસા., પવનચક્કી રોડ, નડીઆદ-૨




✍ સંકલન: જેનેટ જોન્સન ફાર્મર

*સેંટ ઝેવિયર્સ, ગાંધીનગર*

‘હિબાકુશા’ એટલે બોમ્બવર્ષા પીડિત, આપદ્‌ગ્રસ્ત લોક. ૩૧ માર્ચ ૨૦૧૪ના રોજ જાપાનીસ સરકારે જાહેર કરેલ આંકડા પ્રમાણે, મોટાભાગે જાપાનમાં રહેતા પીડિતની સંખ્યા ૧૯૨, ૭૧૯ હતી! જાપાનીસ સરકારના સર્વે પ્રમાણે તેમાંના ૧ % હજુ પણ રેડિયેશન પીડિતોને કારણે બીમારીમાં હાલાકી ભોગવી રહ્યા છે. હિરોશિમા અને નાગાસાકિમાં સ્થિત સ્મારક સમિતિ દર વર્ષ વાર્ષિક સંવત્સરી નિમિત્તે બોમ્બવર્ષા પીડિતના મરણની સંખ્યાનો છેલ્લો આંકડો જાહેર કરે છે, તે પ્રમાણે ઓગસ્ટ ૨૦૧૪માં ૪૫૦,૦૦૦થી વધારે હિબાકુશાનાં નામ નોંધાયાં હતાં જેમાં હિરોશિમામાં ૨૯૨, ૩૨૫ અને નાગાસાકિયામાં ૧૬૫,૪૦૯ની સંખ્યા જોવા મળી હતી.

ભૂતકાળમાં અને હાલમાં પણ ‘કિરણોત્સર્ગ બીમારી વારસાગત છે અથવા ચેપી છે’ એવી માનસિકતાને કારણે હિબાકુશાની જાહેર ઉપેક્ષા કરવામાં આવે છે, અપમાનિત કરવામાં આવે છે. હિરોશિમા અને નાગાસાકિમાં હિબાકુશાના નવજાત બાળકોનાં પરીક્ષણ બાદ, ‘બાળકોમાં કોઈ પણ પ્રકારની ખોડખાંપણ કે ચેપી રોગના કોઈ પ્રત્યક્ષ આંકડા મળ્યા નથી’ એવું સત્ય પ્રગટ કર્યા પછી પણ હિબાકુશામાં ચિંતાગ્રસ્ત ઉગ્રતા કે ઘેનમાં રહેવાની અસર, ઘટનાના ૧૭-૨૦ વર્ષ પછી પણ એક અભ્યાસમાં જોવા મળી હતી.

બોમ્બ વર્ષામાં બચી ગયેલ પીડિતનાં તનમન પર, પરમાણુ બોમ્બ થકી કાયમી ડામનું નિશાન અંકિત થયું છે, જે તેમના માટે આજીવન ધૃણાજનક બોજો બનીને પરેશાન કરે છે, તેમાંથી બહાર આવવાના પ્રયાસ હવાતિયાં સાબિત થયા છે! ભારમાંથી બચવાના ઉપાય તરીકે પીડિતને વ્યક્તિગત બ્યાનને લેખનમાં ઉતારવાની કોશિશ કરવામાં આવી.

“લોકો મારી તરફ સતત તાકીને જોયા કરે છે તે મને બિલકુલ પસંદ નથી! મારા શરીરનો પ્રત્યેક જ્ઞાનતંતુ બહારની દુનિયા સાથે સંવાદી બનવા મથામણ કરી રહ્યો હોવા છતાં લોકોની અલ્પમાત્ર નજર મને ભયાવહ લાગે છે! હું અક્કડ બની બીજાની નજરમાત્રથી બચવા સુરક્ષિત માર્ગ શોધવા અધીરો બનું છું! હું લોકસંપર્ક ટાળુ છું, ઘરકૂકડી બનું છું, કલાકોના કલાકો સુધી અરીસામાં મારો ચહેરો ફાટી આંખે જોયા કરું છું! મને જે દેખાયું તે કદરૂપો ચહેરો. માંસલ લોચો, કૂવામાંથી લાવા બહાર આવવા મથી રહ્યો હોય! મારા ચહેરાનો અડધો ભાગ, મારો ન હોય તો કેટલું સારું એવી વિચિત્ર લાગણી મને સતાવ્યા કરે છે. મારી આંખનાં બળી ગયેલાં પાંપણે, મારી આંખોનો આકાર જ બદલી નાખ્યો છે! મારું ગળુ, જાણે એકબાજુ ખેંચી નાખ્યું હોય એમ બેડોળ બની ગયું છે! વાસ્તવિકતા સ્વીકારી સ્વસ્થ બનવા મેં અઢળક પ્રયત્ન કર્યા પણ બધું જ વિફળ, મારા તનમનનું ચેન હણાઈ ગયું છે! મારું જીવન દોઝખ અજંપાભર્યું મને ભાસવા લાગ્યું! - ‘મૃત્યુનો ઓછાયો’ માંથી.

‘મારા વર્ગમાંના એક વિદ્યાર્થીના સ્નાયુ બળી ગયા હતા. તેના અડધા માથામાંથી વાળ ગાયબ હતા, માથું કાચની જેમ ચળકાટ મારતું હતું. તેનાથી નાની ઉંમરનો એક છોકરો તેને ‘ટેમપુરા ટેમપુરા’ (ટેમપુરા એટલે તળેલી વાનગી) કહીને ચીડવે છે. એક હાથથી ચહેરો સંતાડી નીચે હોલ તરફ તે ભાગ્યો. મારું મન વિચારે ચઢી ગયું: આ છોકરાઓ મોટા થશે પછી પણ તેનો અસ્વીકાર જ કરશે?’

હિરોસિમા અને નાગાસાકિ શહેરના મધ્યભાગમાં આસપાસના પરિઘ વિસ્તારમાં, બોમ્બવર્ષાના સમયથી આજદિન સુધી, ત્યાં નિવાસ કરતા કે હાજર માત્ર લોકોનાં જીવન અન્ય સામાન્ય જનજીવન કરતાં જુદા પ્રકારનું નોંધાયું છે. એક ઘર બળી ગયું હોય, કોઈની ઘરવખરી નાશ પામી હોય, કોઈ ઘરબાર-સંતાન, માબાપ વિનાનાં થઈ ગયાં હોય, એમ પ્રત્યેક ઘેર કોઈને કોઈ આફત ઉતરી આવી હતી. હિબાકુશા અનાથ અને હિબાકુશા વડીલોની સંખ્યાનો પાર ન હતો!

શહેરમાં અહીંતહીં રખડતાં-રઝળતાં તથા જગ્યા ખાલી કરેલ અન્યત્ર સ્થળાંતર થયેલાં અને ગ્રામ્ય વિસ્તારમાંના અનાથ બાળકોની સંભાળ પ્રાણ પ્રશ્ન બની ગયો. કેટલાક ગુરુજનો તથા બૌધ્ધધર્મીઓએ નાગાસાકિમાં નમાબાપાં બાળકોની સંભાળ લેવાનું શરૂ કર્યું. વળી રોમન કેથોલિકોએ બોમ્બવર્ષા પીડિત બાળકો માટે વિશેષ આશ્રયસ્થાન શરૂ કર્યા. ૧૯૪૯ પછી અમેરિકન નોમાન કસિન્સ, તેમજ ૧૯૫૨ પછી જાપાનના આસ્તા ઓસાદ્દાએ નાણાંકીય સહાય માટે આગળ આવ્યા હતા. હિરોશિમામાં પીડિત તરુણોની સહાય માટે ‘અયુમિ’ (આગેકદમ) નામે એક સંગઠન આગળ આવ્યું હતું. કેટલાક જાતબળે આગળ આવ્યા, કેટલાક અપરાધી બન્યા, કેટલાકે અસહ્ય યાતનામાં આપઘાત પણ કરી લીધો. સદ્‌નસીબે સમયાંતરે આવાં બાળકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે!

દેશના અંતરિયાળ વિસ્તારમાંના તેમજ બોમ્બવર્ષા પીડિત વડીલોની સંખ્યા હજારોની રહી છે. કેટલાકે પતિ યા પત્ની, કેટલાંકે સંતાન ગુમાવ્યાં. મોટાભાગનાની ઘડપણની લાકડી તૂટી ગઈ હતી! યુદ્ધ પછીના વર્ષમાં તેમની સંખ્યામાં જુવાળ જોવા મળ્યો હતો. ઓક્ટોબર-૧૯૬૦ના સર્વે પ્રમાણે ૭૦ વર્ષના પીડિતો કુલ વસ્તીના હિરોસિમામાં ૬.૬% અને નાગાસાકિમાં ૫.૮% નોંધાયા હતા, જેમાંના કેટલાંકને કોઈપણ પ્રકારની આવક ન હતી! મોટાભાગના માંદગી અને નિ:સહાયતાને કારણે અને ૩૧ જેટલાએ તો આત્મહત્યાને કરીને મોતને વર્યા હતાં.

*(Source:http://afomicbombmuseum.org/4-survivors.shtml)*

બીજા વિશ્વયુદ્ધના અંતિમ તબક્કામાં અમેરિકાએ યુરેનિયમ ગન ટાઈપ ઓટોમિક બોમ્બ-લિટલ બોય ૬ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ જાપાનના હિરોશિમા અને પ્લુટોનિયમ ઈમ્પલોસન ટાઈપ બોમ્બ-ફેટ મેન, ૯ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ નાગાસિકા નગર પર ઝીંક્યા હતા, પરિણામે ૧૨૯,૦૦૦ લોકો તત્કાળ મોતને ભેટ્યા હતાં! બોમ્બ વર્ષા પછીના દિવસ-મહિનામાં વિશાળ માત્રામાં જાપાનીસ નાગરિકો બળી જવાથી, કિરણોત્સર્ગ (Radiation) બીમારી, જખમ તેમજ કુપોષણને કારણે મરણને શરણ થયા હતા.

હિરોશિમા અને નાગાસાકિના પીડિતોની લાંબાગાળાની અસરના અભ્યાસ માટે પ્રમુખના અધ્યક્ષ સ્થાને ૧૯૪૮ના આરંભે ઓટોમિક બોમ્બ કેઝયુઅલ્ટિ કમિશન (ABCC)ની રચના થઈ, જેમણે બન્ને નગર તેમજ ૨૯ કી.મીના વિસ્તારમાં ગર્ભવતી મહિલાઓની પરિસ્થિતિનો અભ્યાસ કર્યો. ધ નેશનલ એકેડેમી ઓફ સાયન્સના સંશોધનમાં મગજમાં ક્ષતિ જેવી અસર તો સામાન્ય બની ગઈ હતી! કમિશન બાદ રેડિયેશન રીસર્ચ ફાઉન્ડેશન (RERF) દ્વારા આ અભ્યાસ ચાલુ રાખ્યો હતો. ઈતિહાસકાર રોનાલ્ડ પોવાસ્કિના સંશોધન પ્રમાણે, 'હિરોશિમામાં મરેલું બાળક જન્મવું, જન્મથી જ ખોડખાંપણ હોવું તેમજ નવજાત બાળકોમાં જીવલેણ વ્યાધિનું પ્રમાણ ઉંચું જોવા મળ્યું હતું.' રેડિયેશન ફાઉન્ડેશનના અહેવાલ પ્રમાણે ૧૯૫૦થી ૨૦૦૦ના ગાળામાં જ ૪૬% આપદ્‌ગ્રસ્ત લ્યુકેમિયા અને ૧૧ % માત્ર કેન્સરથી જ મરણ પામ્યાં છે. અને હજુ પણ આ કિરણોત્સર્ગ અસર ક્યારે વિરામ લેશે તેનું કોઈ નિશ્ચિત ગણિત કે આશ્વાસન નથી!

**પરમાણું શસ્ત્રનાં નિરંતર અને સ્વાસ્થ્ય જોખમ :** પરમાણુ શસ્ત્રનો ધડાકો તત્કાળ ભયંકર વિનાશ વેરે છે તદુપરાંત જ્યાં જ્યાં તેનાં સૂક્ષ્મ વિકિરણ પહોંચે ત્યાં નિરંતર બરબાદી નોતરે છે! ગીચ વસ્તી ધરાવતા શહેર પર પરમાણુ શસ્ત્રનો ધડાકો વિરાટ માત્રામાં નુકસાન પહોંચાડે છે. આમ ધડાકાના કેન્દ્રથી તેના અંતર પ્રમાણે નુકસાનની માત્રા જોઈ શકાય છે. જે જગ્યાએ અણુવિસ્ફોટ કરવામાં આવ્યો છે, તેને 'હાઈપોસેન્ટર' અથવા 'ગ્રાઉન્ડ જીરો' તરીકે ઓળખવામાં આવે છે. હાઈપોસેન્ટરની જેટલી નજીક તેટલું નુકસાન વધારે. નુકસાન અસંખ્ય રીતે થાય છે. ૧) વિસ્ફોટથી ગરમીના પ્રચંડ તરંગોનો ચોતરફ પ્રસારથી ૨) વિસ્ફોટની તાકાતને પરિણામે પેદા થયેલ કંપનથી ૩) કિરણોસર્ગથી ૪) કિરણોત્સર્ગ કાટમાળથી.

વિસ્ફોટના સમયે હાઈપોસેન્ટરમાં પાંચ હજાર કરોડ ડીગ્રી ફેરનહીટ અથવા ત્રણ હજાર કરોડ ડીગ્રી સેલ્સિયન તાપમાન ઉદ્‌ભવે છે. જેમાં તત્ક્ષણ સર્વકાંઈ બળીને બાષ્પીભવન થઈ જાય છે. પ્રચંડ ગરમીથી દાહ પામેલાં, ધ્રુજારીને કારણે ધારાશાહી થયેલ ઈમારતના હવામાં ઉછળેલો કાટમાળથી જખ્મી થયેલાં અને ઉચ્ચ ક્ષમતાના કિરણોત્સર્ગના સંપર્કને કારણે ઘાયલ થયેલાં, હાઈપોસેન્ટરની બહાર ભોગ બને છે. તત્કાળ વિસ્ફોટના વિસ્તાર ઉપરાંત ચોતરફ ફેલાયેલી ગરમી, કિરણોત્સર્ગ અને આગ નુકસાનનું નિમિત્ત બને છે. વિસ્ફોટથી દૂર હોવા છતાં પણ પવનને કારણે લાંબે ગાળે ક્યારેક કિરણોત્સર્ગી 'કાટમાળ પેયજલને પણ પ્રદૂષિત કરે છે, શ્વાસ મારફ્તે ફેફ્સાંને તેમજ ખોરાકમાં જતાં પાચનતંત્રના અવયવોને નુકસાન કરે છે.'

વિજ્ઞાનીઓએ હિરોશિમા અને નાગાસાકિના હિબાકશુનો ઝીણવટભર્યા અભ્યાસ કર્યા છે અને ત્યારબાદ પરમાણુ શસ્ત્રના વિસ્ફોટથી તત્કાળ અને લાંબાગાળાના, માનવીય સ્વાસ્થ્યના જોખમનો અંદાજ કાઢ્યો છે. કિરણોત્સર્ગ તેમજ કિરણોત્સર્ગી કાળમાળ, માનવશરીરના વિવિધ તંત્રને નુકસાન કરે છે, જેમકે વાળ, પાચનતંત્ર, બોન મેરુ, પ્રજનનતંત્ર વગેરે ખરાબ રીતે દૂષિત થાય છે, જેના કારણે સ્વાસ્થ્ય જોખમાય છે. ૧) ઉબકા આવવા, ઉલટી થવી અને અતિસાર (ઝાડા થવા) ૨) આંખે મોતિયો આવવો ૩. વાળ ઉતરી જવા ૪) રક્તકણનો નાશ થવો. આ માંદગી લાંબી ચાલે તો ક્યારેક લ્યુકેમિયા, કેન્સર, વંધત્વ, ખોડખાંપણવાળા બાળકનો જન્મ વગેરે મહાવ્યાધિનું જોખમ ઉભું કરે છે.

વિજ્ઞાનીઓ અને ફિજિશિયન (તબીબ) હજુ પણ હિબાકશુનો અભ્યાસ કરે છે અને ભવિષ્યમાં આ અંગે વધારે માહિતી આપી શકે છે. દુનિયામાં કોઈને કોઈ હેતુસર ઘણા પરમાણુ વિસ્ફોટ થયા છે અને ઘણા દેશ પરમાણુ શસ્ત્રના ઉપયોગની ચીમકી આપે છે ત્યારે ૧૯૮૦માં વિજ્ઞાનીઓએ પરમાણું યુદ્ધના સંભવિત પરિણામની આકારણી જાહેર કરી હતી, જો પરમાણુ યુદ્ધ થાય તો પરમાણુ શીતકાળની સંભાવનાથી બચી શકાશે કે કેમ? એક પછી એક, અનેક પરમાણુ શસ્ત્રના વિસ્ફોટને કારણે આકાશમાં ધૂળ અને કિરણોત્સર્ગી કાટમાળનાં વાદળોની રચના થશે, જે ચોતરફ પૃથ્વીના વાતાવરણમાં ભળી જશે. આ વાદળો સૂર્યપ્રકાશને અવરોધશે. સૂર્યપ્રકાશના અભાવમાં ધરતીનું તાપમાન ઘટશે અને વનસ્પતિ તથા જીવજંતુઓની પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયામાં પણ ઘટાડો થશે. પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયામાં નોંધાયેલો ઘટાડો સજીવની ખોરાકની સાંકળમાં અવરોધ ઉભો કરશે, જે તબક્કાવાર માનવજાત સહિત મોટાભાગના સજીવના સામૂહિક મૃત્યુનો ઘંટ વગાડશે. ધરતી પરથી વિશાળકાય ડાઈનોસારના સર્વનાશ માટે કરવામાં આવેલ સૂક્ષ્મ અનુમાન પ્રમાણે જ વિજ્ઞાની તબીબોએ પરમાણું શીતકાળની આફતને લીધે સજીવ સૃષ્ટિના ક્રમાનુસાર સર્વનાશની સંભાવનાની કલ્પના કરી છે. વિસ્ફોટથી દૂર સુદૂર દિશામાં, દીર્ઘકાળ સુધી ફેલાતા અને ભરડામાં લેતા, પરમાણુ શસ્ત્રથી થતું નુકસાન નજરે માની ન શકાય તેવું શરીરનાં ભવાં ચઢાવી દે તેવું છે! એટલા માટે જ વિશ્વની સરકારો ઠંડુ મૃત્સદ્દીગીરી પર આધારિત યુદ્ધના આ કાળમાં, પરમાણુશસ્ત્ર બનાવટની તકનીકી અને પરમાણુ શસ્ત્રની બનાવટમાં ઉપયોગ લેવાની સામગ્રીના પ્રસાર પર નિયંત્રણ લાદવા તેમજ પરમાણુ શસ્ત્રાગારમાંથી પરમાણુ શસ્ત્ર ઘટાડવાની કોશિશ કરી રહી છે. કેટલાક દેશ દ્વારા કરવામાં આવતા અણુ અખતરા સામે આંતરરાષ્ટ્રીય સમુદાય એટલા માટે જ સખ્તાઈ આચરે છે. હિરોશિમા અને નાગાસાકિ પર બોમ્બવર્ષાના સાત દાયકા પુરા થયા તેમ છતાંયે, ઓગસ્ટની એ બળતરા કરનારી અને ચોંકાવનારી સવાર હજુએ ભયભીત કરે છે! વર્તમાન વિશ્વ પરમાણુ શસ્ત્રના શિખર પર બેઠું છે, ક્યારે, કોણ અળવીતરું કરે અને સમગ્ર પૃથ્વી નેસ્તનાબૂદ થઈ જશે... આ ભયંકર પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે શાંતિ ચળવળ જ ના યુદ્ધ સંધિ જ માનવજાતને બચાવી શકશે, અન્યથા નહીં.●

*Source: Internet*

# મેરા ભારત મહાન



✍ પ્રા. ડૉ. રોમાન ભાટિયા

*વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરતમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તથા*
*પ્રાદેશિક કેન્દ્ર ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના કાર્યકારી પ્રાદેશિક નિયામક*

ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ ૨૦૧૦માં ગરીબીને માપવાનો નવો માપદંડ બનાવ્યો છે. નવા વૈશ્વિક બહુ આયામી ગરીબી સુચકાંક (ગ્લોબલ મલ્ટી ડાયમેન્સનલ પોવર્ટી ઈન્ડેક્ષ – એમ.પી.આઈ)ને ગરીબીની સમસ્યાના વ્યાપક પાસાંઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં આરોગ્ય, શિક્ષણ તથા જીવનસ્તર સાથે જોડાયેલાં દસ પાસાં પર ધ્યાન આપવામાં આવ્યું છે. વિશ્વબેંકની દૃષ્ટિએ ભારતમાં ૨૨ ટકા વસ્તી એટલે કે અંદાજે ૨૭ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે. જો કે એમ.પી.આઈ. રિપોર્ટ - ૨૦૧૫ પ્રમાણે આપણા દેશમાં ૪૪ કરોડ લોકો પૌષ્ટિકતા, શિક્ષણ, વીજળી, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, મકાન, ઈંધણ અને સંપત્તિની દૃષ્ટિએ ગરીબીની વ્યાખ્યા હેઠળ આવ્યા છે. ભારતનાં આઠ રાજ્યો- બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, ઓરિસ્સા, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળામાં ગરીબોની પ્રવર્તમાન સંખ્યા આફ્રિકાના સૌથી ગરીબ ૨૫ દેશોના ગરીબોથી વધુ છે. આમ આજે એમ.પી.આઈના રીપોર્ટ મુજબ ભારતની ૨૮.૫ ટકા વસ્તી એટલે કે ૩૪ કરોડની વધુ લોકો ગરીબ છે.

આમ છતાં છેલ્લા પચ્ચીસ વરસમાં આપણા દેશે જે પ્રગતિ કરી છે, તે પ્રોત્સાહિત કરનારી છે. છેલ્લા દાયકાના શરૂઆતના વરસોથી ભારતનો આર્થિક વૃદ્ધિનો દર ૬ ટકા કરતાં વધારે રહ્યો છે, જેને ઐતિહાસિક ગણાવી શકાય. અન્ય ક્ષેત્રોમાં પણ આપણા દેશે હરણફાળ ભરી છે, જેમકે આપણું ઘરેલું બજાર વિકસ્યું છે. આપણી સરેરાશ આવક વધી છે અને આપણો મધ્યમવર્ગ ખમતીધર બન્યો છે. વિશ્વના અર્થશાસ્ત્રો માટે ભારત એક ઝડપથી વિકસતા ઉપભોક્તા બજાર તરીકે ઉભરી રહ્યું છે. તે એક એવો મધ્યમવર્ગ ધરાવે છે. જે અમેરિકાની વસ્તી તથા યુરોપિયન સંઘ કરતો મોટો છે. જે અનેક મલ્ટીનેશનલ કંપનીના પ્રોડક્ટ વેચાણ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ભારત આજે બીજા ક્રમનો સૌથી મોટો કારીગરોનો ભંડાર ભરાવે છે. તે ૨૦ લાખ અંગ્રેજી બોલતા સ્નાતકો, ૧૫૦૦૦ કાયદાના સ્નાતકો, ૯૦૦૦ પી.એચ.ડી. દર વર્ષે પેદા કરે છે. દેશમાં આજે ૨૧,૦૦,૦૦૦ ઈજનેરી સ્નાતકોના ભંડારમાં દર વર્ષે ૩,૦૦,૦૦૦ સ્નાતકો ઉમેરાતા જાય છે.

વી.એસ.નાઈપાલે એક વખત ભારતીઓને એક અસંસ્કૃત બેપરવા અને આત્મઘાતી થઈ ગયેલ પ્રજા તરીકે વર્ણવી હતી, પરંતુ આજે આપણા દેશના વિકાસને જોતાં તેમણે પણ તેમનો અભિપ્રાય બદલ્યો છે. આજે કેવળ આર્થિક ક્ષેત્રે જ નહીં પરંતુ શહેરોના આંતર માળખા, પર્યાવરણ, કેળવણી, અંગ્રેજી ભાષાની ભૂમિકા-સંદર્ભમાં આપણા દેશના લોકોનાં વલણો બદલાયાં છે અને વધારે પ્રભાવશાળી બન્યા છે. હાલમાં આપણે ૨૦૦ કરતાં વધુ ટેલીવિઝન ચેનલો ધરાવીએ છીએ જેમાં ૪૦ કરતાં વધુ ચેનલો તો કેવળ સમાચાર માટે છે. આજના ભારતની સૌથી પ્રોત્સાહક હકીકત એ છે કે પરિવર્તન આખા દેશમાં વિસ્તરી રહ્યું છે અને ગામડાંઓ તથા નાનાં નગરોમાં પહોંચી રહ્યું છે. આજે ગામડાંઓમાં માબાપ પોતાની દીકરીઓને અંગ્રેજી શીખવા માટે પ્રોત્સાહન આપી રહ્યાં છે અને ગામડાંના ખેડૂતો ઈન્ટરનેટના માધ્યમથી પોતાની ખેતપેદાશોના મહત્તમ ભાવ મળે તે માટે પ્રયત્નશીલ છે.

આજે સૌથી પ્રતિભાવાન યુવાનો ગામડાં તથા નાનાં શહેરોમાંથી આવતા જોવા મળે છે. જેમકે, મહેન્દ્રસિંહ ધોની ઝારખંડનાં રાંચીમાંથી આવે છે. ફિલ્મ તારિકા કંગના રણૌત પણ નાનાં શહેરમાંથી આવે છે. તાજેતરમાં બાસ્કેટબોલની રમતમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એન.બી.એ.માં પસંદગી પામનાર ખેલાડી સતનામસિંઘ પંજાબના ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે. આપણા દેશના ગ્રામ્ય વિસ્તાર તથા નાના શહેરોમાંથી આવનાર યુવાન લોકોની ખાસિયત એ છે કે તેઓ ખૂબ મહત્વાકાંક્ષી હોય છે અને તેઓ જ્યાં પહોંચવા માગે છે ત્યાં પહોંચવા માટે સખત મહેનત કરવા રાજી છે. તેઓ વધારે આક્રમક તથા સ્પર્ધાત્મક છે.

ભારતમાં સરકારી ક્ષેત્રોની સાથે એન.જી.ઓ. (બિન સરકારી સંસ્થા)નું ક્ષેત્ર પણ ખૂબ વિકાસ પામી રહ્યું છે. જે શિક્ષણ, આરોગ્યની સાથે માનવ અધિકારો તથા ગ્રામ્ય રોજગારી જેવા પ્રશ્નો બાબતે ચિંતા સેવે છે અને સક્રિય પ્રયાસ કરે છે. જેમકે પ્રથમ સંસ્થાએ તેમની ગરીબો માટેની શાળાઓમાંથી શિક્ષણની સમસ્યાઓ પર સૌનું ધ્યાન ખેંચ્યું છે. વિજય મહાજન તથા એલ. ફર્નાન્ડીઝ માઈક્રો ફાઈનાન્સને સરકાર અને મોટી બેંકોના ધ્યાન પર લાવવા તથા તેમને સક્રિય બનાવવામાં ભૂમિકા ભજવે છે. જનગ્રાહ સંસ્થાના રમેશ રામનાથને શહેરી આયોજન અને નીતિમાં રહેલી ઉણપો પ્રત્યે ધ્યાન દોર્યું છે.

વ્યક્તિગત પ્રયાસોમાં મેઘા પાટકરે મોટા બંધથી ઉભી થતી વિસ્થાપન તથા પર્યાવરણની સમસ્યા પર જનમત જાગૃત કરવામાં સક્રિય કામગીરી કરી છે. ક્રાંતિકારી માહિતી કાનૂનને પસાર કરવાની પ્રક્રિયામાં અરુણા રોયે ચાવીરૂપ પ્રયાસો કર્યા હતા. જીન ડ્રે ઝે રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગારી ખાતરીનો કાયદો નરેગા (નેશનલ રૂરલ એમ્પોલયમેન્ટ ગેરંટી એક્ટ) વડે આપણા ગામડાંઓને સશક્ત બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે.

આજે ભારતનું રાજકારણ પણ 'વિકાસ'ના મુદ્દા ઉપર જ ખેલાઈ રહ્યું છે. હા - એમાં 'સૌનો સાથ-સૌનો વિકાસ' સૂત્રથી વિકાસના ભ્રામક પ્રચારથી સત્તા મેળવનાર પક્ષથી આમજનતાને છેતરાયાનો અહેસાસ થાય છે. પરંતુ આજના રાજકારણમાં જ્ઞાતિ અને ધર્મનો પ્રભાવ ધીમેધીમે ઓછો થઈ રહ્યો છે. તે સ્પષ્ટપણે જોઈ શકાય છે. લોકો બહેતર જીવનની તરફેણમાં મતદાન કરી રહ્યા છે.

આ બધી ઉપલબ્ધીઓ હોવા છતાં આપણા દેશે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. આપણા કેળવણીતંત્ર, શ્રમતંત્ર, વહિવટીતંત્રની સાથે કલ્યાણતંત્રમાં હજુ વધુ સક્રિયતા જરૂરી છે. આપણા મોટા ઉદ્યોગગૃહોએ કેવળ પૈસા કમાવવા અને પૈસા બનાવવામાંથી ઉપર ઉઠીને માઈક્રોસોફ્ટના બીલ ગેટસ તથા મિલીન્ડા ગેટસની જેમ દુનિયાભરમાં ગરીબ લોકો માટે આરોગ્ય અને કેળવણીની દિશામાં કામ કર્યું છે. તેમ કરવું જરૂરી છે. આપણો દેશ આજે ગરીબી તથા કંગાલિયતની સાથે સાથે ભ્રષ્ટાચાર, જ્ઞાતિવાદ, કોમવાદ અને સરકારી તંત્રની ઉદાસીનતા તથા આળસ જેવા પ્રશ્નોથી અસહ્ય પીડાઈ રહ્યો છે.

આર્થિક વિકાસની સાથે સાથે ભારતમાં ઉભરી રહેતી અસમાનતાઓ સ્વયં સ્પષ્ટ છે. મોટાભાગના રાજ્યો વિકાસ સાથે હરણફાળ ભરી રહ્યા છે ત્યારે ભારતના "બીમાર" ગણાતા રાજ્યો બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા અને ઉત્તર પ્રદેશ જ્યાં હતા ત્યાં જ છે. ભારતમાં સર્જાયેલી ત્રણ મહત્ત્વની ક્રાંતિ હરીયાળી ક્રાંતિ, શ્વેતક્રાંતિ તથા આઈ.ટી. ક્રાંતિથી તેમને ઝાઝો ફાયદો થયેલો જણાતો નથી.

સ્વતંત્રતાની પૂર્વ સંધ્યાએ પ્રથમવાર ત્રિરંગો ઝંડો લહેરાવતાં આપણા પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરુ "નિયતી સાથે મિલન" વિશે બહુ ભાવપૂર્વક બોલ્યા હતા. આઝાદીના આ બધાં વર્ષો દરમ્યાન આપણો દેશ, અનેક અગ્નિપરીક્ષામાંથી પસાર થયો છે અને થઈ રહ્યો છે આમ છતાં આજની ઘડીએ આપણા દેશમાં સૌથી પ્રોત્સાહક બાબત એ બની રહી છે કે ગામડાં અને શહેરોમાં આશા અને ઉત્સાહની ભાવના પ્રબળ બની રહી છે.

સ્વતંત્રતાના દિવસે નાનાં ભુલકાંઓના

"હમ હોંગે કામિયાબ, એક દિન, મનમેં હૈં વિશ્વાસ,
પૂરા હૈ વિશ્વાસ, હમ હોંગે કામિયાબ એક દિન"

જેવા રાષ્ટ્રભક્તિના ગીતમાં જાણે આખો દેશ સૂર પૂરાવતો હોય તે સાંભળી આજના આપણા 'મોડર્ન ઈન્ડિયા'માં સૌનું મન પુલકિત થઈ ઉઠે છે! ●


## લગ્ન વિષયક

ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર ૨૭, ઊંચાઈ ૫'૪'', હાલ સરકારી નોકરી કરતી, રંગ ગોરો, અભ્યાસ એમ ફાર્મ માટે સરકારી નોકરી કરતા ડૉક્ટર, એન્જિનીયર, ડેન્ટીસ્ટ કે ઉચ્ચ અભ્યાસ ધરાવતા યુવકના વાલીઓએ બાયોડેટા તથા ફોટોગ્રાફ નીચેના એડ્રેસ પર ઈ-મેલ કરવો. જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગીનો છે.

**E-mail: sunny11desai@ymail.com**



## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર વર્ષ ૨૮, ઊંચાઈ ૪'૮'', અભ્યાસ M.A. B.Ed. (Eng.) teacher. ઉંમર વર્ષ ૩૨, ઊંચાઈ ૪'૬'', અભ્યાસ M.A. B.Ed. (Hindi) teacher.
હાલમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષિકાઓ તરીકે નોકરી કરતી યુવતીઓ માટે ધાર્મિક, સંસ્કારી, નિર્વ્યસની અને યોગ્ય લાયકાત ધરાવતા યુવકના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૮૭૯૩ ૮૧૪૭૧ / ૯૬૬૨૮ ૬૦૨૫૧**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૨૮, ઊંચાઈ ૫'૬'', અભ્યાસ બી. ફામ, ચાંગા અને એમ. ફામ યુનિવર્સિટી ઓફ લંડન, યુ.કે. હાલમાં રાષ્ટ્રીયકૃત બેંકમાં નોકરી કરતા યુવક માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી સુંદર સુશીલ તથા સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો. જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગીનો છે.

**મો. ૯૪૨૯૯ ૮૫૬૮૬**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૩૭, ઊંચાઈ ૫'૬'', રંગ ગોરો, અભ્યાસ ૧૨ સાયન્સ પછીથી USAમાં B.Sc., A/Cs, Master A/Cs, CFA. હાલ USAમાં $H_1B$ સારી કંપનીમાં મેનેજર. યોગ્ય લાયકાત CA, CFA, DR USAમાં set થયેલી સુંદર, સુશીલ, દેખાવડી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૦૪૪ ૧૮૫૫૭**

* * *

*Matrimonial alliance is invited for 28 years old, 55 kgs, 4'11" height, management post graduate girl working in Ahmedabad. Interested parents of qualified boy may please contact.

**Mob. 99988 18237**

* * *

*We are looking for a good & suitable match from Gujarati catholic family for our B.D.S. qualified working daughter age 27 years, height 5'3", fair skin. Invites proposal from well educated smart Doctor, Engineer, Lecturer, God servant.

**Mob. 96011 51572**
**Email ID: royal.parmar@yahoo.in**

* * *

*Gujarati RC parents invite marriage proposals for their daughter. Birth date January 1988, height 5'1", Software Eng. (B.E.) IT well working in IT company Mumbai. First preference for residing in Bombay or abroad. Interested parents of qualified boy may please contact. **Mob. 97570 19546**



# ગુજરાત સલેશિયન પરિવાર

✍ ફાધર મયંક પરમાર એસ.ડી.બી.

*યુથ કો-ઓર્ડિનેટર ઉમરેઠ ડિનરી, 'દૃષ્ટિ' નિયામક, કપડવંજ.*

દોન બોસ્કોને, વડાધર્મગુરુ પિયુષ નવમાએ, ૧૮૭૬માં ભારતમાં પ્રેષિતિક કાર્ય માટે આમંત્રણ પાઠવ્યું. તે વખતે સમગ્ર ભારતમાં બારેક જગ્યાએ મિશનરીઓની તાતી જરૂરિયાત હતી. દોન બોસ્કોએ કેવળ એકજ જગ્યાએ મિશનરી પુરોહિત મોકલવાની વાત સ્વીકારી અને તે સાથે ૨૦ મહિનાની તૈયારીનો સમય પણ માંગ્યો. જોકે દોન બોસ્કોની હયાતીમાં એકપણ સલેશિયને ભારતભૂમિમાં પદાર્પણ કર્યું નહીં, કદાચ સમય આવ્યો ન હોય, વડાધર્મગુરુના આમંત્રણના ત્રીસ વર્ષ પછી એટલે કે ૧૯૦૬માં પ્રથમ સલેશિયન ટુકડીએ તાંજોર (તમિલનાડુ)માં પ્રથમ પગ મૂક્યો, તે વખતે ભારત સલેશિયન પરિવાર, સલેશિયન પોર્ટુગલ પ્રાંતનો એક ભાગ હતો. ૧૯૨૬માં ભારતને એક અલગ સલેશિયન પ્રાંતનો દરજ્જો મળ્યો અને હાલમાં સમગ્ર ભારતમાં ૧૩ સલેશિયન પ્રાંત અસ્તિત્વમાં છે, અને ૩૦૦થી વધારે સંસ્થાઓમાં ૨૬૪૬ સલેશિયન કાર્યરત છે.

હાલમાં ગુજરાત સલેશિયન પરિવાર, મુંબઈ પ્રાંત (મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન રાજ્ય) સાથે સંકળાયેલ છે, જેમાં ૪૦ સંસ્થાઓમાં ૨૨૮ સલેશિયન સેવારત છે. ગુજરાતની ૭ સંસ્થાઓમાં ૩૧ સલેશિયન (પુરોહિતગણ તથા ધર્મબંધુઓ) મિશનરી પ્રવૃત્તિમાં જોતરાયેલા છે.

દોન બોસ્કો (અંગ્રેજી માધ્યમ) હાઈસ્કૂલ, મકરપુરા-વડોદરા દ્વારા ૧૯૭૪માં ગુજરાતમાં સેવાયજ્ઞનો સલેશિયન સંઘે આરંભ કર્યો. હાલમાં અહીં બાલમંદિરથી બારમા ધોરણ સુધી બે હજારથી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યાં છે. અભ્યાસ કે રોજગારી અર્થે વડોદરામાં વસવાટ માટે નિઝામપુરામાં છાત્રાલયની સુવિધા ઉપલબ્ધ કરી છે. વિશેષમાં વડોદરામાં 'સ્નેહાલયા' સલેશિયન સંઘની વિશેષ સેવા પ્રવૃતિના ગૌરવ સમાન છે. ૨૦૦૧થી શરૂ થયેલ આ સંસ્થા નગરમાં રઝળપાટ કરતાં બાળકો-યુવાનો માટેનું આશ્રયસ્થાન છે. 'આઉટ રિચ', 'ડ્રોપ ઈન રીહેબિલિટેશન', 'ચિલ્ડ્રન શેલ્ટર', 'આફ્ટર કેર', 'ચાઈલ્ડ સર્ચ' વેબસાઈટના માધ્યમથી અત્યાર સુધીમાં ૨૦૩૮ બાળકોની નોંધણી થઈ છે, જેમાંથી ૩૦૫ બાળકોને નિજ પરિવારમાં પુનઃમેળાપ કરાવવામાં આવ્યો છે, ૧૪૯ યુવાનોને પગભર કરી, સ્થિર કર્યા છે. ૨૦૧૪માં 'સ્નેહાલયા'ના સ્કાઉટગ્રૂપને બેસ્ટ સ્કાઉટ ગ્રૂપનો રાજ્યપુરસ્કાર મળ્યો છે. વળી સંસ્થાને દોન બોસ્કો ચાર ફોરમ - દિલ્હી દ્વારા ચાઈલ્ડ મિસિંગ એપ્રિશિયેશનનો એવોર્ડ પણ એનાયત કર્યા છે.

છોટાઉદેપુરના રાઠ આદિવાસી વિસ્તારમાં ૧૯૭૫માં અને તેના પગલે ૧૯૮૬માં કવાંટ અને બીજા જ વર્ષે ૧૯૮૭માં નારુકોટમાં સલેશિયન સંઘે સેવાનો આરંભ કર્યા. સંસદસભ્ય પીલુ મોદીનાં ધર્મપત્ની વાયના મોદીએ ૪૦ એકર પોતાની માલિકીની જમીન, નારુકોટમાં સંસ્થાને દાન આપી. ઉપરોક્ત ત્રણેય કેન્દ્રમાં શરૂઆતમાં છાત્રાલય અને ત્યારબાદ શાળાની શરૂઆત કરવામાં આવી. શિક્ષણ સામે ઉંચા જીવનમૂલ્યોનાં સંક્રમણથી આદિવાસી વિદ્યાર્થીઓ વિવિધ રમતગમતમાં રાજ્યકક્ષાએ ઝળકી ઉઠ્યા. નારુકોટની ટેકનિકલ શાળા યુવાનોને રોજગારી અપાવવામાં અગ્રેસર રહી છે.

ગરીબીમાં સબડતી આદિવાસી પ્રજામાંથી અંધશ્રદ્ધા અને કુરીવાજોની નાબૂદી માટે સલેશિયન સંસ્થાએ બીડુ ઝડપ્યું. સતત મુલાકાત, શેરી નાટકો, સામાજિક સુધારણા શિબિરો વગેરે પરિવર્તનનાં માધ્યમ બન્યાં. વરસાદ વિનાના દિવસમાં ખેતી માટે 'વૉટર શેડ', બોરવેલની યોજના આદિવાસી પ્રજાને માટે આશીર્વાદરૂપ બની. છેલ્લા દાયકામાં 'અધિકાર પ્રાપ્તિ ચળવળ'ના જોરે આ વિસ્તારના રાઠવા, નાયકા, બારૈયા લોકોમાં હવે નવું જોમ જોવા મળે છે. આ વિસ્તારના કેટલાંક આદિવાસીઓએ કેથોલિક ધર્મસભામાં પ્રવેશ કર્યો છે. રાઠવી બોલીમાં પ્રગટ થયેલો નવો કરાર અને 'દેવનું ગાયન' ભજનસંગ્રહ તેમની આસ્થાના સીમાસ્તંભ છે, એટલું જ નહીં ફાધર દરેશ રાઠવા - પ્રથમ આદિવાસી પુરોહિત ધર્મસભાને પ્રાપ્ત થયા છે, જે ઊંડી શ્રદ્ધાની પ્રતિતી કરાવી જાય છે.

સ્વ. ધર્માધ્યક્ષ ચાર્લ્સ ગોમ્સના આમંત્રણને પ્રતાપે સલેશિયન સંઘે હવે મધ્ય ગુજરાત તરફ પ્રયાણ કર્યું. ૧૯૮૮માં ડાકોર અને ૧૯૯૪માં કપડવંજ ખાતે સંસ્થાએ પાયો નાખ્યો. મૂળ ઉમરેઠ ધર્મવિભાગમાંથી નવરચિત ડાકોર ધર્મવિભાગના ધર્મજનોની પાળકીય સંભાળ હવે સલેશિયન સંઘે સ્વીકારી. હાલમાં દોન બોસ્કો હાઈસ્કૂલ અને છાત્રાલય શિક્ષણ દ્વારા અનેકનાં જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવી રહ્યાં છે. ધર્મપ્રાંતે ૨૦૧૨માં શરૂ કરેલ પી.ટી.સી. કોલેજનું બાળમરણ થયું! આજ મકાનમાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવામાં આવી છે. દોન બોસ્કો ટેક ઈન્ડિયાના સહયોગથી યુવાનો માટે છ મહિનાના ટેકનિકલ કોર્સ યુવાનોને રોજગારીમાં મદદરૂપ બને છે.

'દીપ' અને 'દૃષ્ટિ' સ્વૈચ્છિક સંસ્થાઓએ જબરજસ્ત સામાજિક પરિવર્તનનું કામ શરૂ કર્યું છે. સ્વસહાય જૂથના માધ્યમથી બાળકોના શિક્ષણ, પંચાયતી રાજમાં ભાગીદારી તથા મહિલા કાર્યક્રમને અનોખો વેગ મળ્યો છે. મહિલાઓએ ઘરનો ઉંબરો ઓળંગ્યો છે. હવે અધિકાર પ્રાપ્તિ માટે ધરણાં પર બેસવા જેટલી સક્ષમ બની છે. 'અમૃત ધારા જીવન પ્રેરણા કેન્દ્ર' - કપડવંજ શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન, સફળ નેતૃત્વ, સ્વઘ્યાલ જેવા કાર્યક્રમ દ્વારા યુવા ઘડતરનું ભગીરથ કામ કરે છે.

સલેશિયન ધર્માધ્યક્ષ લુઈસ મોરોએ ક્રિસનગર ધર્મપ્રાંત (બંગાળ)માં ૧૯૩૪માં સિસ્ટર્સ ઓફ મેરી ઈમ્માક્યુલેટ (એસ.એમ.

આઈ.) સાધ્વી સંઘની સ્થાપના કરી હતી, જેનાં સાધ્વી બહેનોએ ઓગસ્ટ ૧૯૮૪માં નડિયાદ અને ૧૯૮૫માં કઠલાલમાં સેવા કેન્દ્ર આરંભ કર્યો. પ્રભુવાણીથી પોષણ પામી, ખ્રિસ્તયજ્ઞની ઉજવણીમાં ભાગીદાર સબળ બની આ સાધ્વીબેનો ઘેરઘેર કૌટુંબિક મુલાકાત, શિક્ષણ-ધર્મશિક્ષણ દ્વારા બાળકો અને મહિલાઓના ઉત્કર્ષનું ભગીરથ કામ કરી રહ્યાં છે.

'એસ.એમ.આઈ એસોસિયેટ' તથા 'કો-વર્કર્સ'ના માધ્યમથી તેઓ શ્રદ્ધાળુઓને ધર્મપરાયણ જીવન માટે માર્ગદર્શન-પ્રેરણા તેઓ આપે છે. દેશ પરદેશમાં પાંચ પ્રાંતમાં, ૮૫ કેન્દ્રમાં, ૬૩૮ બહેનો સેવારત છે. જેમાં ગુજરાતનાં બે કેન્દ્ર, દિલ્હી પ્રાંત સંલગ્ન છે. સંસ્કારપ્રદાન તથા શ્રદ્ધા ઘડતર માટે ઉજ્જવળ ઓળખ ઉભી કરનાર સાધ્વીબેનો છાત્રાલય દ્વારા કન્યાશિક્ષણને વેગ આપે છે. જૂન-૨૦૧૫થી નિર્મલનગર - નડિયાદ ખાતે સાધ્વીબેનોએ વંચિત બાળકો માટે અંગ્રેજી માધ્યમના બાળમંદિરથી શિક્ષણસેવાનો શુભારંભ કર્યા છે.

દોન બોસ્કો સાથે યુવતીઓના ઉત્થાન માટે સેવાકાર્યમાં જોતરાવાનું બહુમાન તેમનાં સમકાલીન સંત સાધ્વીબહેન મેરી દોમિનિકા મઝરેલોને મળ્યું, જેમને દુનિયા આજે સલેશિયન સિસ્ટર્સ ઓફ દોન બોસ્કો અથવા ડોટર્સ ઓફ મેરી હેલ્પ ઓફ ક્રિશ્ચિયન સાધ્વીસંઘ તરીકે ઓળખે છે, જેની શરૂઆત ૧૮૭૨માં થઈ હતી અને હાલમાં ૧૫૦૦૦ સાધ્વીબેહનો, ૮૯ દેશમાં, પાંચ ખંડમાં કાર્યરત છે. ગુજરાતમાં વડોદરા (૧૯૭૭), પુષ્પાજંલિ-ડાકોર (૧૮૮૯) અને જગપ્રકાશ-પણસોરા (૧૯૯૨)માં અનેકવિધ સેવા માટે તેઓ જાણીતાં બન્યાં છે.

ડાકોર અને પણસોરામાં છાત્રાલય દ્વારા કન્યા શિક્ષણને તેઓ પ્રોત્સાહન આપે છે. છાત્રાલય તેમનું બીજું ઘર બને તેવા તેમના પ્રસંશનીય પ્રયાસ સફળ રહ્યા છે. રાષ્ટ્રીય અને રાજ્યસ્તરની સંસ્થાઓના સહયોગથી ડાકોરમાં લાંબા અને ટૂંકાગાળાના વિવિધ અભ્યાસક્રમ દ્વારા યુવાન-યુવતીઓને આત્મનિર્ભર બનવામાં તેમનો ફાળો નોંધપાત્ર છે. વડોદરા અને અને પણસોરામાં અનૌપચારિક શિક્ષણ દ્વારા સિવણ-ભરતગૂંથણ, મીણબત્તી, ફિનાઈલ, સાવરણી વગેરે બનાવવાના ગૃહઉદ્યોગનું પ્રશિક્ષણ આપે છે.

સંત દોન બોસ્કોની શિક્ષણ પ્રણાલીને અનુસરીને વડોદરામાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની શાળામાં ૪૦૦૦થી બાળકોને તેઓ શિક્ષણ સંસ્કાર આપે છે, તો પણસોરામાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરી છે.

ઠાસરા સહકારી મંડળી, સાધ્વીબેનના સ્વસહાય જૂથ દ્વારા મહિલા સશક્તિકરણનો જ્વલંત પુરાવો છે. ૧૨ જેટલી બાળ પંચાયતોની રચના દ્વારા દેશના ઉત્તમ નાગરિકોના ઘડતરમાં પ્રાણ પૂરે છે. શૈક્ષણિક, સામાજિક પ્રવૃત્તિઓમાં સર્વોપરિ તેમની ધાર્મિક સેવા છે, જે તે ધર્મવિભાગના ધર્મજનોમાં-બાળકોમાં ધર્મશિક્ષણ દ્વારા વિશેષ ઝોક રાખે છે. જેવી દેશને ઉત્તમ નાગરિક મળે, ધર્મસભાનું સર્વોત્તમ ધર્મજનો મળે, મુલાકાત, પ્રાર્થના, ખ્રિસ્તયજ્ઞની ઉજવણી વગેરે થકી શ્રદ્ધા ઘડતરને પ્રતિ પોષણ આપે છે.

આમ આદિવાસી વિસ્તારથી શરૂ કરી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં શિક્ષણના પ્રચાર-પ્રસાર દ્વારા, પ્રજાના સર્વાંગી વિકાસ - આર્થિક, સામાજિક, ધાર્મિકમાં ગુજરાત સલેશિયન પરિવાર હવે તરુણ મટી યુવાવસ્થા તરફ ગતિ કરી રહ્યો છે, પરિવારની પ્રગતિ પ્રજાની ઉધ્વેગતિનું નિમિત્ત બને એજ અપેક્ષા. ●


"અન્યાયથી મળેલી ઘણી આવક કરતાં નીતિથી મળેલી થોડી આવક સારી છે." (નીતિવચનો ૧૬:૮)

**ક્રાઈસ્ટ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**

"તકો આપો અને તફાવત જુઓ"

**WE BELIEVE IN GIVING THE BEST**

**-: પધારો મ્હારે દેશ :-**

રાજસ્થાનના રજવાડી કિલ્લાઓનું એકાંત અને તેનું સૌદર્ય દિલને ઠંડક આપતું જેસલમેરનું રણ અને ત્યાંની લોકશૈલી માણવાની ઉત્તમ તક.. ગાંધી જયંતિ દિન નિમિત્તે રાજસ્થાનના પ્રવાસનું આયોજન કરેલ છે.

**-: જોધપુર-જેસલમેર બસ પ્રવાસ :-**

**તારીખ : ૧-૧૦-૨૦૧૫ થી ૫-૧૦-૨૦૧૫ સુધી (દિવસ ૪)**

**આખી ટિકીટ : રૂા. ૪૫૦૦/- અડધી ટિકીટ : રૂા. ૪૦૦૦/-**

બસ ઉપડવાનું સ્થળ : રાત્રે ૮-૩૦ કલાકે - સિંઘવાઈનગર, સી.ટી.એમ. અમદાવાદ.

ખાસ નોંધ : (૧) ફેમિલી દીઠ પર્સનલ રૂમ આપવામાં આવશે. (૨) એક રાત્રી ટેન્ટમાં રોકાણ જેમાં સામેલ છે, વેલકમ ડ્રીંગ્સ, ફોક ડાન્સ, કપલ ડાન્સ, મ્યુઝીકલ પ્રોગ્રામ, કેમ્પફાયર, કેમલ રાઈડ (૩) ગાઈડની સુવિધા આપવામાં આવશે. (૪) સવારે ચા-નાસ્તો, બપોરનું જમવાનું તથા સાંજનું જમવાનું આપવામાં આવશે.

-: આયોજક :-

**રાકેશ : ૯૬૬૨૦ ૩૬૪૭૭ સંજીવ : ૭૫૬૭૮ ૭૮૪૯૯**

**જીમ્મી : ૯૯૯૮૪ ૫૪૩૨૪ જેક્સન : ૯૯૨૫૨ ૨૧૬૬૩**

આપના શુભ તેમજ લગ્ન પ્રસંગે વેજ તથા નોનવેજની ઉત્તમ રસોઈ માટે...

**ક્રાઈસ્ટ કેટરર્સ એન્ડ ડેકોરેટર્સ**

**ચાલો ઇઝરાયેલ AMD JRS EL AL એરલાઈન્સ**

"નોટ ફોર પ્રોફિટ" ધોરણે, ૮રા / ૯દિ, અમદાવાદ - ઈઝરાયેલ - અમદાવાદ Air Pilgrimage ઓક્ટો / નવેમ્બર, ૨૦૧૫ થી ફેબ્રુઆરી, ૨૦૧૬ માટે બુકીંગ ચાલુ છે. ૭ પૂર્ણ દિવસો પવિત્રભૂમિમાં ૮૦ થી વધુ જોવાલાયક સ્થાન. ઓલ ઈન્કલુઝીવ પ્રાઈઝ. ગો ઈઝરાયેલ - સિંગલ, યુથ, ફેમીલી, મિત્રો NRI ગ્રુપમાં અમારી સલાહથી.

**જેશુરુન ક્રિશ્ચિયન : મો. ૯૭૧૪૧ ૩૬૭૬૨, ફોનઃ ૦૭૯-૨૨૭૨ ૧૬૬૬**

("ગો ઈઝરાયેલ" સર્ટીફાઈડ બાય ઇઝરાયેલ મિનીસ્ટ્રી ઓફ ટુરીઝમ)



**Maxi Maker**

બ્રાઈડલ મેક્ષી રૂા.૩,૫૦૦ (૧૨ વસ્તુ ફ્રી)

ચણીયાચોળી રૂા. ૩,૦૦૦/-, ડ્રેસ મટીરીયલ્સ રૂા. ૩૦૦/-

સાડીઓ તથા જ્વેલરી રૂા. ૨૦૦/-થી શરૂ.

વિડીયોગ્રાફી-ફોટોગ્રાફી, ડી.જે., લગ્ન જેવા શુભ પ્રસંગે તમારી મોટાભાગની ખરીદી એક જ જગ્યાએથી કરો.

**સુનિલ એસ. મેકવાન (ચેનલવાળા)**

નિર્મલનગર, ગામડી, આણંદ (મો. ૯૯૨૫૮ ૩૭૯૩૭)



# પંદર ઓગષ્ટ

✍ અલ્પેશ પરમાર

*રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગુજરાત*

સ્વતંત્રતા, દે વરદાન એટલું : ન હીનસંકલ્પ હજો કદી મન
હૈયું કદીયે ન હજો હતાશ; ને ઉર્ધ્વજવાબે અમ સર્વ કર્મ
રહો સદા પ્રજવલી, ના અધોમુખ;...

આપણો ભારતદેશ આઝાદ થયો ત્યારે તે સમયગાળામાં રચાયેલ 'દે વરદાન એટલું' કાવ્યમાં કવિ ઉમાશંકર જોશીએ સ્વાતંત્ર્યદિને સ્વતંત્રતાને દેવી કલ્પીને ભારતવર્ષ માટે વરદાનની યાચના કરી છે. કર્તવ્યનિષ્ઠા, વિશુદ્ધ સ્નેહ, શાંતિ અને ઉમદા ચારિત્ર્યતેજ સાથે યૌવનનો થનગનાટ, ઉદારતા અને ત્યાગવૃત્તિ જેવા સદ્‌ગુણો અને સબળતાનું વરદાન માગ્યું છે. કવિઓ, કદી રાજસત્તાની ખુશામત કરનારા ન બને એવી અપેક્ષા પણ અહીં વ્યક્ત થઈ છે. સમગ્ર કાવ્યમાં જાણે કે રાષ્ટ્રની આચારસંહિતાનું સૂચન થયું હોય એમ લાગ્યા વિના નહીં રહે!

આજે રાષ્ટ્રીય પર્વની ઉજવણી તો થાય છે જ. દેશનેતાઓ, દેશવાસીઓ માટે પરમાત્મા પાસે વરદાન માગવાને બદલે, સ્વયમ્ જ વરદાન આપવા બેસી જાય છે. જનતા પણ રાષ્ટ્રીય પર્વની રાહ જોઈને બેસી ગઈ હોય છે ક્યારે સ્વાતંત્ર્યદિન/પ્રજાસત્તાક દિન આવે અને દેશના શાસકો વચનોની લ્હાણીનો વાણીવિલાસ કરે! વચનપાલન માટે લગભગ બેમાંથી એકને પણ ગંભીરતા હોય તેમ લાગતું નથી! પ્રેસ મીડિયા કે રાષ્ટ્રીય ન્યુઝ ચેનલવાળા નાગરિકોને વિવિધ પ્રશ્ન કરે, સારું લાગે એવા જવાબ આપે, દેશભક્તિના ગીત રજૂ થાય, ને ઉજવણી પુરી થાય. બહુ થાય તો થોડાંક પ્રદર્શન થાય પણ અંતે સૌ 'ઘીના ઠામમાં ઘી ઠરે' એમ સૌ પડઘા શાંત થાય.

આઝાદીના ૬૮ વર્ષ બાદ પણ, સ્વાતંત્ર્યસંગ્રામના ક્રાન્તિકારીઓ કે નેતાઓએ આઝાદ ભારતની જે કલ્પના કરી હતી, સ્વપ્ન જોયું હતું તે પૂર્ણ થયું હોય તેમ લાગે છે ખરું? છેવાડાના માનવીને સ્વરાજ્ય કે સુરાજ્ય આપવાની વાત તો જાણે ભૂલાઈ ગઈ છે! હા, ભારત રાષ્ટ્ર સામે અનેક સમસ્યાઓ છે એની ના નથી? બાર સાંધે ત્યાં તેર તૂટે એવી તેની વાસ્તવિકતા છે, તેમ છતાંયે બીજા રાષ્ટ્રની સરખામણીમાં ભારત પાસે શું ઓછું છે કે તેણે લમણે હાથ દેવો પડે! સમગ્ર વિશ્વમાં જોવા મળતું વૈવિધ્ય - પ્રદેશ, પર્વતમાળાઓ, મહાસાગર, સપાટ મેદાન, નદીઓ, વનરાજી, રણવિસ્તાર અને ભાતીગળ લોકસંસ્કૃતિ અનેક ધર્મ કેવળ ભારતની ધરા પર છે. જેને તે સમસ્યા ગણે છે તે માનવમૂડીમાં પણ વિશ્વમાં બીજા ક્રમે છે. તો પછી ક્યાં પરિબળ ભારતને પાછળ રાખે છે. તે સૌએ શાસક અને પ્રજાએ શોધી તેનો ઈલાજ કરવામાં જ રાષ્ટ્રહિત છે.

૦ ક્યાં મુખ્ય પરિબળ આપણા દેશ-દેશવાસીઓના જીવનને અસર કરે છે? ૦ આપણી ચોમેર શું બની રહ્યું છે? ૦ સર્વકાંઈ બની રહ્યું છે, તે વાજબી/ગેરવાજબી છે? ૦ આ પરિસ્થિતિમાં મારું કર્તવ્ય શું હોઈ શકે?

વૈશ્વિકરણનો પ્રભાવ વિશ્વના દેશની આર્થિક વ્યવસ્થાને અસર કરે છે. તેના અનેક ગણા ફાયદા સામે, વિશાળકાય નુકસાન પણ અંતર્ગત છે. આઈફોનના પ્લાસ્ટિક કવરથી માંડી હાઈસ્પીડ ટ્રેનનું 'ચાઈના બજાર' વિશ્વમાં ઉભરી રહ્યું છે.

સ્વ. કિશોરલાલ મશરૂવાલા 'સર્વધર્મ સમભાવ'ને સ્થાને કાકા કાલેલકરે 'સર્વધર્મ મમ્‌ભાવ' શબ્દસૂત્ર વહેતુ કરેલ આ દેશમાં હવે સાંપ્રદાયિક સંકુચિતતા ઠેરઠેર વિકાસને અભડાવી રહી છે. ધર્મ, ધર્મ વચ્ચે જન્મતી ધિક્કારની લાગણી ઉગતી પેઢીને કડવાશનાં પાન કરાવી રહી છે! લઘુમતીઓ અને દેવસ્થાનો પરના હુમલાઓ ભારતની ધર્મનિરપેક્ષતાને લાંછન લગાડી રહી છે!

ભારતના સામાન્ય નાગરિકનું જીવન સરકાર અને તેની નીતિઓ પર અવલંબે છે. તે આમ આદમીના ચૂલાને અને રહેણીકરણીને સ્પર્શે છે. સાંસદસભ્યના માસિક વેતનમાં ધરખમ વધારો થાય પછી ચિંતા કોની?

દેશના ૨૨૦ જિલ્લાઓમાં માઓવાદ પ્રસરી રહ્યો છે. જાણે કે ત્યાં સમાંતર સરકાર ચાલે છે! આવા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગયાં છે. બન્ને વચ્ચે રહેંસાઈ છે બાપડી પ્રજા! માળખાગત મૂળમાં ક્યાંય અન્યાય તો કારણભૂત તો નથીને?

ભારતીય સમાજ અને તેમાંય યુવાસમુદાય કેટકેટલાં વ્યસનમાં ગરકાવ થયો છે! રાતોરાત અમીર બનવાની આંધળી દોટ, સફળતા માટે 'શોર્ટકટ'ની અપેક્ષા હતાશામાં હવાતિયાં મારતા નશાકારક દ્રવ્યોનું સેવન! ક્યાં જઈને અટકશે? કોણ અટકાવશે આ બધું?

પ્રચાર-પ્રસારનાં સમૂહ માધ્યમ - ઈલેક્ટોનિક તથા પ્રિન્ટનું સ્વાતંત્ર્ય આપણી લોકશાહીનાં સંત્રી છે, તે આપણું ઉજળું પાસું છે. હજુ પણ આપણા પત્રકારો નીડર અને નિર્ભયપણે શાસક કે પ્રજાની જાહેર ઝાટકણી કરી, શાન ઠેકાણે લાવે છે તે લોકશાહી તંત્રને સમૃદ્ધ કરશે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ થતાં વરદાન, માગનાર કવિ, આઝાદી પછીનાં વર્ષોની પરિસ્થિતિ પામી જઈ નાગરિકને સીધો પ્રશ્ન કરે છે : 'તે શું કર્યું?' સ્વાતંત્ર્યપ્રાતિ પછીની સામાજિક સ્થિતિ અને સામાન્ય માનવીની મનોદશા સંદર્ભે માર્મિક વ્યંગ્ય પણ કરે છે. સત્તાનો નશો, લાંચરુશ્વત, કાળાબજાર, મોંઘવારી જેવાં દૂષણોની વૃદ્ધિ માટે અન્યને દોષિત ઠરાવવાને બદલે ખુદ પોતે જ જવાબદાર નથીને? એવો વેધક પ્રશ્ન પણ કરે છે. પ્રત્યેક ભારતીય, ભારતની જિંદગી છે' એવો અહોભાવ જાગ્રત કરી પ્રાર્થના કરે છે :

'હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બદગી'

કવિની આ પ્રાર્થના ફળે એવી પ્રત્યેક ભારતીયની શુભેચ્છા હોય જ, પરંતુ એક ખ્રિસ્તી ભારતીય નાગરિકે એ પ્રાર્થના ફળીભૂત કરવાની, મારી લાગણી અસ્થાને તો નહીં જ હોય!

સોનામાં સુગંધ ભળે તેમ આપણા દેશનો સ્વાતંત્ર્યદિન અને આપણી માતા મારિયાનું ઉદ્‌ગ્રહણ પર્વનો એક જ દિન આપણા નાગરિક ધર્મ અને ખ્રિસ્તીધર્મને સાયુજ્ય માટે આમંત્રણ પાઠવે

છે. ખ્રિસ્તી પ્રજા અનુમતીમાં હોવા છતાં રાષ્ટ્રના વિકાસમાં અગ્રેસર છે તે સૌ કોઈ આજે સ્વીકારે છે. દેશના અંતરિયાળ ગામડામાં શિક્ષણ અને આરોગ્ય સેવાનું પ્રદાન ખ્રિસ્તી સંસ્થાઓએ કર્યું છે તે અદ્વિતીય છે! સતામણીના આ કાળમાં માતા મારિયાની સહાયથી, બાહ્યબંધનો અને દૂષિત ધર્માચરણથી માનવમુક્તિ માટે કાર્યરત બનવું પ્રત્યેક સ્નાનસંસ્કાર દીક્ષાર્થીનું કર્તવ્ય છે.

માતા મારિયાના ઉદ્ગ્રહણનું પર્વ આપણા માટે મહત્ત્વનું છે, કારણ ધરતી પરનું જીવન પૂર્ણ થતાં માતાનો સ્વર્ગમાં જન્મ થયો. આ સ્વર્ગીય જન્મ, આપણી આશાની પ્રથમ સાક્ષી છે.



આજ્ઞાભંગના મૂળપાપથી મુક્ત રાખી માતા મારિયાના ખોળે ઈશ્વરપુત્રના જન્મની મુક્તિયોજના પરમેશ્વરની છે. એ જ પ્રસાદની સ્થિતિમાં મા મરિયમને મૃત્યુ પરાજિત ન કરી શકે, એટલે સદેહે સ્વર્ગારોહણ આપણી આસ્થાની પ્રતિતી છે. 'ઈશ્વરની મુક્તિ યોજનામાં મરિયમે ફાળો અનન્ય છે. એના જીવનનો એકમાત્ર મકસદ એટલે દુનિયાને ઈશ્વરપુત્રની ભેટ ધરવી. એક મકસદ સિદ્ધ કરવા મરિયમ પોતાના જીવનને ત્રણ મહત્ત્વના સૂત્ર અપનાવીને સજાવે છે. 'હું તો ઈશ્વરની દાસી છું, મારે વિશે તારી વાણી સાચી પડો'. 'પ્રભુ મહિમાના ગાને મારું અંતર છે રમમાણ', 'એ કહે એણ કરજો'. (વિગતે વાંચવા જુઓ - 'દૂત' ઓક્ટોબર ૨૦૧૨, માતા મારિયા વિદ્યા જાણકાર ધર્મગુરુ રિચર્ડ લોપિસ ઈ.સ.નો લેખ 'ઈશ્વરની અપ્રતિમ કન્યા')

રાષ્ટ્રની ઉન્નતિ અને ઈશ્વરની મુક્તિ યોજનામાં સહભાગી બનવા આપણે માતા મારિયાનાં સૂત્ર અપનાવીએ તો કેવું? ઈશ્વરદત્ત જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરતાં અન્યાય અને દૂરાચારને દેશવટો આપવા કટિબધ્ધ બનીએ. સત્ય જાણવા કોશિશ કરીએ, છાપાવાળા કે રાજકરણીનાં ઠાલાં વચનો પર મદાર બાંધવાને બદલે પ્રત્યેક પળ પ્રભુને પૂછીએ 'હું શું બહેત્તર કરું?' ●


**હેરી કેટરર્સ એન્ડ ડેકોરેશન (રિલેક્સ)**

આપના ઘરે ઉજવાતા શુભ પ્રસંગો જેવા કે વર્ષગાંઠ, સગાઈ, લગ્ન તેમજ કૌટુંબિક પ્રેમભોજન કે મંડળીઓની કોન્ફરન્સ, સેમિનાર વગેરે પ્રસંગોમાં જમણવાર તેમજ ડેકોરેશનની તમામ વ્યવસ્થા અમને સોંપી આપ રિલેક્સ થઈ જાવ.

દરેક પ્રસંગને અનુરૂપ કલાત્મક મંડપ, મેલેમાઈનપ્લેટ, ખુરશી, ટેબલ લાઈટ, લાઈટ ડેકોરેશન તેમજ મ્યુઝીકલ પાર્ટી બધું જ એક છત નીચે એટલે સરળ પણ પડે તેમજ સસ્તું પડે. ઉપરની બધી જ જવાબદારી અમને સોંપી આપ રિલેક્સ થઈ જાવ.

**નોંધઃ** નોનવેજ મીનીમમ ૨૫ વ્યક્તિનો ઓર્ડર લેવામાં આવશે.

**હેરી આર્ટીફિશિયલ તેમજ નેચરલ ડેકોરેશન**
**દરેક કાર તેમજ સ્ટેજ ડેકોરેશન કરી આપવામાં આવશે.**

**હેરી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (રેલ્વે પ્રવાસ)**
**ટિકિટનો દર રૂા. ૪,૪૦૦/-**
**નવે.૨૦૧૫, ૧૯ થી ૨૨ આગ્રા તેમજ ફતેહપુર સીક્રી બુકીંગ ચાલુ છે.**

**સંપર્કઃ** કિરીટ ક્રિશ્ચિયન : મો. ૯૯૦૪૭ ૫૨૨૧૨
હેતલ ક્રિશ્ચિયન : મો. ૯૯૦૪૩ ૭૨૩૧૬
ગ્રેસ પેલેસ, ૬૨, અનુપમ નગર સોસાયટી, ગુરુકૃપા સ્કૂલના ખાંચામાં, સી.ટી.એમ., અમદાવાદ - ૨૬



**તીરથ સુહે રૂડું માઉન્ટ મેરી માતનું મુંબઈ ધામે**
**માતા વરસાવે ઉપકાર દોડી આવું માતા તારે આશરે.**

**મુંબઈ ધામે માઉન્ટ મેરીના દર્શને જઈએ**

૧૨ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૫.
જતાં વિમાન દ્વારા અને વળતાં સ્લીપર કોચ ટ્રેનમાં,
માઉન્ટ મેરી દર્શન તેમજ મોહમયી મુંબઈ દર્શન,
રાત્રિ રોકાણ, રાત્રિ ભોજન અને નાસ્તાનો સમાવેશ.
ફક્ત રૂા. ૫,૫૦૦/-

★રૂા. ૨૦,૦૦૦/- માં family Infornation Tour Package. (ચાર વ્યક્તિ માટે)

★રૂા. ૧૦,૦૦૦/- family Tour (ચાર વ્યક્તિ)

લેન્ડ પેકેજ. રહેવાનું, ફરવાનું, નાસ્તો તથા રાત્રિ ભોજન સાથે.

**અન્ય સેવાઓઃ** તત્કાલ પાસપોર્ટ, રેલ્વે ટિકિટ, એર ટિકિટ, બસ ટિકિટ, Domestic International Tour Packages.

**:: Contact ::**

**Neal Tours & Travels**
**Dipak Christian**
1, Olive Apartment, Maninagar (E)
Mob. 85114 41975 / 84016 16886
Email: neal13@live.com / Web: nealtourandtravels.com

રિટ્રીટ સેન્ટર – નગરા (અમદાવાદ ધર્મપ્રાંત) આયોજિત

# બાઈબલ અધિવેશન – નગરા

:: પ્રવક્તાઓ ::

| ફાલ્ગુનીબેન મહેતા | ફાધર ડૉ. આરસ કુમાર | ડૉ. ડેનિયલ શાહ | ફાધર પરેશ પરમાર |
|---|---|---|---|
| (ડીવાઈન રિટ્રીટ સેન્ટર-પોટા) | (પ્રો. ગુજરાત વિદ્યાદીપ, સેવાસી) | (બેંગલોર) | (રિટ્રીટ સેન્ટર, નગરા) |

**તારીખ : ૧૨, ૧૩, ૧૪ નવેમ્બર, ૨૦૧૫**
**સ્થળ : રિટ્રીટ સેન્ટર, નગરા.**
**સમય : દરરોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી**

**નોંધઃ** ૧) બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.
૨) બાઈબલ અધિવેશન માટે દૂરથી આવનાર શ્રદ્ધાળુઓ માટે રાત્રી રોકાણની વ્યવસ્થા કરવામાં આવશે. અગાઉથી જાણ કરી તેમનું નામ નોંધાવવું જરૂરી છે.

રિટ્રીટ સેન્ટર - નગરા, નગરા રોડ, ખંભાત ૩૮૮ ૬૨૦ (ફોન નંબરઃ ૦૨૬૯૮ ૨૨૩૨૫૬)

**વિશેષ નોંધઃ** રિટ્રીટ સેન્ટર નગરાનો જૂનો **મો. ૯૫૧૦૯ ૦૩૭૪૦** ફેરબદલ કરેલ છે. નવો **મો. નંબર ૮૧૪૧૦૮૩૨૩૯** છે.

# બાઈબલ અધિવેશન - નાના કંથારિયા

## (રિટ્રીટ સેન્ટર, નગરા ટીમ)

**તારીખ : ૨૦, ૨૧, ૨૨ નવેમ્બર, ૨૦૧૫** **સ્થળ : નાના કંથારિયા**
**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી**

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ ફાધર કિરણ ગોહિલ (મો. ૯૪૨૬૭ ૮૦૨૧૯)



# કિશોરમિત્ર

ઓગસ્ટ, ૨૦૧૫

## સ્વાતંત્ર્યદિન

આઝાદીના પર્વે આવો... ભારત દેશને અજોડ બનાવીએ.

પર્યાવરણની રક્ષાઃ

શાળામાં સમૂહજીવનનો વર્ગ ચાલી રહ્યો હતો. શિક્ષિકાબહેન વિદ્યાર્થીઓને આદર્શ સમાજરચનાના ગુણો શિખવી રહ્યાં હતાં. માનવબંધુ સેવા, પર્યાવરણની જાળવણી, એક્તાની તાકાત, સંપ અને મિત્રતા... વગેરે... સમાજ ઉપયોગી મુદ્દાઓની તેમણે વિસ્તૃત છણાવટ કરી. તેઓ ઈચ્છતાં હતાં કે બાળકોમાં આવા ઉમદા સંસ્કારોથી જ ભાવિ પેઢી દ્વારા આદર્શ સમાજની રચના થાય. બહેન પર્યાવરણ રક્ષા કાજે ખૂબ ગંભીર હતા. ઉદ્યાનો અને વૃક્ષોની રક્ષા બાબતે તેમણે પોતાના વિચારો રજૂ કર્યા.

જ્યાં વૃક્ષો અને છોડ એક સાથે મોટી સંખ્યામાં સમૂહમાં ઉછેર્યાં હોય તેવું સ્થળ એટલે બગીચો. ગામ કે શહેરના કોઈ જાહેર સ્થળે આવા બગીચાનું નિર્માણ થાય છે. માળી આવા બગીચાની સાર-સંભાળ રાખે, છોડને પાણી અને ખાતર પૂરાં પાડે અને બગીચાની સુંદરતાની જાળવણી કરે છે.

ઉદ્યાનની માનવજીવન માટે ઘણી ઉપયોગિતા હોય છે. તેનાથી વાતાવરણ સ્વસ્થ રહે છે. વૃક્ષો દ્વારા આપણને સ્વચ્છ હવા અને પ્રાણવાયુ મળતાં રહે છે. બાળકોને તો બગીચામાં રમવાની ખૂબ જ મજા પડે. બગીચા દ્વારા વિદ્યાર્થીઓને છોડ અને વૃક્ષો વિશે વિવિધ માહિતી મળે છે. ઘણાં લોકો બગીચાની હરિયાળીમાં ચાલવા જાય છે કે પછી જુદી જુદી કસરતો દ્વારા શરીર સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. આમ ઉદ્યાનો વિવિધ રીતે સમાજને ઉપયોગી તો થાય છે; સાથે સાથે આપણી પૃથ્વીને સુંદરતા પણ બક્ષે છે.

રંગબેરંગી ફૂલોથી સજ્જ છોડપાન આપણી આંખ ઠારે છે. મોટાં વૃક્ષો આરામદાયક છાંયડો પૂરો પાડે છે. તેથી આપણે વધુને વધુ સંખ્યામાં ઉદ્યાનો ઉછેરવા જોઈએ અને તેની જાળવણી કરવી જોઈએ.

શિક્ષિકાબહેનના પર્યાવરણ રક્ષા વિશેના વિચારોથી કૃતિકા ખૂબ પ્રભાવિત થઈ. બેનના વિચારોથી તેને પોતાના ઘર આંગણે બગીચાની સાર-સંભાળ રાખવા પ્રેરણા મળી. બગીચાની દેખરેખ માટે ઘણી વખત કૃતિકા તેના રમવાના સમયનો પણ ભોગ આપતી.

વ્હાલા કિશોરમિત્રો, તમે પણ તમને મનપસંદ એકાદ શોખ કેળવો. આ શોખની પ્રવૃત્તિથી તમને ખુશી તો મળશે જ. સાથે સાથે સમાજને પણ ઉપયોગી થશે.

### આપણી આઝાદીઃ



ભારત એક ખૂબ વિશાળ દેશ છે. આપણા દેશમાં અલગ-અલગ ધર્મ, જાતિ, ભાષા અને સંસ્કૃતિના લોકો વસવાટ કરે છે. આપણે દેશ ઉમદા સાંસ્કૃતિક પરંપરા અને કુદરતી સંપદાથી ભરપૂર છે. સાચે જ આવા મહાન દેશના નાગરિક હોવાનો આપણા સૌને ગર્વ હોવો જોઈએ.

પરંતુ સદીઓ સુધી આપણો દેશ કેટલીક યુરોપિય સત્તાની ગુલામી હેઠળ હતો. યુરોપિય સંસ્કૃતિના થોડાં ફાયદા જરૂર મળ્યા. પરંતુ મહદ્અંશે બધાં જ ભારતીયો પોતાનાં જ દેશમાં ગુલામીની ગુંગળામણ અનુભવતાં હતાં.

દેશને પરદેશી શાસકોની ગુલામીની જંજીરોથી મુક્ત કરવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા દેશ નેતાઓએ આગેવાની લીધી. દેશને ગુલામીમાંથી આઝાદી અપાવવા સ્વતંત્રતા ચળવળ ઉપાડી. અનેક મુશ્કેલીઓ વેઠી. જેલમાં કારાવાસ પણ વેઠ્યો. આખરે તેઓની મહેનત રંગ લાવી. અને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના સોહામણા દિને આપણને આઝાદી પ્રાપ્ત થઈ.

આ પંદર ઓગસ્ટે જ્યારે આપણે સ્વતંત્રતાદિનની ઉજવણી કરીએ ત્યારે આપણા દેશને ગરીબી, નિરક્ષતા. ગંદકી, જાતિવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ, ભ્રષ્ટાચાર, સામાજિક અસમનતા જેવાં દૂષણોથી મુક્ત કરવા શપથ લઈએ અને સાચા અર્થમાં આઝાદ દેશના નિર્માણમાં આપણો બહુમૂલ્ય ફાળો આપીએ.

**પ્રેષિતિક વડાધર્મગુરુ - પોપ સંત પિયુષ દસમાઃ**

'મારો જન્મ ગરીબાઈમાં થયો, મારું જીવન ગરીબાઈમાં વીતાવ્યું અને ગરીબાઈમાં જ હું આ દુનિયા છોડીને જઈશ.' આવા મહાન વિચાર સંત વડાધર્મગુરુ પિયૂષ દસમાના છે. તેમનો જન્મ ઈટાલીના સાર્તો પરિવારમાં થયો હતો. તેમનું કુટુંબ કારમી ગરીબીમાં સબડતું હતું. પિયૂષ દસમાએ ગરીબાઈને સદા પોતાના મનમાં રાખી હતી અને અત્યંત સાદગીભર્યું જીવન વ્યતિત કર્યું. વડાધર્મગુરુના હોદ્દાની ચમકદમક તેઓને જરા પણ પસંદ ન હતી.

તેઓ શાંતિના ચાહક અને લોકાભિમુખ વડાધર્મગુરુ હતા. એક વખત રોમના સંત પિટર મહાદેવાલયના ચોકમાં લશ્કરની એક કુમકને આશીર્વાદ આપવા તેમને વિનંતી કરવામાં આવી. પરંતુ, 'હું શાંતિ ઈચ્છું છું, યુદ્ધ નહિ,' એમ જણાવી સૈન્યની ટુકડીને આર્શીવાદ આપવા ઈન્કાર કર્યો હતો. તેઓ જીવનપર્યંત શાંતિ માટે પ્રયત્નશીલ રહ્યા હતા.

ઈટાલીના ખ્રિસ્તીઓને રાજકારણમાં આગળ આવવા તેઓ પ્રેરણા આપતા પરંતુ કદાપિ રાજકારણીઓને ધર્મસભા પર હાવી થયા દેતા નહીં. અડગ વલણને લીધે તેમને ઘણી હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

વડાધર્મગુરુ પિયૂષ દસમાને ખ્રિસ્તયજ્ઞમાં અપાર શ્રદ્ધા હતી. શ્રદ્ધાળુઓને વારંવાર ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કરવાની તેમણે હિમાયત કરી હતી. બાર વર્ષને બદલે સાત વરસની ઉંમરે પ્રથમ ખ્રિસ્તપ્રસાદ સંસ્કારની તેમણે મંજૂરી આપી હતી.

અત્યંત સાદગીભર્યું જીવન જીવેલ આ મહાન વ્યક્તિને તેમના ઉમદા ગુણોને લીધે વડાધર્મગુરુનું પદ અને સંતત્વ પ્રાપ્ત થયેલ છે.

હે મહાન સંત પિયૂષ દસમા, અમને તમારું જેવું સાદગીભર્યું જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડો. ખ્રિસ્તપ્રસાદ પ્રત્યે પ્રેમ અને આદર આપતાં શિખવો અને અમે શાંતિના દૂત બનીએ એવી કૃપા અમારા પર વરસાવો.

ઓગષ્ટની ૨૧ તારીખે ધર્મસભા સંત પિયુષ દસમાનું પર્વ ઉજવે છે.

## વિશ્વરાજ્ઞી માતા મરિયમ :

શબ્દકોશમાં રાણી-Queen શબ્દના અનેક અર્થ જોવા મળે છે. મહિલા રાજકર્તા, ટૂકડીના મહિલા વડા, મહિલા નેતા, શક્તિશાળી મહિલા આગેવાન વગેરે.... શતરંજ-ચેસ-ની રમતમાં પણ રાણી (Queen) ખૂબ જ શક્તિશાળી મહોરું ગણાય છે.



ઈશ્વરપુત્રની માતા તરીકે માતા મરિયમને ઉપરોક્ત બધાં જ વિશેષણો સર્વાંગી રીતે સાર્થક લાગુ પડે છે.

જે ઘડીએ તેમણે દેવદૂત ગાબ્રિયેલની વધામણીને પોતાની 'હા' ભણી તે જ ઘડીથી પરમેશ્વર પુત્ર ઈસુખ્રિસ્તના જગત તારણહાર તરીકેના મિશનમાં માતા મરિયમ ભાગીદાર બન્યાં. (પ્રવૃત્તિ - વાંચો લૂક ૧:૨૬-૩૮)

વિશ્વરાજ્ઞી તરીકે કર્તવ્યના ભાગરૂપે તેમણે અનેક મુશ્કેલીઓ અને હાડમારી વેઠી, મહાન ત્યાગને ગળે વળગાડ્યો. સમાજ તરફથી નિંદા અને દોષારોપણ માથે ચઢાવ્યાં અને અંતે પોતાના પનોતા પુત્રના ક્રૂસારોહણ વખતે હૃદયમાં અસહ્ય દુઃખ છૂપાવી રાખી કાલવારી પર પીડા વેઠતાં પ્રભુ ઈસુને દિલાસો અને બળ પૂરા પાડ્યાં.

જગતને મસીહાની ભેટ આપવા બદલ અને એ દ્વારા તારણનો માર્ગ ઉઘાડવા માટે તથા પ્રભુ ઈસુના મૃત્યુ પછી આરંભકાળની ધર્મસભાને દોરવણી અને માર્ગદર્શન પૂરાં પાડવા બદલ પ્રેષિતો,

આરંભકાળના ધર્મગુરુઓ, સંતો, શહીદો વગેરે માતા મરિયમને વિશ્વરાજ્ઞી અને આગેવાન તરીકે માન આપતાં. આખરે વડાધર્મગુરુ પિયુષ બારમાએ માતા મરિયમને વિશ્વરાજ્ઞી તરીકેનું બિરુદ આપ્યું. અને બાવીસ ઓગષ્ટનો દિવસ 'વિશ્વરાજ્ઞા માતા મરિયમ' તરીકે ઉજવવા નક્કી કર્યું.

લૂર્ડસ, ફાતિમા અને આપણા દેશનાં વેલાંકની, માઉન્ટ મેરી (મુંબઈ), અનાથોની માતા (ખંભોળજ) જેવાં વિશ્વભરનાં મરિયમ તીર્થસ્થાનોએ કરોડો શ્રદ્ધાળુ ભક્તો પોતાની માંગણીઓ લઈ માતાના દર્શને આવે છે અને માતા મરિયમ પણ પ્રેમાળ માની જેમ ભક્તોની ઈચ્છા પૂરી પાડે છે.

"એ કહે તેમ કરજો." (યોહાન ૨ :૫) કથન દ્વારા માતા મરિયમ આપણને પ્રભુ ઈસુએ ચીંધેલ માર્ગ પ્રમાણે જીવન જીવવા સંદેશ આપ્યો છે.

હે જગતજનની, વસુંધરા અને વિશ્વરાજ્ઞી માતા મરિયમ... અમારે માટે વિનંતી કરો...

**મિત્રતા - શાપ કે અભિશાપ?**

બે દુશ્મન દેશ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. રણભૂમિમાં બંને દેશના સૈનિકો ખુંખાર જંગ ખેલી રહ્યાં હતાં. બંને પક્ષે જાનમાલની મોટી ખૂવારી થઈ. આખરે એક પક્ષને વિજય પ્રાપ્ત થયો. વિજયી દેશના સૈનિકો જંગ જીતવાનો જશ્ન મનાવવા લાગ્યા.

વિજયના ઉન્માદ અને ઉજવણી વચ્ચે એક સૈનિક તેના કેપ્ટન પાસે આવ્યો અને તેણે રણભૂમિમાં પાછા જવા માટે કેપ્ટનની રજા માંગી. તે સૈનિક રણમેદાનમાં ઘાયલ એવા તેના મિત્ર સાથી સૈનિકને મળવા માંગતો હતો. લશ્કરના કેપ્નટને સૈનિકની આ વિનંતી અજુગતી લાગી છતાં તેણે મંજૂરી આપી. મંજૂરી મળતાં જ સૈનિકે રણભૂમિ તરફ દોટ મૂકી. ચારેબાજુ લાશના ઢગલા અને ઘાયલ સૈનિકોની વચ્ચે તેણે તેના મિત્ર અને સાથીને શોધી કાઢ્યો.

તેનો મિત્ર સૈનિક યુદ્ધમાં ઘાયલ થયો હતો અને ઈજાને લીધે કણસતો હતો. મિત્રને આવેલો જોઈ ઘાયલ સૈનિકના મુખ પર ખુશી છલકી ઉઠી. મિત્રનો હાથ તેણે પોતાના હાથમાં પકડી લીધો અને બોલ્યો, "મારા વ્હાલા દોસ્ત, મને ખાતરી હતી કે તું જરૂર મારી ભાળ કાઢવા આવી પહોંચીશ."

સાચે જ, સાચી મિત્રતા આશીર્વાદરૂપ હોય છે. તેનો ભાર કદાપિ ન અનુભવાય.

નોંધઃ ઓગષ્ટનો પ્રથમ રવિવાર (બીજી ઓગષ્ટ) વિશ્વભરમાં ફ્રેન્ડશિપ ડે (મિત્રતાદિન) તરીકે મનાવવામાં આવે છે.

**શાણપણઃ**

કાવ્યા નાનકડી કિશોરી હતી. એક દિવસ તેનાં માતા-પિતા કોઈક કામસર બહાર ગયા હતાં. કાવ્યા ઘરઆંગણે મેદાનમાં બીજા બાળકો સાથે રમતી હતી.

કાવ્યાનાં માતાપિતાને બહાર જતાં જોઈને એક ચોર કાવ્યા પાસે આવ્યો. બીજાં બાળકો સાથે રમતી કાવ્યાને તેણે એકબાજુ એકલી બોલાવી અને તેની સાથે મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. કાવ્યાના માતાપિતા ઘરમાં સોનાનાં ઘરેણાં અને રૂપિયા-પૈસા ક્યાં મૂકે છે એ પૂછવા લાગ્યો. તેણે કાવ્યાને મોટી ચોકલેટ આપવાની લાલચ પણ બતાવી.

કાવ્યાએ શાણપણ દાખવતાં કહ્યું, "અરે અંકલ, તમે કેટલાં સારા માણસ છો. તમારે જે કાંઈ જાણવું હશે તે બધું હું તમને બતાવીશ. પણ પહેલાં તમારે મને ચોકલેટ આપવી પડશે."

ચોર તો રાજી થઈ ગયો. તેણે તુરંત પોતાના થેલામાંથી મોટી ચોકલેટ કાઢી કાવ્યાને આપી. કાવ્યાએ ધીરે ધીરે ચોકલેટ ખાઈ લીધી. હવે ચોરની ધીરજનો અંત આવી રહ્યો હતો. ઉમળકાથી તે બોલ્યા, "તેં ચોકલેટ પૂરી કરી દીધી. ચાલ, હવે જલદીથી તારે ઘેર લઈ જા અને તારાં મમ્મીપપ્પા ઘરેણાં કઈ તિજોરીમાં મૂકે છે તે મને બતાવી."

‘અંકલ મારા મમ્મીપપ્પા ઘરેણાં ક્યાં મૂકે છે તે તમારે જાણવું છે?’ કાવ્યાએ પૂછ્યું.

હા... હા... જલદી બતાવ, ચોરે અધીરાઈ દર્શાવી.

‘અંકલ, મારાં મમ્મીપપ્પાએ તો બધાં જ દાગીના શરાફને ત્યાં ગીરવે મૂક્યાં છે.’ ચતુર કાવ્યાએ શાણપણ દાખવતાં જણાવ્યું.

## યુવાનીનું જોશ :

‘કલિકન’ નામે યુવાનોનું એક સાંસ્કૃતિક મંડળ હતુ. તેઓ રાજ્યના જુદાં જુદાં ભાગોમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરતાં. એક વખત તેઓ એક ગામે કાર્યક્રમ આપવા ગયાં હતાં. આ વખતે કાર્યક્રમની મુખ્ય નૃત્યાંગના બીમાર પડી ગઈ. તેથી તે કાર્યક્રમના સ્ટેજથી થોડે દૂર તેમના વાહનમાં બેસી રહી. તેની અવેજીમાં બીજી એક નૃત્યાંગનાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના નૃત્યથી થઈ. પુરુષ નૃત્યકો સ્ટેજ પર આવી પ્રસ્તુતિ આપવા લાગ્યા. પરંતુ જ્યારે મહિલા નૃત્યાંગનાએ સ્ટેજ પર આવવાનો સમય થયો ત્યારે ઘણાં વખત સુધી કોઈ પ્રવેશ્યું નહિ. અવેજીમાં મૂકેલ નૃત્યાંગના ગભરાઈ ગઈ અને સ્ટેજ પર આવવા આનાકાની કરવા લાગી હતી.

મૂશ્કેલ સમયની માંગ જોઈ, કાર્યક્રમની નૃત્યાંગના વાહનમાંથી બહાર આવી. અને સીધી સ્ટેજ પર ચઢી જઈને નૃત્ય કરવા લાગી. તેણે પોતાના અસ્ત-વ્યસ્ત વાળની કે પછી મેકઅપ વગરના ચહેરાની જરાય પરવા ન કરી અને ગ્રુપના બીજાં નૃત્યકારો સાથે ગીતના અંત સુધી નૃત્ય કર્યું.

મૂશ્કેલ ઘડીમાં મદદે દોડી જવું એ યુવાનોનો સ્વભાવ હોય છે. યુવાનો હિંમતવાન, ઉદાર અને બેપરવા હોય છે. અને આ સ્વભાવ જ તેમને જિંદાદિલ બનાવે છે.

યુવાનોએ તેમના જિંદાદિલ સ્વભાવથી સમાજમાં રહેલી અસમાનતા અને અન્યાય સામે લડત આપવા આગળ આપવું જોઈએ.

### ચિંતન પુષ્પઃ

ભગવાન સાથે એ રીતે વાત કરો જેમ તમારાં ગાઢ મિત્ર સાથે
વાત કરો છો - એકદમ ફ્રેન્ડલી અંદાજમાં.

— આલ્ફોન્સ લિગોર
(ઈટાલીના ફિલોસોફર, લેખક અને ધર્માધ્યક્ષ)

**રાજેશ ક્રિશ્ચિયન**
**૯૪૨૬૫ ૮૪૦૨૮**
**rajesh.christian@yahoo.co.in**

# શ્રદ્ધાસુમન સહ આહ્‌વાન



**સ્વ. ફાધર એડવર્ડ રાઠોડ**
જન્મ :૨૧-૦૭-૧૯૬૨
મરણ : ૧૫-૦૧-૨૦૦૧
દ્વિતીય ગુજરાતી સલેશિયન
અંતિમ વિસામોઃ ખંભોળજ કબ્રસ્તાનમાં




**સ્વ. ફાધર જો મિરાન્ડા**
જન્મ :૦૫-૦૬-૧૯૩૮
મરણ : ૦૩-૧૦-૨૦૦૩
દોન બોસ્કો - મકરપુરા-વડોદરામાં સ્વર્ગવાસ
અંતિમ વિસામોઃ મકરપુરા પ્રાંગણમાં



**ફાધર ઓરેલિયસ માસ્ચિયો**
જન્મ : ૧૨-૦૨-૧૯૦૯
મરણ : ૦૯ - ૦૯ - ૧૯૯૬
મુંબઈ સલેશિયન પ્રાંતના આશ્રયદાતા
તેમની ઉદારતા અને દાનના બળથી જ
પ્રત્યેક કેન્દ્ર અસ્તિત્વ છે.

## તમારું સ્વપ્ન શું છે?





શું તમે એવું કદી વિચાર્યું છે કે
પ્રભુ તમને સલેશિયન ધર્મગુરુ, ધર્મબંધુ કે સાધ્વી બનીને
દોન બોસ્કોના આ મિશન કાર્યમાં સહભાગી થવા હાકલ કરે છે?
શું તમે યુવાનોમાં શુભસંદેશ અને પ્રભુ પ્રેમથી
'સલેશિયન આશાવાદી સેવા'માં તમારું જીવન અર્પણ કરી શકો છો?
શું તમારે જીવન અર્થપૂર્ણ અને પરીપૂર્ણ બનાવવાની ઈચ્છા છે?
તો આ રહી તક
તેને કહેવામાં આવે છે.
સલેશિયન આશાવાદી સેવા.
હા! આખા જગતમાં તમે આશા રૂપી દીવાદાંડી બની શકો છો.
ક્યાં? જ્યાં યુવાનો નિરાશા અનુભવે છે,
ઉદાસીનતા, ગરીબી, તંગી, બોજો
અને સૌથી વધારે ભ્રષ્ટ થતી નૈતિક વર્તણૂક છે, ત્યાં.
કેવી રીતે?
તમે આશાભર્યા સલેશિયન સ્વપ્નના
એક મૂલ્યવાન હિસ્સેદાર બની શકો છો.
આ આમંત્રણ વાંચતા,
પ્રભુ તમને સલેશિયન બનવા
તેમની પાછળ ચાલવા આમંત્રણ આપી રહ્યા છે.
તમારે સલેશિયન જીવન જાણવાની વધારે ઈચ્છા હોય
તો સંપર્ક કરો.

**ડોન બોસ્કો કપડવંજ, જિ. ખેડા**
**૦૨૬૯૧-૨૬૨૫૦૧**



# યુવા સંગે, દોન બોસ્કો સત્સંગ

✍ ફાધર પ્રવીણ પરમાર એસ.ડી.બી.

*રેક્ટર, દોન બોસ્કો સોસાયટી, નારૂકોટ*

'દોન બોસ્કોએ યુવાનોની આંખોમાં આંખ પરોવી અને યુવાનોના મહાન ભાવિની એંધાણી દેખાઈ, યુવાનોએ દોન બોસ્કોની આંખોમાં નજર માંડી અને તેમની જીવનની આશાની ભાળ મળી!'

(વંચિત યુવાનો વચ્ચે દોન બોસ્કોના એક ચિત્ર નીચેનું સૂત્રવિધાન.)

સંત ફ્રાન્સિસ્કોની ઈગ્નેશિયસ પ્રેસ દ્વારા સંતોનો જીવનકવન વિશે 'સંત શ્રેણી' પ્રકાશિત કરવામાં આવી છે, જેમાં લોયલાના સંત ઈગ્નાસ, આસિસીના સંત ફ્રાન્સિસ વગેરે વગેરે... પણ દોન બોસ્કો વિશે પુસ્તક શોધતાં મળ્યું 'દોન બોસ્કો અને દોમિનિક સાવિયો' વાંચતાં જ મને સખેદ આશ્ચર્ય થયું. મારા મને બળવો કર્યો : 'મોટાભાગના સંત માટે સમગ્ર પુસ્તક અને દોન બોસ્કોને દોમિનિક સાવિયો સાથે પ્રકાશિત કરવામાં આવ્યા છે! દોન બોસ્કો વિશે અલગ પુસ્તક પ્રકાશિત કરી શકાય તેટલા તેઓ મહાન સંત નથી!'

આ વિચાર મને વારંવાર પરેશાન કરતો હતો, ખલેલ પહોંચાડતો હતો. ત્યાં મારા મનમાં વિચાર ઝબકી ઉઠ્યોઃ 'કદાચ એક રીતે આ યોગ્ય પણ છે. દોમિનિક સાવિયો વિના દોન બોસ્કોને સમજવા અશક્ય! એવું જ યુવાનો વિનાના દોન બોસ્કોની કલ્પના કરવી અશક્ય છે! તેઓ યુવાસંગ, યુવારંગ અને યુવા સત્સંગ સંત બન્યા એટલે કે યુવાનો સાથે, યુવાનો મધ્યે અને મારફતે સંતની કોટિએ પહોંચ્યા એ નિઃશંક છે. યુવાનો સાથે રહેવાની - જીવવાની એક અનોખી કેડી તેમણે કંડારી - અગમચેતી પ્રણાલી, પવિત્રતાનો રાહ; એટલે યુવાનો વિના, દોન બોસ્કોનું ચરિત્રચિત્રણ અશક્ય છે!

જોની બોસ્કો, યુવાવર્ગ વિના દોન બોસ્કો પદ સુધી પહોંચ્યા નહોતા. દોન બોસ્કો માત્ર યુવાનોના સંત નથી પણ યુવાનોને કારણે સંત છે. (CG ૨૬ પ્રમાણે) 'દોન બોસ્કોનું પુણ્ય સ્મરણ એટલે રમતના મેદાન પરની હાજરી, વિશેષમાં વંચિત યુવાનોની ભાળવણી કરવી, તેમના ચહેરામાં પરમાત્માનો આવિષ્કાર કરવો અને પરમાત્માના પ્રેમના રહસ્યને પામવા યુવાનોને આમંત્રણ આપવું. સલેશિયન સંઘનું બંધારણ, દોન રુઆની વાત નોંધે છેઃ 'દોન બોસ્કોએ કોઈ કારવાઈ કરી ન હતી, એક હરફ પણ ઉચ્ચાર્યો ન હતો, યુવા ઉધ્ધારથી વિમુખ જતો કોઈ રાહ તેમણે સ્વીકાર્યો ન હતો. સાચે જ તેમના અંતરની એકમાત્ર ચિંતા હતી 'આત્મા'ની! દોન બોસ્કો એક ઐતિહાસિક સંત પુરુષ, દોન બોસ્કોની શિક્ષણ કળા અને દોન બોસ્કોની આધ્યાત્મિકતા અંગે ગહન મનનચિંતન કરતાં દોન બોસ્કો જન્મ દ્વિશતાબ્દી વર્ષમાં દોન બોસ્કોના યુવાનો સાથે અને યુવાનો માટેના પ્રૈષિતિક કાર્ય પર પ્રકાશ પાડવાની ભગીરથ કાર્ય પર પ્રકાશ પાડવાનું ભગીરથ કાર્ય સૌએ ઉપાડ્યું છે.

દોન બોસ્કોનો પરિચય આપતાં કદાચ, 'દોન બોસ્કો - યુવાનોના સંગે અવારનવાર સાંભળવા, જાણવા, વાંચવા અચૂક મળશે. એનો અર્થ એટલો જ થયો કે અન્ય સંત કરતાં યુવાનોની ચિંતા તેમણે વધારે કરી છે! એનો અર્થ એમ પણ થાય કે, યુવાનો માટે જીવન ન્યોછાવર કરતાં કરતાં તેઓ સંત બની ગયા. ધર્મગુરુ કેવિગ્લિયા નોંધે છેઃ 'એક કેળવણીકાર તરીકેની કામગીરીએ તેમની પવિત્રતાની યશકલગી પહેરાવી છે.'

યુવાનો માટે કાર્યરત અન્ય સંત અને દોન બોસ્કોની વાત કરતાં કેવળ દોન બોસ્કો અંગે જ કહી શકીએ એમ છીએ કે, 'તેઓ યુવાનો માટે કામગીરી હાથ ધરતાં સંતપદ પામ્યા છે.'

યુવાનોની ખુશી, વિશેષમાં ગરીબ યુવાનોની ખુશી માટે દોન બોસ્કો આગળ એક નિશ્ચિત સ્થાન હતું અને સમગ્ર જીવન દરમિયાન યુવા ચાહતને તેમણે અગ્રતાક્રમ આપ્યો હતો. ફાધર જોન લેમોયનેએ દોન બોસ્કોના જીવન કવનને નિરૂપણ કરતાં ૪૫ જેટલા ગ્રંથનો અભ્યાસ કર્યા અને 'બાયોગ્રાફિકલ મેમોરિસ'ની રચના કરી, તેમણે ખૂબ જ અહોભાવથી કહ્યું છે : 'આપણા સર્વપ્રથમ પ્રિય, સ્થાપક ગુરુજી જોન બોસ્કોનો ઈતિહાસ મેં લખ્યો છે, હું નથી માનતો કે ઈતિહાસમાં અત્યાર સુધી યુવાનોનો સૌથી વધારે ચાહક અને યુવાનો દ્વારા મહત્તમ ચાહના મેળવનાર બીજા કોઈ પેદા થયા નથી. 'યુવાનોનો સાથી' (The Companion of Youth)ની પ્રસ્તાવનામાં ખુદ દોન બોસ્કોએ આ જ વાતની જાણે કબૂલાત કરી હોય એમ લાગ્યા વિના રહે નહીં. 'મારા વહાલા દોસ્તો, હું મારા પૂરા હૃદયથી તમને ચાહું છું, હકીકત એ છે કે, તમને ચાહવા માટે, તમે યુવાન છો એ જ કારણ મારા માટે પર્યાપ્ત છે. મારા કરતાં મહાન સદ્‌ગુણ અને વિદ્વાન મહાનુભાવોના સંપર્કમાં તમે આવશો, પણ ભગવાન ઈસુ ખ્રિસ્તમાં તમને મહત્તમ પ્રેમ કરનાર અથવા તમારી બહેત્તર ખુશીની અદમ્ય ઝંખના હોય તેવો. બીજો કોઈ વ્યક્તિ મળવો તમને દુલર્ભ હશે, તેની હું ખાતરી આપું છું.'

**આજીવન યુવાચાહકઃ** દોન બોસ્કો એકરાર કરે છેઃ હું પાંચ વર્ષનો હતો ત્યારે ધર્મશિક્ષણના વર્ગ માટે બાળકોને એકત્ર કરવાનું મને સૂઝ્યું હતું. તે મારી દૃઢ ઈચ્છા હતી. માત્ર એટલું તો મારે મારા જીવનકાળમાં કરવું જોઈએ એમ મને લાગ્યું હતું. "એટલે યુવાનો પ્રત્યેની અભિરુચિ પાંચ વર્ષની ઉંમરે તેમનામાં જાગી હતી. નવ વર્ષની ઉંમરે લાધેલા સ્વપ્નમાં તેને યુવાનો દર્શાવવામાં આવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું : 'આ તમારું કાર્યક્ષેત્ર હશે.'

**યુવાનો અંગેની દોન બોસ્કોની અટલ પ્રતીતિ :** દોન બોસ્કોએ સમૂળગુ જીવન યુવાનો માટે ખર્ચી નાખ્યું, જેની પાછળ અટલ શ્રદ્ધા અને સંપૂર્ણ સ્વીકાર આધારભૂત છે. પ્રભુ ઈસુ અને મારિયાનો યુવાસંગ એટલે પરમાનંદ : પ્રભુ, યુવાનોને વિશેષ રીતે ચાહે છે, તે વાતથી દોન બોસ્કો સભાન હતા. પ્રભુ ઈસુ અને માતા મરિયમ આગળ યુવાવર્ગ વિશેષ આદરપાત્ર છે એમ તેઓ માનતા હતા, 'ધ કમ્પેનિયન ઓફ યુથ'માં તેઓ નોંધે છે. પ્રભુના સૌથી વધારે પ્રેમપાત્ર યુવાનો છે, જોકે પરમાત્મા તેના સઘળા સર્જનને ચાહે છે. તેમ છતાંયે યુવાનો પ્રત્યે વધારે વાત્સલ્ય પ્રગટાવે છે. તમે તમારા સર્જક પરમાત્માની ચાહત અને આનંદ છો, હે યુવાનો.'

૧૮૪૮માં કોન્સોલ્ટા તીર્થધામમાં ઉપદેશ કરતાં દોન બોસ્કોએ જણાવ્યું હતું : 'માતા મરિયમ આપણ સૌને માટે છે તેમ છતાંયે તેના દિવ્ય પુત્ર ઈસુની જેમ યુવાનોને પણ વધારે ચાહે છે. ડિસેમ્બર, ૧૮૮૭માં 'સલેશિયન કો-ઓપરેટર્સ'ને યાદ કરતાં એક ચિત્ર નીચે નોંધ મૂકી હતી : 'બાળકો, ઈસુ અને મારિયાનો આનંદ છે.' આ વિધાન પરથી સ્પષ્ટ છે' બાળકો, દોન બોસ્કો માટે પણ આનંદનું કારણ હતા.'

'યુવાનો આલોક તેમજ પરલોકમાં સુખી બને' એજ ઈશ્વરેચ્છાઃ 'પ્રભુ ઈચ્છે છે કે પ્રત્યેક વ્યક્તિ સમાજનો પ્રમાણિક નાગરિક બને, ધર્મસભાનો વિશ્વાસુ શ્રદ્ધાળુ બને અને અંતે સ્વર્ગનું શાશ્વત સુખ પ્રાપ્ત કરે' એવી એક માન્યતા પણ તેમના સઘળાં કામનું પ્રોત્સાહન બળ હતી. આ માન્યતા સમજદારી બને તેટલા માટે જ તેમણે, ખોરાક અને અનુકંપા શિક્ષણ અને વ્યવસાયિક કૌશલ્ય પ્રદાન કર્યાં. ભૌતિક જરૂરિયાતોની સંભાળ કરતાં વધારે શાશ્વત જીવન પ્રાપ્તિ માટેની તક તેમણે પૂરી પાડી. યુવાનોને આ તમામ વાનાં પૂરાં પાડતાં તેમણે ભારે હાડમારી ભોગવી પણ બધા અવરોધોને કોરાણે મૂકી તેઓ નિર્વિઘ્ને આગળ વધ્યા કારણ તેમનો દૃઢ વિશ્વાસ હતો કે, તેમને મોકલવામાં આવ્યા છે જેથી ઘેટાંને જીવન મળે - 'એમને જીવન મળે, ભરપટ્ટે મળે' (યોહાન ૧૦:૧૦)

એક વખત વાલ્દોકાના હાથકારીગરને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું, 'ભગવાન ઈસુના મૂલ્યવાન રક્તથી શુદ્ધ થયેલા તમારા આત્માના મુક્તિની મારી ઝંખના સર્વપ્રથમ છે. આ જ ઉત્કંઠા આધારિત મારી તમામ પ્રવૃત્તિઓ ઉદ્ભવી છે. હું આશા રાખું છું તમે મને ચાહો છો કારણ હું તમને શાશ્વત જીવનના પંથે દોરી રહ્યો છું, મારી સઘળી ચિંતાઓ - વાત્સલ્યના મૂળમાં સૌનાં આત્માની મુક્તિ જ અગ્રક્રમે છે.'

એક નવદીક્ષિત પુરોહિત તરીકે એજ બાબત આગળ રાખી હતી : 'બાળકોનો સંપર્ક કરવો અને તેમને ધર્મશિક્ષણ આપવું એ બાબત મારે મન આનંદપ્રદ હતી.' ગરીબ-અણઘડ અને અનાથ છોકરાઓની સેવા માટે પસંદગીની પળ આપી ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું હતું: 'માનનીય લેડી માર્ચીઓનેસ, મેં આ અંગે પૂરતો વિચાર કર્યો છે. યુવાનોના ભલા માટે મારું જીવન સર્મપિત છે. તમારા આમંત્રણ માટે આભાર, પરંતુ પ્રભુએ ચીંધેલા કાર્યક્ષેત્રથી હું પાછો વળી શકું તેમ નથી.

ઈશ્વરદત્ત જવાબદારીને આજીવન તેમણે પૂરી નિષ્ઠાથી પાર પાડી હતી. ઓક્ટોબર - ૧૮૬૨માં દોન બોસ્કો જાતે જ જાહેર કર્યું હતું : 'યુવાનોને મદદ કરવા પ્રભુએ મને પસંદ કર્યા છે, એટલે સઘળાં અવરોધને બાજુ પર રાખી, સંપૂર્ણ શક્તિથી મારે તેમનામાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.' જીવનના અંતિમ દિવસોમાં ઓક્ટોબર - ૧૮૮૬માં જ્યારે પ્રાયશ્ચિત સાંભળવા કરતાં આરામ કરવાનું સૂચન કોઈએ કર્યું ત્યારે તેમનો પ્રત્યુત્તર હતો : 'છોકરાઓનું પ્રાયશ્ચિત સાંભળવાની કામગીરી પણ ઓછામાં ઓછી હું નહીં કરું તો બીજું શું હું કરી શકીશ. છેલ્લા શ્વાસ સુધી ગરીબ છોકરાઓ માટે જીવન ન્યોચ્છાવર કરવાનું મેં ભગવાનને વચન આપ્યું છે.' મરણપથારીએ યાતના અને અજાગ્રત અવસ્થામાં પણ યુવાનોની ચિંતા કરતાં સાદ દીધો હતોઃ 'દોડો, જલ્દી દોડો, પેલા છોકરાઓને બચાવો. પવિત્ર મા મારિયા, તેમને સહાય કરો. ઓ મા... ઓ વ્હાલી મા.'

સ્વર્ગવાસના બે દિવસ પહેલાં (૨૮ જાન્યુઆરી, ૧૮૮૦) ફાધર જોન બોનેન્તીને જણાવ્યું હતું : 'છોકરાઓને કહેજો, હું સ્વર્ગમાં તેમની રાહ જોઈશ.' આ એક વિશેષાર્થ નોંધ છે, કારણ દોન બોસ્કો માટે સ્વર્ગ પણ છોકરાઓ વિના સ્વર્ગ લાગશે નહીં! ફાધર ઓવરીએ અનુમાન કરવા કહ્યું હતું : 'જેમનું મન અને જેમનું જીવન યુવાનો માટે બહેત્તર સમર્પિત હોય તેવા કોઈ સંત, ગુરુજી અને ગુરુજનોના ગુરુજી થયા હોય એવું જાણ્યું છે ખરું?'

યુવાનો-વિશેષમાં ગરીબ યુવાનોમાં દેહધારી ઈસુનો સ્વીકાર ઈસુ આપણી ખાતર ગરીબ બન્યા. આજે ફરી એકવાર ગરીબના રૂપે આપણી સામે આવે છે. ગરીબની સરભરા કરતાં ખ્રિસ્તને નિહાળીએ સને તેમની સાથે આત્મીયતામાં આગળ વધીએ. યુવાનોનો છાત્રવાસ સુખી-સંતોષી હોય જેથી સુખદ સ્મરણો સાથે વિદાય થાય તે માટે તેમણે સર્વ માટે સમાન નિયમ ઘડી કાઢ્યા હતા. દોન બોસ્કોએ કહ્યું હતું : 'ટૂંકમાં એટલું જ યાદ રાખીએ કે જો ભગવાન ઈસુ આ શાળામાં હોય તો આપણો તેમની સાથેનો જે વ્યવહાર હોવો જોઈએ, તે જ વ્યવહાર પ્રત્યેક વિદ્યાર્થી માટે હોવો જ જોઈએ. પ્રત્યેક વિદ્યાર્થીને પ્રેમ અને આદરથી સત્કારીએ.' લુક્કાસ હોલી ક્રોસ ફેસ્ટિવ ઓરેટરીમાં સંબોધન કરતાં દોન બોસ્કોએ ગરીબમાં ઈસુનાં દર્શન કરવા અનુરોધ કર્યો હતો અને યાદ કરાવ્યું હતું : 'આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યુ છે તે મારે માટે જ કર્યુ છે.' (માથ્થી ૨૫:૪૦) અને કોઈ આવા બાળકનું મારે નામે સ્વાગત કરે છે તે મારું જ સ્વાગત કરે છે. (માથ્થી ૧૮:૫) અને કહ્યું હતું : 'તમારા ઘરનું ભોંયતળિયુ. દીવાલોની સજાવટ કરવાને બદલે જરૂરિયાતમંદ છોકરાઓને ઢાંકો, તેઓ પણ ખ્રિસ્તના શરીરના અંગ છે, પ્રભુનું મંદિર છે.' દોન બોસ્કો એક એવા સંત છે જેમણે ઈસુનાં વચન (ઉપરોક્ત)નું પોતાના જીવનમાં ગંભીરપણે અનુસરણ કર્યું અને બીજાને, તેમ કરતાં શીખવ્યું.

સુધન્ય ઝાતિ પણ એવો જ વિશ્વાસ ધરાવતા હતા કે ગરીબની સેવા એજ ઈસુની સેવા છે, એટલે ક્યારેક હાથ લંબાવતા તેઓ કહેતા : 'ભગવાન ઈસુ માટે એક ખમીશ તમારી પાસેથી મળશે? ઈસુ માટે રોટલો હશે કે?'

૧૯૭૯માં નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે પોતાના અને સાથી સાધ્વીબહેનોના કામનું વર્ણન કરતા પુનિત મધર થેરેસાએ જણાવ્યું હતું કે, 'આપણે સમાજ સેવિકાઓ નથી, લોકોની નજરમાં આપણું કામ સામાજિક કાર્યકર્તાનું ભલે હોય પણ આપણે તો દુનિયાના હૃદયમાં ચિંતનશીલ છીએ. રાતદિવસ ઈસુના શરીરના સંસર્ગમાં રહીએ છીએ, આપણે ૨૪ કલાક ઈશ્વરની હાજરીમાં ગાળીએ છીએ.'

**યુવાસ્વરૂપમાં ભગવાન આપણી પ્રતીક્ષા કરે છેઃ** દોન બોસ્કો માનતા હતા કે પરમાત્માએ યુવાનોમાં અને યુવાનો મારફતે સલેશિયન સંઘની વરણી કરી છે. સંઘના આરંભના દિવસોમાં બંધારણનો મુત્સદ્દો તૈયાર (૧૮૬૦) કરતાં જણાવ્યું હતું : 'આપણા તારણહાર ભગવાન ઈસુનાં મૂલ્યોનું અનુકરણ કરીએ, ગરીબ યુવાનો તરફ અનુકંપા દર્શાવીએ, એ સલેશિયન સંઘનું પ્રયોજન છે.'

એક સલેશિયન માટે પરમાત્મામાં પરિપૂર્ણ થવાનો માર્ગ યુવાવર્ગ છે, (CG 23) એટલે યુવાનો સલેશિયન અને પરમાત્મા વચ્ચેનો સેતુ રચે છે. તાજેતરમાં જનરલ ચેપટર્સમાં રેક્ટર મેજરે આજ વાત થોડી અલગ રીતે દોહરાવી છે :

'યુવાનોમાં સ્વયમ્ પ્રભુની મુલાકાતનાં કૃપાદાન માટે, તેમની સેવા કરતાં પરમાત્માની સેવા કરવા જીવન સર્મપણ કરવા માટે, તેમની યોગ્યતા પારખીને, ભરપટ્ટે જીવન જીવવા કેળવણી આપવા માટે આજે પણ પ્રભુ યુવાનોમાં આપણી રાહ જુએ છે, એમ અમે માનીએ છીએ.'

વડાધર્મગુરુ ફ્રાન્સિસના શબ્દો તેમણે યાદ કર્યા હતા : 'યુવાનો બળતું ઝાડવું છે, જેની મારફતે 'યહોવાહ આજેપણ આપણી સાથે વાત કરે છે.' આ રહસ્યનો આદર અને સ્વીકાર થવો જોઈએ. આ વધારે ગહન લાક્ષણિકતાની જાણ થતાં જ પગરખાં ઉતારીને પોતાના કાર્યક્ષેત્રમાં પ્રભુના આદેશનું પાલન કરવા કમર કસવી જોઈએ. પરમાત્માનું તાદાત્મ્ય યુવાનો મધ્યે જ સાધી શકાય, તેનાથી અમે અવગત છીએ. GC27 ના સમાપન પ્રસંગે રેક્ટર મેજર ફાધર આન્ગેલ ફરનાંદેઝ ના શબ્દો પણ આજ છે : 'યુવાનો બળતું ઝાડવું છે, તેમની મારફતે પ્રભુ વાત કરે છે, તેમનામાં આપણી રાહ જુએ છે. પરમાત્માની હાકલનો સ્વીકાર કરવા તેઓ જ કારણભૂત છે. યુવાનોની કેળવણી અને પાળકીય સેવા માટે જ એક સલેશિયન તેડુ મળ્યું છે : 'જો પ્રભુ યુવાનોમાં આપણી રાહ જોતો હોય તો આ એક અને દુલર્ભ રાહ છે જેમાં 'મિશન' અવરોધક બની શકે ખરું!

જેમાં પ્રભુ પ્રતીક્ષા કરે છે તે યુવાનો કોણ? અમેરિકા ક્રાય ઓરગેનાઈઝેશન ઓગષ્ટ-૨૦૧૪ના અહેવાલ પ્રમાણે ભારતમાં ૧૮ વર્ષથી નીચેનાં ૪૩૦ લાખ બાળકો છે, જે દુનિયામાં પ્રથમ સ્થાને છે. વિશ્વની હરોળમાં પ્રત્યેક છઠ્ઠું બાળક ભારતીય છે. આટલી વિશાળ સંખ્યામાં બાળકોનું હોવું એ ઈશ્વરીય વરદાન છે, પણ આ બાળકોની સ્થિતિ કરુણાજનક છે. વિશ્વસનીય માહિતી અનુસાર ભારતમાં પ્રત્યેક બીજું બાળક કુપોષણનો શિકાર હોય છે! પ્રત્યેક એક હજાર જીવતાં જન્મતાં બાળકોમાંથઇ ૪૭ બાળકો એક વર્ષ પહેલાં મૃત્યુ પામે છે. ૬ થી ૩૫ મહિનાની ઉંમરવાળા પ્રત્યેક પાંચમાંથી ચાર બાળક એનેમિક હોય છે. ૧૫ થી ૧૯ વર્ષની વયના ૩૦% તરૂણ અને ૪૫ તરૂણીઓ એનેમિક હોય છે અને ૪૫% તરૂણીઓનાં લગ્ન ૧૮ વર્ષની ઉંમર પહેલાં કરી દેવામાં આવે છે.

તેમ છતાંયે મોટાભાગનાં બાળકોની શાળામાં ભરતી કરવામાં આવે છે, જોકે અધવચ્ચે શાળા છોડી જનારનો આંક ઉંચો છે! રાષ્ટ્રીય કક્ષાએ, આરંભિક સ્તરે શાળા છોડી જનારનો આંક ૪૦% છે. વિદ્યાર્થીઓમાં તરુણીઓનો આંક ૬૩.૫ % છે. ભારતમાં ૧૬.૬% સાર્વજનિક શાળાઓમાં પીવાના પાણીની સગવડ નથી. ૧૧.૮% બાળકો કોઈને કોઈ પ્રકારની બાળમજૂરીમાં રોકાયેલાં છે.

વાસ્તવિક આંક આથી પણ ઉપર હોઈ શકે? ગરીબીની રેખા નીચે જીવતાં માબાપનાં આ સંતાન છે. દોન બોસ્કોની સંકલ્પના પ્રમાણે આ એજ બાળકો છે, જેમાં પ્રભુ આપણી રાહ જુએ છે. અવદશાના આ પડકાર સામે આપણે નાહિંમત કે ઉત્સાહભંગ થવાની જરૂર નથી. આપણી નિષ્ઠા-આપણી પ્રાથમિકતા, યુક્તિપ્રયુક્તિ, પસંદગી વગેરેનું પુનઃ મૂલ્યાંકન કરીએ જેથી 'યુવાસાથી' બની, શક્ય તેટલા યુવાનો સુધી પહોંચી શકીએ. યુવાનો જ સલેશિયનની અસ્મિતાનું કારણ હોય, વળી વડાધર્મગુરુએ ભારપૂર્વક આગ્રહ બોધ કર્યા છે, રેક્ટર મેજરે વિનંતી કરી હોય તે સંજોગોમાં યુવાનો દુનિયામાં સર્વોત્તમ રીતે ઉભરી આવે એ જ આપણી અપેક્ષા.

*Courtsy: Salesian Udhyam: Vol No. 44*
*'The four Pillar of for Bosco's Spiritualit' Bosco*




# આહ્‌વાન : નેતૃત્વનો અભાવ કેમ?

✍ સંકલન: સહતંત્રી

*સમાજમાં નેતૃત્વનો અભાવ ખટકે છે, 'આહ્‌વાન'ના પ્રતિસાદમાં પણ અભાવ જોવા મળ્યો છે. ખેર, જેમણે આમંત્રણનો સ્વીકાર કર્યો તેમનો હૃદયપૂર્વક આભાર.*



**નેતૃત્વનું મહત્ત્વ :** કહેવત છે કે, "જેનો સેનાપતિ આંધળો તેનું કટક કૂવામાં પડે." હાલના સંગઠનના યુગમાં પ્રભાવશાળી નેતૃત્વ ન મળે તો સંગઠન કે સમાજ નબળો સાબિત થાય છે. કોઈપણ સમાજની સફળતા કે નિષ્ફળતાનો આધાર તેના નેતા ઉપર હોય છે. યોગ્ય અને અનુભવી નેતાઓએ વિશ્વનો ઈતિહાસ બદલી નાંખ્યો છે. નેપોલિયન બોનાર્પાટ, ગાંધીજી, ઈન્દિરા ગાંધી, અબ્રાહામ લિંકન વગેરે સબળ નેતૃત્વનાં ઉત્તમ ઉદાહરણો છે. નેતૃત્વ પ્રત્યેક સમાજની એક ગતિશીલ શક્તિ છે. નેતૃત્વ પોતાના સમાજને અસર કરવાની, પ્રભાવિત કરવાની કળા છે. નેતૃત્વ સમાજના સભ્યોને લક્ષ્યપ્રાપ્તિ ભણી પ્રેરિત કરે છે, અને લક્ષ્યપ્રાપ્તિ સુધી દોરી જાય છે.

વાસ્તવમાં નેતૃત્વ એ અન્યને પ્રભાવિત કરી તેમની પાસેથી ઈચ્છિત કાર્ય સ્વેચ્છાપૂર્વક કરાવી શકવાની ક્ષમતા છે. સમાજિક વિજ્ઞાન શબ્દકોષ અનુસાર 'નેતૃત્વ એટલે વ્યક્તિ અને સમૂહ વચ્ચેના એવા સંબંધો કે જેમાં સામાન્ય હિત માટે બંને ભેગાં મળે છે તથા અનુયાયીઓનો સમૂહ એ વ્યક્તિના નિર્દેશ આદેશ અનુસાર કાર્ય કરે છે.' લિવિંગ્સ્ટનના મતાનુસાર 'નેતૃત્વ લક્ષ્યપ્રાપ્તિ માટે પ્રત્યાયનના માધ્યમથી પરસ્પર પ્રભાવ પાડવાની યોગ્યતા છે.' નેતૃત્વ વ્યક્તિના વ્યવહારનો એ ગુણ છે જે દ્વારા એ સામૂહિક પ્રયાસોમાં જોડાયેલા લોકો યા તેમની પ્રવૃત્તિઓનું માર્ગદર્શન કરે છે. નેતૃત્વ એવો ગુણ છે જે દ્વારા અનુયાયીઓના એક સમૂહ પાસે ઈચ્છિત કાર્ય સ્વેચ્છાપૂર્વક અથવા કોઈપણ દબાણ વગર કરાવી શકાય છે.

નેતૃત્વનું મહત્ત્વ : ૧) નેતૃત્વ સમાજના હેતુઓ લક્ષ્યોની સિદ્ધિ માટે જુદાં જુદાં કાર્યો અને વ્યક્તિઓને એક સૂત્રતામાં બાંધે છે. ૨) નેતૃત્વ સમાજના વ્યક્તિઓની સુષુપ્ત શક્તિઓને બહાર લાવે છે. તેમની સર્જનાત્મક્તાને પ્રેરે છે અને વિકસાવે છે. ૩) નેતૃત્વને પરિણામે પરસ્પર મધુર સંબંધો સ્થપાય છે. કુશળ નેતૃત્વના અભાવમાં વ્યક્તિઓ વચ્ચે ખોટી સ્પર્ધા, દ્વેષભાવના વિવાદ સર્જાય છે, અને સમાજની લક્ષ્યસિદ્ધિ અવરોધાય છે. ૪) નેતૃત્વ સમાજના વ્યક્તિઓને સંગઠનના ઉદ્દેશો પ્રતિ નિષ્ઠાવાન બની રહેવા પ્રેરક બને છે. ૫) સમાજની સફળતા અને સેવારત વ્યક્તિઓના વિકાસમાં કુશળ નેતૃત્વનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેલું છે. ૬) કુશળ નેતૃત્વ જ વ્યક્તિની દૃષ્ટિ વ્યાપક બનાવે છે, ઉર્ધ્વગામી બનાવે છે. ઉત્કૃષ્ટતા પ્રદાન કરે છે અને અપાર ક્ષમતાવાળા વ્યક્તિનું નિર્માણ કરે છે.

નેતૃત્વનાં ઉપર્યુક્ત પાસાંઓને નિહાળતાં આપણા સમાજમાં નેતૃત્વની સો ટકા કમી ગણાવી શકાય. રાજકારણમાં તો આપણા સમાજનું પ્રતિનિધિત્વ કરી સામાજિક પ્રશ્નો રજૂ કરનાર કોઈ જ નથી. વળી, કમનસીબી તો એ છે કે, હવે સમાજિક રીતે પણ એકતાના અભાવે મીંડા સર્જાયાં છે. તેથી સામાજિક એકતાનાં અભાવે સમાજમાં પણ નેતૃત્વની ખામી વર્તાઈ રહી છે.

સાચે જ સાંપ્રત સમયમાં પરિસ્થિતિ નેતૃત્વના અભાવે વધુ વણસી ચૂકી છે. હજુ પણ મોડું થયું નથી. પરિસ્થિતિ કાબૂ બહાર નથી, સામાજિક એકતા કેળવીએ અને સમાજમાંથી નેતૃત્વ ઉભું કરીએ. નડીઆદ મિશન રોડ, પશ્ચિમ વિસ્તાર મહ્દઅંશે ખ્રિસ્તી ધર્મજનોથી સભર છે. છતાં પણ નગરપાલિકામાં સભ્ય તરીકે એક પણ ખ્રિસ્તી વ્યક્તિને ચૂંટી શકતો નથી. આજ બતાવી આપે છે કે, જ્યાં સામાજિક એકતા નથી ત્યાં નેતૃત્વની વાતો પોકળ સાબિત થાય છે. કૂવામાંના દેડકાં અને ટોપલામાંના કરોળિયાવાળી વાતોમાંથી બહાર નીકળવાનો સમય પાકી ચૂક્યો છે. જો મોડું થશે તો આવનારી પેઢી આપણને કદાપિ માફ નહિ કરે.

તાજેતરમાં જ દેશમાં/વિશ્વમાં યોગ દિવસ ઉજવાયો. મુસ્લિમલિગની કમિટિએ સરકારને સ્પષ્ટ જવાબ આપ્યો કે અમારાં બાળકો સૂર્યનમસ્કાર અને ઓમકાર પ્રાણાયામ હરગિજ નહિ કરે. પરિણામે આપણી સમક્ષ છે. આખરે સરકારે ઝૂકવું પડ્યું. બંને પ્રાણાયામને યોગ દિવસમાંથી મોકૂફ રખાયા. દેશમાં આપણી ધાર્મિક સંસ્થાઓ, સાધુ-સાધ્વીઓ ઉપર અત્યાચાર, બળાત્કાર, લૂંટ અને ખૂન સુદ્ધાંની ઘટનાઓ ઘટી રહી છે. ત્યારે મૌન રેલીથી વિશેષ કશુંજ કરી શકતા નથી. આપણા સમાજના કોઈ જ આગેવાન આગળ આવીને પોતાની સ્પષ્ટ વાત જાહેરમાં રજૂ કરી શકતા નથી, કે જેની સરકાર ઉપર તરત જ અસર પડે. અંદરો અંદરની પક્ષાપક્ષીથી જ આપણે બહાર આવી શકતાં નથી. અહીં જ આપણને નેતૃત્વની કમી ખલે છે. ખુદ પ્રભુ ઈસુએ પણ મંદિરમાં વેપાર કરનારાઓની આગળ ચાબખા વીંઝીને આપણને ઉત્તમ નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સાચે જ, જ્યારે પાણી હદની ઉપર થઈને વહેવાની શરૂઆત કરી રહ્યું હોય ત્યારે ચોક્કસ નેતૃત્વનાં પરિબળો વિશે વિચારવું જ રહ્યું. આપણા પોતાના વિસ્તારમાંથી ઉત્તમ નેતૃત્વ પૂરું પાડવાનો પ્રયત્ન કરીએ. સહિયારો પુરુષાર્થ આદરીશું તો ચોક્કસ સફળ નીવડીશું. આગામી સમયમાં ઉત્તમ નેતૃત્વ પૂરું પાડીને સમાજને એક ચોક્કસ દિશા તરફ લઈ જવામાં આપણું યોગદાન પૂરું પાડીએ. જો આપણે સૌ ઉપયુક્ત દિશામાં પ્રયત્ન આદરીશું તો ઈસુએ કલ્પેલ પ્રેમ, શાંતિ અને એકતાના રાજ્યને સ્થાપી શકીશું. આવો, સૌ ભેગાં મળી ભગીરથ પ્રયત્ન કરીએ.

— સંજય વાઘેલા



**નેતૃત્વના ગુણો :** "અનંત ધૈર્ય, અનંત પવિત્રતા અને અનંત ખંત, એજ કોઈપણ શુભ નેતૃત્વમાં સફળતા પ્રાપ્ત કરવાનું રહસ્ય છે"- — સ્વામી વિવેકાનંદ

નેતૃત્વ એટલે આઝાદીકાળ પછીનાં ઘણાં વર્ષો પછી આપણા સમાજમાં નેતૃત્વનાં બીજ રોપાયાં નથી અને ક્યાંક રોપાયાં છે તો જલ્દી કરમાઈ જતાં પણ જોઈ શક્યા છીએ. નેતૃત્વનાં બે પ્રકાર પાડી શકાય. એક સકારાત્મક અને બીજુ નકારાત્મક નેતૃત્વ. જેમાં નકારાત્મક નેતૃત્વનું પલ્લું ભારે જોવા મળે તેનો ખેદ છે. સાચું નેતૃત્ત્વ એટલે બહુજન સમાજનું કલ્યાણ કરતું હોવું જોઈએ તે સફળ નેતૃત્વની પારાશીશી છે.

વ્યક્તિને નેતૃત્વ અપાવતા મુખ્ય ગુણોની ચર્ચા કરીએ.

૦ વ્યક્તિ પોતે કરેલા કાર્ય માટે ગૌરવ અનુભવતો હોય ૦ હંમેશા સાચા ગુરુની શોધમાં તડપતો હોય. ૦ દૃઢતાની શક્તિ દબદબો ધરાવતો હોય. ૦ મેળવ્યા કરતાં આપવામાં વધુ આનંદ લેતો હોય. ૦ હકારાત્મક શ્રદ્ધા અને વિશ્વાસથી સંપૂર્ણ હોય. ૦ શુદ્ધ ચારિત્ર્યવાનથી જીવન જીવતો હોય. ૦ અથાગ પરિશ્રમી અને ઉદ્યમી હોય. ૦ જવાબદારપૂર્વક દરેક કાર્યને ન્યાય આપતો હોય. ૦ વચન બદ્ધતાથી કટિબદ્ધ હોય. ૦ નિતિમતા, પ્રામાણિક્તા તથા શાણપણનાં આધારે વચનો આપતો હોય.

ઉપરોક્ત ગુણોથી ભરેલો વ્યક્તિ કે સમાજ સફળ નેતૃત્વ કરવા સક્ષમ હોય જેમાં બેમત નથી. ચાલો, આપણી વાત કરીએ. આપણા સમાજમાં વ્યક્તિ અભ્યાસ ક્ષેત્રે પ્રસંશનીય પ્રગતિ સાંધી છે. જે ગૌરવ લેવા જેવી બાબત છે. પણ એ પોતા પૂરતી, કુટુંબ પૂરતી જ સિમિત બની ન રહેતા, સમાજનાં ફલક પર દૈદિપ્યમાન પ્રવર્ત તે ઈચ્છનીય છે. વ્યક્તિ નેતૃત્વની વાત આવે એટલે હાંજા ગગડી ગયા તેવી પરિસ્થિતિમાં મૂકાય જાય છે. આજે વિશ્વ ઈન્ટરનેટ અને કોમ્પ્યુટર યુગ તથા વોટસએપથી ઘણું નાનું બની ગયું છે. એક વ્યક્તિનું સફળ નેતૃત્વ ગણતરીની સેંકડોમાં ઘણાંને ઉપયોગી બની શકે. પણ નકારાત્મક નેતૃત્ત્વ સમાજ, વ્યક્તિ અને વિશ્વને પાયમાલ કરી દેતાં વાર નથી લાગતી. બિભત્સ અને બિનજરૂરી SMS વ્યક્તિની અંદર રહેલો ભયાનક શેતાન બેવડા જોરથી વ્યક્તિનું વરવું રૂપ ધારણ કરે છે. આ એક નેતૃત્વનો અભાવ ગણાવી શકાય કે નહિ?!

આઝાદી અપાવનાર ગાંધી બાપુની કાર્યશૈલી જ સફળ નેતૃત્વની ગુરુચાવી હતી. તેમણે પોતાનાં જીવનથી જ આમ જનતાને સફળ નેતૃત્વ પુરું પાડી ભારત દેશને મહામૂલી આઝાદી અપાવી હતી. નહિ વાક્યુદ્ધ કે બોધકથાઓથી... "મારું જીવન એજ સંદેશ" - ગજબનો સંદેશ. "કહેવા કરતાં કરવું સારું", સત્ય એજ પરમેશ્વરનાં બુલંદ વિશ્વાસ થકી મહાત્મા ગાંધીનાં સફળ નેતૃત્વને ક્યાંય આંચ આવી નથી. નેતૃત્ત્વ એટલે બીજા પર્યાયમાં અદકેરું જીવન... ભાષણો, સભાઓ, વચનોથી ખદબદતાં નેતૃત્વને ગાંધીજીનાં "સત્યનાં પ્રયોગો" વાંચી લેવાની વણમાગી સલાહ!

પ્રભુ ઈસુનું જીવન નેતૃત્વની દીવાદાંડી છે. આજે ૨૦૦૦ વર્ષ પછી પણ બાઈબલમાં આલેખાયેલ શુભસંદેશનાં વચનો અસરકારક લાગે છે. કારણ પ્રભુનું જીવન જ નેતૃત્વદાયી હતું. જેથી જીવન-મરણનો ભયંકર ખેલ વચ્ચે પ્રભુ મરાયા, દટાયા અને પુનરુત્થાન પામ્યા તે સફળ નેતૃત્વના જબરદસ્ત પૂરાવો પછી બાઈબલમાં આલેખાયેલ શુભસંદેશનાં વચનો અસરકારક લાગે છે. નેતૃત્વમાં ડર, થાક, અવિશ્વાસ, બિનજવાબદારી, દુઃખ, અશ્રદ્ધા, ચારિત્ર્યહિનતા, આળસુપણું, અપ્રમાણિકતા, બીજાને નુકસાનને સ્થાન નથી. પ્રભુ ઈસુનાં નેતૃત્વવે આજદિન સુધી આપણે પિછાન્યુ નથી તે શરમજનક બાબત ગણાવી શકાય. મંદિરનાં ચૌટામાં વેપાર કરતાં વેપારીઓને પ્રભુએ દુઃખિત હૃદયે ફટાકારવા પડ્યા છે અને લાખો લોકોને સાજાપણાં થકી કલ્યાણકારી કાર્યો પણ કર્યા જે સફળ નેતૃત્વનું સીમાચિહ્‌ન બની રહે છે. સાચો નેતા બીજાને માફી આપવામાં કોઈ કચાશ છોડતો નથી. સાચો નેતા એટલે Forgive & Forgetમાં માનનારો હોવો જોઈએ.

છતાં આપણા સમાજમાં નેતૃત્વનો અભાવ કેમ? આપણું સામાજિક નેતૃત્વને કોનો લૂણો લાગ્યો છે! જો સામાજિક નેતૃત્વની આવી દશા તો રાજકીય ક્ષેત્રની વાત દૂર રહી! ટાંટિયાખેંચ અને ખુરશીદાવની રમત છોડી એકતામાં જ નેતૃત્વનું પ્રગટીકરણ શક્ય છે. નેતા માત્ર એક જ હોય પણ અન્યોએ સાથસહકાર, સહયોગ આપી નેતાને ટકાવી રાખવો તે હવે જરૂરી બન્યું છે. બોલો, મિત્રો રાજા મોટો કે રાજાને બનાવનાર મોટો??? આપણે બધાં રાજાને (નેતાને) બનાવનાર છીએ એટલે King maker ચાલો સૌ ગર્વ લઈ હાથમાં હાથ મિલાવી સફળ નેતૃત્વનાં મંગલાચરણ કરીએ. પહેલાં ઘરમાં-કુટુંબમાં-ફળિયામાં-ગામમાં-ધરમવિભાગમાં-જગમાં. સંન્યસ્ત વર્ગને પણ વિનંતી કે લોકોને જવાબદારી, નેતૃત્વ સોંપીએ. હવે તમે ક્યાં સુધી જવાબદારીઓ વહન કરશો. સમાજને પ્રાધાન્ય આપો. ભૂલો થશે તો સુધરશે. પણ સારા નેતૃત્વવાળા નેતાની કમી નહિં રહે... અંતે —

"I Suppose Leadership at one time meant muscles : but today it means getting along with People."

"સ્નાયુબળ એક સમયે લીડરશીપ તરીકે ઓળખાતું, પરંતુ હવે લીડરશીપ એટલે બધાને સાથે રાખીને ચાલવું" — ઈન્દિરા ગાંધી

— રજનીકાંત જોસેફ રાઠોડ



'દૂત' સ્વયંસેવક **સ્વ. જોનભાઈ સિમોનભાઈ મેકવાન** (સેંટ મેરીસ કોલોની) નડીયાદમાં, ૧૯૮૫ થી ઘરે ઘરે 'દૂત' પહોંચાડતા હતા. તા. ૧૯-૦૭-૨૦૧૫ના રોજ લાંબી માંદગી બાદ તેમનું દુઃખદ અવસાન થયું છે. 'દૂત' તેમના પરિવારને દિલાસો પાઠવે છે. પ્રભુ તેમના આત્માને પરમવિરામ અને શાશ્વત શાંતિ અને પરિવારજનોને આશ્વાસન આપે. 'દૂત' પરિવાર તેમની સેવાની કદર કરે છે.

- ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ



**પરમેશ્વરની કૃપાનું નેતૃત્વ :** નેતૃત્વની વાત કરીએ તો ખ્રિસ્તી સમાજ સામે સળગતો પ્રશ્ન છે કે આપણે દુનિયા સાથે કદમ મીલાવી શકતા નથી. કેમ? કારણ છે સમાજમાં નેતૃત્વનો અભાવ. નેતૃત્વનો અભાવ શાથી છે? તેનો જવાબ છે આગેવાનોની પસંદગીમાં રહેલી કચાશ.

પ્રાચીન સમયમાં નેતાઓની પસંદગી દેવ પોતે કરતા હતા. યિર્મેયાહ બીકણ અને નબળું પાત્ર હોવા છતાં દેવે તેને પસંદ કરતાં કહ્યું કે, "પ્રજાઓને સારું મેં તને પ્રબોધક નીમ્યો છે." મિદ્યાની લોકોના ત્રાસથી તદ્દન કંગાલાવસ્થામાં આવી પડેલી ઈઝરાયેલી પ્રજાને બચાવવા માટે દેવે ગિદિયોનને પસંદ કર્યો. ગિદિયોન ગરીબ અને ઘરમાં સૌથી નાનો હતો. છતાં દેવે તેને કહ્યું, "જા, ને મિદ્યાનીઓના હાથમાંથી ઈઝરાયેલી પ્રજાને બચાવ." દેવની કૃપાથી પસંદ કરેલાં માત્ર ત્રણસો સૈનિકો વડે મિદ્યાનીઓને કેવી રીતે નસાડ્યા તે જાણીતી વાત છે. ફારુન રાજાના ત્રાસમાંથી ઈઝરાયેલીઓને છોડાવવા માટે દેવે બળતા ઝાડવાની જ્વાળાઓમાં મુસાને દર્શન દીધું અને તેને ફારુન રાજા પાસે મોકલ્યો. આવાં તો અસંખ્ય ઉદાહરણ છે જેમાં દેવે પસંદ કરેલા નેતાઓના સફળ નેતૃત્વ નીચે પ્રજાઓ શાંતિથી જીવતી હતી.

વર્તમાન સમયમાં સફળ નેતૃત્વના અભાવનું મુખ્ય કારણ નેતાઓની પસંદગીની રીત છે. નેતાઓની પસંદગીના ધોરણોમાં આત્મિક અને સાંસ્કારિક ગુણો તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. તેને બદલે વ્યક્તિની આર્થિક સદ્ધરતા, લાલચ, ધાકધમકી, શેહશરમ, લાગવગ, લાંચ જેવાં પરિબળોને મહત્ત્વ આપવામાં આવે છે. પરિણામે એક જ સમુદાયના લોકોમાં પણ કુસંપ, વેરઝેર, ઈર્ષા, બદલો લેવાની ભાવના જેવી વૃત્તિઓ પ્રવેશી ગઈ છે. પ્રેમભાવના લુપ્ત થઈ રહી છે. નેતા પોતાના હોદ્દાનો ઉપયોગ સ્વાર્થ માટે કરતો હોય છે. સમર્પણ કે ત્યાગની ભાવના રહી નથી.

નેતા સમાજને નુકસાનકારક કાર્ય કરતો હોવા છતાં પ્રજા તરફથી કોઈ વિરોધ થતો નથી. કેમકે કોઈની પાસે સમય નથી. નોકરી-ધંધા સાચવવાનાં છે. કૌટુંબિક પ્રસંગો બાકી છે. આવી લમણાકૂટમાં ક્યાં પડવું? આવા વિચારો ધરાવતી મોટાભાગની જનસંખ્યા ચૂપ બનીને બેસી રહે છે. જો કે આજેપણ એવા નેતાઓ છે, જે સમાજના ઉત્કર્ષ માટે તન, મન, ધનથી કાર્ય કરી રહ્યાં છે. પરંતુ સત્ય માટે સમર્પિત થયેલા નેતાઓને મોટે ભાગે સહન કરવાનું આવે છે. અસત્ય વાતોને દબાવી દઈ અન્યાયી નેતાઓને પડદા પાછળથી સહકાર મળતો જ રહેતો હોય છે. આવી બાબતોને દૂર કરવા યોગ્ય પગલાં નહિ લેવાય તો ધીમે ધીમે તે વટવૃક્ષ બની જશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પણ સડો લાગી ચૂક્યો છે. પોતાની અસત્ય બાબતોને ન છોડવાની મનોવૃત્તિ ધરાવતા આગેવાનોની આત્મિક નબળાઈ છતી થયા વિના રહેતી નથી જ. આમ નેતૃત્વના અભાવનું મૂળ કારણ અયોગ્ય વ્યક્તિની પસંદગી જ છે.

તો... સફળ નેતૃત્વ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ? ખાસ કરીને નીચેની બાબતો ધ્યાનમાં રાખીને નેતા પસંદ કરવો જોઈએ.

૧. નેતાની પસંદગી કરતા પહેલા પ્રાર્થના દ્વારા ઈશ્વરની સહાય મેળવવી જોઈએ,
૨. નેતા સહનશીલ અને ધાર્મિક હોવો જોઈએ.
૩. તેનું હૃદય ઈર્ષા, વેરઝેર અને બદલાની ભાવનાવાળું નહિ પણ નિખાલસ અને ગુસ્સાને કાબુમાં રાખનાર હોવું જોઈએ.
૪. તે દ્રવ્યલોભી ન હોવો જોઈએ. આત્મિક ગુણવાળો હોવો જોઈએ.
૫. સ્વભાવે તે નમ્ર, પ્રેમાળ, નિરભિમાની, વિશ્વાસુ, મીઠી વાણી બોલનાર તથા શાંતિપ્રિય હોવો જોઈએ.
૬. સત્યને જ વળગી રહેનાર અને તે માટે સહન કરનાર હોવો જોઈએ.
૭. અસત્ય, અસભ્ય કે કંટાળાજનક વાણી ઉચ્ચારનાર ન હોવો જોઈએ.
૮. ત્વરિત નિર્ણયશક્તિમાં બાહોશ હોવો જોઈએ.
૯. સહકારથી કાર્ય કરવાની, પ્રેમથી લોકોને એકતાના બંધનમાં બાંધી રાખવાની અને ગર્વરહિત દોરવણી આપવાની ક્ષમતાવાળો હોવો જોઈએ.
૧૦. કોઈપણ પ્રકારના વ્યસનની બદીમાં ફસાયેલો ન હોવો જોઈએ.

ઉપરની બાબતોને ધ્યાનમાં રાખીને નેતાની પસંદગી કરવા માટે ખ્રિસ્તી જનતા જાગૃત બનશે તો સમાજને સફળ નેતૃત્વ સાંપડશે જ તેમાં શંકાને સ્થાન નથી.

— ક્લેરા ક્રિશ્ચિયન ('સોનેરી બાલવાડી' તંત્રીમંડળ સભ્ય)


## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૫-૨૦૧૬

ભારત સરકાર માન્ય કોર્સીસ

INC, KNC, KSNEB, RGUHS માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3½ વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોર્મસ, સાયન્સ) ઈંગ્લીશ સાથે | રૂા. ૪૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૫,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૬૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| M.Sc. નર્સિંગ | ૨ વર્ષ | B.Sc./P.c.B.Sc. પાસ | રૂા. ૧,૦૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
* એજ્યુકેશન લોન મળશે
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા સ્કૂલ
* ગુજરાતી જમવાનું

સંપર્ક કરોઃ- રાજેશભાઈ

**રીચ એજ્યુકેશન ગાઈડ**

૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે,
સિયોનનગર, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮

**મો. ૯૮૭૯૯ ૧૯૦૯૧, ૯૩૨૭૪ ૮૮૫૦૧**

# યુવાચાહકની મુલાકાત

✍ સહતંત્રી



*સમગ્ર ધર્મસભા અને વિશેષમાં વિશ્વ સલેશિયન પરિવાર, સંત દોન બોસ્કોનો જન્મ દ્વિશતાબ્દી (૧૮૧૫-૨૦૧૫) મહોત્સવ ઉજવે છે ત્યારે સલેશિયન મુંબઈ પ્રાંતના પ્રાન્તાધ્યક્ષ સલાહકાર અને ગુજરાત સલેશિયન પરિવારના વરિષ્ઠ-અનુભવી તથા દોન બોસ્કો સોસાયટી કપડવંજના રેક્ટર ધર્મગુરુ આઈવન ડી'સોઝાની ૧૮ જૂન, ૨૦૧૫ના રોજ 'દૂત' પરિવારની એક મુલાકાત રજૂ કરી ગુજરાતમાં તેમના પ્રદાનની કદર કરવાનો પ્રયાસ કરીએ છીએ.*

સહતંત્રીઃ કોન્ગ્રેચ્યુલેશન ફાધર... આપના સંઘના સ્થાપક સંત દોન બોસ્કોની આપ સર્વ જન્મ દ્વિશતાબ્દી ઉજવી રહ્યા છો, 'દૂત' પરિવારનાં હાર્દિક અભિનંદન.

ફાધર આઈવન : શૈલેષભાઈ, તમને મળીને આનંદ થયો.

**સહતંત્રી : સંત દોન બોસ્કોની ૨૦૦મી વર્ષગાંઠની ઉજવણીને આરંભ ક્યાં, ક્યારે અને કેવી રીતે થયો?**

ફાધર : દોન બોસ્કોનો જન્મ ૧૬ ઓગસ્ટ, ૧૮૧૫માં થયો હતો, એટલે તેમનો જન્મ જયંતી દ્વિશતાબ્દી વર્ષનો આરંભ ગુજરાત ખાતે ૧૬ ઓગષ્ટ, ૧૯૧૪ના રોજ 'સ્નેહાલય' - વડોદરાથી એક સ્નેહસંમેલનથી કરવામાં આવ્યો છે શતાબ્દી વર્ષનું સમાપન ૧૬-૦૮-૨૦૧૫ના રોજ થશે, દોન બોસ્કોના જીવનકાર્યના નાભિકેન્દ્રમાં અસહાય યુવાનો હતા. એટલે ગુજરાતમાં પ્રત્યેક સલેશિયન સંસ્થા કોઈને કોઈ રીતે યુવા ઉત્કર્ષની પ્રવૃત્તિ આદરે છે, પણ તે સૌમાં શિરમોર 'સ્નેહાલયા' છે, જ્યાં ઘરવિહોણા યુવાનોને છત્ર મળે છે, હૂંફ મળે છે, વિકાસની તક મળે છે, એટલે મહોત્સવનું પ્રમુખ કેન્દ્ર પણ 'સ્નેહાલયા' પસંદ કરવામાં આવ્યું.

આ દિવસે વડોદરા ધર્મપ્રાંતના આદરણીય ધર્માધ્યક્ષ ગોડફ્રી રોઝારિયોએ ભવ્ય ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. (વધારે વિગત માટે જુઓ 'દૂત' ઓક્ટોબર ૨૦૧૪ ધર્મગુર્જરીમાં વિશેષ અહેવાલ)

સંત દોન બોસ્કો અને સલેશિયન સંમેલનસંઘની કાર્યકારિણી દર્શાવતા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (રજૂકર્તા ફાધર આઈવન) ને આવકાર મળ્યો હતો. આધ્યાત્મિક પ્રતિપોષણ મેળવી પ્રત્યેક સલેશિયને - પુરોહિત પ્રતિબદ્ધતાના વ્રતનું નવીનીકરણ (રિલિજીયસ સલેશિયન કેરદો) કર્યું હતું. પ્રસંગને યાદગાર બનાવવા 'સંત બોસ્કોની નવ દિવસની ભક્તિ' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગુજરાતની સલેશિયન સંસ્થા તેમજ સ્નેહાલયાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો.

**છેલ્લાં ૩૧ વર્ષથી આપનો સંઘ ગુજરાતમાં સેવાવ્રત છે. શું આપ માનો છો કે આપને, આપના મિશનકાર્યમાં સફળતા મળી છે ખરી?**

સલેશિયન સંઘે ૧૯૭૪માં ગુજરાતમાં સેવાકાર્યનો આરંભ કર્યો હતો, ત્યારની પરિસ્થિતિ અને આજની પ્રગતિ જોઈ મારું અંતર, પ્રભુનો આભાર માને છે, હું એકલો જ નહીં, ઘણા બધા આ પ્રગતિ જોઈ-જાણી આનંદવિભોર બની ગયા છે. ગુજરાતમાં સેવાયજ્ઞની શરૂઆત પૂર્વના આદિવાસી વિસ્તારથી. મિશનરીઓનો તેમની વચ્ચે જોતાં તેઓ ઘરમાં-જંગલમાં ભરાઈ જતાં. ધીમે ધીમે વિશ્વાસ સંપાદન થયો. શિક્ષણનો આરંભ કર્યો. તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે મિશનરીઓએ શિક્ષણસેવાની જ્યોત સળગતી રાખી. સૈન્ય કે પોલિસમાં જોડાનાર યુવાવર્ગ આજે આંખને ઠારે તેવી જગ્યા પર એન્જિનિયર કે ડોક્ટર બની ગયો છે, કારકિર્દી માગદર્શને તેમને જીવન સફળતાની દિશાઓ ખોલી આપી. અંધશ્રદ્ધા, કુરીવાજ, શોષણમાં સબડતો સમાજ આજે સ્વમાનભેર જીવે છે. અમને આનંદ છે તેમનામાં જાગ્રત થયેલા સ્વમાનનો... આત્મવિશ્વાસનો, સ્વાવલંબનનો.

**ગુજરાતમાં આપના સંઘ દ્વારા કેવા પ્રકારની સેવા પ્રવૃત્તિ કરવામાં આવે છે?**

ગુજરાત દોન બોસ્કો સંસ્થાની સેવા પ્રવૃત્તિને ત્રણ વિભાગમાં વહેંચી શકીએ. ૧) આદિવાસી વિસ્તાર ૨) શહેરી અને ૩) ગ્રામીણ. ગુજરાતના પૂર્વ પટ્ટાના આદિવાસી વિસ્તારમાં છોટાઉદેપુર, ફતેપુરા, કવાંટ, નારુકોટમાં છાત્રાલય અને શિક્ષણ સંસ્થાઓ દ્વારા આદિવાસી બાળકોને મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો પ્રયાસ કરીએ છીએ. વડોદરા જેવા શહેરી વિસ્તારમાં ઔપચારિક શિક્ષણ સાથે જીવનરીતિથી દૂર ફેંકાય ગયેલા બાળકો-યુવાનોને આશરો આપી નવઉત્થાનનું કામ કરીએ છીએ. તો ગ્રામીણ ઈલાકામાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મહિલા ઉત્થાન (વધારે વિગત માટે જુઓ - બચતથી બની બળવત્તર 'દૂત' એપ્રિલ-૨૦૧૫)નું કામ સંસ્થા કરી રહી છે.

**બેરોજગારીના આ માહોલમાં સંસ્થા યુવાનોને રોજગારી મળે તે માટે કેવી સેવા પ્રવૃતિ કરે છે?**

યુવાનો આર્થિક રીતે આત્મનિર્ભર બને તે માટે કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલોપમેન્ટ (MORD) અંતર્ગત સમગ્ર ભારતમાં પચાસ હજાર યુવાનો પૈકી બે હજાર જેટલા ગુજરાતના યુવાનોને વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવી છે, જેમાંથી ૮૦% યુવાનોનું જોબ પ્લેસમેન્ટ કરવામાં આવ્યું છે. આદિવાસી યુવાનો માટે ફતેપુરામાં છાત્રાલય છે, જ્યાં રહીને યુવાનો તાલીમ-રોજગાર મેળવે છે. વળી બોસ્કો ટેક ઈન્ડિયાના સહયોગથી પણ રોજગારલક્ષી અભ્યાસક્રમ ચાલે છે.

### આપના કાર્યક્રમ પ્રતિ યુવાનોનો પ્રતિભાવ કેવો મળે છે?

સલેશિયન યુવાકાર્યક્રમમાં યુવાનો અદમ્ય ઉત્સાહથી જોડાય છે. લગભગ પ્રત્યેક કેન્દ્રમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન વર્ષમાં એકવાર યોજાય છે, તેમાં યુવાન-યુવતીઓ ઉમટી પડે છે, કેટલાક આવા સંમેલનની રાહ જુએ છે. યુવા હૃદયમાં સંસ્થા પ્રત્યેનો અનુરાગ જીવંત છે તેનું આ વાસ્તવિક ઉદાહરણ છે. આવાં સંમેલન સલેશિયન સંઘ અને યુવાવર્ગ વચ્ચે સંવાદ-સેતુનું કામ કરે છે. અહીં યુવાનોને તેમના ઉત્થાનના માર્ગે અદ્યતન માહિતી પૂરી પાડવામાં આવે છે. તેમને સાંભળવામાં આવે છે, તેમની સમસ્યાઓને સમજી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. ક્યારેક જરૂર પડે તો તાલીમ કાર્યક્રમનું પણ આયોજન થયું છે.

### ગુજરાત સલેશિયન પરિવાર, મુંબઈ સલેશિયન પ્રાંતના નેજા હેઠળ કાર્યરત છે. આ ઉજવણીના સંદર્ભમાં, પ્રાંતીય સ્તરે કેવા પ્રકારના કાર્યક્રમનું આયોજન આવ્યું છે?

સંત દોન જન્મ દ્વિશતાબ્દી દરમિયાન ત્રણ પ્રકારના કાર્યક્રમનું આયોજન થયું હતું. (અ) આધ્યાત્મિક (બ) સાંસ્કૃતિક (ક) એનિમેશન.

સંત જોન બોસ્કોની નવ દિવસની ભક્તિનું આયોજન દરેક કેન્દ્રમાં થયું હતું. ભક્તિ દરમિયાન સંત દોન બોસ્કોના જીવન આધારિત ધર્મોપદેશ પણ રાખવામાં આવ્યા હતા. યુવાનોને કેન્દ્રમાં રાખી ખો-ખો, ક્રિકેટ જેવી રમતગમત સ્પર્ધા રાખવામાં આવી હતી. રંગભૂમિ પર દોન બોસ્કો જીવન આધારિત નાટક અભિનય કરવામાં આવ્યું હતું. ઠેરઠેર ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘનું પુનઃગઠન કરવામાં આવ્યું હતું. સંતના જીવન આધારિત પ્રશ્નોત્તરી (ક્વિઝ), કારકિર્દી માર્ગદર્શન તેમજ વ્યક્તિત્વ વિકાસ ઘડતરના કાર્યક્રમનું સફળ આયોજન થયું હતું. દોન બોસ્કો - ડાકોર, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘે 'દોન બોસ્કો જન્મ દ્વિશતાબ્દી શિષ્યવૃત્તિ'ની જાહેરાત કરી છે. વર્તમાન વિદ્યાર્થીઓને જરૂરી માગદર્શન મળી રહે તે માટે તેઓ પ્રત્યેક વર્ષમાં ત્રણવાર મળશે. સૌથી મહત્વનું વલણ પરિવર્તન જોવા મળ્યું છે. યુવાનોને જે - શિક્ષણ, માર્ગદર્શન, આર્થિક સહયોગ - સાંપડ્યો છે તે હવે તેઓ પણ સેવા આપવા આગળ આવ્યા છે.

### સલેશિયન આધ્યાત્મિક એટલે શું?

પ્રત્યેક વ્યક્તિ-યુવાનને સંત બનવાનો સરળ માર્ગ એટલે જ સલેશિયન આધ્યાત્મિકતા. આ આધ્યાત્મિકતા ત્રણ સ્તંભ પર રચાયેલી છે. ૧) વિવેક (Reason) ૨. ધર્મ (Religion) ૩) કરુણાદ્ર પ્રેમ (Loving Kindness)

### આપનું ભાવિ આયોજન - વિશેષ યુવાનોના સંદર્ભમાં - કેવું છે?

૦ યુવાનોને કારકિર્દી માગદર્શન માટે, સર્વ ઠેકાણે પહોંચવા સઘન પ્રયાસ કરવો. ૦ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે હાથ મિલાવી યુવાનોને તાલીમ અને રોજગારી મળે તેવી કોશિશ કરવી. ૦ યુવાનો માટે કૌશલ્યવર્ધક (Skill training)ના કાર્યક્રમ હાથ ધરવા. ૦ દોન બોસ્કો જન્મજયંતી દ્વિશતાબ્દી વર્ષના સમાપન ટાણે દોન બોસ્કો યુવાનોના ચાહક - વિષય આધારિત ભજનની ડી.વી.ડી. બહાર પાડવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરે દિલ્હીમાં અને ગુજરાત સ્તરે યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે., જેમાં વિવિધ પ્રદેશ, ભાષા, સંસ્કૃતિના યુવાનોને એકમંચ પર લાવી તેમની સુષુપ્ત શક્તિને બહાર લાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે. ૦ દોન બોસ્કો જન્મજયંતી દ્વિશતાબ્દી સ્મારકરૂપે આમોદર (વડોદરા જિલ્લો)માં યુવાનોના સર્વાંગી વિકાસ માટે એક સંકુલ ઉભું કરવાનું વિચારાધીન છે.

### આ ટાણે, ગુજરાતની ધર્મસભા માટે આપનો સંદેશ આપશો?

૩૧ જાન્યુઆરી, ૧૯૮૮ (૧૮૮૮-૧૯૮૮). સંત દોન બોસ્કોની પુણ્યતિથિના શતાબ્દી પ્રસંગે, આપણા સ્વ. વડાધર્મગુરુ સંત યોહાન પોલ બીજાએ, દોન બોસ્કોને યુવાનોના પિતા અને ગુરુ તરીકે નવાજ્યા હતા, એ જ સંત જોન બોસ્કો ગુજરાતના યુવાનોના પિતા અને ગુરુ બની રહે તેવી અમારી અભ્યર્થના. દોન બોસ્કોની 'અગમચેતી શિક્ષણ પ્રણાલી'થી આપણાં પરિવારો. શિક્ષણ સંસ્થાઓ પરિચિત થાય અને તેનો બાળકો-યુવાનોના ઘડતરમાં ઉપયોગ કરે, એવો મારો નમ્ર અનુરોધ છે. દોન બોસ્કોના અદમ્ય ઉત્સાહથી પ્રત્યેક શ્રદ્ધાળુ આપણા ગોવાળનું અનુકરણ કરે એવી અમારી પ્રાર્થના. સર્વને દોન બોસ્કોની મધ્યસ્થીથી કૃપાદાન મળે એવી શુભેચ્છા.

સહતંત્રી : આ મુલાકાત માટે આપનો ખૂબ આભાર, ગુજરાત સલેશિયન પરિવાર થકી સૌને ઈશ્વરનાં સંતાનનું ગૌરવ પ્રાપ્ત થાય એવી અમારી પ્રાર્થના. ફરી એકવાર ગુજરાતની ધર્મસભા વતી સમગ્ર સલેશિયન સંઘને હાર્દિક અભિનંદન. શુભેચ્છા. ●






અભિનંદન

**પ્રમુખ**
**પ્રદિપકુમાર કે. રાઠોડ**

**ઉપપ્રમુખ**
**મનોજકુમાર જે. મેકવાન**


કર્ણાવતી ગ્રાહક સુરક્ષા સમિતિના આણંદ જિલ્લાના પ્રમુખ તરીકે શ્રી પ્રદિપકુમાર અને ઉપપ્રમુખ તરીકે શ્રી મનોજકુમાર નિમણૂક થવા બદલ અને 'આવતીકાલ' સાપ્તાહિકમાં આણંદ જિલ્લાના ચીફ બ્યુરો તરીકે નિમણૂક થવા બદલ અભિનંદન.

લિ.

**કાન્તિલાલ એ. રાઠોડ**
**જયેશકુમાર વી. બેડવાવાળા**
**પ્રિયેશકુમાર કે. રાઠોડ**
**રેગીનાબેન કે. રાઠોડ**

**સીમાબેન એમ. મેકવાન**
**અવનિકા જે. બેડવાવાળા**
**સેજલબેન કે. રાઠોડ**
**એન્જલ, એન્જિલ**

એ/૧૦, પ્રાર્થના પાર્ક, સેંટ ઝેવિયર્સ સ્કૂલ પાછળ, ચાવડાપુરા-જિંટોડીયા, તા.આણંદ



# શ્રદ્ધાંજલિ

## સ્વ. ધર્મગુરુ પ્રસાદ ઈ.સ.

૨૪ જૂન, ૨૦૧૫ સમગ્ર ધર્મસભા જ્યારે સ્નાનસંસ્કારક યોહાનનો જન્મદિવસ ઉજવી રહી હતી ત્યારે ફાધર પ્રસાદ ઈ.સ.નો સ્વર્ગમાં જન્મ થયો. ૮ નવેમ્બર, ૧૯૫૨માં જન્મેલા ઓસ્ટિનનો સ્નાનસંસ્કાર સેંટ માયકલ ચર્ચ, માહિમ-મુંબઈમાં થયો હતો. મમ્મી અને પપ્પા એમ બન્ને પક્ષે અમે પિત્રાઈ ભાઈઓ. ઓક્ટોબર, ૧૯૫૯માં જ્યારે મારા કાકા જોનનું મૃત્યુ થયું ત્યારે, માસી થેરેસાને ચાર બાળકોને ઉછેરવાની કપરી જવાબદારી માથે આવી. મારા પપ્પા આમેય ઓસ્ટિનના ધર્મબાપ તો હતા જ હવે, બીજા પપ્પા બની ગયા અને ઓસ્ટિન મારા મોટાભાઈ. મારા પપ્પા તેમના સ્વ. ભાઈનાં વખાણ કરતાં થાકતા નહીં. તેઓ ખૂબજ હોંશિયાર, અનેક વિષયના જાણકાર હતા. મને લાગ્યા કરતું કે, મોટાભાઈમાં, તેમના સ્વ. પપ્પાના તમામ ગુણો ઉતરી આવ્યા છે.' પ્રસાદભાઈનો બુદ્ધિ આંક ખૂબ ઉંચો હતો, કઈ આવડત તેમનામાં ન હતી, તે જાણવું અઘરું હતું!

ઓસ્ટિન જ્યારે મુંબઈ છોડી, માધ્યમિક શિક્ષણ માટે લોયલા હોલ - અમદાવાદ (૧૯૬૬-૬૯) માટે આવ્યા ત્યારે મને દુઃખ લાગ્યું હતું, પણ જૂન ૧૯૭૧માં પ્રેમલ જ્યોતિમાં તેમના પ્રથમ વ્રતનો અનુભવે મને ગુર્જરભૂમિની હાકલ મળી હતી. ઓસ્ટિને ઝૂઓલોજીમાં અમદાવાદમાં સ્નાતક અને ત્યારબાદ અનુસ્નાતક ઉપાધિ ચેન્નાઈમાં પ્રાપ્ત કરી. 'મારું હૃદય, કેવળ તમને ઝંખે છે પ્રભુ, તમારામાં વિરામ પામવા તલસે છે હે પ્રભુ' એ સંત અગુસ્તિનના શબ્દોનું ઓસ્ટિન પળપળ રટણ કરતા હતા. મેળવેલ સઘળુ જ્ઞાન પ્રભુના વધારે મહિમાર્થે, પ્રજાના પ્રેમના કારણે તેમણે મૃત્યુપર્યંત ખર્ચી જાણ્યું હતું. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજમાંથી ડોક્ટરેટની પદવી મેળવ્યા બાદ, ચેન્નાઈ અને પૂણેમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત બનવા છતાં તેઓ એક પયગંબર, પુરોહિત અને પાળક વધારે રહ્યા હતા.

યોહાન સ્નાનસંસ્કારકની જેમ સ્વયમ્‌ને લઘુ માની પ્રભુને મહાન માન્યા હતા. તેમણે ૧૨ જૂન, ૧૯૧૫ના 'એક્ઝામિનર'માં તેમનો છેલ્લો લેખ 'અ સેક્રેટ હાર્ટ એટેક' (પવિત્ર હૃદય હુમલો) માં 'પરમાનંદ'ની વાત તેમણે છેડી હતી, પરમપૂજ્ય હૃદયની છબી જોતાં જ નાના થવાનો પરમાનંદ. ૩૧ જુલાઈ, ૧૯૮૩માં મારા પ્રથમ વ્રત અંગીકાર વખતે મોટાભાઈ પ્રસાદે મને લખ્યું હતું : 'ફ્રાન્કુ, હું તારા માટે પ્રાર્થના કરું છું. પ્રથમ વ્રત ધારણ કરીને, તું મુશ્કેલીઓને સામેથી નોંતરે છે. માથું કપાવાની તૈયારી રાખજે. કાળની કેડીએ લોકો તને ભૂલી જશે. સ્વર્ગે સિધાવ્યા પછી જ સંતને સન્માન મળે છે, આલોકમાં તેઓ કોઈકની મુક્તિ અર્થે ઝઝૂમે છે, તમામ અગવડો ભોગવે છે. જોખમ ઉઠાવવા તૈયાર રહેજે. જાતની પરવા ઈશ્વર પર છોડી, બીજાની પરવામાં ધ્યાન પરોવજે.' યુવા-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ, ગરીબ-તવંગર, સાક્ષર-નિરક્ષર સૌને પ્રભુનો પ્રેમ આપતા રહ્યા. સત્યના પણ એટલા જ આગ્રહી હતા. એક પુરોહિત તરીકે તેઓ સંપૂર્ણ ત્યાગી હતા. ખ્રિસ્તયજ્ઞની ઉજવણી માટે કે ધર્મશિક્ષણ માટે ક્યાંય પણ, ક્યારેય પણ જવા માટે તેમણે ઈન્કાર કર્યો ન હતો. સદૈવ તૈયાર, સંત પોલની જેમ, પ્રસાદભાઈ 'સર્વજન હિતાય' સર્વ કાંઈ બની રહ્યા.

બાળકો માટે મનોરંજન, સાથીમિત્રો માટે રસોઈઓ, યુવાનોના વિશ્વાસપાત્ર, વયસ્કોના સલાહકાર, બીમાર માટે સાંત્વનદાતા તેમજ વૃદ્ધોના સહિષ્ણુ હતા. તેમણે કરેલાં સાહસ ભાગ્યે જ કોઈ કરવા હામ ભીડે? મોટર સાયકલ પેક કરી, દૂરદારાજની ટ્રેનમાં મુસાફરી કરી ઝારખંડના રસ્તાઓ હાકલ માટે તેમણે ખૂંદી કાઢ્યા હતા. ઓળખીતાઓને ગલુડિયાં - પોપટની ભેટ પહોંચાડી હતી. જેલવાસ દરમિયાન 'સ્વચ્છ જેલ' અભિયાનમાં જેલના સંડાસ સાફ કર્યાં હતાં. ઘરબારની મુલાકાત વેળાએ રસોડામાં મદદરૂપ બન્યા હતા. જરૂરિયાતમંદ લોકોના સાચા અર્થમાં મિત્ર બન્યા હતા. ચેન્નાઈ, કલોલ, આણંદ, મોડાસા, રાધનપુર, પાટણ કે ઉંટેશ્વરી જ્યાં પગલાં માડ્યાં ત્યાં મિશનરી બની રહ્યા. પ્રસાદભાઈના મિત્રવર્તુળમાં માત્ર માણસો જ ન હતા. તેમાં ફૂલછોડ, પશુપક્ષીઓ એમ ઘણા બધા આવી જતા હતા. કેટકેટલી વનસ્પતિનાં ઔષધિય નામ-ગુણ તેઓ જાણતા હતા! પશુપક્ષીની માંદગી પારખી, સારવાર પણ કરતા હતા.

એક વાંદરાના ગળાનો ફાંસલો કાપી, દવા લગાડી તેનો મિત્ર-સાન્યો બનાવ્યો હતો. ક્યારેક પ્રસાદની સાયકલ પર તે સવારી કરતો, તો ક્યારેક સેંટ ઝેવિયર્સ કોલેજમાં પણ આવી પહોંચતો. કૂતરા, સાપ, પક્ષીગણ, ગરોળી, કરોળિયા અને માછલી તેમના સાથીદારો હતા. પર્યાવરણ, બ્રહ્માંડ અને જીવન અંગેનું પ્રસાદનું જ્ઞાન અસીમ હતું. અમારી છેલ્લી મુલાકાત-એક મહિના પહેલાં વેળાએ માનવજાતના બે દુશ્મન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. (અ) સમલૈંગિક લગ્ન અને (બ) જૈવિક વૈવિધ્યનું નિકંદન. સાજા બની તે અંગે લેખ લખવાની ઈચ્છા અપૂર્ણ રહી ગઈ. આભાર પ્રભુજી આપનો. પ્રસાદીરૂપ મારા મોટાભાઈ અને ઈસુસંઘી પ્રસાદના વરદાન માટે.

— ધર્મગુરુ ફ્રાન્સિસ ગોન્સાલ્વિસ ઈ.સં.

સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર


પરેશ એ. વાઘેલા
૯૭૨૩૧ ૬૦૭૭૩

દિપક એ. વાઘેલા
૮૪૬૦૦ ૮૨૬૬૫

**અગ્નેલ એર કંડિશનિંગ**

ફ્રીઝ, એ.સી., એરકૂલર, વોટરકૂલર રીપેરિંગ,
સર્વિસીંગ કરનાર

ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા.જિ. આણંદ

## સ્વ. સિસ્ટર નિર્મલા એમ.સી

'સિસ્ટરે છેલ્લો શ્વાસ શાંતિમાં છોડ્યો. તેઓ મહાન આત્મા હતાં.' કોલકત્તા મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રી થોમાસ ડી'સોઝાએ સૌ પ્રથમ શોકસંદેશ જાહેર કર્યો. સ્વ. સિસ્ટર નિર્મલાના દેહવિલયના સમાચાર કોલકત્તા મહાનગર અને દેશવિદેશમાં પ્રસારિત થતાં જ ધર્માધિકારીઓ, રાજકીય અગ્રણીઓ અનો છેવાડાના માનવીઓ વ્હાલાં સિસ્ટરને શ્રદ્ધાસુમન અર્પણ કરવા, અંતિમ દર્શન કરવા વરસતા વરસાદમાં ઉમટી પડ્યાં હતાં!

સિ. નિર્મલાનું મૂળ નામ નિર્મલા જોશી હતું. તેમનો જન્મ ૧૯૩૪માં રાંચીમાં થયો હતો. પ્રારંભિક શિક્ષણ તેમણે પટનામાં મેળવ્યું હતું અને મધર થેરેસાના સેવાકાર્યથી પ્રેરણા મેળવી ૧૯૭૬માં મિશનરીઝ ઓફ ચેરિટી સાધ્વીસંઘમાં જોડાયાં હતાં અને ગરીબોની સેવામાં સમગ્ર જીવન સર્મપણ કર્યું હતું. મિશનરીઝ ઓફ ચેરીટીના સેવાકાર્યના વિસ્તરણમાં પરદેશમાં -પનામામાં સેવાકાર્યનો આરંભ કરનાર સિ. નિર્મળા હતાં, સંઘમાં સુપીરિયર જનરલ તરીકે ૧૯૯૭માં પુનિત મધર થેરેસાના પ્રથમ સફળ અનુગામી તરીકે જવાબદારી સ્વીકારી હતી અને ૨૦૦૯માં જર્મન સિસ્ટર પ્રેમાને તેમણે હસ્તગત કરી હતી એટલે કે બાર વર્ષ સુધી તેમણે સુપીરિયર જનરલ તરીકે સર્વોત્તમ રીતે જવાબદારી વહન કરી હતી અને ૨૩ જૂન, ૨૦૧૫ના રોજ આલોકનું જીવન પૂર્ણ કર્યું.

ઈન્ડિયન એક્ષપ્રેસ સાથેની એક મુલાકાતમાં મહાધર્માધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું : પંદર દિવસ પહેલાં હું તેમને મળ્યો ત્યારે તેઓ બેભાન હતાં અને પરેશાન હતાં! પરંતુ છેલ્લા બે દિવસથી તેઓ સંપૂર્ણ ભાનમાં હતાં અને સંઘના કામકાજ અંગે વાતચીત પણ કરી હતી. સાચે જ તેઓ એક મહાન વિભૂતિ હતાં. તેમણે ક્યારેય પોતાની માંદગીની વાત કરી ન હતી!'

સ્વ. સિ. નિર્મલાના પાર્થિવ દેહનો સમગ્ર વિશ્વનાં મિશનરીઝ ઓફ ચેરિટીના મધર હાઉસમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં મહાધર્માધ્યક્ષશ્રીએ અંત્યોષ્ઠિનો ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યા હતો. જેમાં અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા. સ્વર્ગસ્થ સિસ્ટરના પ્રગતિશીલ જીવન અને સંન્યસ્તજીવન દરમિયાન પ્રાપ્ત કરેલ સિદ્ધિઓની, ઊંડી આધ્યાત્મિકતા તથા ગરીબ-જરૂરિયાતમંદ પ્રત્યેના પ્રેમનાં વખાણ કર્યા હતાં. વર્તમાન સુપીરિયર જનરલ સિ. પ્રેમાએ, સ્વ. સિ. નિર્મલાને મધર થેરેસાની પડખે ઉભાં રહેનાર હિંમતની મૂર્તિ તથા સહિષ્ણુતાની માતા તરીકે ઓળખાવ્યાં હતાં. તેમના સંપર્કમાં આવનાર સૌને પ્રેમ અને અનુકંપાનો અવશ્ય અનુભવ થતો હતો. બાહ્યાડંબર કે ચાલાકીથી દૂર તેમનું વ્યક્તિત્વ નિખાલસ હતું. દરેકને જે છે તે જ સ્વરૂપે આવકારતા, દરેકને સાંભળવા તેમની પાસે સમય હતો, દરેકના માટે અંગત લાગણી હતી. ખ્રિસ્તયજ્ઞ બાદ સિસ્ટરના શબને સેંટ જોન ચર્ચ-સ્યાલ્હાદ ખાતેના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યો હતો. મધર હાઉસથી ચર્ચ સુધી ત્રણેક કિલોમીટર, ચાહકોએ પગપાળા યાત્રા કરી હતી.

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેર્નજી શોક સંદેશને ટવિટ કરનાર પ્રથમ હતાં : 'મધર થેરેસા પછી, મિશનરીઝ ઓફ ચેરીટીનાં ઉપરી સિ. નિર્મલાનું દુઃખદ અવસાન થયું છે. કોલકત્તા અને દુનિયાને તેમની ખોટ પડશે.' બાદમાં બેર્નજીએ તેમના મિલનસાર વ્યક્તિત્વ અને ગરીબોની સેવાને બિરદાવી હતી. 'સિસ્ટરના ચહેરા પર હમેંશાં સ્મિત ફરકતું રહેતું. તેમનો કરુણાદ્ર અવાજ અને સૌમ્ય પ્રતિભા યાદગાર રહેશે.' બેનર્જીના શબ્દસુમન બાદ સાધ્વીબહેનોએ શ્રદ્ધાંજલિરૂપે રવીન્દ્ર સંગીતમાં ભજનગાન કર્યા હતા.



સિસ્ટર નિર્મલાએ કાર્યકાળ દરમિયાન અસંખ્ય દેશની મુલાકાત કરી હતી, નવાં સેવાકેન્દ્રની શરૂઆત કરી હતી. અસંખ્ય યુવતીઓને સેવામાં જોતરાવા પ્રેરણા આપી હતી. હાલમાં ૧૩૩ દેશમાં ૪૫૦૦ જેટલાં સાધ્વીબેનો સેવારત છે. રાષ્ટ્ર જોગ સેવા બદલ, ભારત સરકારે ભારતના નાગરિકના દ્વિતીય સર્વોચ્ચ સન્માન 'પદ્મ વિભૂષણ'થી ૨૦૦૯માં તેમનું બહુમાન કર્યું હતું.

કોન્ફરન્સ ઓફ કેથોલિક બિશપ્સ ઓફ ઈન્ડિયા (CCBI)ના મહાસચિવ ફાધર જોસફે તમામ કેથોલિક વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુંબઈ મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રી કાર્ડિનલ ઓસ્વાલ્ડ ગ્રેસિયસે શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું. 'સિસ્ટર વિનમ્ર, સરળ અને વિશ્વાસુ હતાં. તેમનામાં અસાધારણ આંતરિક શક્તિ હતી. તેમની પ્રત્યેક મુલાકાત મારા માટે પ્રેરણાદાયી હતી.'

'સિસ્ટર નિર્મલાના નિધન પ્રસંગે હાર્દિક શ્રદ્ધાંજલિ. ગરીબોની સેવામાં સર્મપિત તેમનું જીવન પ્રેરણારૂપ હતું.' એમ ભારતના રાષ્ટ્રપતિ પ્રર્ણવ મુખર્જીએ શોકસંદેશ પાઠવ્યો હતો. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું : 'ગરીબ અને ગરીબી રેખા નીચે જીવતાં પરિવાર માટે સેવારત સિસ્ટર નિર્મલાનું જીવન પવિત્ર હતું. તેમના જવાથી ભારે દુઃખ થયું છે. પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ આપે.'

'સુધન્ય મધર થેરેસાનાં સફળ અનુગામી સિ. નિર્મલાના અવસાનથી હજારો હૃદયમાં આઘાત લાગ્યો છે, વિશેષમાં જેમનાં હૃદયને તેઓ સ્પર્શયાં હતાં. માનવજાતની સેવામાં તેમનું સ્મરણ કાયમી બનશે.' એમ શ્રીમતી સોનિયા ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ આ પ્રસંગે જણાવ્યું હતું. 'નિષ્ઠા અને ગૌરવપૂર્વક સિ. નિર્મલાએ મધર થેરેસાના સેવાકાર્યને આગળ ધપાવ્યું હતું.' એમ રાહુલ ગાંધી. (ઉપાધ્યક્ષ કોંગ્રેસ પક્ષ)એ ઉમેર્યું હતું.

મોહમ્મદ નવાઝ એક અપાહિજે પુષ્પમાળા અર્પણ કરી આશા વ્યક્ત કરી હતી : 'સિસ્ટરનું નિધન થયું છે, પણ સંઘનાં સાધ્વીબહેનો મારા જેવા ગરીબ-વિકલાંગ માટે તેમનું સેવાકાર્ય ચાલુ રાખશે.' અને જાણીતાં ગાયિકા ઉષા ઉત્થુપે પણ ચર્ચમાં ઉપસ્થિત રહી મૌન શ્રદ્ધાંજલિ અર્પી હતી. પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે, એ જ અભ્યર્થના.

સંકલન : તંત્રીશ્રી

Courtesy : Vatican Radio/IANS/Indian Express

# વંદનીય ફાધર અગ્નેલો

✍ સંકલન: જોન ફિલિપ મેકવાન

નવ રવિવાર કે પાંચ શુક્રવારની ભક્તિ પુરજોશમાં છે. ભક્તિમાં આભારની લાગણી કરતાં માગણીનું પલ્લુ નમતું રહે છે એમ તમને લાગે છે ખરું? માની લો કે, ઝખરિયાની જેમ, વેદી આગળ ઉભા છો અને ભગવાનનો દૂત પ્રગટ થાય, આપણને વરદાન માગવાનું કહે તો....? દુ:ખ, યાતના તો સ્વપ્નમાં પણ ન માગીએ, પણ એક ધર્મગુરુ પરમેશ્વર પાસેથી દુ:ખદર્દ માગવાનું શીખવે છે. 'કઈ કૃપા મહાન? મૃત્યુમાંથી સજીવન કરવાની શક્તિ કે રોજબરોજના જીવનમાં દુ:ખદર્દ વહન કરવાની શક્તિ?' તેઓ આગળ નોંધે છે : 'ચમત્કારિક શક્તિથી તમે ઈશ્વરના ઋણી બની જાઓ છે, સહનશક્તિથી ઈશ્વર તમારાથી પ્રસન્ન થાય છે.' રોજબરોજના ત્રાસમાં ખુશખુશાલ રહેતા ધર્મગુરુ માનતા હતા કે, 'દુ:ખ, યાતનાઓ સહન કરવામાં મળતો આનંદ સામાન્ય શ્રદ્ધાળુ જો સમજી શકતા હોત તો તેઓ વિકટ પરિસ્થિતિની શોધમાં નીકળી પડ્યા હોત, બીજાનાં દુ:ખ છીનવી લેવામાં રચ્યાપચ્યા રહ્યા હોત!'

આવું આત્મજ્ઞાન વંદનીય ફાધર અગ્નેલોને લાધ્યું હતું જેમણે જીવનભર સ્વયમ્ અનેક યાતનાઓ સહન કરી પણ ધર્મજનોના દુ:ખનિવારક બન્યા હતા, અને આજે પણ તેમની સમાધિ - તીર્થધામે જ્ઞાતિ-જાતિ-ધર્મની ભેદભાવ વિના દેશપરદેશના લોકો દુ:ખની યંત્રણામાંથી મુક્તિ મેળવવા માથું નમાવે છે. શિક્ષક તરીકેની કારકિર્દીમાં, સંન્યસ્ત જીવન માટેની તેમના દિલમાં ઝંખના જાગી. લાંબા મનોમંથન બાદ તેઓ 'સોસાયટી ઓફ મિશનરીઝ ઓફ સેન્ટ ફ્રાન્સિસ ઝાવિયર'માં જોડાયા. તાલીમ, આધ્યાત્મિક તૈયારી બાદ ૧૮૯૯માં 'મિનિસ્ટર ઓફ લોર્ડ'નો અધિકાર મેળવ્યા બાદ પણ ફરી એકવાર લાંબી આધ્યાત્મિક સાધના બાદ પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. આધ્યાત્મિક જીવનને પરિપૂર્ણ બનાવવાના હેતુસર તેઓ દસ વર્ષ નિર્જન સ્થળે એકાંતમાં ગાળે છે, ૮ સપ્ટેમ્બર, ૧૯૦૮માં તેઓ જાતનું સંપૂર્ણ સમર્પણ કરે છે.

ફાધર અગ્નેલોનું તપસ્વી જીવન જોતાં, સોસાયટીના ઉપરીઓ હવે પુરોહિત ઉમેદવારો માટેની જવાબદારી સોંપે છે. યથા સમયે તેઓની ખ્યાતિ એક સમર્પિત ધર્મપ્રચારક તરીકે ચારેકોર પ્રસરી જાય છે. ગોઆમાં કોઈ વિસ્તાર બાકી રહ્યો ન હોય જ્યાં તેમણે ધર્મપદેશ આપ્યો ન હોય! ગંભીર માંદગીના સમયે પણ તેઓએ શુભસંદેશની ઘોષણા કરી હતી. પુરોહિત તાલીમાર્થીઓના તેઓ શિક્ષક, મિત્ર, માર્ગદર્શક અને આધ્યાત્મિક પિતા હતા, એથી બહેત્તર તેઓ પોતાના જીવનથી સંપૂર્ણ સમર્પિત જીવનનો પાઠ તેમને શીખવી રહ્યા હતા. વાણી-વર્તનમાં સંયમ અને સાદગીના સદ્ગુણોથી ભરપૂર ફાધર, પ્રત્યેકને સંત બનવા પ્રેરણા આપતા હતા. શ્રદ્ધા તેમના શ્વાસોશ્વાસમાં પ્રસરી હતી, આશાનો ચમત્કારિક ઔષધિ તરીકે સ્વીકાર કર્યો હતો. પોતાને મળેલ દાન અનાથ બાળકો અને વિધવાઓને વહેંચી આપતા, ક્યારેક ઉછીના લઈને પણ મદદ કરતા હતા. સર્વકાંઈ આપી દેનાર પાસે બીજુ પહેરણ પણ ન હતું! દેહદમન, કઠોર તપશ્ચર્યા અને ત્યાગની ભાવનાએ તેમને પવિત્રતાનું વરદાન મળ્યું હતું. પિલાર મઠ, ફાધર અગ્નેલોનો આશ્રમ હતો અને તેઓ એક સંન્યાસી. ધન્ય કુમારી માતા મારિયા પ્રત્યે પણ વિશેષ ભક્તિ તેમનામાં હતી. તેમની આશીર્વાદિત મૃત્યુની ઝંખના માતા મારિયા પૂર્ણ કરે છે.'

ક્ષીણ શરીર તેમને સાથ આપતું ન હતું તેમ છતાં આત્મિક ચેતના પ્રબળ હતી. પ્રભુ ઈસુના પરમપૂજ્ય હૃદયના તેઓ નિષ્ઠાવાન ભક્ત હતા, અને તે અરસાનાં આ તહેવારને રશોલ સેમિનરીમાં સુપીરિયરે 'પવિત્ર હૃદય' વિશે ધર્મોપદેશ આપવા જણાવ્યું. ૧૭ નવેમ્બર, ૧૯૨૭ની ઢળતી સંધ્યાએ પ્રીતસંસ્કારના સાંનિધ્યમાં દેવળના વ્યાસપીઠ પરથી બોધ આપવા શરૂ કર્યા, પણ શબ્દો મંદ પડવા લાગ્યા. પ્રીતસંસ્કારના આશીર્વાદ સમયે ઘુટણિયે પડવા જતાં તેઓ ત્યાં ઢળી પડ્યા. ભક્તિથી ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કર્યો. અને પછી સદાને માટે મૃત્યુમાં લીન થયા! જેવું જીવન એવું જ પવિત્ર મરણ હતું. સ્વર્ગવાસના બીજા જ દિવસથી શ્રદ્ધાળુઓનો તાંતો તેમની કબરે જોવા મળ્યો. સેમિનરીના રેક્ટર માની ગયા, 'ફાધર અગ્નેલ એક હતા!'

ક્રોસ-યાતનાને ગળે લગાડનાર, ઈસુના 'સંપૂર્ણ ત્યાગી શિષ્ય' બનવા તેઓ પુરોહિત ઉમેદવારોને 'ખ્રિસ્તાનુકરણ'નું એક પ્રકરણ રોજ વાંચવા શીખ આપતા, ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કરવા આગ્રહ કરતા. પુરોહિતને, ઈશ્વરને જીવનના કેન્દ્રમાં સ્વીકારી, રોજરોજ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવા, કૃપાઓ મેળવવાનો અનુરોધ કરતા.

સામાન્ય ધર્મજનોને લગ્નસંસ્કાર પૂર્વે સમગ્ર જીવનનું પ્રાયશ્ચિત કરી 'કૃપાની સ્થિતિ'માં લગ્નજીવન શરૂ કરવા ભલામણ કરતા. એકબીજાના અવગુણ જોવા કરતાં, સારા ગુણો પ્રત્યે ધ્યાન દોરવા હિમાયત કરતા. પોતાનાં પરિવારજનો કે અન્ય જનોને સાચી વાત જણાવવામાં સંકોચ અનુભવતા નહી. પવિત્રતા વિશે તેમનો ખ્યાલ કેટલો ઉંચો હતો : 'રોજ ખ્રિસ્તયજ્ઞમાં હાજરી આપવી, ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કરવો કે આખો દિવસ પવિત્ર ગુલામબાળાની ભક્તિ કરવા માત્રથી, સરળતાથી પવિત્રતા હાંસલ કરી શકતા નથી, પરંતુ પવિત્રતા ગ્રહણ કરવા માટે દુષ્ટતાનો પરિત્યાગ કરી, ભલાઈનાં કામ કરવાં અનિવાર્ય છે.'

૧૦ જાન્યુઆરી, ૧૯૩૯માં રશોલના કબ્રસ્તાનમાંથી તેમના પવિત્ર અવશેષોને જ્યાં દસ વર્ષ તેમણે તપશ્ચર્યા આદરી હતી તે પુણ્યભૂમિ 'પિલાર મઠ' ગોઆમાં આદર સાથે સ્થાપિત કરવામાં આવ્યાં છે અને ત્યારથી વંદનીય આગ્નેલબાબાની મધ્યસ્થી વડે કૃપાદાન મેળવવાં રોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. ૧૦ નવેમ્બર, ૧૯૮૬માં વડાધર્મગુરુ સંત જોન પોલ દ્વિતીયે ફાધર આગ્નેલો ડી'સોઝાને વંદનીય જાહેર કર્યા. ●

સંદર્ભ : Venenoble Fr. Agnelo : A Saint for India

**વંદનીય આગ્નેલબાબાના અવશેષોના સાંનિધ્યમાં, વંદનીય આગ્નેલબાબાની ભક્તિનું વડતાલ ધર્મવિભાગમાં આરંભ ઈ.સ. ૨૦૦૦માં થયો. વડતાલમાં પણ દર રવિવારે સાંજે ૩.૦૦ કલાકે ભક્તિ અને પવિત્ર ખ્રિસ્તયજ્ઞની ઉજવણી થાય છે. અગ્નેલબાબાના ભક્તોને આમંત્રણ.**

આવો પધારો

# અગ્નેલબાબાના તીર્થધામે...

હાર્દિક આમંત્રણ



# વંદનીય ફાધર અગ્નેલ બાબાના તીર્થધામના આશીર્વાદ ટાણે

વંદનીય અગ્નેલબાબાના આશીર્વાદ મેળવવા,
આભાર માનવા અને હૃદયને પાવન કરવા
ઈસુના પૂજ્ય હૃદય ધર્મવિભાગ, વડતાલ
આપ સૌને આમંત્રણ પાઠવે છે.

## ✣ કાર્યક્રમ ✣

**✣ તીર્થધામનો આશીર્વાદ અને ખ્રિસ્તયજ્ઞ ✣**

**✣ તારીખ ✣**

**૩૦મી ઓગસ્ટ, ૨૦૧૫ રવિવાર**

**બપોરે ૩.૦૦ કલાકે**

**પરમ પૂજ્ય મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાનના વરદ હસ્તે**

**✣ સ્થળ ✣**

**કેથોલિક ચર્ચ, વડતાલ, જિ. ખેડા**

**ફોન નંબરઃ ૦૨૬૮-૨૫૮૯૭૪૮ / મો. ૯૯૯૮૧ ૩૩૧૯૯**

**સ્નેહ ભોજન : સાંજે ૬.૩૦ કલાકે**

સ્નેહાધીનઃ સભાપુરોહિત તથા વડતાલ ધર્મવિભાગના ધર્મજનો

# CONGRATULATIONS

**"For it has been granted to you on behalf of Christ not only to believe in Him, but also to suffer for Him." - *Philippians 1:29***







**SELINA ANUPAM MACWAN**
B.D.S. (2009-2014)
ST. JOSEPH DENTAL COLLEGE
ELURU (ANDHRA PRADESH)

**ALISON ANUPAM MACWAN**
B.TECH. I.C (Instrumentation and Control)
(2011-2015)
D.D.I.T. Nadiad

Congratulations dear children.

You deserve it because half the way of your academic career your nearest and dearest cousin STELLIN (AEROUNATICAL ENGINEER) and was doing his M.TECH in U.K) parted his ways to the world of eternal peace. Striving through the pain, keeping memories in the hearts you learned to walk again and continue the academic sessions. On the verge of the career getting completed one more blow, which blew the entire 'MACWAN FAMILY'. Loving MASA (ALBERT), KINDEST MASI (SMITA) and an ADORABLE cousin ALINA (ELECTRICAL ENGINEER) joined the world of eternal peace. With tearful eyes and painful hearts the bereaved children of MACWAN family started their journey again. AND YOU DID IT.

This success is dedicated to the four stars there in the world of eternal peace sending a message that you will be loved forever.

STELLIN AMODRA
ALINA AMODRA



ALBERT AMODRA
SMITA AMODARA

***:: From ::***

ANUPAM LUTHER MACWAN
ASHRU ANUPAM MACWAN

AGNES SIGFRID MACWAN
ALL THE MEMBERS OF MACWAN FAMILY

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

# ‘‘વ્હાલી મા ગંગાને શ્રદ્ધાંજલિ’’

**‘‘મને શોધશો નહિ હું ઈશ્વરના ધામમાં છું.’’**







**સ્વ. ગંગાબેન લક્ષ્મણભાઈ ડાભી**

અવસાનઃ ૨૮-૦૮-૨૦૧૪

**સ્વ. લક્ષ્મણભાઈ જી. ડાભી**

અવસાનઃ ૦૬-૧૨-૧૯૯૧

અંજલિ આપતાં શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાંજલિ આપતાં પુષ્પો ખૂટે છે.

પૃથ્વી ઉપર મનુષ્યને મળેલી અણમોલ ભેટ એટલે ‘‘મા’’. અમારી અણમોલ ભેટ અમારી વ્હાલી ‘‘ગંગા મા’’. તારી વિદાયને એક વર્ષનું વહાણું વિતી ગયું, છતાં અમારું મન માનવા તૈયાર નથી કે તમે અમારી સાથે નથી. તમારો માતૃપ્રેમ, હૂંફ, તારી લાગણીઓનો જોટો નથી. અમારા માથે ફરતો તારો પ્રેમાળ હાથ હંમેશાં યાદ આવે છે. તારી યાદ હંમેશાં અમારા દિલમાં રહેશે. તમારો હસતો ચહેરો યાદ આવે છે. તું અમારી સાથે જ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી ખરા અંતઃકરણથી પરમપિતા પરમેશ્વરને પ્રાર્થના.

*પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું તેવી આશામાં*

**તારી યાદમાં ઝૂરતી તારી દીકરીઓ**
**સમસ્ત સ્વ. લક્ષ્મણભાઈ ગાંગાભાઈ ડાભી પરિવાર**
‘‘ગંગા લક્ષ્મણસદન’’, ૧ આદીશ્વરફ્લેટ, બાલભવનની સામે, ખોખરા, મણિનગર (પૂર્વ)

# આભાર પત્ર

"વળી હું મારો આત્મા તમારામાં મુકીશ એટલે તમે જીવતા થશો." હઝકીયલ ૩૭:૧૪

*Date of Birth*
*21st Sept.*
*1934*



*Called in Glory:*
*16th June*
*2015*

## *Late Linus Taylor*

અમારા વડીલ ભાઈશ્રી લીનસ પેટ્રીક ટેલર જેમને ૮૦ વર્ષ ૯ માસની જીવનયાત્રા બાદ તા. ૧૬ જુન ૨૦૧૫ ના રોજ ૧૨ દિવસની માંદગીને અંતે બ્રુકલીન–ન્યુયોર્ક મુકામે આપણા ઉધ્ધારકર્તા પરમેશ્વર પિતાએ પોતાના મહિમામાં બોલાવી લીધા છે. પરોપકારી સામાજિક સેવાના ભેખધારી – પિતાતુલ્ય સ્વ. લીનસભાઈ પ્રત્યે પ્રેમ અને આભારની લાગણી વ્યકત કરવા તથા અંજલી અર્પવા ૫૬ સ્ટ્રીટના B.N.U.M. ચર્ચના પાસ્ટર રેવ. હેકટર લેપોર્ટા તથા સ્નેહીજનો ફિલાડેલ્ફીયા તથા ન્યુજર્સી, શીકાગોના સર્વ વ્હાલાઓ, એરીઝોના, કેલીફોર્નીયા, યુ.કે. તથા કેનેડા અને ભારતમાં વસતા પ્રભુના સર્વ બાળકો, ગુજરાતી કેથોલિક સમાજ ઓફ યુ.એસ.એ. ના પ્રિયજનોએ જુદા જુદા માધ્યમો દ્વારા તથા રૂબરૂ ઉપસ્થિત રહી અમારા સમસ્ત પરિવાર પ્રત્યે જે પ્રેમ અને શોકની લાગણીઓ પ્રગટ કરી છે, અમને સહાયરૂપ થયા છો એ સર્વ વ્હાલાઓનો તથા જેઓ ગુજરાત ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ ન્યુયોર્ક, ન્યુજર્સી તથા ભારતના સર્વ સ્નેહીજનોએ એક મોટા પરિવારના સભ્યોની માફક અમારા દુઃખમાં સહભાગી થઈ રાત–દિવસ હિંમત અને સાંત્વના પૂરા પાડયા છે, તેઓ સર્વેનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. ન્યુયોર્કથી અમારા ભાઈના દેહને વડોદરા–ભારત મોકલવા અમારા ભાણેજ બકુલ ફ્રેન્ક તથા તેમના પત્ની કોકીલાબેન ફ્રેન્ક અને ડીરીઝો ફ્યુનરલ હોમના સ્ટાફનો પણ આભાર માનીએ છીએ.

સ્વ. ભાઈ લીનસના દેહની દફનક્રિયામાં જવાબદારી સ્વીકારી ઉપસ્થિત રહી સેન્ટેનરી મેથોડીસ્ટ ચર્ચના પાળક અને ડી.સુ. રેવ. સાયમન બ્રેનાર્ડ સાહેબ, રેવ. ડો. ન્યુટન પરમાર સાહેબ, રેવ. સેમ્યુલ સુવાર્તિક સાહેબ, માજી. બિશપ રેવ. નિમ્રોદ ક્રિશ્ચિયન સાહેબ તથા અન્ય સહ પાળક સાહેબો, સાલ્વેશન આર્મીના મેજર સાહેબ, બેરશેબા બીલીવર્સ એસેમ્બલીના સેવકો તથા પ્રભુના સેવક ભાઈશ્રી રાજેશ ઓનેષ્ટ, વડોદરામાંની જુદી જુદી મંડળીઓના વ્હાલાઓ, મિત્રો શુભેચ્છકોએ ઉપસ્થિત રહી અમારા સ્વ. ભાઈ પ્રત્યે તથા અમારા સમસ્ત કુટુંબ પ્રત્યે પ્રેમની લાગણીઓ દર્શાવી છે, તેઓ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

પ્રભુ પિતાની મહાન કૃપા તથા આશિષ આપણા સર્વે ઉપર રહે તથા સર્વને પ્રેમ અને એકયતાના બંધનમાં બાંધી તેના પવિત્ર વચનોમાં દોરી તેના મહિમાનું કારણ બનાવે.

718 438 2913 Pravin Taylor
0265 2783807 Rufus Taylor
આપનો કાયમી વસવાટ અમારા હૃદયમાં:
કિરીટ ઝખાર્યા, રૂફસ ટેલર, જગદીશ ક્રિશ્ચિયન
ફ્રાન્સિસ ભરૂચવાલા, શ્રેયસ મેકવાન,

એજ શુભેચ્છા તથા પ્રાર્થના સહ ટેલર પરિવાર વતી:
ભાઈ પ્રવિણ ટેલર, બહેન આફિયા ટેલર
બહેન સ્ટેલા ક્રિશ્ચયન, મેરીબેન ખ્રિસ્તદાસ ટેલર
સ્વ. ઉર્મીલાબેનના બાળકો, સરોજ ગજ્જર
નુરમણીબેન રૂબેન

Adrian & Shreyas Macwan, Jyoti & Robin Ruben, Sarla & Samson Ruben, Rita & Kirit Zakariya, Rev.Snehlatta & Rev Anil Patel, Ila & Ketan Christian, Joycey & Joviet christian, Hemlatta & Arpan Kunjrawia, Rita & Harish Rathod, Kokila & Bakul Frank, Dr.Sapna Gandhi & Dr.Hemlatta parmar, Clara & Jagdish Christian, Vasantiben & Bipinbhai Trivedi, Saroj & Anil Macwan, Rajbala & Stevanson Borsada, Jenny & Royal Merchant, Joiceben & Joel Christian, Rita & Promod Christian, Rupa & Silas gohil, Yunus & Chitranjan jamindar, Juliana & Tulsi Mayal, Ilaben & Imanuel Christian, Mansi & Raj Macwan, Joseph Parmar, Minal (Pinky) & Loren Chauhan, Sheetal Parmar

## ૨૫મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## ૧૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ







**સ્વ. મરિયમબેન વિઠ્ઠલભાઈ ક્રિસ્ટી**

જન્મ: ૨૮-૧૦-૧૯૪૨ ★ અવસાન: ૦૫-૦૮-૧૯૯૦

**સ્વ. વિઠ્ઠલભાઈ જેઠાભાઈ ક્રિસ્ટી**

જન્મ: ૦૪-૦૭-૧૯૪૦ ★ અવસાન: ૧૩-૧૦-૨૦૦૩

તમારો હાથ અમારી ઉપર છે આશીર્વાદ રૂપે. નાના હતા અમે અને ઓછી હતી સમજ, તો પણ અમારા પ્રેમ પર કર્યો વિશ્વાસ તમે, પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યું તમે, હૃદય જોયું છે વિશાળ તમારું, તમને ભેટ સ્વરૂપે શું આપીએ? બસ! પ્રભુને પ્રાર્થના જ..... હર જન્મમાં માતા-પિતા તમે જ......

**તમારી યાદમાં તમારાં બાળકો**

| | | | |
|---|---|---|---|
| **રાજેશ - તરુલતા** | **કિરિટ - મીનાક્ષી** | **શારદા - કિરિટ** | **જ્યોત્સના - સંજય** |
| **ચેલ્સીયા, સિન્થિયા, કિલફર્ડ** | **બોસ્કી, હર્ષ, હની-બિરેન** | **કૉલીન** | **શાઈની, સ્કેરી** |
| આલેખ ટેનામેન્ટ, ચાવડાપુરા | રત્નસાગર, પેટલાદ | આશાદીપ, પેટલાદ | પ્રેરણા બંગ્લોઝ, ચાવડાપુરા |

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. રેગીનાબેન મહેશ ચૌહાણ**

જન્મ: ૨૧-૦૨-૧૯૭૦

અવસાન: ૦૯-૦૮-૨૦૧૪



"પ્રભુમાં શ્રદ્ધા રાખનારનું કદાપી મૃત્યુ થતું નથી."

તારી અણધારી વિદાયને એક વર્ષ પૂરું થયું
કેટલું કઠિન છે તારા વગર એ સત્ય હવે છતું થયું
ખૂબ જ વેદના ઝીલી છે તે તારા જીવનમાં.
મન હજી માનતું નથી કે તું અમારી સાથે નથી.
અમારું હૃદય રડી પડે તારાં બાળકોમાં અમે
તને શોધીએ છીએ. પણ વિશ્વાસ છે જરૂર મળીશું.
પુનરુત્થાનમાં પરમેશ્વર તારા આત્માને શાંતિ આપે
અને અનંતકાળનું સુખ આપે એજ પ્રાર્થીએ.

**લિ. આલોઈસ ફ્રાન્સિસ મેકવાન તથા સમગ્ર પરિવાર**

## ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. યાકુબભાઈ આર. રાઠોડ**

જન્મ: ૧૪-૦૩-૧૯૩૦

અવસાન: ૧૪-૦૮-૨૦૧૧



આપની વિદાયને ચાર વર્ષ પૂરાં થઈ ગયા છતા જીવનની હરેક ક્ષણે આપની ખોટ સાલે છે. આપની હયાતીનો અહેસાસ અમારા હર એક કાર્યમાં થતો રહો. આપના જીવનકાળમાં અમારા માટે આપે જે કાંઈ કર્યું તેનું ઋણ અમે ચૂકવી શકીએ તેમ નથી. આપનો અવિરત પ્રેમ તથા આશિષ અમારા ઉપર વરસાવતા રહો.

પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના.

**રાહેલબેન તથા સમસ્ત પરિવાર**

૨૧, ઝેવિયરનગર, વડોદરા

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| રોય લેવીસ લૂઈસ | વટવા | ૧૦૦૧ |
| તિમોથીભાઈ પાઉલભાઈ વાણીયા | આણંદ | ૨૦૦ |
| ભાનુભાઈ આર. પટેલિયા | આણંદ | ૨૦૧ |
| સ્વ. કાન્તીભાઈ જે. મેકવાનના સ્મરણાર્થે | પેટલાદ (ઈસરામા) | ૧૦૧ |
| સ્વેની અમીત પટેલિયા | લાંભવેલ | ૧૦૧ |
| સાયમન જોસેફભાઈ પરમાર | ગામડી (આણંદ) | ૧૦૧ |
| સ્વ. જેકબભાઈ એફ. પટેલિયાના સ્મરણાર્થે | કરમસદ | ૧૦૦ |
| સ્વ. જોનભાઈ એમ. વાઘેલાના સ્મરણાર્થે | આમોદ | ૧૦૦ |
| નિલેષભાઈ જોનભાઈ પરમાર | ડભાણ | ૧૦૦ |
| માર્થાબેન એફ. ડાભી | મણીનગર | ૧૦૦ |
| વિલ્યમભાઈ નાનજીભાઈ પરમાર | વડોદરા | ૧૦૦ |
| પ્રીતિબેન ઈમાનુએલ ખ્રિસ્તી | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. સુશીલાબેનના સ્મરણાર્થે | કરમસદ | ૧૦૦ |

### છમાસિક પુણ્યતિથિ



**સ્વ. મધુબેન આલોઈસ પરમાર**

જન્મ: ૩-૨-૧૯૫૧ ★ અવસાન: ૯-૨-૨૦૧૫

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ.આલોઈસ એ. પરમાર તથા સમસ્ત પરિવાર**
પ્રેસ કોલોની, આણંદ

### તૃત્તીય પુણ્યતિથિ



**સ્વ. ચેમટીબેન રંગજીભાઈ ગામીત**

અવસાન: ૦૪-૦૮-૨૦૧૨

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. રંગજીભાઈ ગામીત તથા તમારાં સહુ બાળકો**
ગામ: વડપાડા, વ્યારા

### પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. તારાબેન મોતીભાઈ ડોડિયા**

જન્મ: ૧૦-૮-૧૯૫૪ ★ અવસાન: ૧૦-૮-૨૦૧૪

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. પ્રકાશચંદ્ર, અરૂણા તથા બાળકો**
આશાદીપ સોસાયટી, સુણાવ રોડ, પેટલાદ

### ૧૦મી પુણ્યતિથિ



**સ્વ. લક્ષ્મીબેન પાઉલભાઈ મેકવાન**

જન્મ: ૬-૪-૧૯૪૩ ★ અવસાન: ૬-૮-૨૦૦૫

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. પાઉલ એ. મેકવાન**
બી/૧૦, શ્રીરંગ સોસાયટી, ખંભાત

### દ્વિતીય પુણ્યતિથિ




**સ્વ. રાયમુન્દભાઈ હેરમાનભાઈ પરમાર** (માસ્તર)

જન્મ: ૧૭-૧-૧૯૪૦ ★ અવસાન: ૬-૮-૨૦૧૩

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. મારીઆબેન આર. પરમાર**
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, ગામડી, આણંદ

### ચોથી પુણ્યતિથિ




**સ્વ. સિમોનભાઈ(છોટાભાઈ) કુબેરભાઈ પરમાર**

જન્મ: ૬-૧૨-૧૯૨૯ ★ અવસાન: ૨૩-૮-૨૦૧૧

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. વિમળાબેન સિમોનભાઈ પરમાર તથા પરિવાર**
"વિમલ વિહાર", સેંટ મેરી પાર્ક, નડિયાદ - ૨

### દ્વિતીય પુણ્યતિથિ




**સ્વ. મેકવાન કેશવલાલ ખુશાલદાસ**

જન્મ: ૧૬-૪-૧૯૪૦ ★ અવસાન: ૬-૮-૨૦૧૩

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. મેકવાન રાહેલબેન અને પરિવાર**
૧૦૧, વિદિશા એવન્યુ, લક્ષ્મીનારાયણ બસ સ્ટોપ પાસે,
હર્ષદકુંજ સોસાયટી સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ

### ચોથી પુણ્યતિથિ



**સ્વ. પાઉલ થોમાસ પરમાર**

જન્મ: ૨૨-૩-૧૯૧૯ ★ અવસાન: ૧૨-૮-૨૦૧૧

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. પીટર પાઉલ પરમાર (તલાટી) તથા સમગ્ર પરિવાર**
(જિંટોડીયા - આણંદ) ૨ નિલગીરી પાર્ક, આણંદ

### ૧૨મી પુણ્યતિથિ



**સ્વ. વિપુલભાઈ ઉમેદભાઈ રાઠોડ**

જન્મ: ૧૮-૧-૧૯૭૮ ★ અવસાન: ૨૧-૮-૨૦૦૩

પ્રભુ આપના આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. તારી મમ્મી લુસીયા તથા સમગ્ર પરિવાર**
૬૪, પાવનપાર્ક, છાણીરોડ, વડોદરા - ૩૯૦૦૦૨

### પાંચમી પુણ્યતિથિ



**સ્વ. પરીમલભાઈ ડી. વાઘેલા**

જન્મ: ૨૧-૧૨-૧૯૭૮ ★ અવસાન: ૧૧-૮-૨૦૧૦

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. કોકીલાબેન ડી. વાઘેલા તથા પરિવાર**
સાઈનાથ કેટરર્સ તથા મુખવાસ પરિવાર
ગુ.હા. બોર્ડ સાઈનાથ રોડ, પેટલાદ ૩૮૮૪૫૦



**શ્ર દ્ધાં જ લિ**



**સ્વ. ડૉ. જોસેફ લુકાસ પરમાર (આણંદ)**
જન્મ: ૦૫-૦૫-૧૯૫૧
અવસાન: ૨૧-૦૮-૧૯૯૭

**સ્વ. સુધાબેન જોસેફભાઈ પરમાર**
જન્મ: ૨૫-૦૮-૧૯૫૫
અવસાન: ૦૭-૦૮-૨૦૧૨



**સ્વ. નીરવ જોસેફભાઈ પરમાર**
જન્મ: ૦૫-૧૨-૧૯૮૩
અવસાન: ૨૭-૦૧-૧૯૧૨

પરમાત્માના અંશ રૂપે અવનીમાં અવતર્યા ને જીવનની રંગભૂમિમાં સમયની સંપૂર્ણતાએ પડદો પડતાં પરમાત્મામાં વિલીન થઈ ગયા.

સંસારના સંકટોથી અલિપ્ત સનાતન શાશ્વત શાંતિમાં છો એજ વિશ્વાસ અને પ્રાર્થના સાથે...

**લિ. સ્નેહા નિલેશ પરમાર**
૪, ગણેશ બંગ્લોઝ, જગપ્રકાશ સો. પાછળ, પેરિસપાર્કની બાજુમાં,
આઈ.જી. માર્ગ, નડીઆદ (મો. ૯૭૧૨૭ ૦૭૦૭૮)

---



**શ્ર દ્ધાં જ લિ**



**સ્વ. રેગીનાબેન યોહાનભાઈ મકવાણા**
જન્મ: ૧૦-૦૩-૧૯૩૫
અવસાન: ૧૩-૧૧-૨૦૦૧

**સ્વ. યોહાનભાઈ એમ. મકવાણા**
જન્મ: ૦૨-૦૭-૧૯૩૩
અવસાન: ૦૨-૦૭-૨૦૧૫

"જીવનમાં તમે કેટલા ખુશ છો તે મહત્ત્વનું નથી
પરંતુ તમારા થકી કેટલા લોકો ખુશ છે તે મહત્ત્વનું છે."

ઉચ્ચ, સ્વતંત્ર અને સમભાવી વિચારસરણી ધરાવી શકીએ એટલાં સક્ષમ બનાવનારો અમારો ઉછેર. બાપુ અને મા આપનાં સંતાન હોવાનું અમોને ગર્વ છે, અમો આપના ઋણી છીએ.

**"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."**

**લિ. આપનાં બાળકો મહેન્દ્ર, દિનેશ તથા સમગ્ર દુઃખી પરિવાર**
બોચાસણ

**નોંધ:** *અમારા પૂજનીય પિતાશ્રીના અંતિમ સમયે અમોને સાંત્વના અને હૂંફ આપવા બદલ સર્વ ફાધરો, સિસ્ટરો, સગાંસ્નેહીઓ, પડોશીમિત્રોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.*

---

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. એલીસાબેન કાશિયાન મેકવાન**
જન્મ: ૧૧-૦૭-૧૯૨૪
અવસાન: ૦૬-૦૮-૨૦૧૪



વ્હાલી મા,

આપની વિદાયને એક વર્ષ થઈ ગયું. તું હંમેશા અમારા હૃદયમાં છે. આંખો હજી નિહાળે છે તને, ત્યારે મન મૂકીને રડાવે છે અમને. અમારું મન હજી માનતું નથી કે તું અમારી વચ્ચે નથી. તારી યાદ આવતાં જ આંખો આંસુથી ભરાઈ જાય છે. ગુલાબમાળા તમારો નિત્યક્રમ હતો. તારાં બાળકો માટે હંમેશાં પ્રાર્થના કરતી હતી. પ્રભુપિતાની સાથે સ્વર્ગમાંથી અમારા માટે પ્રાર્થના કરતી રહેજે અને આશીર્વાદ વરસાવજે. જીવનભર સખત પરિશ્રમ કરી ખૂબ જ દુઃખો સહન કરી પરિવારને સમૃદ્ધ કર્યું. તારા મમતાભર્યા હાથનો સ્પર્શ હંમેશાં શિરે અનુભવાય છે.

તારા જેવી પ્રેમાળ 'મા' આપવા માટે પ્રભુનો આભાર.

બી/જે-૨, પારૂલ ટેનામેન્ટ
જશોદા ચોકડી, અમદાવાદ

**લિ. તમારાં વ્હાલાં બાળકો**
**તથા સમગ્ર મેકવાન પરિવાર**

---

## સાતમી શ્રદ્ધાંજલિ

**સ્વ. એલીશા – અવસાન: ૦૨-૦૮-૨૦૦૮**

પરોક્ષરૂપે મુજ સમીપ ભાળું છું
અને આ વર્ષે મિત્રો, શિક્ષકગણ અને ધર્મગુરુઓને શ્રદ્ધાંજલિ આપું છું.

| | | |
|---|---|---|
| ૧. જોનભાઈ મિખાએલભાઈ મેકવાન | કરમસદ | મિત્ર |
| ૨. સ્વ. શાંતિલાલ લીયો પરમાર | " | " |
| ૩. સ્વ. પરસોત્તમદાસ ડી. મેકવાન | ઝેવિયરપુરા-પેટલાદ | " |
| ૪. સ્વ. છોટાભાઈ ભુલાભાઈ ખ્રિસ્તી | ચિખોદરા | " |
| ૫. સ્વ. શાંતિલાલ જોનભાઈ ખ્રિસ્તી | ખાંધલી | " |
| ૬. સ્વ. વાલજી મહારાજ | કુંજરાવ | " |
| ૭. સ્વ. જોસફ સાહેબ (૧૯૫૨-૫૭) | ભાલેજ (જિંટોડીયાવાલા) | શિક્ષક |
| ૮. સ્વ. તિમોથી સાહેબ (૧૯૫૭-૫૮) | કરમસદ (બાકરોલવાલા) | " |
| ૯. સ્વ. ફાબિયાન સાહેબ (૧૯૫૭-૫૮) | કરમસદ (વલાસણવાલા) | " |
| ૧૦. સ્વ. બાર્નાબાસ સાહેબ (૧૯૫૮-૬૩) | સેંટ ઝેવિયર્સ સ્કૂલ, આણંદ | " |
| ૧૧. સ્વ. કાર્લસાહેબ " | " | " |
| ૧૨. પાઉલ સી. પરમાર સાહેબ " | " | " |
| ૧૩. સ્વ. વિલ્યમસાહેબ " | " | " |
| ૧૪. સ્વ. જોસફ મેકવાન સાહેબ " | " | " |
| ૧૫. સ્વ. નબીજી વોરા સાહેબ " | " | " |
| ૧૬. સ્વ. આર.સી. પટેલ સાહેબ " | " | " |
| ૧૭. સ્વ. સિમોન સાહેબ ગામડીવાલા - સહનિવાસી ચિખોદરા ૧૯૫૮-૬૫ | | " |
| ૧૮. સ્વ. ઈમાનુયેલ વાલજી પરમાર | કેથલિક બેંક આણંદ | " |
| ૧૯. સ્વ. ફા. સૂર્યા, સ્વ. ફા. આર્થા, સ્વ. ફાધર પુંછે, સ્વ. ફાધર આવેલી | | ધર્મગુરુઓ |
| સ્વ. ફાધર સવાલ, સ્વ. ફાધર ફ્રાન્સિસ મેન્ડોઝા, સ્વ. ફાધર ઓસેટ | | " |
| સ્વ. ફાધર અનિલ લુકાસ, સ્વ. ફાધર જેરાલ્દ લોબો (પ્રિન્સિપાલ) | | " |
| સ્વ. ફાધર પિન્ટો (પ્રિન્સિપાલ), સ્વ. ફાધર ફિગેરા (કરમસદ) | | " |
| સ્વ. ફા. આગેથુ, સ્વ. ફા. મત્થુ, સ્વ. ફા. આર્થર (ગોઠડા - સાવલી) | | " |
| સ્વ. ફાધર બાસિલ લાલા પરમાર, સ્વ. બ્રધર અનેરી (આણંદ પ્રેસ) | | " |

## ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. દીનાબેન છોટુભાઈ પરમાર**


જન્મ: ૦૧-૦૬-૧૯૫૩

અવસાન: ૨૦-૦૮-૨૦૧૨

ચંદન જેવું જીવન જીવીને, સુખ સૌને આપી ગયાં.
ખુદ ઘસાઈને અમ કાજે સૌરભ થઈ પ્રસરી ગયાં.
તમારી સ્મૃતિ અમ હૈયે સદા ચિરંજીવી રહેશે.
આપનાં કર્મો, આદર્શો અમારા જીવનપર
સદા પ્રેરણાનાં અજવાળા પાથરતાં રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. છોટુભાઈ એમ. પરમાર**
**મિતેષકુમાર - કલ્પનાબેન** **રાજેશકુમાર - સેજલબેન**
**ડૉ. એલ્ડ્રીન - ડૉ. રીન્કુ** **ચિ. રૂષિલ, ચિ. પર્લ, ચિ. સમર**
૨૨, આશીર્વાદ કોલોની, પાધરીયા, આણંદ ૩૮૮ ૦૦૧

## ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જીગ્નેશકુમાર હસમુખભાઈ પરમાર**

જન્મ: ૧૨-૦૭-૧૯૮૭


અવસાન: ૧૨-૦૮-૨૦૧૨

"પ્રભુમાં શ્રદ્ધા રાખનાર પરમસુખી છે."

નથી હયાત જીગુ તું પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર ક્ષણ તારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક તારી કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પરમ કૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને
શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**લિ. આપના દુઃખી મમ્મી-પપ્પા, ભાઈ વિકાસ - સોનલ**
**તથા આપનો દુઃખી પરિવાર તથા સગાંસંબંધી**
નવદીપનગર સોસાયટી, નડીઆદ

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જોસેફભાઈ ડાહ્યાભાઈ પરમાર**

જન્મ: ૧૧-૦૩-૧૯૨૭

અવસાન: ૧૮-૦૮-૨૦૦૯

આ સંસારરૂપી સાગરમાં ઘણાં સારા માઠા અવસર આવ્યા તેનો તમે ઘણી જ હિંમતથી સામનો કર્યો. જીવનભર કઠોર પરિશ્રમ કરી સાદગીભર્યું જીવન જીવી અમને સુખશાંતિ આપતા ગયા. આ તમારી ઉદારતા, કુટુંબ પ્રત્યેનો પ્રેમ અને નિખાલસ સ્વભાવ અમારા હૈયામાં કાયમ માટે રહેશે.

તમારા દિવ્ય આત્માને પરમશાંતિ બક્ષે એજ અમારી અંતરથી પ્રાર્થના.

**લિ. આન્નાબેન પરમાર અને પરિવાર**
ખ્રિસ્તી મહોલ્લો, તારાપુર

## આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. (શહીદ) સંદીપકુમાર**
**પરાગભાઈ ચૌહાણ**

જન્મ: ૧૩-૧૦-૧૯૮૧

અવસાન: ૨૩-૦૮-૨૦૦૮

વ્હાલા સંદીપ,

તારી આઠમી પુણ્યતિથિએ તારી યાદોને વાગોળતાં અમારા વીંધાઈ ગયેલા હૃદયની વેદના અશ્રુઓ બની રહી છે. તારી સાહસિકતા, નીડરતા, બીજા માટે જીવન આપવાની પરોપકારી ભાવનાથી પ્રેરાયેલી ટૂંકી જિંદગીનું જીવનભરનું સંભારણું અમને આપ્યું છે. તારા જવાથી તારા આ પરિવારને ન પૂરાય એવી ખોટ પડી છે. તેં અમારા જોયેલાં સર્વ સ્વપ્નોને પાછળ છોડી, તારો સમસ્ત પરિવાર રડતો મૂકી, ઈશ્વરના સાંનિધ્યમાં આશરો લઈ લીધો. હવે ફક્ત તારી યાદોનાં જ સંભારણાં અમારા દિલમાં રહી ગયાં છે. સદાય હસતો અમારા સ્મૃતિપટ પર અંકાઈ ગયો છે. સ્વર્ગમાંથી અમારા સર્વને માટે પ્રાર્થના કરજે.

પરમપિતા તારા આત્માને શાંતિ આપે તથા પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની અપેક્ષા સાથે.

**લિ. સમસ્ત ચૌહાણ પરિવાર**
પરિશ્રમ સોસાયટી, નગર રોડ, ખંભાત

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### રેડિયો પ્રસારણનાં ૫૦ વર્ષ

**વેટિકનઃ** વેટિકન રેડિયા દ્વારા ભારતીય કાર્યક્રમ પ્રસારણને ૧૬મી મેના રોજ ૫૦ વર્ષ પૂર્ણ કર્યા. આ ટાણે રોમમાં ખ્રિસ્તયજ્ઞ સહ એક સત્કાર સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યા હતો. ફાધર લિબર્ટ ડિસોઝા (જનરલ કાઉન્સિલ એન્ડ રીજિયોનલ આસિસ્ટન્સ સાઉથ એશિયા) સમારંભના અધ્યક્ષપદે હતા. આ ઉજવણીમાં હિન્દી, તામિલ, મલાયાલમ અને અંગ્રેજી ભાષામાં ભજનનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. વેટિકન રેડિયાના કાર્યક્રમ સંબંધી ત્રણ હિન્દી અને બે તમિલ પુસ્તકો પ્રકાશીત કરવામાં આવ્યા હતાં.

તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૩૧ના રોજ વડાધર્મગુરુશ્રી પીયુષ ૧૧મા એ વેટિકન રેડિયોની સ્થાપના કરી હતી. ગુગ્લિલમો મરેની જે રેડિયોના સ્થાપક હતા તેમને આ જવાબદારી સોંપવામાં આવી હતી. સને ૧૯૫૮માં સાઉથ એશિયા માટે અંગ્રેજી વેટીકન રેડિયોની શરૂઆત કરવામાં આવી હતન સને ૧૯૬૪માં ભારત ખાતે આંતરરાષ્ટ્રીય ધાર્મિક સંમેલન મુંબઈમાં યોજાયું જેમાં પોલ દ્દહ્રા હાજર રહ્યા હતા. ત્યાર બાદ હિન્દી, તમિલ, મલયાલમ અને અંગ્રેજી એમ ચાર ભાષામાં વેટિકન રેડિયોનો આરંભ કરવામાં આવ્યો હતો. જે ૧૯૬૫થી શરૂ થઈ હતી. ૧૯૬૫થી રેડિયો વેટિકન દ્વારા ૧૦ મિનિટનો પ્રસારણ કાર્યક્રમ અઠવાડિયામાં બે વખત પ્રસારણ કરવામાં આવે છે જે કાર્યક્રમ ચારેય ભાષામાં રજૂ થાય છે.

– UCAN INDIA.COM

### રાત્રિ જાગરણ

**બગદાદ :** ૧૧મી જૂન, ૨૦૧૫ના રોજ સમર્પિત જીવન વર્ષ નિમિત્તે રાત્રિ જાગરણ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાધર્માધ્યક્ષશ્રી માચ સાકોનીએ જણાવ્યું કે દેશમાં સમર્પિત જીવન અર્પણ કરનાર તથા ધર્મગુરુઓના તેડાં ઓછાં જોવા મળે છે. ઘણા લોકો અહીં કામ કરતા થાકી જાય છે કારણ અહીંની સરખામણીમાં વિદેશમાં સલામતી તથા ભૌતિક સમૃદ્ધિ વધારે છે. તેમણે આધ્યાત્મિક શિક્ષણમાં વધારે દૃઢ થવા તેમજ માતા મરિયમનું અનુકરણ કરવા અનુરોધ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે પ્રભુને સમર્પિત થવાથી આપણે જીવનમાં આનંદ પ્રાપ્ત કરી શકીએ, ઈશ્વરમય જીવન જીવી શકીએ છીએ. ઈશ્વર જ આપણું રક્ષણ કરે છે, ઈશ્વરના સાનિધ્ય થકી જ આપણો વિકાસ થાય છે.

આજે લોકો પવિત્ર આત્માની અનુભૂતિ કરી શકતા નથી. આપણે નબળાઈઓ તથા વર્તનનું બહાનું રજૂ કરીને આપણે બચતા રહીએ છીએ પરંતુ ઈશ્વર જ આપણને મદદરૂપ બનીને આપણી નબળાઈઓમાંથી આપણને બહાર લાવે છે. ઈસુએ સંત પીટરને જે કહ્યું હતું તે જ આપણને કહે છે કે, 'ઈશ્વર આપણી સાથે છે.' બ્રહ્મચર્ય, આજ્ઞાપાલન અને ગરીબાઈના વ્રતના પાલન દ્વારા ઈશ્વરીય તેડામાં દૃઢ થવા ઉપર ભાર મૂક્યો હતો.

– USHA TIRKEY

### ટેલિવિઝન અને નામદાર વડાશ્રી

**રોમઃ** નામદાર વડાધર્મગુરુશ્રી ફ્રાન્સિસે આર્જેન્ટીનાના ખબરપત્રીને આપેલ મુલાકાતમાં જણાવ્યું હતું કે, તેમણે માતા મરિયમ સમક્ષ વચન આપ્યા મુજબ તેઓ ૧૯૯૦થી બિલકુલ ટેલિવિઝન જોતા નથી. તેમને ફૂટબોલની રમત પ્રિય છે છતાંય ફૂટબોલની મેચ જોતા નથી. તેની માહિતી તેઓ તેમનાં અંગરક્ષક પાસેથી મેળવી લે છે.

ટેલિવિઝન ન જોવાનું કોઈ ચોક્કસ કારણ નથી પણ ટેલિવિઝન મારા માટે નથી વળી તેઓ ઈન્ટરનેટ સર્ફિંગ પણ કરતા નથી. ફક્ત રોજ સવારે ૧૦ મિનિટ માટે સમાચાર પત્ર વાંચે છે. વિશેષતો વડાધર્મગુરુશ્રીએ ૧૯૯૪ બાદ તેમના કામકાજમાં એકપણ દિવસની રજા પાડી નથી.

– Mattersindia

### ૨૦૧૬માં સંત મધર ટેરેસા

**રોમ :** વેટિકનના ઉચ્ચ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે રોમન કેથલિક અને સાધ્વી અને મિશનરી પુનિત મધર ટેરેસાને સપ્ટેમ્બર ૨૦૧૬માં સંતનું બિરુદ સંતની પદવી આપવામાં આવશે.

મધર ટેરેસાએ તેમના જીવનનો મુખ્ય ભાગ ભારતમાં વિતાવ્યો છે અને ૮૭ વર્ષની ઉંમરે સપ્ટેમ્બર ૧૯૯૭માં તેઓ આ દુનિયા છોડી ગયાં હતાં. શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતીકરૂપે તેમના પાર્થિવ શરીરને સંત થોમાસ દેવાલય કોલકત્તામાં જાહેર દર્શન માટે મૂકવામાં આવ્યું હતું. ગરીબ લોકોની સેવા અર્થે ભારતના તમામ નાગરિકોને મદદ કરી હતી આથી ભારત સરકારે દ્વારા તેમની અંત્યોષ્ઠિમાં રાષ્ટ્રીય સન્માન આપ્યું હતું.

કેથલિક ચર્ચ દ્વારા તેમને સંતની પદવી એનાયત થાય એ પહેલાં બીજો એક ચમત્કાર તેમના નામની પ્રતિષ્ઠામાં વધારો કરે જરૂરી છે.

– ADNKRONOS


## મકાન વેચવાનું છે

ભુલાભાઈ પાર્ક, ઘર નં.૧૫, તુલસી સિનેમા પાસે, રેલ્વે પાવર સ્ટેશન પાસે, અંબાલાલ પાર્કની પાસે, આણંદ

**સંપર્ક : જનકભાઈ દરજી**

**મો. ૯૮૨૪૪ ૪૫૯૦૭ / ૯૩૭૬૪ ૩૮૮૩૧**

## ફ્લેટ વેચવાનો છે

મણીનગર (પૂર્વ) ક્રિશ્ચિયન વિસ્તાર મધ્યે, ચર્ચની સામે, સંપૂર્ણ હવાઉજાસ ધરાવતો ફર્સ્ટ ફ્લોર પરનો રોડ સાઈડનો ૮૦ વારનો 1BHK ફ્લેટ વેચવાનો છે.

**સંપર્ક : ૯૬૦૧૯ ૪૯૨૧૭**

## ધર્મભારતી

### 'સ્તુતિ હો... પ્રભુ'નો આવકાર

**ન્યુ દિલ્હી :** 'સ્તુતિ હો, તારી પ્રભુ (લૌદાતો સી) મથાળા હેઠળ, વડાધર્મગુરુ ફ્રાન્સિસ પહેલાએ 'આપણા સહિયારા ઘર'નું જતન કરવા, આબોહવા પરિવર્તન અને પર્યાવરણની સુરક્ષા અંગે પરિપત્ર બહાર પાડનાર સૌ પ્રથમ વડાધર્મગુરુ સિદ્ધ થયા છે. આ પરિપત્ર ૬ પ્રકરણમાં ૨૪૬ લેખમાળામાં સમાહિત છે, જેમાં પર્યાવરણના નિકંદનના વધતા જોખમ પ્રત્યે ઉંડી ચિંતા વ્યક્ત કરતાં, જવાબદાર નેતાઓને તે અંગે તત્કાળ નિર્ણય કરવાનો અનુરોધ વડાધર્મગુરુએ કર્યા છે. આ ગંભીર કટોકટીના ઉકેલ માટે આધ્યાત્મિક વલણના ઉકેલની પણ રજૂઆત કરે છે. ઉગતી પેઢી પ્રત્યે આપણી જવાબદારીના ભાગરૂપ, કુદરતી સ્ત્રોતના વિવેકપૂર્ણ ઉપયોગ અને પર્યાવરણના પ્રદૂષણ પર રોકના નૈતિકપૂર્ણ વલણના વિકાસ માટે, તાપમાનમાં એકાએક થયેલા ફેરફાર અંગે જાગ્રત કરવા વડાધર્મગુરુની મહેચ્છા છે. સર્જનની માવજત તથા ગરીબની સંભાળની ચિંતા પણ તેમણે આ પરિપત્રમાં કરી છે. ૨૦૧૫નું વર્ષ માનવજાત માટે કટોકટીભર્યું છે ત્યારે આ પરિપત્રનું આગમન ઘણું દિશાસૂચક બની રહેશે. વિકાસના હેતુસર નાણાકીય અંદાજપત્ર માટે ત્રીજી આંતરરાષ્ટ્રીય નાણાકીય સમિતિ (Third Inferanational Conference on Financing for Dcvp.) જુલાઈ - ૨૦૧૫ અદ્દિસ આબ્લામાં મળશે. ૨૦30 સુધીનો વિકાસ ધ્યેય હાંસલ કરવા નવા આયોજન માટે સંયુક્ત રાષ્ટ્રસભાની સામાન્યસભા સપ્ટેમ્બર, ૨૦૧૫માં મળશે. 'વૈશ્વિક ઉષ્ણતામાન' (Globle Warming)માં ઘટાડો કરવાના આયોજનની સોંપણી પ્રત્યેક દેશ, ડિસેમ્બર - ૨૦૧૫માં પેરીશમાં યોજનાર 'ક્લાઈમેટ ચેઈન્જટ' કોન્ફરન્સને કરશે. માનવજાતના ભવિષ્યની ચિંતા કરનારા, ધરતીનું જતન કરનારા, શુભેચ્છકો, સાથીદારો તેમજ ધર્મજનો સુધી વડાધર્મગુરુનો આ સંદેશ પહોંચે તે માટે, પૌષ્ય, ન્યાય અને શાંતિ સમિતિએ, વિશ્વભરની ધર્માધ્યક્ષ હસ્તક સેવાસમિતિઓને આગ્રહ કર્યો છે. પર્યાવરણ અને પ્રાકૃતિક સંસાધનોની સુરક્ષા હેતુ, તે અંગે મનનચિંતન કરવા શિક્ષણ જગત અને નાગરિક સત્તાધિકારીઓને પણ પ્રચાર-પ્રસારના માધ્યમ થકી સુલભ બનાવવા અનુરોધ કરવામાં આવશે. પરિપત્રમાં જણાવ્યા અનુસાર વડાધર્મગુરુનો સંદેશ છેવાડમાં માનવી સુધી પહોંચાડવા તેમજ વિવિધ કાર્યક્રમનું આયોજન, કેથોલિક બિશપ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા નજીકના ભવિષ્યમાં પુરુ કરશે તેવી આશા વ્યક્ત કરી હતી. — મોન્શિગર જોસફ ચિન્નય્યાન

### નવા આધ્યાત્મિક સલાહકાર

**કોટ્ટામંગલમ્ :** કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયાના પ્રમુખ પરમપૂજ્ય કાર્ડિનલ કલીમિસે, કોટ્ટામંગલમ્ ધર્મપ્રાંતના ફાધર ડો. સ્તાનિસલાઉસ કુન્નેલને, સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, નેશનલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નવા આધ્યાત્મિક સલાહકાર તરીકે નિમણૂંક કરી છે. ૧૯૮૬માં પુરોહિત દીક્ષા બાદ ૧૯૯૫માં પોન્તિફિક્સ સલેશિયન યુનિ. રોમમાં શ્રદ્ધાઘડતર અને યુવા પાળકીય સેવા વિષયમાં ડોક્ટરેટની પદવી હાંસલ કરી હતી. ભારત પરત આવ્યા પછી ધર્મપ્રાંતની વિવિધ સંસ્થા - સેવા પ્રવૃત્તિમાં નિયામક તરીકે સેવા આપી છે. છેલ્લે ૨૩ મે, ૨૦૧૫ના રોજ ધર્મપ્રાંતના કોર્પોરેટ એજ્યુકેશનલ સેક્રેટરી તરીકે તેમની વરણી થઈ હતી અને હવે તાજેતરમાં રાષ્ટ્રીય સ્તરે સંત વિન્સેન્ટ દે પોલ મંડળના આધ્યાત્મિક સલાહકાર તરીકેની જવાબદારી તેમના શિરે મૂકવામાં આવી છે. – CBCI PR

### મહાધર્માધ્યક્ષનું સન્માન

**હૈદરાબાદ :** તેલગણાના મુખ્યમંત્રી શ્રી કે. ચન્દ્રશેખર રાવે બીજી જૂન, ૨૦૧૫ના રોજ નવા રાજ્યની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે રાજ્યના ૫૦ વ્યક્તિવિશેષનું રાજ્યમાં તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ સન્માન કર્યું. જેમાં હૈદરાબાદના મહાધર્માધ્યક્ષ થુમ્માબાલા પણ એક હતા. મહાધર્માધ્યક્ષશ્રીને સન્માનમાં શાલ, પ્રશસ્તિપત્ર અર્પણ કર્યા હતાં. મહાધર્માધ્યક્ષશ્રીએ ખ્રિસ્તી સમુદાય વતી મુખ્યમંત્રીશ્રી તથા સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી અને સરકારનાં વિકાસના કાર્યોમાં સહયોગ આપવાની ખાતરી આપી. શિક્ષણ, આરોગ્ય અને જનકલ્યાણ માટે ધર્મસભા હંમેશા કાર્યરત છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેલગણા દ્વારા એક અઠવાડિયાના કાર્યક્રમમાં રાજ્યના અલ્પસંખ્યક નાણાંકીય નિગમ દ્વારા છઠ્ઠી જૂને "ક્રિશ્ચિયન ધૂમ-ધામ" નામનો એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગૃહમંત્રીશ્રી રેડ્ડીએ ખ્રિસ્તીઓને સુરક્ષા અને વિકાસ માટે ધ્યાન આપવામાં આવશે એવું આશ્વાસન આપ્યું હતું. તેમણે કહ્યું હતું રાજ્ય સરકાર દ્વારા મળતી તમામ સહાય અને લાભ દલિત ખ્રિસ્તીઓને પણ આપવામાં આવશે તેમજ શિષ્યવૃત્તિ અને બીજી સહાયકારી યોજનાઓ ખ્રિસ્તીઓ માટે શરૂ કરવામાં આવશે. આ નિમિત્તે રાજ્ય સરકારે ખ્રિસ્તી લોકો માટે 'ક્રિશ્ચિયન ભવન' બનાવવાની જાહેરાત કરી જે સિકન્દરાબાદના મહેન્દ્રા પર્વતીય ક્ષેત્રમાં બનાવવામાં આવશે.

— Federation of TC


**મકાન વેચવાનું છે**

૭૦ ચો.વાર, બે રૂમ, રસોડું.
૭/એ, ધર્મદીપ એપાર્ટમેન્ટ, સી.એન.આઈ. ચર્ચ પાસે,
દીપક સર્કલ, મણીનગર (પૂર્વ), અમદાવાદ
**સંપર્ક : મો. ૯૬૦૧૭ ૯૮૨૭૭**

**ડુપ્લેક્ષ બંગ્લોઝ વેચવાનો છે**

3BHK, ત્રણ બાજુ જગ્યા, બધી જ સુવિધા સાથે, વેચવાનો છે.
૧૫, સહયોગ ટ્વીન્સ, આધ્યસક્ત સોસાયટીની બાજુમાં,
ચર્ચની બાજુમાં, ચાવડાપુરા-જિંટોડિયા, આણંદ
**સંપર્કઃ સ્નેહલ પરમાર - ૮૭૫૮૦ ૯૧૨૯૫**
**૯૭૨૬૧ ૯૧૮૯૧**

## ધર્મગુર્જરી

### સેંટ મેરી ચર્ચનો આશીર્વાદ

**ગોધરાઃ** ૪થી જુલાઈના રોજ વડોદરા ધર્મપ્રાંતના પરમ પૂજ્ય ધર્માધ્યક્ષશ્રી ગોડફ્રી'ડી રોઝારિયો અને મધ્ય ભારત સોસાયટી ઓફ ડિવાઈન વર્ડ સંઘના પ્રાન્તાધ્યક્ષ રેવ. ફાધર ઝેવિયર ધીરુકુડુમ્બમની ઉપસ્થિતિમાં નવીનીકરણ થયેલ ચર્ચનો આશીર્વાદ અને ઉદ્ઘાટન સમારોહ યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં બંને મહાનુભવોનું ફુલહારથી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું. ગોધરા પેરિશના શ્રદ્ધાળુઓએ સરઘસ સાથે ધર્માધ્યક્ષશ્રી તથા પ્રાન્તાધ્યક્ષ અને આમંત્રિત ધર્મગુરુઓને ચર્ચના પ્રવેશદ્વાર સુધી દોરી લાવ્યા. ત્યાં ધર્માધ્યક્ષશ્રીએ ચર્ચનો આશીર્વાદવિધિ કરી અને રેવ. ફાધર ઝેવિયરે ચર્ચને વિધિવત્ ખુલ્લુ જાહેર કર્યું. પેરિશની બાલિકાઓના આવકાર નૃત્ય દ્વાર મહાનુભવોને ચર્ચની પવિત્ર વેદી સુધી દોરી લાવવામાં આવ્યા. સુઝાનબેને શ્રદ્ધાળુ અને મહેમાનો સમક્ષ ચર્ચના ઈતિહાસનું વાંચન કર્યું. આ સાથે ધર્માધ્યક્ષશ્રીએ આશરે ૩૦ ધર્મગુરુઓ સાથે આ ચર્ચમાં પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. દરમ્યાન સ્થાનિક ગાયકવૃંદે સુંદર ભજનોથી શ્રદ્ધાળુઓને ભાવવિભોર બનાવ્યા હતા. સિસ્ટર ઈશાબેલે ગાયક-વૃંદને દોર્યું હતું.

પૂજ્ય ધર્માધ્યક્ષશ્રી ઉપદેશમાં જણાવ્યું કે આ ચર્ચ લોકોની શ્રદ્ધાનું પ્રતીક બની રહેશે. શ્રદ્ધાના ચણતર દ્વારા આ પ્રભુમંદિર ભવ્ય બનશે. વધુમાં જણાવ્યું કે ફાધર જોસ વાયલીલ એસ.વી.ડી.ની તનતોડ મહેનત, તેમની દીર્ઘદૃષ્ટિ, આર્થિક અંતરાયોમાં હિંમત રાખી આ ચર્ચનું નિર્માણ કાર્ય કર્યુ તે તેમની આગવી સિદ્ધિ છે. સેન્ટ મેરી ચર્ચના ચણતરમાં સોનેરી અક્ષરે તેમનું નામ ઈતિહાસમાં લખાશે.

પૂજ્ય રેવ ફાધર ઝેવિયર દ્વારા સંતોની પ્રતિમાઓને પ્રસ્થાપિત કરી. સૌ ભક્તજનો ભક્તિમાં લીન થયા હતા. ખ્રિસ્તયજ્ઞના અંતે નાનકડો સન્માન સમારંભ યોજવામાં આવ્યો, સભાયાજ્ઞિક ફાધર જોસ વાયલીલ તેમજ નવા વરાયેલ ધર્મગુરુ ફાધર સ્લીવૈહા એસ.વી.ડી. અને પેરિશ કાઉન્સિલના ઉપપ્રમુખશ્રી વિનુભાઈ પરમાર દ્વારા બિશપ સ્વામીને પુષ્પગુચ્છ આપી, શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉપસ્થિત રેવ. ફાધર પી.ડી. મેથ્યુ; મુંબઈના આર્ટીસ્ટ ફાધર થોમાસ, વિકર જનરલ, ફાધર જોયલ પાયસ આમંત્રિત ધર્મગુરુઓ અને ચર્ચના કોન્ટ્રાક્ટર શ્રી દીપક મેકવાન, આ સૌનું પેરીશનરો દ્વારા પુષ્પગુચ્છ આપી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. — પેરીશ કાઉન્સિલ દ્વારા

### સાયકલ વિતરણ

**સલુણ :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેંટ જોન મેરી વિયાની કોન્ફરન્સ પાલૈયા, તરફથી તા. ૧૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ સાંજે ૪.૦૦ કલાકે જૂના દેવાલયના પટાંગણમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થી/ વ્યક્તિઓને સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

અંદાજે સાતેક વર્ષ પહેલાં કોન્ફરન્સે સાયકલ પ્રોજેક્ટનો પ્રસ્તાવ અમદાવાદ સેન્ટ્રલ કાઉન્સિલ મારફતે, નેશનલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (હેડ ઓફિસઃ મુંબઈ) સમક્ષ મૂક્યો હતો, જે એકાદ મહિના પહેલાં મંજૂર થયો હતો. આટલાં વર્ષ પહેલાંની સાયકલની મૂળ કિંમત મંજૂર થતાં નવી સાયકલ ખરીદી માટે લાભાર્થીએ પણ રૂા. ૫૦૦/- અંગત ફાળો આપ્યો હતો.

દિવ્યદયા ધામના સભાપુરોહિત ફાધર ફ્રાન્સિસે સાયકલને આશીર્વાદ આપ્યો હતો અને સાયકલનો ઉપયોગ સતકર્મ કરવા અનુરોધ કર્યા હતો. મ.સભાપુરોહિત ફાધર માર્ટિન અપ્પાએ શુભેચ્છા પાઠવી હતી. સેન્ટ્રલ કાઉન્સિલના પ્રમુખ દાનિયેલ ક્રિસ્ટીએ, સાયકલ વિતરણ કરતાં આનંદની લાગણી વ્યક્ત કરતાં યુવાનોને સેવાકાર્યમાં જોડાવા અપીલ કરી હતી. એરિયા કાઉન્સિલ પ્રમુખ જસવંત મેકવાને, દિવ્યદયા સાગર ઈસુના અનુભવ - આનંદ, પ્રેમ, શાંતિને યુવાનોમાં લ્હાણી કરવા તથા યુવા કોન્ફરન્સની રચના માટે આગળ આવવા હાજર યુવાનોને આહ્વાન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્થાનિક પ્રમુખશ્રી જસ્ટિન વાઘેલા અને સભ્યગણે કર્યું હતું. સાયકલ વિતરણ બાદ ચા-પાણી સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. સોસાયટીની આરંભની પ્રાર્થનાની શરૂ થયેલ સાયકલ વિતરણ કાર્યક્રમ, અંતિમ પ્રાર્થનાથી પૂર્ણ થયો. — ઈગ્નાસ વાઘેલા દ્વારા

### વર્લ્ડ રેકોર્ડ માટે અભિનંદન

**બાલાસિનોરઃ** સેક્રડ હાર્ટ ધર્મ-વિભાગના, થર્મલ પાવર સ્ટેશન - વણાંકબોરીના રહેવાસી શ્રી સન હસમુખભાઈ મેકવાન હાલ સેંટ ઝેવિયર્સ કોલેજ - અમદાવાદમાં બી.બી.એ.માં અભ્યાસ કરે છે. સામાન્ય રીતે આપણે બે પગે ટટ્ટાર ચાલીએ છીએ પણ સનને હાથ પર ચાલવાનું સાહસ ગમે. નાનપણમાં તે મહાવરો કરતો અને હાલમાં ૧૯ જૂન, ૨૦૧૫ના રોજ ૧ મિનિટ ૩૨ સેકંડ હાથ પર ચાલીને અગાઉનો હાથ પર ચાલવાનો વર્લ્ડ રેકોર્ડ - ૧ મિનિટ, ૨૯ સેકંડ - તેણે બ્રેક કર્યો છે. આ અનોખી સિદ્ધિ બદલ સમસ્ત ધર્મસભા વતી સનને હાર્દિક અભિનંદન. સન, અન્ય ક્ષેત્રમાં સામાજિક, ધાર્મિકમાં પણ વર્લ્ડ રેકોર્ડ કરે એવી અમારી શુભેચ્છાઓ.

— ફાધર જોન બ્રિટો દ્વારા

### પ્રભુમંદિરનો જિર્ણોદ્ધાર

**પીઠાદરા (ઉનાઈ) :** દક્ષિણ ગુજરાતના ઉનાઈ ધર્મવિભાગમાં પીઠાદરા ગામે સામાજિક શૈક્ષણિક આર્થિક અને ધાર્મિક પ્રવૃત્તિઓને કારણે મોખરાનું સ્થાન મેળવ્યું છે. 'ઈસુ, તારણહાર મંદિર'ની જર્જરિત હાલત જોઈ ગામ લોકોએ તેનો જિર્ણોદ્ધાર કરવાનું નક્કી કર્યું. સભાપુરોહિત ફાધર રોબર્ટ અને ગામની સમિતિના યથાશક્તિ સહકારથી પ્રભુમંદિરનો જિર્ણાદ્ધાર થયો. પ્રભુનો આભાર. 'આ મંદિરના પહેલાંના વૈભવ કરતાં હવે પછીને વૈભવ ચઢી જશે અને આ મંદિરમાં આવનારને હું સુખ અને શાંતિ આપીશ.' (હાગાઈ ૨:૯)

— ગામીત જોન એસ. દ્વારા

## પગભર પગલાં પ્રથમ

**માતરઃ** સંત પાઉલ ધર્મવિભાગમાં મહિલાઓમાં 'સ્વસહાય જૂથ'ની રચના થઈ છે. આ જૂથની બહેનો માટે ખેડા સોશ્યિલ સર્વિસ સોસાયટીના કો-ઓડિનેટર શ્રી શૈલેષભાઈએ 'ઉમ્મીદ પ્રોજક્ટ' હેઠળ, માતર અને તેની આજુબાજુનાં ગામ-બામણગામ, વણસર-માં સિવણવર્ગ તથા બ્યુટીપાર્લરના વર્ગ ત્રણ મહિના પહેલાં શરૂ થયા હતા, કોર્સના સમાપન ટાણે તા. ૧૬-૦૬-૨૦૧૫ના રોજ આ બહેનોને પ્રમાણપત્ર અને કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રીખાંટ સાહેબ (મામલતદાર) પી. આઈ શ્રી શારદાબેન, ફાધર જગદીશ મેકવાન (સહનિયામક કે.એસ.એસ. એસ) તથા સ્થાનિક સભાયાજ્ઞિક અને સિ. સુપીરિયર ઉપસ્થિત રહ્યાં હતાં. મહિલાઓએ ત્રણેક મહિનાની તાલીમ બાદ હવે સ્વતંત્ર રીતે રોજગારી મેળવવા ઉત્સુક હતાં. સૌને અભિનંદન. — સિસ્ટર રોશની દ્વારા

## સંત અંતોની પર્વ

**નરોડા (અમદાવાદ) :** દર વર્ષની જેમ, આ વર્ષે પણ ૧૪ જૂન ૨૦૧૫ના રોજ ધર્મવિભાગના રક્ષક સંત, સેંટ અંતોનીના પર્વની શ્રદ્ધાળુઓએ શાનદાર ઉજવણી કરી. આધ્યાત્મિક તૈયારીરૂપે નવસંધ્યાભક્તિ બાદ પર્વદિને અમદાવાદ ધર્મપ્રાંતના એડમિનિસ્ટ્રેટર, અન્ય તેર જેટલા પુરોહિતગણ સાથે ખ્રિસ્તયજ્ઞમાં જોડાયા હતા. ખ્રિસ્તયજ્ઞ પહેલાં સંત અંતોનીના પાવન અવશેષ અને પ્રતિમા સાથે ધર્મજનો સરઘસમાં જોડાયા હતા. તેમણે ભગવાન ઈસુના પરમપૂજ્ય હૃદયમાંથી વહેતા દયા-કરુણાનો અનુભવ કરવા અને બીજાને પહોંચાડવા અનુરોધ કર્યા હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ પેરિશ કાઉન્સિલના ઉપપ્રમુખશ્રી પી. સી. વર્ગીસે મહાધર્માધ્યક્ષનું ફૂલહારથી અને પર્વના મુખ્ય દાતાશ્રી બાબુ વર્ગીસે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સભાપુરોહિત ફાધર આરોકે અમદાવાદ ડીનરીના યુવાનો માટે સેન્ટ એન્ટોની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. જેમાં મણીનગરની ટીમ વિજેતા તથા નરોડાની ટીમ રનર્સ અપ બની હતી, પર્વદિને તેમને ટ્રોફી આપવામાં આવી હતી. વિશેષમાં ધર્મશિક્ષણના વર્ગના સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. દિનપ્રતિદિન સંત અંતોનની મધ્યસ્થી દ્વારા શ્રદ્ધાળુઓને પ્રભુના આશીર્વાદ મળતા રહે છે, તેની પ્રતીતિ સૌને થઈ. 'એક કુટુંમ્બ'ની ભાવનાથી તહેવારની ઉજવણી માટે સભાપુરોહિત સૌનો આભાર માન્યો હતો. — લોરેન્સ જે. ક્રિશ્ચિયન દ્વારા

## પૂજ્ય હૃદયનું પર્વ

**નારુકોટઃ** પંચમહાલ જિલ્લામાં જંગલપહાડો વિસ્તારમાં નારુકોટ ધર્મવિભાગ ઈસુના પરમપૂજ્ય હૃદયને સર્મપિત છે. તાજેતરમાં ૨૮ જૂન, ૨૦૧૫ના રોજ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. પર્વની આધ્યાત્મિક તૈયારીરૂપે પૂજ્ય હૃદયની નવસંધ્યાભક્તિ કરવામાં આવી હતી. ધર્મજનો અને વિદ્યાર્થી સમુદાયે રોજરોજ અંગત હેતુઓ માટે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. પર્વદિને ઈસુના પરમપૂજ્ય હૃદયનું ભજનકીર્તન-સરઘસ દ્વારા બહુમાન કર્યું હતું., ત્યારબાદ કથાકાર ફાધર વિનય મેકવાને સૌને પૂજ્ય હૃદયની આરાધનામાં લીન કર્યા હતા. ખ્રિસ્તયજ્ઞના આરંભે જીવન વિકાસ કેન્દ્રની બાળાઓએ પ્રવેશ નૃત્ય કર્યું હતું. ખ્રિસ્તયજ્ઞમાં ધર્મવિભાગના ધર્મગુરુઓ તથા સાધ્વીબેનો પણ જોડાયાં હતાં. ધર્મવિભાગના રેક્ટર સભાપુરોહિત ફાધર પ્રવીણ પરમારના નેતૃત્વ અને માર્ગદર્શનમાં આયોજન અને કામગીરીથી પર્વની ઉજવણી આનંદ પ્રેરક રહી હતી.

— ઈસુદાસ વી. દ્વારા

## સમાજનું ગૌરવ

**ગાંધીનગરઃ** મૂળવતન ગામડી (આણંદ) અને હાલ ગાંધીનગર રહીશ શ્રી હિમતભાઈ મેકવાનની, ગાંધીનગર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી માયનોરીટી ડિપાર્ટમેન્ટની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. તેઓશ્રી છેલ્લા દસેક વર્ષથી રાજકારણમાં સક્રિય છે. મંત્રી, મહામંત્રી, ઉપપ્રમુખ અને હવે ચેરમેનના ઉચ્ચ હોદ્દા પરથી તેમની વરણી ગુજરાત કેથોલિક સમાજ માટે ગૌરવ અને આનંદનું કારણ છે. શ્રી હિમતભાઈ મેકવાન રાજકીયક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

— ગાંધીનગર ગુ.કે. પરિવાર દ્વારા

## અનુભવોનો નિચોડ-વાર્તાસંગ્રહ

**નડીઆદઃ** લેખકશ્રી અનિલભાઈ વાઘેલા નીવડેલા સાહિત્યકાર છે. સાહિત્યમાં વિવિધ સ્વરૂપો પર તેમણે સફળતાપૂર્વક હાથ અજમાવેલા છે.

આ 'ખરા બપોરે' વાર્તાસંગ્રહ લેખકની ઝીણવટભરી અવલોકનશક્તિનું દ્યોતક છે. સરળભાષા, યથાસ્થાને લોકબોલીનો ઉપયોગ અને ક્રિયાશીલતાનાં જે ચિત્રણો સંગ્રહમાં સંપાદિત કરાયેલાં તે કદરપાત્ર છે. દસ્તાવેજ, વાજુ, ખરાબપોરે, ટપાલ અને મોભો જેવી વાર્તાઓ ઉચ્ચ કોટિની છે. અન્ય વાર્તાઓ પણ વાંચનભોગ્ય છે. વિવિધ પાત્રોને ઉપસાવતાં શબ્દચિત્રો રચવામાં લેખકની કલમે કમાલ કરેલી છે.લેખક તરફથી અર્પણ સ્વરૂપે આવું ઉત્તમ પ્રકારનું


**મોકાનો પ્લોટ વેચવાનો છે**

સહયોગ સોસાયટી, જયપ્રભુ સોસાયટીની પાસે, પવનચક્કી રોડ, નડિયાદ

**સંપર્ક : મો. ૯૪૨૬૫ ૨૫૮૫૧ / ૮૪૬૦૬ ૧૫૩૦૩**

**ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે**

૧૩, શિવ રેસીડન્સી, કૃણાલ પાર્કની સામે, જિંટોડીયા રોડ, જિંટોડીયા, આણંદ. કોર્ટ નજીક, બે રૂમ તથા કિચન, ત્રણ સાઈડ ખુલ્લી જગ્યા, ફર્નિચર સાથે.

:: સંપર્ક ::

**મો. ૮૪૮૮૦ ૯૯૪૮૧ / ૯૪૨૮૪ ૯૦૭૩૧**

## રોજબરોજના બાઈબલ વાંચન માટે ગુજરાત સાહિત્ય પ્રકાશ 'શાસ્ત્રપાઠ સૂચિ' ૨૦૧૬ પ્રકાશિત કરશે.

સાહિત્ય સમાજને પ્રદાન કરવા બદલ અંતરનાં અભિનંદન!

— સુરેન્દ્ર આસ્થાવાદી દ્વારા

### પત્રકારત્વ શિબિર

**અમદાવાદ :** ૧૭ જુલાઈ, ૨૦૧૫ના રોજ, રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.), સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, મિરઝાપુરના ૧૦૦ જેટલા સ્વયંસેવકો માટે ભૂમેલ બ્રોડકાસ્ટિંગ નેટવર્ક (બી.બી.એન.) દ્વારા બહેત્તર નાગરિકો દ્વારા, બહેત્તર વિશ્વની રચના માટે 'બેક પેક જર્નાલિઝમ સેમિનાર'નું આયોજન કર્યું હતું, જેના દ્વારા સ્વયંસેવકો સ્વયં પ્રેરણા મેળવી, યોગ્ય કારકિર્દી પસંદ કરી શકે. ફોટોગ્રાફીની મૂળભૂત આચારસંહિતા, સંકલ્પના ઉપરાંત લેખન દ્વારા હકારાત્મક સંદેશા વ્યવહારની જાણકારી આપવામાં આવી હતી. સ્વયંસેવકોને તંત્રીને પત્ર, નાટ્યલેખન તથા ટૂંકીવાર્તાનો મહાવરો પણ આપવામાં આવ્યો હતો. વોટ્સઅપ, ફેસબુક, ટવિટ્ટર, બ્લોગ જેવા સોશ્યિલ મીડિયાનો કેવી રીતે બહેત્તર ઉપયોગ કરવો તેની માહિતી પણ આપવામાં આવી હતી. તાલીમના ભાગરૂપે તેઓને જૂથમાં વહેંચવામાં આવ્યા હતા. પ્રત્યેક જૂથ સામાજિક સમસ્યા અને નેતૃત્વનો ગુણવત્તા સાથે આગળ આવ્યું હતું. શિબિર પ્રચાર-પ્રસારનાં સમૂહ માધ્યમોનો વિવેકપૂર્ણ ઉપયોગ પણ સ્વયંસેવકો માટે ઉપયોગી બન્યો હતો. શાળાના આચાર્ય ફાધર ટાઈટસ ડી'કોસ્ટા અને ગુરુજનોના સહકારમાં શિબિર સફળ રહ્યો હતો.

— ફ્રાન્સિસ પરમાર દ્વારા

### દેવવિદ્યાના વર્ગનો આરંભ

**નડીઆદ :** પાસ્ટરલ સેન્ટરમાં ધર્મજનો માટે દેવવિદ્યાના વર્ગનો આરંભ ૨૮ જૂન, ૨૦૧૫ શરૂ થયો છે, આ દિવસે અભ્યાસીઓને સમગ્ર વર્ગનું - વર્ષનું સમયપત્રક આપવામાં આવ્યું અને બાઈબલ વર્ગનો આરંભ પણ થયો. જો કે ૫મી જુલાઈ, ૨૦૧૫ના રોજ અમદાવાદ ધર્મપ્રાંતના એડમિનિસ્ટ્રેટર અને ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાને ઉપસ્થિત રહી વર્ગનો વિધિવત આરંભ કર્યો હતો. અને દેવવિદ્યાના અભ્યાસ ધર્મજનોને પ્રતિવહન પુરું પાડ્યું હતું. હાલમાં વર્ષમાં ૪૧ અભ્યાસીઓ દેવવિદ્યાના અભ્યાસ કરી રહ્યા છે અને વર્ષ દરમિયાન ગુજરાત વિદ્યાદીપ સેવાસી - વડોદરાના પ્રાધ્યાપકગણ તેમજ અન્ય તજજ્ઞ પુરોહિતગણ વર્ષ દરમ્યાન દેવવિદ્યાનું શિક્ષણ આપશે. છેલ્લા ઘણા વર્ષથી અમદાવાદ અને વડોદરામાં દેવવિદ્યામાં દેવવિદ્યાના અભ્યાસક્રમમાં હવે ધર્મજનો સક્રિયપણે અભ્યાસ કરે છે તે આનંદની વાત છે. ભગવાન ઈસુના ગિરિપ્રવચન - પરમસુખનો માર્ગનાં વચનો : 'ધર્મની જેમને ભૂખતરસ છે, તેઓ પરમસુખી છે, તેઓ તૃપ્તિ પામશે.' (માથ્થી : ૫-૬) આજે સાચાં પડતાં લાગે છે.

— ફ્રાન્સિસ ડાયર્સા દ્વારા


નર્સિંગ એડમીશન ૨૦૧૫-૨૦૧૬ | Government of India | સરકાર માન્ય સંસ્થા

**નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ**

B.S.S. માન્યતા પ્રાપ્ત કોર્ષ

શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ , નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) માન્ય

**ધો.૧૦,૧૨(દરેક પ્રવાહ)તથા કોલેજ પાસ-નાપાસ માટે 100% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ(બેંગ્લોર) | ૧૨ પાસ | ૩½વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન નર્સિંગ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન લેબ ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |




ખાસ નોંધ:-(૧)લીમીટેડ સીટ,(૨)દરેક કોર્ષમાં બુકસ,મટીરીયલસ ફ્રી મળશે.(૩)ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ(૪)ખૂબ જ ગરીબ,વિધવા,મા-બાપ વિનાની બહેનોને ખૂબ જ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.

: વધુ માહિતી માટે સંપર્ક કરો :

અર્પણ કેશવલાલ મધુકર, મનિષ અમૃતભાઈ પરમાર – નડીયાદ – મો.૯૯૭૪૦૮૯૪૦૯, મો.૯૦૩૩૧૦૯૦૪૩

દીનેશભાઈ જોષી – આણંદ – મો.૯૮૨૪૧૯૫૧૩૬

હરીશ રાઠોડ, મનિષ અમૃતભાઈ પરમાર – વડોદરા – મો.૯૮૯૮૧૩૩૭૮૦

બ્રીજેશ જોષી – પેટલાદ – મો.૯૯૦૪૮૪૬૦૩૬

મૌલીક ઠક્કર, મનિષ અમૃતભાઈ પરમાર – મહેમદાવાદ – મો.૯૯૭૯૫૩૫૦૧૨, મો.૯૦૩૩૧૦૯૦૪૩

હેડ ઓફીસ:-નાલંદા ઈન્સ્ટીટ્યુટ,પહેલો માળ,હરિદ્યા કોમ્પ્લેક્ષ,લક્ષ્મી સિનેમા સામે.મો.૯૮૨૪૧૯૫૧૩૬

જાહેરાત

## સમજદાર માતા-પિતા એમનાં સંતાનોને જીવનમાં સ્થિર થવા માટે મૂળિયાં આપે છે અને ઊડવા માટે પાંખો પણ આપે છે.

(વિદ્યાર્થીજીવન કારકિર્દી ઘડવાનો ઉત્તમ સમય છે.)

થોડા દિવસ પહેલાં એક પ્રસંગમાં બનાવેલ ભાખરીની સુગંધ મને બાળપણની નાનકડી, પરંતુ તે સમયે મને અત્યંત પ્રિય ઘટનાની સ્મૃત્તિમાં લઈ ગઈ. તે સમયે અમે ગૂજરાત વિદ્યાપીઠમાં રહેતાં હતાં. મારા મમ્મી-પપ્પા (સુસાન્નાબહેન - બિપિનભાઈ આઝાદ) બંને વિદ્યાપીઠમાં ટીચર હતાં. પ્રાણજીવન છાત્રાલયના પાછળના ભાગમાં વિદ્યાર્થીઓનું ભોજનાલય હતું. જે આજે પણ છે. તેમાં લાકડાંના મોટા ચૂલા ઉપર, એક સામટી અસંખ્ય ભાખરીઓ શેકાતી હતી. શેકાતી ભાખરીની સુગંધથી જ અમારું તન-મન તરબતર થઈ જતું હતું. તે ભાખરીનું ભોજન પ્રસંગોપાત મમ્મી અમને પણ કરાવતાં હતાં. વર્ષો પહેલાં બાજુમાં જ વિદ્યાર્થીઓનું સ્વયંપાકી રસોડું પણ હતું. આંબાવાડીયું હતું અને ચીકુવાડી પણ હતી. ઉનાળામાં આંબા ઉપર મહોર આવતો અને કોયલના ટહુકા સંભળાતાં. તે વખતના મહામાત્રના ઘર પાસે મોર પણ રહેતાં હતાં. વિદ્યાપીઠનું અત્યંત શાંત વાતાવરણ મોરના ટહુકાથી ગુંજી ઊઠતું હતું. જીવનના જુદા જુદા તબક્કામાં – આરંભમાં, પછી તે બાળપણ હોય કે મોટા થઈને કરેલી નવી કોઈ શરૂઆત હોય, નાની નાની બાબતોમાંથી જે આનંદ મળે છે તે પછીના વરસોમાં ક્યાંક ખોવાય જાય છે. મમ્મીએ જ રોટલી વણતાં વણતાં બાજુમાં બેસાડીને કક્કો-બારખડી શીખવાડ્યાં હતાં અને એકડો પણ ઘુંટાવ્યો હતો. કોઈએ કહ્યું છેઃ માતા ક્યારેય એનાં સંતાનોને એકલાં પડવા દેતી નથી, એ એમની સાથે હોતી નથી ત્યારે પણ એમની સાથે જ હોય છે. મેં અંગત રીતે સતત એવું અનુભવ્યું છે કે સમજદાર માતા-પિતા એમનાં સંતાનોને જીવનમાં સ્થિર થવા માટે મૂળિયાં આપે છે અને ઊડવા માટે પાંખો પણ આપે છે.

આપણું સતત બદલાતું, અટકાતું-ખટકાતું, તરડાતું-મરડાતું જીવન આજે સ્માર્ટ ફોન પાસે આવીને ઊભું રહ્યું છે. ફેસબુકવાળા માર્ક ઝુકરબર્ગે 'ઓક્યુસ' વર્ચ્યુઅલ રિયાલિટી કંપની રિયલી ખરીદી લીધી છે. હવે ક્વાન્ટાસ એરલાઈનમાં પ્રાયોગિક ધોરણે ફર્સ્ટક્લાસ પેસેન્જરોને વર્ચ્યુઅલ રિયાલિટીનો અનુભવ થાય તેવાં સાધનો આપે છે. હવે વર્ચ્યુઅલ રિયાલિટી થોડા જ સમયમાં સિનેમા, ટી.વી. કૉમ્પ્યુટર અને સ્માર્ટફોનની માફક આપણા જીવનમાં સરકી આવશે. એક તરફ વૈશ્વિકીકરણને લીધે દુનિયા ગામડા જેવી થઈ ગઈ છે અને બીજી તરફ આપણે પડોશમાં રહેતા લોકોથી પણ અજાણ્યા થઈ ગયા છીએ. આજે દુનિયાના કોઈપણ ખૂણામાં બનતી કોઈપણ ઘટનાની આપણને તરત જાણ થઈ જાય છે અને આપણા કસબામાં કે પડોશમાં શું ચાલી રહ્યું છે તેની ખબર પડતી નથી. આધુનિક સમયે આપેલો આ વિરોધાભાસ આપણી જીવનશૈલીનો એક હિસ્સો બની ચૂક્યો છે. નગરો અને મહાનગરોમાં પ્રાઈવસીના ખ્યાલો એટલા બધા મજબૂત થઈ ગયા છે કે લોકો એકલસૂરા લાગવા માંડ્યા છે. નવો દિવસ ઊગે અને આપણા જીવન પર ટેકનોલોજીનો ભરડો વધે છે. ટેકનોલોજીના ક્ષેત્રમાં નવી નવી શોધો થયા કરે છે. આવાં સાધનો આપણા સાથીદાર રહે ત્યાં સુધી વાંધો નથી, પણ આપણે જો એના ગુલામ બની જઈએ, એના વિના એક ઘડી પણ આપણને ચાલે નહીં એ સ્થિતિ ખતરનાક છે. આ બધાની સાથે સાથે આપણા દેશમાં બેકારી સતત વધી રહી છે. 'GPD'ની ગણતરી કરવાની રીત બદલી કાઢી છે. આથી ભલે GPD જગલરી કરીને ૭.૩ બતાવતા હોય પરંતુ આથી રોજગારી વધતી નથી. પુષ્કળ મંદી પડી ગઈ છે. આપણા રીઝર્વ બેન્કના ગર્વનર રઘુરામ રાજન તો કહે છેઃ અમેરિકાની ફેડરલ બેન્કની પોતાના દેશ માટેની રક્ષણાત્મક નીતિના કારણે વિકાસશીલ દેશોને વધારે સહન કરવું પડશે. વૈશ્વિક મંદી અચાનક આવીને બેસી જશે. ગ્રીસ પછી પોર્ટુગલ અને સ્પેઈન દેશની આર્થિક હાલત ગમે તેટલી સહાય કરવા છતાંય બગડતી જાય છે. આવા કપરાં કાળમાં લાગણીથી ધબકતું ક્રિશ્ચિયનયુથ સરકારી નોકરીઓ મેળવવા માટે સતત પ્રયત્નશીલ છે. લાખો નિરાશામાં અમર આશા એ છે કે સતત નવી નવી સરકારી નોકરીઓની જાહેરાત આવી રહી છે. હમણાં જ પુષ્કળ મહેનતું ફાધર જેમ્સ ઝેવિયરે (યુથ ડાયરેક્ટર, ઉત્તર ગુજરાત ડાયોસીસ) ૧૧મી અને ૧૨મી જુલાઈના રોજ પાસ્ટરલ સેન્ટર (પેથાપુર-ગાંધીનગર) ખાતે બે દિવસનો જોરદાર યુથ કેમ્પ કર્યો હતો. જેમાં નેવું વિદ્યાર્થીઓ ઉત્તર ગુજરાતના અલગ અલગ તાબાઓમાંથી તેમના કન્સર્ન્ડ ફાધરો-સિસ્ટરો સાથે આવ્યાં હતાં. તેમની આધ્યાત્મિક અને સામાજિક જરૂરિયાતો માટે વિશેષ કરીને તો સરકારી નોકરીઓ મેળવવા માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં. ટૂંક સમયમાં આવી રહેલી ૨૪૦૦ તલાટીની જગ્યાઓ માટે હવે અમે ત્યાં જ ચાર દિવસની નિવાસી શિબિર કરવાના છીએ. અત્યંત પ્રેમાળ અને ઉત્સાહી ફાધર ઈશવાન ગામીતના માર્ગદર્શન હેઠળ પણ એક શિબિરનું આયોજન થવાનું છે.

આપણા સહુનું નિર્દોષ નાનું અમથું મન હરખાઈ ઊઠે એવા સમાચાર એ છે કે સચિવાલયમાં ઓફિસ આસીસટન્ટમાં આપણાં સાત જણ સિલેક્ટ થયાં છે. કોન્સ્ટેબલ અને પી.એસ.આઈ.માં પણ આપણાં વિદ્યાર્થીઓ સિલેક્ટ થવાના આરે આવીને ઊભા છે. ૩૦૦ P.I.ની જાહેરાત આવવાની તૈયારી છે. સચિવાલયની અને હાઈકોર્ટની આસીટન્ટની નવી રિક્રુટમેન્ટ પડવાની વકી છે. IBPS અને SSC માટે પણ આપણા વિદ્યાર્થીઓ દિલ લગાવીને તૈયારી કરી રહ્યાં છે. યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સમાં ૭૫૦ આસીસટન્ટ લેવાની જાહેરાત આવી ગઈ છે. ડે. સેક્શન ઓફિસર અને ડે. મામલતદાર તથા જીપીએસસી ક્લાસ વન-ટુની પ્રિલિમ પરીક્ષામાં આપણા વિદ્યાર્થીઓ ચોક્કસ મેરીટમાં આવશે. ટૂંક સમયમાં બદલાયેલા અભ્યાસક્રમ સાથે આવી રહેલી ૨૪૦૦ તલાટીની જગ્યાઓ માટે શનિ-રવિ અને રજાના દિવસોમાં છેક એક્ઝામ સુધીનો ટ્રેનિંગ પ્રોગ્રામ અમે શરૂ કરી રહ્યા છીએ. શનિવારે સવારે નવ થી એક દરમ્યાન ૭૫ વર્ષના ઋષિતુલ્ય પ્રોફેસર દ્વારા ગુજરાતી શીખવાડવામાં આવશે; જે ક્લાસ વન-ટુ અને ડે. સેક્શન ઓફિસર અને ડે. મામલતદારની મેઈન એક્ઝામમાં પણ ખૂબ કામમાં આવશે. શનિવારે નવથી છ અને રવિવારે બપોરે ૧૧.૩૦ થી ૬.૦૦ વાગ્યા સુધીનું કોચિંગ રહેશે. અસરકારક સ્ટડી મટીરીયલ આપવામાં આવશે. ગુજરાતની તેજસ્વી, નામાંકિત ફેકલ્ટી (મુખ્યત્વે તો સ્પીપાની) આપણા વિદ્યાર્થીઓને ભણાવશે. સતત ફરજિયાત મોક ટેસ્ટ લેવામાં આવશે. કોચિંગ દરમ્યાન શિસ્ત-નિયમિતતા નિતાંત આવશ્યક છે. સારામાં સારા રીઝલ્ટ માટે વચ્ચે સાત દિવસની એક નિવાસી શિબિર ગોઠવવામાં આવશે. ખૂબ દૂરથી આવતાં-ખાસ તો ટ્રાઈબલ વિદ્યાર્થીઓને રહેવાની અને જમવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. અમદાવાદ ખાતે અમારા કોચિંગમાં જોડાવવા માટે **શ્રી રાજુલભાઈ બિપિનભાઈ આઝાદ (૯૯૨૪૮ ૯૮૫૯૪)**નો તાત્કાલિક સંપર્ક કરવો. જય ઈસુ.

ભીતરે એક નામ આવે છે, શ્વાસ લેવા જે કામ આવે છે,
બાળકો માટે માના ખોળામાં, સામટાં ચાર ધામ આવે છે.

(લેખનઃ શ્રી રાજુલભાઈ બિપિનભાઈ આઝાદ)



**ડાકોર**

ધર્મસેવા, શિક્ષણકાર્ય, છાત્રાલય,
આઈ.ટી.આઈ. સામાજિક સેવાકાર્ય.




**બોસ્કો સ્નેહાલયા, વડોદરા :** ઘરવિહોણાં બાળકોનું આશ્રયસ્થાન

ઈશ્વરની હાકલનો યોગ્ય પ્રત્યુત્તર આપવા આમંત્રણ પાઠવીએ છીએ.



કઠલાલ

સંપર્કઃ
કેટેકિસ્ટ સિસ્ટર્સ ઓફ મેરી ઈમાક્યુલેટ
નિર્મલનગર, નડીઆદ : ૦૨૬૮ ૨૫૫૮૧૭૮
કઠલાલ : ૦૨૬૯૧ ૨૪૩૦૯૫




નડિઆદ

## સલેશિયન સેવાયજ્ઞ

**છોટાઉદેપુર :** ધર્મસેવા, શિક્ષણકાર્ય, છાત્રાલય, યુથ હોસ્ટેલ, સામાજિક સેવાકાર્ય.









**કવાંટ**

ધર્મસેવા, શિક્ષણકાર્ય, છાત્રાલય અને
સામાજિક સેવાકાર્ય.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."



જન્મ
૧૦-૦૮-૧૯૫૪

અવસાન
૧૦-૦૮-૨૦૧૪

## સ્વ. તારાબેન મોતીભાઈ ડોડિયા

**સ્વ**ર્ગે વિરાજીત પરમપિતાનું સાંનિધ્ય સાંપડે તમને,

**તા**રા સરીખું તેજ ઝળહળે અમ સૂના સૂના જીવનમાં,
**રા**ખ્યું ઘણું તમે, વેઠ્યું ઘણું તમે, ધૂપસળીની માફક,
**બે**ઈમાન નથી બન્યા તમે એના અમે નિરંતર સાક્ષી,
**ન**મ્રતા, પરોપકાર, અનુકંપા, સેવા... મૂલ્યોથી ભર્યું'તું આપનું જીવન,

**મો**તીભાઈ તથા પરિવારજનોના સહ પ્રવાસી હતા તમે,
**તી**ણી વેધક વેદના ઉદ્‌ભવે આપના વિયોગ થકી,
**ભા**થું જીવનકેરું દઈ જાણ્યું તમે, અમારા જીવતરમાં,
**ઈ**શ્વર આપના આત્માને શાંતિ બક્ષે તેવી અવિરત પ્રાર્થના,

**ડો**ળ નહીં, કપટ નહીં, અભિમાન નહીં આપના વ્યક્તિત્વ મહીં,
**ડિ**લ, મન ધન સર્વ સમર્પી દીધું અમારા જીવન ઘડતરમાં,
**યા**દો આપની પ્રેરણા બની છે અમારા સૂના સૂના જીવનમાં.

**લિ. મોતીભાઈ ઈશ્વરભાઈ ડોડિયા**

**કેતન મોતીભાઈ ડોડિયા**
**જ્યોત્સના કેતનભાઈ ડોડિયા**

**કિરણ મોતીભાઈ ડોડિયા**
**કોમલબેન કિરણભાઈ ડોડિયા**

**ચિ. રિશિન તથા ચિ. આરોહી**

આશાદીપ સોસાયટી, સુણાવ રોડ, પેટલાદ, તા. પેટલાદ, જિ. આણંદ (મો. ૯૬૬૨૭ ૩૫૯૧૯)

PAVAN HRUDAYA DOOT, August, 2015 No. of Pages 64 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

“ દોડો, રમો, બૂમો પાડો, પરંતુ પાપ કરશો નહીં ”

- સંત દોન બોસ્કો




# દ્વિશતાબ્દી જન્મજયંતી

## ૧૮૧૫ ★ સંત દોન બોસ્કો ★ ૨૦૧૫

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan